# બાળપણ

## એક અવિરત ખોજ

અમારી સંવેદના : નિસ્બત અને સમજણ

**શૈશવ સંસ્થાની બાળકો સાથેની યાત્રા : ૧૯૯૪ થી ૨૦૧૯**

**શૈશવ**

**બ્લોક નં. ૩, બીજે માળ, બી-વિંગ, સરદાર વલ્લભભાઈ પટેલ**

**મ્યુનિ. શોપિંગ સેન્ટર,સરદારનગર સર્કલ, ભાવનગર - ૩૬૪ ૦૦૧**

**ફોન નં. : ૦૨૭૮-૨૫૬૮૫૬૧**

E-mail: info@shaishavchildrights.org

Web: shaishavchildrights.org

Facebook: www.facebook.com/shaishavchildrights

twitter: @shaishavgujarat

## અર્પણ

અમારા પ્રયાસોને
આપણા બનાવી,
સાથીદાર બનનાર
તમામ બાળકો
અને
મોટેરાઓને....!

# અનુક્રમણિકા


| | | પેઈઝ નંબર |
|---|---|---|
| ● | આમુખ<br>શૈશવ : બાળઅધિકારો, આસ્થા અને આસ્તિકતાનો<br>અવિરત આધારયજ્ઞ | ૫ |
| ● | અમારી વાત....પ્રસ્તાવના... | ૧૧ |
| ૧ | શેરીમાંથી કેળવણીની ખુલ્લી કેડીએ | ૨૧ |
| ૨ | બાળકો પાસે જતી શાળા | ૪૭ |
| ૩ | બાળકો સાથે સહકાર્યની પહેલ | ૬૫ |
| ૪ | જય જગત પુકારે જા | ૧૧૫ |
| ૫ | સુરક્ષિત બાળપણ, સમૃદ્ધ બાળપણ | ૧૩૧ |
| ૬ | બાળપણને ચાહવા, સમજવા અને પામવાનો સ્વાધ્યાય | ૧૫૩ |
| ૭ | સંસ્થા : વિચારને આચારમાં મૂકવાનું નિમિત્ત | ૧૬૯ |
| ૮ | બાળપણની શોધયાત્રા... | ૧૭૯ |
| ૯ | પરિશિષ્ટ... | |
| | ડૉ. ભદ્રાયુભાઈ વછરાજાનીનો લેખ | ૧૮૫ |
| | શૈશવ યાત્રા | ૧૮૭ |
| | સહયોગીઓનો સથવારો | ૧૯૨ |

# આમુખ

## શૈશવ : બાળ અધિકારો આસ્થા, અને આસ્તિકતાનો અવિરત આધારયજ્ઞ્

ઓ પરમપિતા,

તારાં બાળકોનો વેદનામય સાદ સાંભળ. તેની સાથે સંવાદ રચ. તેમનાં ચિંતાતુર હૃદયમાં તેઓ અંતહીન આશાઓ પોષી રહ્યાં છે......

ખોવાયેલ પોતાનામાંનાં બાળક અને બાળપણનો આ સાદ શ્રી રવીન્દ્ર ટાગોરે સાંભળેલો. તેર વર્ષના હતા ત્યારે જ તેમને રંગહીન, રૂપહીન, રસહીન એવો વર્ગખંડ કેદ જેવો લાગેલો. શિક્ષક ઘાતકી રાક્ષસ અને શિક્ષણ વ્યવસ્થા આત્મહીન-આનંદહીન ફેક્ટરી સમા લાગેલાં. ત્યારબાદ છેલ્લા શ્વાસ સુધી તેમણે સ્વયં જીવનને જ એક વિદ્યાપીઠ ગણેલી. તેમનું જીવનકાર્ય બાળક અને બાળપણને બરાબર વ્યાખ્યાયિત કરે છે. આવા પ્રયોગો અહીં ગુજરાતમાં શ્રી નાનાભાઈ ભટ્ટ, શ્રી ગિજુભાઇ બધેકા, શ્રી હરભાઈ ત્રિવેદી, શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ, શ્રી મનુભાઈ પંચોળી (દર્શક). શ્રી માનભાઈ ભટ્ટ અને તખ્તસિંહજી પરમાર વગેરેનાં જીવનકાર્યોમાં પડઘાય છે. મૂળ વાત તો એટલી જ કે શિક્ષણ - કેળવણીનાં ચૈતન્યકેન્દ્રમાં તો બાળક અને તેનું બાળપણ જ હોવાં જોઈએ. બે દાયકા પૂર્વે '**શૈશવ**' આ જ અધ્યાયોને નૂતન સ્વરૂપે આગળ ધપાવે છે. તેમનું ચૈતન્યકેન્દ્ર પણ બાળક અને બાળપણ છે. પણ આ બાળક આત્મહીન શહેરો વચ્ચે ભીંસાતું - પિસાતું - ખોવાતું બાળક છે. '**શૈશવ**' માટે બાળક અને તેનું બાળપણ સાધ્ય છે, સાધન નથી. પ્રિય ટાગોરે ઓળખી બતાવેલ બાળક અને ખોળી કાઢેલ બાળપણને ફરી પામવાની મથામણ એટલે આ '**શૈશવ**'.........

**છિન્નભિન્ન બાળકો,**

**શીર્ણવિશીર્ણ બાળપણ.......**

અપવાદ વગર દરેક માનવસભ્યતાઓએ અસ્તિત્વની અમાપ ઊર્જાઓને નાથવાનું અને અથાક જીવનને ઢાંચામાં ઢાળવાનું નકારાત્મક કામ કર્યું છે;

સ્નેહને સંબંધોમાં,

સમજને વ્યાખ્યાઓમાં,

નદીઓને બંધમાં

અને બાળકોને વર્ગખંડમાં!

આજનો સૌથી મોટો પડકાર બાળકને અનેક લુચ્ચી બાંયેધરીઓ અને સ્વાર્થી બંધનોમાંથી મુક્ત કરાવવાનો છે. આજે આપણી રાષ્ટ્રીય અગ્રીમતા જ બદલાઇ ગઈ છે. સ્વાર્થથી અંધ એવો સામાજિક ડાર્વિનવાદ શિખર પર છે. તેથી અન્યાય, અનીતિ, અસામાજિકતા, હિંસા સ્વીકૃત બની છે. આપણે હવે સફળતા, સત્તા, સ્વાતંત્ર્યને નવેસરથી વ્યાખ્યાયિત કરવાની જરૂર છે. કેળવણી હવે અરણ્યોમાંથી બજાર વચ્ચે આવી ગઈ છે. અભ્યાસક્રમો પણ હવે ચારિત્ર્યમૂલ્ય તેમજ જીવનલક્ષી નથી બલ કે, બજારલક્ષી છે. આખી વ્યવસ્થા એક ક્રૂર મજાક બની રહી છે.

જયાં પેન પણ નથી ત્યાં આર્ચરી,

જયાં પીવા પાણી નથી ત્યાં સ્વિમિંગ,

જયાં પાઠ્યપુસ્તક નથી ત્યાં હોર્સ રાઈડિંગ,

શીખવતાં અનેક એ.સી.ગુરુકુળો છે.

બાળકોની આવતીકાલની હેતુપૂર્ણતાના ઝંડાદંડા આપીને આજની - અત્યારની અર્થપૂર્ણતા ખૂંચવી લેવામાં આવે છે. નાનામોટા ગુરુઓ, સંપ્રદાયો અને રાજકીય સભાઓમાં સંખ્યા બની ગયેલ બાળકો છે. એઈડ્ઝ સામેના આંદોલનોના પ્લે-કાર્ડઝ અને સૂત્રોચ્ચારનું કામ પણ હવે પ્રાથમિક શાળાનાં બાળકો કરે છે. પ્રશ્ન એ થાય છે કે બૌદ્ધિકતાને મૂડી ગણતો અને તેની રક્ષાને માટે કાયદાની અપેક્ષા રાખતો સમાજ પોતાનાં ચેતનવંતાં બાળકો અને તેમનાં બાળપણની ચિંતા કેમ નથી કરતો? કદાચ બુદ્ધિને પ્રાધાન્ય આપ્યું તેથી હૃદય ચૂકી ગયા. આપણે પ્રજા તરીકે પણ વિચિત્ર છીએ;

દુર્લભ છોડ અને થોરની,

લુપ્ત થતાં પંખી, પ્રાણી, પતંગિયાં, માછલીની ચિંતા કરીએ છીએ,

નાશ પામી રહેલાં શિલ્પસ્થાપત્યોની ખેવના કરીએ છીએ.

અરે! ક્રિકેટ મેચના રનરેઈટ, સીરિઅલોના અંતની અંતહીન ચર્ચા કરીએ છીએ,

પણ આપણી નજર સામે છિન્નભિન્ન થતાં બાળકો અને શીર્ણવિશીર્ણ થતું બાળપણ નજરમાં નથી આવતું. આમ કેમ ?

## બાળક : અઢળક મોકળાશ, અજવાસ, અવકાશ, હળવાશ.....

અઢી દાયકા પૂર્વે પારૂલ - ફાલ્ગુન ભાવનગર આવ્યાં. તેમની ચેતનાનું કેન્દ્ર બાળમજૂરો અને તેમનું વેડફાતું બાળપણ હતું. બાળમજૂરોની સમસ્યાઓને વાચા આપવા અને ઉકેલવા તેમણે ‘શૈશવ’ સ્થાપ્યું. ભાવનગરના એક સામાન્ય નાગરિક તરીકે, શૈશવ અને તેનાં કાર્યો અંગે મારું અંગત દર્શન આવું કંઈક છેઃ

**શૈશવ** માને છે કેઃ

દરેક બાળકને એક આગવી ઓળખ, અસ્મિતા અને સુવાસ છે.......

દરેક બાળકને એક પોતીકું સ્વપ્ન છે, ઈચ્છા છે, આકાંક્ષા છે......

દરેક બાળકને પોતાનું એક વિચારલોક, ભાવલોક, પ્રેમલોક, મૈત્રીલોક અને ચૈતન્યલોક છે......

દરેક બાળકને પોતાની કલ્પનાનો એક સંબંધ, એક પરિવાર, એક સમાજ, એક નગર, એક વિશ્વ હોય છે.....

**શૈશવ** તો બસ દરેક બાળકને તેના કલ્પનાલોક સુધી પહોંચવા માટે મજબૂત પાંખો મળે તેની મથામણ કરે છે; તેમાં વચ્ચે આવતા અવરોધો દૂર કરવાનો પ્રયાસ કરે છે.

**શૈશવ** તો દરેક બાળકને એક નિમ્નલિખિત દૃષ્ટિબિંદુઓથી જોવાનો પ્રયાસ કરે છે કે :

દરેક બાળક એક અપૂર્વ વસંત છે, અનન્ય મેઘધનુષ્ય છે,

દરેક બાળક નિરંતર મારગ છે, નદી છે,

દરેક બાળક અથાક પંખી છે, પતંગિયું છે.

**શૈશવ** તો દરેક બાળકને અનંત સંભવિતતાઓ અને શક્યતાઓ તરીકે જુએ છે.....

**શૈશવ** તો એ બાળકથી જ રાજી છે; જે વિસ્મયસહ વિહરે છે, અથાક પ્રશ્નો પૂછે છે, બધા સાથે દોસ્તી કરે છે, જીવનને માણે છે. આખરે, જીવન સાથે ઓતપ્રોત થવું એ જ તો કેળવણી છે.

**શૈશવ**નું પ્રાધાન્ય માત્ર સફળતા અને સાક્ષરતા નથી, સાર્થકતા પણ છે; માત્ર અર્પૂણતા અને પૂર્ણતા નથી સમગ્રતા પણ છે. તેને માત્ર બાળક નથી બચાવવું, બાળપણ પણ બચાવવું છે. તેમને બાળકની બુદ્ધિ અને હૃદયનું યુગલગીત રચવું છે.

છેલ્લા અઢી દાયકાથી **શૈશવ** બાળક અને બાળપણ માટે બુલંદ અવાજ ઉઠાવી રહ્યું છે કે બાળકોને;

રમવા માટે મોકળાશ,

સ્વપ્નોને અનુસરવા માટે અજવાશ,

ઊડવા માટે આકાશ,

સર્જન માટે અવકાશ,

જીવવા માટે હળવાશ મળવી જોઈએ.

જેમ એક એક વૃક્ષથી વન બને છે તેમ જ એક એક બાળકથી સમાજ બને છે. આપણો એક વૃક્ષ સાથેનો વ્યવહાર જ આપણો વન સાથેનો વ્યવહાર ગણાય. તેવી જ રીતે, દરેક બાળકની સંભાળ જ આપણી સમાજ સંભાળ ગણાય. મૂળ અને કુળ, ગંગોત્રી અને ગંગાસાગર, આજ અને આવતી કાલ એક જ છે, તેવી જ રીતે બાળક અને રાષ્ટ્ર એક જ છે. આમ તો જીવન એક રચનાત્મક અને સર્જનાત્મક પ્રયોગ છે અને સમાજ એક પ્રયોગશાળા છે. બસ, દરેક બાળકને પ્રયોગની તક હોવી જોઈએ. શૈશવનો પ્રયાસ આ માટેનો જ છે. આ કોઈ મોટી માગણી ન કહેવાય; માનવીય અભિગમ તો આપણી વૈશ્વિક ઓળખ છે. આ સહિતો અને રહિતો વચ્ચેના વૈશ્વિક સંઘર્ષો વચ્ચે થઈને માનવ્યની, કારુણ્યની, ચૈતન્યની નદી વહેતી રહેવી જોઈએ. કદાચ આમાં કરુણા પણ નથી. આ તો બાળકોનો અધિકાર છે. તેમને રમવાનો, ભણવાનો, ભોજનનો, સ્વપ્નો જોવાનો તેમ જ જીવનને આધાર અને આકાર આપવાનો અધિકાર તો મળવો જ જોઈએ. આવતી કાલ તો આજ ઉપર જ ઊભી રહેશે ને ?

**શૈશવ : યાત્રા સ્વથી અન્યની.....................**

ભારતમાં શિક્ષણ હવે; દીવાદાંડીની નહીં, ઝાકઝમાળની શોધ છે; માર્ગની નહીં ઝડપી વાહનની શોધ છે; મૂલ્યોની નહીં, મોલ - ભાવકિંમતની ખોજ છે. યુનેસ્કોનો એકવીસમી સદીના શિક્ષણ અંગેનો અહેવાલ **"Learning the treasure within"**માં શિક્ષણને કદાચ તેથી જ **"A necessary utopia"** કહ્યું છે. કેળવણીમાં પદાર્થ અને ચૈતન્ય, બાહ્ય અને આંતરિક, સ્વ અને અન્ય વચ્ચેનો સંવાદ છે, સમન્વય છે. જીવન એટલે સતત, નિરંતર સંબંધાવું, જોડાવું. સ્વની વ્યક્તિગત વાસનાઓ, ઇચ્છાઓ, આકાંક્ષાઓ, માન્યતાઓ, ધારણાઓ ખરી પડે તો અનુભવાય કે જીવન તો અખંડ - અખિલ - અવિભાજ્ય છે. બાળક અને સમાજ એક જ ચૈતન્યનો વિસ્તાર છે તો પછી બાળક અને બાળપણ અલગ શી રીતે હોઈ શકે? આ કોઈ વિચાર કે સિદ્ધાંત નથી, પણ અનુભવ છે. જીવનનું સૌન્દર્ય તેની સમગ્રતામાં છે. તે અનુભવવા માટે પદાર્થના ખંડો નહીં, પણ ચૈતન્યની અખંડતા પામવી પડશે. જીવન એટલે સહજીવન, અને સહજીવન એટલે સમગ્ર જીવન. અલગતાથી અપ્રસ્તુત બની જવાય છે. જીવનનો અર્થ, ગતિ અને દિશા આ કનેકટેડનેસમાંથી આવે છે. આપણાથી બૃહદ કોઈ કાર્યમાં, આપણાથી વિશાળ કોઈ હેતુમાં જો આપણે જોડાશું નહીં; તો ખિન્નતા, ખાલીપો, નિરર્થકતા, મૂલ્યહીનતા અનુભવીશું, પ્લેટો આને જ 'આત્માની સંભાળ' કહેતા. જગતપારનો રસ્તો આ જગતમાંથી જ પસાર થાય છે. જીવનને સમજવા, ચાહવા અને પામવા માટે આ સ્વાધ્યાય અનિવાર્ય છે. આ કોઈ સેવા નથી, આ કોઈ નૈતિકતા કે નિમિત્તતા પણ નથી; આ તો 'સ્વ' ને અંતહીન સંદર્ભોમાં જાણવાની મથામણ છે. સ્વની અધિકૃત ઊંચાઈ અને ઊંડાઈ પામવાની રીત છે. સ્વ અને અન્ય વચ્ચેની સૂક્ષ્મ - સ્થૂળ સીમાઓ ઓગળી કે નહીં, તે પારખવાની પારાશીશી છે. સ્વથી અન્ય તરફની યાત્રા એ મબલકને મારગે ચાલી નીકળવાની શૈલી છે.

**બાળપણની શોધયાત્રા : સંઘર્ષમય અને જયોતિર્મય ક્ષણ**

**શૈશવ**ની અઢી દાયકાની ખોજયાત્રા એટલે

બાળક અને બાળપણનાં અનુસંધાનો જોડવાની મથામણ,

બાળક અને સમાજ વચ્ચેની ખોવાયેલ કડીને મેળવવાનો પ્રયાસ,

બાળકને સમગ્ર જીવનધારા સાથે ઓતપ્રોત કરવાનો સત્યાગ્રહ,

બાળકનાં અધિકારો, આસ્થા અને આસ્તિકતાને આધાર આપવાનો અવિરત યજ્ઞ.....

**શૈશવ**ની ઊડીને આંખે વળગે તેવી પ્રાપ્તિએ છે કે શૈશવને મન બાળક એ કોઈ સાધન નથી, પણ સાધ્ય છે. બાળકને સમજવા - પામવા માટે 'સ્વ' ની ઇચ્છાઓ, આશયો, ધ્યેયો અને હેતુઓનો સૂક્ષ્મ કચરો આછરી જવો જોઈએ; જે શૈશવે સાધી લીધું છે. બીજું, બાળકને ઓળખવાના અઢી દાયકાના પ્રામાણિક પ્રયત્નો પછી પણ શૈશવે પ્રયત્નની ઓળખને વટાવી નથી અને પ્રયત્ન છોડયા નથી.

'બાળપણ : એક અવિરત ખોજ'(૧૯૯૪-૨૦૧૯) એ એવાં બાળકોની કથાઓ છે કે જે અનૈતિક, હિંસક, અન્યાયપૂર્ણ સમાજમાં સંઘર્ષરત છે. જેઓ કથા અને દંતકથા રચવાની ઉંમરે ફેક્ટરીમાં મજૂરી કરે છે. જેઓ સ્વયંને રચવાની ઉંમરે બે ટંક માટે મથે છે. અહીં એવાં બાળકોની કથા છે કે જેમની કોઈ કાગળની હોડી કે વિમાન

બનતાં નથી. આ માત્ર અહેવાલ નથી પણ તવારીખ છે, ચિત્રકથાઓ અને ચારિત્ર્યકથાઓ છે. આમાં અનેક ચહેરાઓ અને નાયકો છે. તેમના ચૈતન્યમય પ્રસંગો, તેમની સંઘર્ષમય અને જયોતિર્મય ક્ષણો અને માંગલ્યપૂર્ણ ઘટનાઓ છે. તેમના જીવનનો અનુબંધ આપણા મારગનું ભાથું અને બોધ બની શકે તેમ છે. અન્ય માટે માઈલસ્ટોન બની શકે તેવી પ્રવૃત્તિઓની આ પ્રયોગપોથી છે. આમાં, વિચાર જ વિસ્તરીને વિચારસરણી શી રીતે બન્યો તેનો નકશો છે. એક સંસ્થા સ્વયં એક આંદોલન શી રીતે બની તેની બ્લૂ પ્રિન્ટ છે. **શૈશવ** નામના વિચારની ઉત્ક્રાંતિ અને અંતર-ક્રાંતિની આ ચૈતન્યપૂર્ણ યાત્રા છે.

પ્રિય રવિન્દ્રનાથ ટાગોર તેના બાળપણમાં સાંભળેલી એક પરિકથાની વાત કરતા, જેમાં એક રાક્ષસ પરીને ઉપાડી ગયેલ અને તેને બંધક બનાવેલ; જેને છોડાવવા એક રાજકુમાર નીકળી પડેલ. આજે બાળક અને બાળપણને આત્મહીન અને અંતરાત્માહીન સમાજે બંધક બનાવ્યાં છે. **શૈશવે** તેને છોડાવવાના અઢી દાયકાઓ દરમિયાન કેવા પ્રયત્નો કર્યા તેની સંયમગાથા એટલે **બાળપણ : એક અવિરત ખોજ** ચાલો પ્રવેશીએ......

**તારીખ : ૩૦–૧૧–૨૦૧૯** **સુભાષ ભટ્ટ**

**ભાવનગર**



# અમારી વાત...

લગભગ અઢી દાયકા પૂર્વે બાળકો સાથે ચાલવાનું શરૂ કર્યુ. બાળકનાં કદમ સાથે કદમ મિલાવવાનો પ્રયત્ન શરૂ કર્યો ત્યારે અમને ખબર ન હતી કે બાળપણ એક અવિરત ખોજ બની રહેશે! સમજણ એટલી જ હતી કે મજૂરી કરી રહેલાં, ન ભણતાં બાળકોને ભણાવશું એટલે તે આગળ વધશે! જ્યા અમે અમારો કદમતાલ છોડી, બાળકનાં કદમ સાથે તાલ મેળવવાનો પ્રયત્ન શરૂ કર્યો ત્યારે સમજણ વિકસી કે બાળકો માટે એમનું બાળપણએ જ સૌથી મોટો પડકાર છે !

બાળકોના બાળપણને સમજવાની -જાણવાની આપણી ગુંજાશ કેટલી ? અને સમજ્યા પછી બાળકને આકાશ આપવાની શક્તિ કે દૃષ્ટિ કેટલી ? આપણે તો બાળકને છિન્નભિન્ન કરીએ છીએ. વહેંચીએ છીએ, રહેંસીએ છીએ. ખંડ ખંડમાં એને ખંડિત કરીએ છીએ! બાળપણનું સામર્થ્ય વિકસે એ પહેલાં ચોતરફ તેમની સામે એવરેસ્ટ ખડકી દઈ, બાળકમાં ઊગતી સંભાવનાઓની દૃષ્ટિને ટૂંકાવીએ છીએ ! અને એવરેસ્ટ ચઢવાની મથામણ કરતા બાળપણની હાંસી ઉડાવીએ છીએ, તેને કમજોર ગણીએ છીએ, પ્રપંચોની દુનિયામાં લઈ જતી આપણી કંડારેલી કેડી પર એને ચાલવા મજબૂર કરીએ છીએ !

'બાલદેવો ભવઃ' ની આપણી સંસ્કૃતિમાં બાળમજૂરી, બાળકોની હેરાફેરી, ગેરકાયદેસરના કાર્યોમાં બાળકોનો ઉપયોગ, અભાવ-તણાવ અને તિરસ્કારભરી જિંદગીથી કંટાળી ઘર છોડી ભાગી જતાં બાળકો કે પછી આત્મહત્યા તરફ દોરાઈ જતાં બાળકો, બાળકોના અપહરણ અને વિશેષ કરી તેમની સાથેના અમાનવીય વ્યવહારો, કુદરતી કે માનવ સર્જિત આપત્તિનો ભોગ બનતાં બાળકો, અને શોષણોનો શિકાર થતાં બાળકોની અવહેલના કેમ ? શું એ આપણા બાળકો નથી ! માનવસંસાધનની આવી બેહાલી સમાજને પોષાય ખરી?

આઝાદીના લગભગ સાત દાયકાઓ વીતી ગયા હોવા છતાં આજે પણ બાળકોની આવી સ્થિતિ - ખાસ કરીને બાળકોના અધિકારના પરિપ્રેક્ષ્યમાં અત્યંત ગંભીર અને ચિંતાજનક છે. દેશની કુલ વસ્તીમાં અંદાજિત ૪૨% બાળકો હોવા છતાં અર્થપૂર્ણ જીવન માટે અનિવાર્ય એવો શિક્ષણનો મૂળભૂત અધિકાર છેક ૨૦૦૯ માં મળ્યો, પરંતુ એ અધિકાર કેવો અને કેટલો એ મોટો પ્રશ્ન છે. આપણે અસમાનતાના મૂલ્ય પર શિક્ષણવ્યવસ્થા ઊભી કરી છે, બાળકોનાં વિવિધ શોષણ સામે રક્ષણ આપી શકતા કાયદાઓ છે; પરંતુ તે અપર્યાપ્ત છે, અથવા તેનું અમલીકરણ લગભગ નહીંવત્ થાય છે. ભણવા - રમવા - વિકસવાની ઉંમરનાં બાળકોને મજૂરીના શોષણમાં હોમી દેવાય છે. તેમાં કેવળ ગરીબી જવાબદાર નથી, બલકે આપણી વ્યવસ્થા જ એ પ્રકારની છે. અસંગઠિત ક્ષેત્રોમાં પૂરતું વેતન નથી મળતું, રોજેરોજનું કામ પણ નથી મળતું ! બાળકોની સંખ્યાના પ્રમાણમાં શાળા, શિક્ષકો અને વર્ગખંડોની પૂરતી સગવડો નથી. એક અંદાજ પ્રમાણે, ધો.૧ માં દાખલ થયેલાં ૧૦૦ બાળકો પૈકી ધો. ૮ પૂર્ણ થતાં સુધીમાં ૬૦% ઉપરાંત બાળકોએ શાળા છોડવી પડે છે ! ધો. ૧૦ અને ધો. ૧૨ સુધીમાં તો ૮૦% ઉપરાંત બાળકો શાળા છોડી દે છે ! શા માટે ? શિક્ષણ રસપ્રદ કે અર્થપ્રદ ન હોવાથી આમ બને છે. ભણતર અને જીવનને અનુબંધ નથી. જેમ જેમ એક એક ધોરણ આગળ વધતું જાય તેમ તેમ શાળાઓની સંખ્યા ઘટતી જાય છે ! શાળા દૂર પડે છે. સાત ધોરણ સુધી ભણ્યા પછી પણ સ્વતંત્ર રીતે લખતાં-વાંચતાં નથી આવડતું ! આઝાદી પછી જે વર્ગ - જૂથોને મુખ્ય પ્રવાહમાં લઈ આવવા જોઈએ તે અંગેના વિશેષ પ્રયત્નો થયા નથી; દેશનાં તમામ બાળકો માટે એક સમાન તક આપતી 'કોમન' શાળા તો દૂર રહી; સાધનસંપન્નતા કે વર્ગભેદને જન્મ આપતી ચાર-પાંચ પ્રકારની અસમાન શાળાઓ-

વ્યવસ્થાઓ ઊભી કરી - મજબૂત કરી ! કુલ જીડીપીના ૬% જેટલી રકમ શિક્ષણ પાછળ ફાળવવી જોઈએ તેવી ચારેક દાયકાઓ અગાઉની માંગ હોવા છતાં બાળકો માટેના બજેટની ફાળવણી ત્રણ કે ચાર ટકાથી વધુ ક્યારેય મળી નથી! આ એક મહા વિડંબણા છે ! બાળકો પ્રત્યેનું આપણું ઓરમાયું વર્તન છે ! શું આ આપણું કમિટમેન્ટ છે ? આ પ્રશ્નનો હવે ઉત્તર મળવો જરૂરી છે. આજે તેમાંથી પહેલી કે લગભગ બીજી પેઢીને શિક્ષણની આછીપાતળી વ્યવસ્થા મળી છે. જોકે, શાળામાં જે શિક્ષણ અપાય છે તેની સામે પણ અનેક પ્રશ્નાર્થ છે. હજુ પણ સમાજ ભેદભાવો અને આભડછેટથી ગ્રસ્ત છે. ગામડાંઓ તૂટીને શહેરીકરણ વધ્યું, પણ પાયાની પ્રાથમિક સગવડોનો વ્યાપ પર્યાપ્ત માત્રામાં વધ્યો નથી. વૈશ્વીકરણ અને ખાનગીકરણના પ્રવાહોમાં છેવાડાના માણસને જીવન જીવવા સંઘર્ષ અનિવાર્ય બન્યો છે. આવા સંજોગોમાં શાળાશિક્ષણ તેની પ્રાથમિકતા અને અર્થ ગુમાવી રહયું છે.

બંધારણીય ભાવનાઓથી વિપરીત વિકાસના પરિપાક રૂપે જમીન વિહોણા સીમાંત ખેતમજૂરોનો મોટો સમૂહ, આર્થિક-સામાજિક અને અન્ય રીતે પછાત રહેલ વર્ગનો મોટો સમૂહ સંસાધનો અને પ્રાથમિક જરૂરિયાતોની અસમાન અને અન્યાયી વહેંચણીને લીધે વધુ ને વધુ વંચિત બની રહ્યો છે. આ પરિસ્થિતિમાં તેઓનાં બાળકોની સ્થિતિ વિશેષ કાળજી માગી લે છે.

બાળકો બાળમજૂરીના શોષણમાંથી બહાર આવી, શિક્ષણ મેળવે તેટલું પૂરતું નથી અથવા તો એ જ એક મુકામ નથી. શહેરીકરણે એવા પ્રકારની સમાજવ્યવસ્થાનું નિર્માણ કર્યું છે કે જેમાં મૂલ્યોનાં સંદર્ભમાં જોડાયેલા તાણાવાણા છિન્નભિન્ન થઇ ગયા છે. આડોશપડોશના અજાણ્યા લોકો વચ્ચે પરંપરાગત અસમાનતા, આભડછેડ અને ભેદભાવ ઉપરાંત જ્ઞાતિ તરીકેની છાપ જાળવી રાખવાની સૌની મથામણ બાળકના સહજીવનનાં મૂલ્યોનો ભાંગીને ભૂકો બોલાવતાં હોય છે. દરેકને પાછળ પાડી કેવળ ''હું'' જ આગળ એવી મૃગજળદોટ અત્યંત ગંભીર બની ચૂકી છે. વિકાસનું આ મોડેલ કોને ઉપકારક છે? કોના ભોગે વિકસ્યું છે? આ બાબતોને પણ વિચારીને કાર્યની વ્યૂહરચનાઓમાં પ્રતિબિંબિત કરવી અતિ જરૂરી છે. કાર્યનાં છૂટાછવાયાં કેટલાંક ટપકાંઓ નહીં, પણ ટપકાંઓને જોડતાં જઈ એકસૂત્રતામાં વણતાં, રેખાઓને દોરતાં આગળ વધવું જરૂરી છે.

અભાવોની વચ્ચે ઊછરતું બાળક, દિનપ્રતિદિન અનેક પ્રકારના સંઘર્ષોને અનુભવતું બાળક સમાજને આપે પણ શું? અને ભેદભાવ પણ કેવા.... ખેર, વાત બાળકની છે. બાળક નથી તો પર્યાપ્ત અને ગુણવતાવાળું શિક્ષણ મેળવી શકતું; નથી, તેવામાં મજૂરી કરતાં કરતાં કોઇ વિશેષ કૌશલ્યોનો વિકાસ થતો. નથી મા-બાપને પૂરતી અને યોગ્ય રોજગારીની ખાત્રી; છતાં હરિફાઈને હવાલે થવું પડે છે. વિષચક્ર ચાલતું રહે છે. વરસોવરસથી ગરીબનાં બાળકો મજૂરીના ખપ્પરમાં હોમાતાં જ રહે છે. આ બાળકોનું બાળપણ આમ સ્થિતિને હવાલે કરી દેવાનું ગુનાહિત કૃત્ય થઈ શકે ખરું? આપણે એમને એમનું બાળપણ મળે, અધિકારના ભાગરૂપે મળે તેવી કાર્યરીતિ ગોઠવી, સમાજને સહભાગી બનાવી, આપણી માનસિકતા બદલવાનું પડકારજનક કામ પણ કરવું જ રહ્યું!

જો કે ૧૯૯૦ પછીના દાયકામાં બાળકલ્યાણની પ્રવૃત્તિઓમાં અધિકાર માટેના સંઘર્ષની વિચારધારાએ પ્રાધાન્ય મેળવ્યું. બાળકોની અનેક સમસ્યાઓવિશે અલગ નજરથી, સર્વાંગી દષ્ટિકોણથી વિચારીને તે માટેના ઉપાયો - કાર્યો સ્થાનિક; સમાજ તથા સરકારના દરેક સ્તરે શોધવાના પ્રયત્નો પણ થવા લાગ્યા. બાળકોના ખાસ એવા વિશાળ વર્ગને કેન્દ્રબિંદુ બનાવવામાં આવ્યો કે જે કષ્ટદાયી જિંદગી જીવી રહ્યો છે,

મજૂરી અને શોષણનો શિકાર છે. જોકે, આ બધું વિશાળ સાગરમાંના એકાદ બિંદુ જેટલું છે. ઘણું ઘણું કરવાનું બાકી છે.

વિકાસના મહત્ત્વના ઇન્ડિકેટર તરીકે બાળકોની સુખાકારી અગત્યનો મુદો છે. આ અત્યંત મહત્ત્વની બાબતને સ્વીકારી, ભાવનગરને કાર્યક્ષેત્ર બનાવી, શૈશવે ૧૯૯૪થી શરૂ કરેલી યાત્રા દરમ્યાન આ સિદ્ધાંત પરિપક્વ બનતો ગયો છે. આ ૨૫ વર્ષમાં, વૈવિધ્યપૂર્ણ પ્રયત્નોના આંતર સંબંધોને મજબૂત બનાવતાં બનાવતાં કેવળ બાળમજૂરીનો મુદ્દો જ ધ્યાનમાં ન લેતા, તેના સર્વાંગી વિકાસ અંગેના અનુભવોથી શૈશવનું કાર્ય અને તે અંગેની તેની સમજ વિશેષ સમૃદ્ધ બની છે, વધુ ઊંડાણ પામી છે. સમાજની સહભાગિતા, સમન્વયની રીતિ-નીતિ, શાંત અને સમૃદ્ધ, માનવીય ન્યાયપૂર્ણ સમાજની દિશામાં બાળકો ખાસ કરીને તકવંચિત બાળકોને કેન્દ્રમાં રાખી જવાબદારી અને નેતૃત્વને વિકેન્દ્રિત કરી થઈ રહેલ પ્રયત્નોમાંથી શું શીખ્યા તે અહીયાં સમજવાનો, ઓળખવાનો પ્રયત્ન તથા વિશેષ શક્યતાઓને સમજવાની મથામણ કરવામાં આવી છે.

આ પડકારોની વચ્ચે અમે એટલું કરી શકયા કે - બાળકો સાથે ચાલ્યાં.... ચાલતા રહ્યાં. બાળકોની સાથે ચાલતાં-ચાલતાં અમે ખુદ ઘણું શીખ્યાં ! અદ્‌ભુત અનુભવ ! અનેક અભાવો અને સંઘર્ષો વચ્ચે, મોટેરાંઓની ઇચ્છાશક્તિના સવાલો વચ્ચે, અંધાધૂંધી-અરાજકતા-સત્તા અને હુંસાતુંસી વચ્ચે પણ આ બાળકો મસ્તીથી છલોછલ, આનંદથી ભર્યાભર્યા, જીવનની સંવાદિતાને કેળવવાની મથામણ કરતાં કરતાં શ્રદ્ધાથી જીવન જીવી રહ્યાં છે. ગુરુવર્ય ટાગોરે સાચું જ કહ્યું છે : દરેક બાળક એ સંદેશો લઈને આવે છે કે ભગવાનને હજુ માનવજાત પર વિશ્વાસ છે ! માધુર્યપૂર્ણ સંબંધોનું વિશ્વ ઓળખવું-પામવું અને એના અર્થોનો વ્યાપક વિસ્તાર તો બાળક સહજ કરે છે. આપણું કાર્ય તો એ માટે પ્રોત્સાહક વાતાવરણ સર્જવાનું છે.

ભાવનગર શહેરમાં કામ કરતાં બાળકોનો સર્વે કરતાં, પ્રાપ્ત થયેલાં તારણોના આધારે કાર્યની શરૂઆત શહેરના સૌથી છેવાડાના વિસ્તારમાં બાળકોને ઘરઆંગણે શિક્ષણ આપવાના કેન્દ્રથી કરી. વિસ્તારના મોટાભાગનાં બાળકો શાળાએ જતાં થાય ત્યાં સુધી, ટૂંકાગાળા માટે જ કેન્દ્ર ચલાવવું એ સમજ સાથે બાળકો-ખાસ તો કામ કરતાં બાળકો માટે **બાલઘર** દ્વારા શિક્ષણકાર્ય શરૂ કર્યું હતું.

બાળકને શાળા તરફ અભિમુખ કરી, શાળામાં દાખલ કરાવી શકાય એ એક કાર્ય, પણ એટલું પૂરતું નથી. શાળાના અનેક પ્રશ્નો-વાતાવરણને લીધે બાળકને પરાણે શાળા બહાર ધકેલાવું પડે એવી પરિસ્થિતિનો ખ્યાલ આવ્યો. તેથી શાળાઓમાં **મલ્ટિપર્પઝ મોબાઇલ સ્કૂલ કાર્યક્રમ** (મોબાઈલ રીસોર્સ સેન્ટર) મ્યુનિસિપાલિટી શાળાઓ સાથે શરૂ કર્યો. જે ક્રમશઃ વિસ્તરતો ગયો અને વધુ બાળકો સુધી પહોંચ્યો ળ વધે. આ માટે શહેરમાંથી રસ ધરાવતા વિવિધ ક્ષેત્રના નાગરિકોને, બાલદોસ્તોને જોડવામાં આવ્યા હતો. અહીંયા બાળકોને વિશેષ કેન્દ્રમાં રાખી કાર્યને ગોઠવ્યું. શાળાની સમસ્યાઓના ઉપાયો શોધવા, નવી પદ્ધતિઓ વિકસાવવી તથા શાળાશિક્ષણ - વ્યવસ્થા એકાંગી ન બની રહેતાં સમાજની સહભાગિતા વધે તે માટે પ્રયાસ કરવા અને બાળકો પાસે માત્ર ચીલાચાલુ શિક્ષણ જ નહીં પરંતુ અનેક ઐશ્વર્યોથી ભરી દુનિયા છે તેનો અનુભવ પણ થાય; બાળકોના વિકાસ માટે કટિબદ્ધ એવા નાગરિકોનો મંચ રચનાત્મક રીતે વિકસતો જાય, જે પોતાના યોગદાન દ્વારા સામૂહિક કર્તવ્ય તરફ આગળ વધે. આ માટે શહેરમાંથી રસ ધરાવતા વિવિધ ક્ષેત્રના નાગરિકોને, બાલદોસ્તોને જોડવામાં આવ્યા.

શિક્ષણ ચાર દીવાલોની બહાર નીકળે, ખાસ કરીને શિક્ષણમાં સંસાધનોની ઓછપ વર્તાય છે ત્યારે, જે કંઇ સમાજમાં ઉપલબ્ધ છે તેનો મહત્તમ ઉપયોગ થાય, બાળકોને અનુભવ આધારિત જ્ઞાન મળે તે ઉમદા હેતુસર સરકારી, અર્ધસરકારી તથા સ્વૈચ્છિક સંસ્થાઓને પણ સમગ્ર પ્રક્રિયામાં અલગઅલગ સ્વરૂપે જોડવામાં આવી હતી. આ બધાંને પરિણામે છેક છેવાડાના વિસ્તારમાં રહેતું બાળક શાળામાં પ્રવેશે ત્યારથી સમાજ એનો સાથીદાર બની બાળકમાં રહેલી શક્યતાઓને વિકસવા માટેનું પોત પૂરું પાડે છે.

શિક્ષણવ્યવસ્થાનો એક ભાગ સાધનસંપન્ન વર્ગ માટે છે; જયારે બહોળા ગરીબ વર્ગ માટે બીજી વ્યવસ્થા છે. અસમાનતાની ખાઈ માત્ર આ બે વ્યવસ્થાઓ વચ્ચે છે એટલી મર્યાદિત નથી. જ્ઞાતિ-જાતિ-ધર્મ અને વર્ગની અસમાનતા સમાજના વિકાસમાં ડગલે ને પગલે અવરોધ ઊભા કરે છે, ત્યારે બાળકો વચ્ચે મૈત્રીનો સંવાદ વિકસે એ પણ અત્યંત મહત્ત્વનું છે અને એટલે શાળાથી શાળાનો **સેતુ** વ્યાપક અર્થમાં વિકસાવવાનો નવીન પ્રયાસ પણ કરવામાં આવ્યો હતો.

આ સમગ્ર પ્રક્રિયામાં બાળકોની સહભાગિતા, સ્વશાસન અને સ્વતંત્રતાની સાથે નિર્ણયક્ષમતા વિકસતી રહે અને તેની સાથેસાથે પોતાનાં કૌશલ્ય વિકસાવી, બાળકો પોતાના સામર્થ્ય મુજબનું પ્રદાન કરતાં રહે તે અંગે પણ વિશેષ પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે. **બાલસેના** એ બાળકોનું બાળકો દ્વારા સંચાલિત પોતાનું સંગઠન છે. છેવાડાના વિસ્તારમાં ચાલતા શિક્ષણકેન્દ્રોનાં બાળકો, સરકારી શાળાનાં બાળકો, ખાનગી શાળાનાં બાળકો તથા વિવિધ વિસ્તારોમાં ચાલતી **સર્કલ પોઈન્ટ** પ્રવૃતિનાં બાળકો આ તમામ બાળકો એકતા અને સમાનતાના મુદ્દે સંગઠિત બની, અન્યોન્ય જવાબદારી અદા કરી રહ્યાં છે. મૈત્રીભરી એકતા તેમ જ સમાનતા એ સંગઠનનું પાયાનું મૂલ્ય છે. ૧૮ વર્ષની વય પછી **બાલસેના**માંથી નિવૃત્તિ લેવી પડે; એટલે તેમાંનાં તરુણોની ઈચ્છાઓને કારણે ૧૮ થી ૨૫ વર્ષની વયજૂથના તરૂણો માટે **તરુણસેના** શરૂ થઈ.

અનુભવો દ્વારા, નાવીન્યપૂર્ણ પ્રવૃતિઓ દ્વારા સમજણને અંકે કરતાં ગયાં, વિકસાવતાં ગયાં. સાથોસાથ આ અનુભવ અને શિક્ષણનું આદાનપ્રદાન, વહેંચાતું-વિસ્તરતું રહે. તેમાંથી શરૂ થયું **બાળ_અધિકાર તાલીમ અને સંસાધન કેન્દ્ર.** આ કાર્યક્રમ પણ સતત વિકસી રહ્યો છે.

આમ, સ્થાનિક સ્તરે બાળકોની સીધી સહભાગિતા સાથે, સરકાર-સમાજના વિશાળ સહયોગે બાળકોની સુખાકારી માટે, તેમના વિકાસ માટે તથા તેમના શોષણને અટકાવવા માટે સંવેદનશીલતા વિકસાવવા, જાગૃતિ કેળવવા સર્વાંગી વિકાસલક્ષી સુરક્ષાકાળજી માટેની જરૂરી અનિવાર્ય નીતિઓ અને કાયદાઓમાં ફેરફાર થાય, પ્રવૃત્તિ વેગવાન બને તે માટે રાજ્ય - રાષ્ટ્રીય સ્તરે વિવિધ નેટવર્ક-સંગઠનોની સાથે સક્રિયપણે જોડાઈને સંવાદ રચીને કાર્ય કરતાં રહ્યાં છીએ.

કચ્છના અભૂતપૂર્વ ભૂકંપ સમયે અમે બાળકોની સાથે રહ્યાં. તેમનાં રક્ષણ-સલામતી-પુનઃવસવાટ તેમ જ શિક્ષણ અંગેની પ્રવૃત્તિઓ કરી હતી ત્યારથી કુદરતી કે માનવસર્જિત આપતિઓ સમયે બાળકો સાથે કાર્ય કરતાં રહ્યાં છીએ.

મુશ્કેલીમાં મુકાયેલાં કે શોષણનો ભોગ બનતાં કે પછી સધિયારો ઝંખતાં બાળકોને તત્કાળ મળી, મદદરૂપ થઈ શકાય તેવા હેતુથી **ચાઈલ્ડ હેલ્પ લાઈન-૧૦૯૮** સમગ્ર દેશમાં વિકસી છે. તેમાં ભાવનગર જિલ્લાની જવાબદારી સંભાળી, ભાગીદાર થયાં છીએ. આ સેવાઓ ૨૪ કલાક કાર્યરત હોય છે.

બાળકો સાથેનાં કાર્યોના અનુભવો દ્વારા અમે સતત શીખતાં રહ્યાં. બાળકોને જોઈતી સ્વતંત્રતા, મોકળાશ કે ઊડવા માટેની પોતાની પાંખો એ મોટો પડકાર છે, અહીંયા આપણે થોડું કરી શક્યાં, પણ કેટલું બધું ન કરી શક્યાં કારણ કે અનેક મર્યાદાઓ નડી રહી છે. આ બધી બાબતોને ધ્યાનમાં લઈ એક નાનકડો પ્રયોગ-અનેક સંભવિતતાઓથી હર્યોભર્યો **'આરણ્યક'** કાર્યક્રમ અમે નર્મદા જિલ્લાના આદિવાસી વિસ્તારમાં ડિસેમ્બર ૨૦૧૮થી શરૂ કર્યો. આનંદ એ વાતનો છે કે તેનું નેતૃત્વ બાળક તરીકે બાલસેનામાં જોડાયેલ અને હજી પણ કાર્યરત એવા ભૂતપૂર્વ સભ્યો કરી રહ્યા છે!

આમ, દરેક કાર્યક્રમ-પ્રવૃત્તિ એકમેકની કડી બની, સાંકળ રચે તે પ્રકારે સંકલિત કાર્યક્રમો કરવાથી બાળકોનો અખૂટ પ્રેમ અને વિશ્વાસ સાંપડયાં છે. આ યાત્રા દરમ્યાન અમારી સંવેદનાઓ વિકસી, સમજણનો વિસ્તાર થયો, અનુભવોમાંથી સતત શીખતાં રહ્યાં એ વાત બધાની સાથે વહેંચી રહ્યાં છીએ. આ એક અર્થમાં દસ્તાવેજીકરણ છે-અમે શીખ્યાં-શીખી રહ્યાં છીએ તેનું ! અહીંયાં અમારાં કાર્યોનો અનુભવ છે, સંકલિત વ્યૂહની વાત છે. પરંતુ, આંકડાકીય માહિતી કે સિદ્ધિઓની વાત કરવાનો ઉપક્રમ રાખ્યો નથી. જેમ જેમ બાળકો સાથે ચાલતાં-ચાલતાં નવું કંઈક કરતાં રહ્યાં તેમાંથી નવા નવા અર્થો ઊઘડતા ગયા, નવું શીખતાં ગયાં, સમજ વિકસતી ગઈ તે રીતે તેને અહીંયા પ્રકરણોમાં સમાવવા પ્રયત્ન કર્યો છે.

અમને કયારેક સાતત્યપૂર્ણ વિકાસ-પરિવર્તનની વાત મુંઝવે, કોઈક પૂછે પણ ખરાં ! સંસ્થાને દાન મળવું ઓછું થાય કે પછી તમારા પોતાના આવકના સ્ત્રોત કયા, સંસ્થા સાતત્યપૂર્ણ રીતે ટકી રહે એના માટે શું ? કદાચ આર્થિક રીતે અમે પગભર થઈ શકીએ તેમ નથી કારણ કે આપણે વંચિતો માટે કામ કરીએ છીએ. મહત્ત્વનું એ છે કે બાળકો સાથે ચાલવાનો અમારો આ પ્રયોગ-વિચાર સાતત્યપૂર્ણ હશે તો સામાજિક બદલાવ આવશે જ. અહીંયાં બાળકને જે અનુભવો મળી રહ્યા છે તે તેમને જીવનપર્યંત ઉપયોગી થવાના છે ! જે સમયે બાળકનું ઘડતર થવું જોઈએ તે સમયના છે. આ સંદર્ભમાં આ વિચાર આગળ વધી શકે તેમ છે. અહીંયાં કરેલા પ્રયોગો જ સાચા છે તેવું નથી; પણ પથદર્શક જરૂર છે. આ પ્રયોગો સીધેસીધા જ ઉપયોગી બનતા હોય, અને તેમાં ફેરફાર પણ કરી અન્ય લોકો લાભ મેળવી શકે. એ અર્થમાં આ વિચાર રેપ્લીકેબલ થઈ શકે તેમ છે એટલે સૌની સાથે વહેંચવાનો આ ઉપક્રમ છે. શીખતાં રહેવા માટે છે.

આ બધું લખાઈ રહ્યું હતું ત્યારે એના પ્રથમ લખાણનો મુસદ્દો કેટલાક મિત્રો ને આપ્યો હતો. શૈશવમાં કાર્યાનુભવ મેળવવા તથા પોતાનાં જ્ઞાન-આવડત વહેંચવા માટે અમેરિકા ઈન્ડિયા ફાઉન્ડેશનમાંથી વોલન્ટીયર તરીકે આવેલ મોરા ડેગને પોતાના અન્ય એક મિત્ર યુ.એસ.એમાં શિક્ષક છે તેને મોકલાવ્યો હતો. એ શિક્ષકમિત્રે અહેવાલમાંની એક પ્રવૃત્તિનો ઉપયોગ પોતાની શાળાના વિદ્યાર્થીઓ સાથે કર્યો. આપણે મોરાના શબ્દોમાં જ જોઈએ :

I just wanted to share this nice little story that shows how **Shaishav**'s influence is spreading.

My friend Manny is a teacher in the states he's shown his kids the Shaishav presentation and he's doing little lessons around all things Shaishav, and ITs kids are ecstatic!

Some of Manny's students have been bullying others, especially along race lines. I suggested he read the learning document and highlighted some of the activities, especially the one with water having four names. We only have one word for water in English, so I suggested he use food coloring in different containers to make the same point. He did the activity with his class and he just shared this:

"We used four different colors representing four categories of difference, and then mixed them. Good observation by one kid: "we're all human, but in the mixed one you can still see some of the original colors. So when we mix and live together, we all change each other but we can still see some parts of what makes us different or unique too."

He's also going to be doing a lesson around how the "Balsena" kids came up with the solution to the membership fee and how to cover the costs for those that couldn't afford it, but he'll first ask his kids what they would do to solve this problem.

The learning document is a wonderful basis for a peace-building curriculum. Who knows what other lessons other people might be able to replicate for their children? I really hope we can publish it soon so that more children all over the world can share the love and the learning!

**અને, યુ.કે.થી આવેલ વોલન્ટીયર એમાએ જોયું કે શૈશવની ઓફિસમાં બાલસેનાના બાળકો આવે,`વા વિચારો છે ? બાળકોને મન જગત બધાંનું છે, બાલસેનાની એ કિશોરીને પૂછવામાં આવ્યું કે કેટલાક દેશોમાં યુદ્ધ ચાલે છે, એટલે બધાં ત્યાંથી બીજા દેશમાં શરણ લઈ રહ્યાં છે. કેટલાક શરણ આપે; કોઈક શરણ ન આપે, તું શું કરે ? અત્યંત  સહજતાથી એ કિશોરી કહે કે, ''હું જાતે બનાવીને જમાડું, ભૂખ્યાં ન રાખું !'' કિશોર કહે છે : ''દીવાલ તો માણસ બનાવે છે. બાકી, ભગવાને તો બધું જ બધાંને આપ્યું છે. અને પૈસા તો મનનો મેલ છે !'' બધું વહેંચાવું જોઈએ, સમાન હોવું જોઈએ. બાળકો જ દુનિયામાં ખરી શાંતિ લાવી શકે એ શ્રદ્ધા પાકી થઈ ! આમ, બાળકના બાળપણની અવિરત ખોજ, એ દિશામાં પ્રમાણિક પ્રયત્નો, એ વિચારોનું યુનિવર્સાલાઈઝેશન શક્ય છે જ !**

**જાણે એમની પોતાની ઓફિસ, કોઈ રોક-ટોક નહીં. એ બધાં આવે, મીટિંગ કરે - મોટાઓ એમને મદદ કરે, પણ કર્તાહર્તા તો જાણે બાળકો ! એને આ વાત ખૂબ ગમી. આ માનસન્માન કયાં ? એમાંથી એક નાની ફિલ્મ બે મિનિટની બનાવી. દુનિયા કે જે વહેંચાઈ રહી છે, આપસમાં દીવાલો બનાવી રહી છે, પૈસા-સત્તા અને આધુનિકતાની જ્યાં રેલમછેલ છે, જ્યાં માનવનું મૂલ્ય નથી. ત્યાં આ બાલસેનાનાં બાળકો શું માને છે ? એમના કેવા વિચારો છે ?  બાલસેનાની એ કિશોરીને પૂછવામાં આવ્યું કે કેટલાક દેશોમાં યુદ્ધ ચાલે છે, એટલે બધાં ત્યાંથી બીજા દેશમાં શરણ લઈ રહ્યાં છે. કેટલાક શરણ આપે; કોઈક શરણ ન આપે, તું શું કરે ?**

અત્યંત  સહજતાથી એ કિશોરી કહે કે, ''હું જાતે બનાવીને જમાડું, ભૂખ્યાં ન રાખું !'' કિશોર કહે છે : ''દીવાલ તો માણસ બનાવે છે. બાકી, ભગવાને તો બધું જ બધાંને આપ્યું છે. અને પૈસા તો મનનો મેલ છે !'' બાળકોને મન જગત બધાંનું છે, બધું વહેંચાવું જોઈએ, સમાન હોવું જોઈએ. બાળકો જ દુનિયામાં ખરી શાંતિ લાવી શકે એ શ્રદ્ધા પાકી થઈ ! આમ, બાળકના બાળપણની અવિરત ખોજ, એ દિશામાં પ્રમાણિક પ્રયત્નો, એ વિચારોનું યુનિવર્સાલાઈઝેશન શક્ય છે જ !

આમ, એક તરફ કાર્યો અને પ્રવૃતિઓ વિકસતી ગઈ - વિસ્તરતી રહી, બીજી બાજુ સંસ્થાનિર્માણનું કાર્ય મૂલ્યોના પ્રસ્થાપન સાથે મહત્ત્વનું છે તે પણ સમજતાં ગયાં. આ દિશામાં પણ અમે ઉત્તરોતર વિશેષ પ્રયત્નો કર્યા છે.

અમારી આ વાતોને આપ સૌ પાસે મૂકવા માટે સતત પ્રોત્સાહિત કરનાર અને શૈશવના વિચારબીજને ઊગવામાં - પાંગરવામાં અમૂલ્ય પ્રેરણા અને પ્રોત્સાહન આપનારાં અમારાં વડીલ અનિલભાઈ - લતાબહેન તથા સેવા રૂરલ પરિવાર, અમને ભાવનગરમાં કાર્ય માટે આમંત્રીત કરી હૂંફ,ટેકો અને માર્ગદર્શન આપનાર અમારા મોટાઈ  શ્રી જયેન્દ્રભાઈ ત્રીવેદી, શૈશવની શરૂઆતથી અમારી સાથે છતાં મુક્ત રહીને બાળપણની ખોજના વિચારને સિંચન કરનાર અમારા 'મિત્ર' જાણીતા ચિંતક અને લેખક શ્રી સુભાષભાઈ ભટ્ટે, આ પુસ્તકનું આમુખ લખીને બાળપણની અવિરત ખોજ માટે અમને પ્રેર્યા છે.      જયારે જાણીતા સાહિત્યકાર અને સામાજીક નિસ્બતના મુદાઓને લઈને સાહિત્ય સર્જન કરતાં અમારા મિત્ર ડૉ. મહેન્દ્રસિંહ પરમાર આ યાત્રામાં અમારા પ્રેરક બની રહ્યા છે. બાળ અધિકારો માટે સતત મથામણ કરનાર અમારા પ્રેરક સાથીદાર શ્રી સુખદેવભાઈ, શ્રી ચીનુભાઈ એસ. શ્રીનિવાસન, અલ્પાબેન વોરા અને પૌલોમીબહેન, વિદ્યાબહેન, વિપુલભાઈ પંડયા અને રાજેશભાઈ ભટ્ટ તથા સાથીઓ સહ શૈશવની યાત્રામાં વિચારને અને કાર્યને માર્ગદર્શન આપીને અમને જાગૃત રાખનાર અમારા અનેક વડીલ બાલદોસ્તો તેમજ આ યાત્રામાં અમને મન મૂકીને ટેકો આપનાર દાતાઓ તથા મૂક સહયોગીઓનાં અમે ઋણી છીએ.

શૈશવનાં માર્ગદર્શક ટ્રસ્ટીશ્રીઓ, ભૂતપૂર્વ તથા હાલના કાર્યકરો, તરુણો-બાળકોના ઋણસ્વીકાર સહ ગુજરાતીની સમાંતર અંગ્રેજીમાં અહેવાલ તૈયાર કરવા માટે સહલેખન કરનાર પ્રિય અરુધંતી શ્રીધરનાં અમે વિશેષ આભારી છીએ. આ પ્રકાશનમાં અમૂલ્ય સૂચનો તથા ખંતપૂર્વક સુધારા કરી આપનાર બાલદોસ્ત શ્રી અજયભાઈ પાઠક, શ્રી જિતુભાઈ ત્રીવેદી અને 'ચરખા' ગુજરાતના અમારા મિત્ર સંજયભાઈ દવેના વિશેષ આભારી છીએ. આ સમગ્ર વાતોને પ્રકાશિત કરવામાં પ્રકાશિત કરવામાં ખંત અને ધીરજ સાથે અમૂલ્ય સહયોગ આપનાર ચિત્રા ક્રિએટીવના બાલદોસ્ત શ્રી જગદીશભાઈ તથા શૈશવના પૂર્વ કાર્યકર શ્રી દર્પણભાઈ, અને બાલસેનાના ભૂતપૂર્વ ઉપાધ્યક્ષ શચિના આભારી છીએ.

બાળકો સાથે ચાલતાં રહીને આ અઢી દાયકા દરમ્યાન જે રાહ બનાવતાં રહ્યાં, એ રાહ પર આગળ વધતાં રહ્યાં તેના અનુભવમાંથી કેવું કેવું અને કેટકેટલું  અદ્ભુત શીખવા મળ્યું!


બાળકોએ અમને એમના સાથીદાર બનવાની તક આપી, મિત્ર માન્યાં અને આપ સૌ જેમના સથવારે અમે ચાલ્યા.... કેટકેટલા અદ્ભુત લોકો, જેમનો નિર્વ્યાજ પ્રેમ અને સહયોગ મળ્યો, જેઓ અમારી પડખે ઊભાં રહ્યાં, અમને સહન કરીને પણ આ યાત્રા માટે બળ પૂરું પાડયું- એ સૌના ઋણી છીએ!

બાળપણને પામવાની ખોજ ખરેખર પડકારરૂપ છે. બાળપણ આજે સેવા-ધંધાને હવાલે છે. બાળપણ માટે, ખૂબ થઈ રહ્યું હોવા છતાં ખરું બાળપણ ક્યાં એ મોટો પ્રશ્ન છે. બાળપણને શોધવા અમે વંચિત - છેવાડાના બાળક સાથે ચાલ્યાં, એક પછી એક પ્રવૃત્તિ - કાર્યક્રમ વિકસાવતાં ગયાં પણ બાળપણના પડકાર ઓછા ના થયા ! એ ખરું કે સંઘર્ષથી ઘડતર થાય, પણ અહીં તો સંઘર્ષ અનેક પ્રકારના છૂતાછૂત, સંસાધનો, વ્યવસ્થાઓ અને નીતિઓની અસમાનતાઓ અને વિકાસના ભ્રામક ખ્યાલો અને સ્પર્ધાઓથી ઊભો કરવામાં આવેલો છે ત્યારે સમજાઈ રહ્યું છે કે બાળપણની ખોજના પ્રયત્નો કેવી મર્યાદાઓ વચ્ચે કરવા રહ્યા ! ખેર! આમ છતાં અમે જે મેળવ્યું, શીખ્યા તે વહેંચી રહ્યાં છીએ, બાળપણની અવિરત ખોજમાં એ શ્રદ્ધા સહ આપણે બાળકોની સાથે ચાલતા રહીશું !

**તારીખ : ૨૦–૧૧–૨૦૧૯** — **શૈશવ પરિવાર વતી,**

**આંતરરાષ્ટ્રીય બાળ અધિકાર દિવસ** — **પારૂલ-ફાલ્ગુન**




HOT STAR

‘‘બાળકોનું હૃદય જ્યારે નવીન છે, કુતૂહલ જ્યારે સજીવ છે, અને બધી ઈન્દ્રિયોની શક્તિ જ્યારે સતેજ છે ત્યારે જ તેમને વાદળ અને તડકાની લીલાભૂમિરૂપ અવિરત આકાશમાં રમવા દો. તેમને આ ભૂમાના આલિંગનથી વંચિત રાખશો નહિ. હે વૃદ્ધ વાલી! હે સંસારી, તમે કલ્પનાને ગમે તેટલી નિર્જીવ, હૃદયને ગમે એટલું કઠોર બનાવી દો. પણ તમને કાલાવાલા કરીને કહું છું કે તમે કંઈ નહિ તો શરમના માર્યા પણ એવું કહેશો નહીં કે એની કશી જરૂર નથી; તમારાં બાળકોને વિશાળ વિશ્વ મારફતે વિશ્વજનનીની પ્રત્યક્ષ લીલાના સ્પર્શનો અનુભવ કરવા દો...’’

-રવીન્દ્રનાથ ટાગોર

## પ્રકરણ : ૧

# શેરીમાંથી કેળવણીની ખુલ્લી કેડીએ

• હીરાના એક કારખાનામાં તે મળ્યો. અમે પૂછયું, ''તારા પિતાજી શું કરે છે?''

''હીરા ઘસે'' પ્રત્યુતર મળ્યો.

''ભાઈઓ છે ? શું કરે છે ?''

''એ પણ હીરા ઘસે.''

''બધા કામ કરે છે તો તું કેમ ભણવા નથી જતો?''

''વીસ ચોપડી ભણીએ કે પચાસ... કામ ક્યાં મળે છે; એના કરતાં તો અત્યારથી જ કામે લાગી જવું સારું!'' અમે સાંભળી રહ્યાં.

• રસ્તામાં કચરો વીણતી છોકરીને એનું નામ, ક્યાં રહે છે એ બધું પૂછ્યું પછી પુછાઈ ગયું, ''બેટા તું ભણવા જતી નથી?'' ઘડીભર અમારી સામું જોઈ રહી! એની આંખોમાં થતો સળવળાટ અમે જોયો! નજર નમાવી, અત્યંત ધીરા અવાજે બોલી, ''ભણવું તો ગમે, પણ ઘરમાં મા માંદી છે, કમાનાર કોઈ નથી, બે નાનાં-ભાઈબહેન છે એટલે....!'' એ વેદના સ્પર્શીગઈ.

• ભાવનગરની આગવી ઓળખ જેવી આઈસ્ક્રીમ પ્યાલીની લારી પર કામ કરતા એક બાળકની મનઃસ્થિતિએ પણ અમને વિચારતાં કરી દીધા... એ લારી પર સરસ મઝાના યુનિફોર્મ પહેરેલાં ત્રણેક અન્ય બાળકો મજાક-મસ્તી કરતાં બરફ અને આઈસ્ક્રીમનો સ્વાદ લૂંટી રહ્યાં હતાં ત્યારે પેલા કામ કરતા બાળકે કહેલા શબ્દો : ''મને પણ આવી મઝા કરવા કેમ ના મળે ? એ મોટા ઘરના એટલે એમણે ભણવાનું અને અમે ગરીબ એટલે કામ કરવાનું ને વળી પાછું બધાની મજાકનો ભોગ પણ બનવાનું !''

• ''તમારા છોકરા ભણતા નથી?''

''ના રે, શું ભણાવે ? એક તો શાળા દૂર છે ! દાખલ કરાવવા દા'ડી પાડી, ત્રણ-ચાર વાર ગયો પણ દાખલ કર્યા નહીં!''

''કેમ?''

''જન્મતારીખના દાખલા અમારી પાસે ક્યાંથી હોય ! અમે આજે અહીં તો કાલે બીજે ! સોગંદનામું કરાવવા કહ્યું - કેટલા પૈસા થાય અને દોડા થાય, તીં માંડી વાળ્યું !'' ''અમારી દા'ડીના ભરોસા શું ? મળે યને ના પણ મળે ! એટલે ઝાઝા હાથ મળે તો થોડું પામીએ; તો જીવી લેવાય !''

બેક વ્યુ મિરરમાંથી પાછળ નજર કરતાં બધું જ તાદશય થઈ રહયું છેઃ શરૂઆતના દિવસો, નવું શહેર... ઘરેથી નીકળવાનું, શટલ રિક્શા દ્વારા અલગ-અલગ સ્થળોએ ફરીએ. શહેરથી પરિચિત થવા. ખાસ કરીને વંચિત બાળકોની સ્થિતિ અને પ્રશ્નો સમજવા, વિસ્તારોને ઓળખવા અમે રખડપટ્ટી કરતાં. કેટકેટલાંને મળવાનું થતું.... એમાંના કેટલાય સંવાદોએ અમને ઘણું શીખવ્યું-સમજણ આપી.

બાળપણની આવશ્યકતાઓને ઘડીભરનો પણ વિલંબ ચાલી ના શકે... કંઈક કરવું રહ્યું અને અમે આરંભી અમારી યાત્રા. શરૂઆતની રઝળપાટે અમને અનુભવ તો કરાવ્યો કે બાળપણને આપણે ખંડ-ખંડ, ટુકડાઓમાં છિન્ન-વિછિન્ન કરી નાંખ્યું છે! બાળપણ એટલે શું - એનો અર્થ શોધવાના પ્રયત્ન કરવા પડશે. બાળક કેવળ ભણતું થઈ જાય કે શિક્ષણ મેળવતું થઈ જાય તે મર્યાદિત નથી ! એ શોષણથી મુક્ત થાય એટલું પૂરતું નથી. મા-બાપની ઇચ્છાઓના ભાર વેંઢારે એ બાળપણ નથી, ક....ખ....ગ કે એકડો-બગડો ઘૂંટે, શિક્ષક થાય, ડોકટર બને કે પછી કારીગર બને એવી કલ્પના એ જ બાળપણ નથી, મોટા બનવા માટેની મથામણ કરવી એ પણ બાળપણ નથી !

અમે બાળકોને મળીએ... બાળકોની આંખો અમને પૂછતી રહે : ક્યાં છે અમારું બાળપણ ? બાળકો સમજી શકે - અનુભવી શકે એ રીતે આપણે એમને ક્યારેય બાળપણ બતાવ્યું નથી. ખેર, એક કાચી-પાકી સમજણ અને સમાજે વિકસાવેલી વ્યવસ્થાઓની વચ્ચે બાળપણને શોધવાના પ્રયાસો અમે શરૂ કર્યા.

બાળકો વચ્ચેની અસમાનતાઓ, તેમનામાં પણ અમુક શોષિત બાળકોની સ્થિતિ જોઈ અમે એ તકવંચિત બાળકો સાથે કાર્ય કરવાનું નકકી કર્યુ. સંસ્થાની સ્થાપના કરી. નામ રાખ્યું **"શૈશવ"**! ૧૯૯૪માં ભાવનગરને કેન્દ્ર બનાવ્યું.

અમારા કેટલાક મિત્રો પણ અમદાવાદ, નળસરોવર અને વડોદરા જેવા વિસ્તારોમાં કાર્ય કરી રહ્યા હતા, પણ સૌરાષ્ટ્રમાં બાળ અધિકારના દષ્ટિકોણથી, મજૂરી કરતાં બાળકો માટેની કોઈ સંસ્થા ન હતી, એટલે થયું કે નવા વિસ્તારમાં શરૂ કરીએ તો બધાની વચ્ચે નેટવર્ક ઊભું થાય. ભાવનગર વિકસતું શહેર છે, આજુબાજુનાં ગામોમાંથી રોજીરોટીની શોધમાં લોકો પહેલાં ભાવનગર આવે. અહીંયાં યોગ્ય વિકલ્પ મળી રહે તો અહીંયાં જ સ્થાયી થઈ જાય. પરિણામે મૂળ સાથે પણ જોડાયેલા રહે ! બે-બે વિશ્વયુદ્ધોના પરિણામો અસહાય-નિરાધાર બાળકોના પ્રશ્નો-પડકારોએ વિશ્વમાં બાળકોની સુરક્ષા અને કાળજી અંગે જાગૃતિ આણી હતી, પણ ઘણું કરવાનું છે. અમને આનંદ એ વાતનો છે કે ભાવનગરના રાજવી આદરણીય મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહજીએ આજથી લગભગ ૧૦૦ વર્ષ પૂર્વે નિરાધાર બાળકોના પ્રશ્નને ઓળખી 'બાલાશ્રમ' ખોલી બાળકોનાં માતા-પિતાની ભૂમિકા ભજવી હતી. અને એમ એક બાળપ્રેમી પરંપરા શરૂ કરી હતી. તો વળી, ભાવનગરની ખ્યાતિ અથવા ભાવનગર ઓળખાય પૂજનીય કેળવણીકારો પૂ. શ્રી નાનાભાઈ ભટ્ટ, શ્રી ગિજુભાઈ બધેકા, શ્રી હરભાઈ ત્રિવેદી તથા એમના સાથીઓના અદ્ભુત શિક્ષણના પ્રયોગોને લઈને. એમની સાથેના હયાત સાથીદારો કે એમની નીચે તૈયાર થયેલ ત્યારપછીની પેઢીના લોકો પાસેથી ઘણું શીખવા મળશે, એ સમજણ સાથે અમે ભાવનગર આવ્યાં.

આમ તો ભાવનગર જિલ્લાનું મુખ્ય મથક છે. કાર્ય શરૂ કર્યુ ત્યારે અંદાજે સાડા ચાર લાખની વસ્તી હતી. આજે લગભગ ૬.૫ લાખ ઉપરાંત છે. સાંસ્કૃતિક શહેર તરીકેની આગવી છાપ છે. બીજાં શહેરોની જેમ અહીં પણ ઝડપથી શહેરીકરણ તથા ઉદ્યોગીકરણની સમસ્યાઓ રોજબરોજ વધતી જાય છે. વિશેષ તો આ પ્રદેશ પર

દુષ્કાળના ઓળા પથરાયેલા રહે છે, પાણીની સમસ્યા છે, આસપાસનાં ગામડાઓમાંથી રોજી-રોટીની શોધમાં ઘણાં કુટુંબો ભાવનગર આવીને સ્થિર થયાં છે. અલંગ શિપ બ્રેકિંગ યાર્ડ તથા તેના ભંગારને લીધે વિકસેલ સ્ટીલ રી-રોલિંગ મિલો તથા અન્ય વ્યવસાયોમાં ગુજરાત તેમ જ રાજય બહારના ઉત્તરપ્રદેશ, બિહાર, ઓરિસ્સાનાં ઘણાં કુટુંબો રોજી-રોટી માટે અહીં આવીને વસ્યાં છે.

### રખડપટ્ટીના સથવારે

ભાવનગર શહેરમાં શરૂઆતમાં ત્રણ-ચાર મહિનાની રખડપટ્ટી દરમ્યાન અમે અનુભવ્યું કે, આશરે સાત-આઠ વર્ષની ઉંમરથી લઈને સોળ-સત્તર વર્ષની ઉંમરનાં અંદાજે આઠેક હજાર બાળકો મુખ્યત્વે નાનામોટા અનેક વ્યવસાયોમાં સંકળાયેલાં છે. દિવસના ૧૦-૧૫ કલાક કામ કરવાનું તો સામાન્ય છે. એમાંથી વળી કેટલાક વ્યવસાયો તેમના આરોગ્ય માટે અત્યંત જોખમકારક છે. દિવસની કાળી મજૂરીના અંતે પ્લાસ્ટિક બેગ ધોવાના કામમાં ૧૦૦ બેગના રૂા. ૧૨/- રૂપિયા મજૂરી મળે, લારીગલ્લા પર દસથી વીસ રૂપિયા મળે, પ્લાસ્ટિકના કારખાનામાં પચીસેક રૂપિયા મળે અને હીરા ઘસવાના કારખાને પચાસથી સિત્તેર રૂપિયા મજૂરી મળતી હોય છે. અમે અનુભવ માટે શહેરના એક વિસ્તારમાં ખાણી-પીણીની લારીઓ પર કામ કરતાં બાળકો સાથે ખુલ્લામાં મળવાનું શરૂ કર્યું. અનૌપચારિક વાતો, રમત અને આજુબાજુ લાગેલ જાહેરખબરના હોર્ડિંગ દ્વારા શીખવાનું શરૂ થયું... બાળકો નિયમિત આવે, બપોરે ૨ થી ૪ વચ્ચે જાણે એ બગીચો એમનો વર્ગ ! પીરિયડ અને વિષય વળી કેવા ? અહીં તો નદીના પ્રવાહમાં કૂદવાનું, કોઈ કિનારે પહોંચીએ અને ત્યાં જે ઐશ્વર્ય મળે તે માણવાનું !

### એ પ્રથમ બાળમેળો...

આપણા મનમાં એક ચિત્ર હોય અને તેના તરફ જ આગળ વધવાની આપણી ઈચ્છા હોય, ભલેને ચિત્ર ત્યારે ધૂંધળું હોય પણ કોઈક તત્ત્વ આપણી સાથે જોડાઈ જતું હોય છે. શું તે ખબર નથી; પરંતુ ભાવનગરમાં આવ્યાને ૬ મહિના જેવો સમય થયો હશે; અમે બાળમેળો યોજવાનું નક્કી કર્યું. કેવી રીતે થશે ? કેમ થશે ? આર્થિક પ્રશ્ન તો ખરો. અમે તો બે જ જણ, છતાં આયોજન કરી નાખ્યું ! ૧૧ ડિસેમ્બર ૧૯૯૪નો એ દિવસ. શૈશવના કેન્દ્રમાં અને નેતૃત્વમાં બાળક જ હોય. મજૂરી કરતા સુરેશે એ બાળમેળાનું ઉદ્‌ઘાટન કર્યું હતું ! બાળકોનાં તો કંઈ નાત-જાત-ધર્મ. વર્ગ ના હોય. ભાવનગર મહિલાસંઘ તથા લોક સેવક મંડળના અવૈધિક વર્ગોનાં બાળકો તેમજ ઘરશાળા અને ગિજુભાઈ કુમાર મંદિરનાં બાળકો સાથે ભેગાં થયાં, લગભગ ૨૦૦ ઉપરાંત બાળકો ! ભવિષ્યની બાલસેનાનું કદાચ આ સ્વરૂપ હશે ! સમાજની સહભાગિતા કોઈપણ કાર્યના પાયામાં હોવી જોઈએ એ સમજણને પરિપકવ કરી આ કાર્યક્રમે. કેવો અદ્‌ભુત સહયોગ ! શહેરની પ્રતિષ્ઠિત ઘરશાળા સ્કૂલની જગ્યા મળી, સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્રે આર્થિક સહયોગ આપ્યો, ગિજુભાઈ કુમાર મંદિરના આચાર્ય શ્રી વીરેન્દ્રભાઈએ ભોજનનો તમામ ખર્ચ તો ઉપાડયો; વ્યવસ્થા પણ ગોઠવી દીધી ! ત્યારે તો ભાવનગર એટલે મામા-દાદાઓનો દેશ. શામજીદાદા રમતો રમાડવા આવ્યા, નાનુમામા વાર્તા કહેવા આવ્યા, દીપકદાદા વાર્તા અને અલકમલકની વાતો કહેવા આવ્યા. પ્રદીપભાઈએ ચિત્રની પ્રવૃત્તિઓ કરાવી; તો વળી અરુણભાઈએ તો ગીતો ગાયાંને ગવરાવ્યા. મહિલાસંઘની બહેનોએ વેસ્ટ માંથી બેસ્ટની પ્રવૃત્તિઓ શીખવી; સાયન્સ કોલેજના વિદ્યાર્થીઓ વિજ્ઞાન શીખવવા આવ્યા. અમદાવાદથી ચેતના સંસ્થાના કાર્યકરો આરોગ્ય પ્રવૃત્તિ માટે આવ્યા, કોઈક રૂમમાં બાળ ફિલ્મ ચાલે તો ક્યાંક ક્રાફટ અને ચિત્રની પ્રવૃત્તિઓ થાય. આમ, આખો દિવસ પ્રવૃત્તિઓ વચ્ચે બાળકોએ મોકળા મને આનંદ માણ્યો, એકમેકનો હાથ પકડી મૈત્રીનાં



ગીતો ગાયાં. કોઈ ઔપચારિકતા વગર કાર્યક્રમ પૂરો થયા પછી બધાં છૂટાં પડ્યાં ત્યારે એક મૂછવાળા મોટી ઉંમરના ભાઈ અમારી પાસે આવ્યા. એ રોજ સાંજે ઘરશાળામાં આવતા હતા. જોકે, એમનું નામ ભુલાઈ જવાનો રંજ છે; પણ એમણે અમારા ખભે હાથ મૂકી કહ્યું. ''ખૂબ અભિનંદન! આજે હરભાઈના આત્માને ખૂબ આનંદ થયો હશે !'' બાળકો સાથે કાર્ય કરવાની આ સાર્થકતા હશે !

આમ, આ બાળમેળાએ અમને ઘણું શીખવ્યું. શૈશવ કયાં મૂલ્યો સાથે આગળ વધશે તેનું એક ગમતું ચિત્ર અમારા મંથન માટે સામે આવ્યું હતું. આ બાળમેળો... શિક્ષણ એ આનંદપ્રદ-રસપ્રદ હોય, સમાજની સુંદર સહભાગિતા હોય, બાળકો હોંશે હોંશે શીખતા હોય એવા કેટલાય મુદ્દાઓ અમને શીખવી ગયો! ભેદભાવ વગરનું સમાન તકનું શિક્ષણ આપે એ શાળા આવી જ કંઈક હોઈ શકે ને એ અમને સમજાયું!

### બાળ મજૂર બાળકોનો સર્વે



૧૯૯૪ ના જૂન પછીના દિવસોમાં જ્યારે ભાવનગરને કાર્યક્ષેત્ર બનાવવાનું નક્કી કરી, સ્થિર થવા અમે પ્રયત્ન કરતાં હતાં ત્યારે ટાંચાં સાધનો છતાં સહયોગ મળી રહેશે એવી શ્રદ્ધા સાથે બાળમજૂરોનો સર્વે કરવાનો પ્રયત્ન કર્યો હતો; પરંતુ અમને અનેક મર્યાદાઓ નડી. અમારે ''પ્રથમ ગ્રાસે મક્ષિકા'' ની જેમ કામગીરી મુલતવી રાખવી પડી હતી. આ દરમિયાન મુંબઇ **સ્પાર્ક સંસ્થાનાં ડાયરેક્ટર શ્રી શીલાબહેન** પટેલ સાથે અમારી મથામણો વિશે વાત થઈ. તેઓ શરૂઆતથી અમારા કાર્યમાં રસ લઈ મદદરૂપ થઇ રહ્યાં છે. ''તમે સર્વેની કામગીરી શરૂ કરો, અમે મદદ કરીશું.'' આમ કહી, માત્ર પ્રોત્સાહિત જ ન કર્યા બ્લકે સર્વે માટે નાણાકીય મદદ કરી તથા કમ્પ્યુટર ડેટા એન્ટ્રી તથા વિશ્લેષણ માટે પણ મદદ કરી.

ડિસેમ્બર ૧૯૯૪ સર્વેની પૂર્વતૈયારીમાં ગયો. જાન્યુઆરી થી મે ૧૯૯૫...પાંચ મહિના સર્વેની કામગીરી ચાલી. શહેરના તમામ વિસ્તારો આવરી લીધા. જોકે, ફિલ્ડ કાર્યકરોની ખેંચ વર્તાઇ. સ્થાનિક સમાચારપત્રોમાં જાહેરાત આપવા છતાં ! જોકે આ સમય દરમ્યાન ૧૬ ભાઈબહેનોએ કામગીરી કરી અને તેમની સહાય વડે માત્ર ભાવનગર શહેરમાંથી ૧૨,૮૧૩ બાળકો ૧૦૬ જાતનાં વ્યવસાય-કાર્યમાં જોતરાયેલાં અમને મળી આવ્યાં! દેશભરમાં આ પ્રકારના વિશાળ સેમ્પલ સાથે ગ્રાસરૂટ સંસ્થાએ કરેલો કદાચ આ પ્રથમ સર્વે છે ! સર્વે દરમ્યાન અનેક મુશ્કેલીઓ આવી, આમ છતાં એકંદરે આ કાર્ય સારી રીતે પૂર્ણ થઈ શક્યું. સર્વેની કામગીરીની સાથે સાથે કમ્પ્યુટર ડેટાએન્ટ્રી મુંબઇમાં ચાલે, પ્રશ્નો-સ્પષ્ટતાઓ માહિતીના અનુસંધાનમાં જરૂર પડે, ચકાસણી ફરી કરવી પડે. બીજી એક મર્યાદા અંતરની પણ નડી ! સર્વે ભાવનગરમાં ને કમ્પ્યુટર મુંબઇમાં ! ''સ્પાર્ક''ને પોતાની કામગીરીનું પણ ભારણ, તેમાં વળી ભાવનગરના સર્વેની કામગીરી. અમારે અવાર-નવાર મુંબઈ જવું પડે. કમ્પ્યુટર પર ડેટાએન્ટ્રીનું સુપરવિઝન તથા વિશ્લેષણ રિપોર્ટ વગેરેનું કાર્ય ''સ્પાર્ક''ના સુ. શ્રી તારા રામકુમારે અત્યંત ધીરજ સાથે જવાબદારીપૂર્વક સંભાળ્યું. વળી પાછાં તેઓ પણ ગોવા અને મુંબઇ વચ્ચે દોડે... આમ અનેક મર્યાદાઓ વચ્ચે અભ્યાસનાં તારણો - વિશ્લેષણો કરવામાં ઘણો સમય વ્યતીત થયો.

**ભાવનગર શહેરમાં કામ કરતાં ૧૨,૮૧૩ બાળમજૂરોમાં :-**

**૩૭ % છોકરીઓ તથા ૬૩% છોકરાઓ હતાં.**

**૧૪ વર્ષથી નાની ઉંમરનાં ૪૪% બાળકો હતાં.**

**૧૫ થી ૧૮ વર્ષના વયજૂથનાં ૫૬% બાળકો હતાં.**

**૮૦% થી પણ વધુ બાળકોએ કામ શરૂ કર્યું ત્યારે તેમની ઉંમર ૧૪ વર્ષથી નાની હતી.**

**૬૮% બાળકો ક્યારેય શાળામાં ગયાં ન હતાં.**

**૩૨% ભણેલાં હતાં. તેમાંના ૭૯% બાળકોએ ધો.૭ પહેલાં અભ્યાસ છોડી દીધો હતો; જ્યારે ૨૧% બાળકોએ ધો.૭ થી આગળનો અભ્યાસ કર્યો હતો.**

**૧૯ % બાળકો વિનાવેતનની મજૂરી કરતાં હતાં.**

**૫૮% બાળકો એવાં હતાં કે જેમને માસિક વેતન રૂા. ૫૦૦/- થી ઓછું મળતું હતું.**

**૬૦% બાળકો દિવસના આઠ કલાકથી પણ વધુ સમય કામ કરતાં હતાં.**

**(સર્વેનાં તારણો-વિશ્લેષણ અંગેનો અલગ અહેવાલ છે.)**

આ ઉપરાંત, દીલ્હીની પ્રિયા (Participatory Research in Asia) સંસ્થાના શ્રી હર્ષ જેટલી સાથે આ સર્વેની વાત થઈ. તેમને થયું : બાળકો જેકામ કરે છે તે વ્યવસાયમાં રહેતાં આરોગ્યનાં જોખમોનો અભ્યાસ પણ સાથે સાથે થાય તો આ સમસ્યા પર વધુ પ્રકાશ પાડી શકાય. અને આમ ''બાળકોનાં વ્યાવસાયિક આરોગ્યનાં જોખમો'' વિષેનો અભ્યાસ હાથ ધરાયો. પ્રિયા સંસ્થાના સુ. શ્રી સુમેધા સક્સેના પ્રથમ પૂર્વતૈયારી માટે બે-ત્રણ વાર ભાવનગર આવ્યાં અને ચર્ચા-વિચારણા કરી, ૧૭ વ્યવસાયોની યાદી તૈયાર કરી. માર્ચ - એપ્રિલ ૧૯૯૬ દરમ્યાન ૨૨૬ બાળકોને હીરાઉદ્યોગ, પ્લાસ્ટિકની સિમેન્ટ વગેરે માટે વપરાતી પ્લાસ્ટિક બેગની સફાઈ, પ્લાસ્ટિક દોરડાં વણવાનો ધંધો, પ્લાસ્ટિક રીસાયકલિંગ, પ્લાસ્ટિક કાપડ વણાટ, બાંધકામ, ગેરેજ, બેક્રી, બિસ્કીટ ફેક્ટરી, અગરબત્તી, અલંગમાંથી આવેલ જહાજના ભંગારને તોડવાનું કામ, સુતરનાં દોરડાં વણવાની કામગીરી, મીઠાના અગરો, રી-રોલિંગ મિલ, કેમિકલ ફેક્ટરી જેવા વ્યવસાયોમાંથી પસંદ કરીને સેંમ્પલ સર્વે કર્યો.




ઉપરોક્ત બન્ને સર્વેના અહેવાલો પર નિષ્ણાતો, કર્મશીલો તથા શિક્ષણશાસ્ત્રીઓ સાથે વિશદ ચર્ચા કરી, બાળમજૂરીની સમસ્યાના ઉકેલ માટેનો કાર્યક્રમ તૈયાર કરવો જોઈએ એવો વિચાર ચાલ્યા કરે. છેવટે સર્વેનો પ્રાથમિક અહેવાલ તૈયાર થયો. જાન્યુઆરી ૧૯૯૭ ની ૧૧ અને ૧૨ તારીખના રોજ ગુજરાતની અનેકવિધ સંસ્થાના કર્મશીલો તથા યુનિવર્સિટી ના શિક્ષણશાસ્ત્રીઓની ઉપસ્થિતિમાં યોજાયેલ કાર્યશિબિરમાં ભાવનગર યુનિવર્સિટી ના તે સમયના કુલપતિ શ્રી વિદ્યુતભાઈ જોશી, બાળમજૂરી વિરોધી ઝુંબેશ તથા ગણતર સંસ્થા અમદાવાદના શ્રી સુખદેવભાઇ પટેલ, સરદાર પટેલ ઈનસ્ટિટ્યુટ ઓફ પબ્લિક એડમિનિસ્ટ્રેશનના ડો. રોહિતભાઇ શુકલ, પ્રો. રમેશભાઇ શાહ, લોકભારતીના શ્રી મનસુખભાઈ સલ્લા, પ્રિયા સંસ્થાના શ્રી હર્ષ જેટલી તથા વ્યાવસાયિક આરોગ્યના ક્ષેત્રે કાર્યરત વડોદરાના શ્રી જગદીશભાઈ પટેલે સર્વેનાં વિવિધ પાસાંઓ પર મનનીય વક્તવ્યો આપ્યાં હતાં; જેના પર રસપ્રદ ચર્ચાઓ થઈ હતી. આમ, એક તરફ બાળમજૂરીની સમસ્યાના ઊંડાણનો તાગ મેળવવા માટે અભ્યાસ દ્વારા પરિણામો મેળવવાની વ્યૂહરચનાની કે કાર્યક્રમના આયોજનની મથામણ ચાલે, તો બીજી તરફ અમે સર્વેના અનુભવોને લઈ બાળકો સાથે કાર્યની શરૂઆત કરી.

અમે એ શીખ્યાં કે કોઈપણ કાર્ય વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી કરવું જોઈએ. ડેટાબેઈઝ ઊભો કરવો, તારણો કાઢવાં અને તેના આધારે કાર્ય કરવું; સમસ્યાને ઊંડાણથી સમજવી. કોઈપણ વાત તથ્યો અને પુરાવા સાથે કરીએ તો જ અસરકારક બની શકે.

## બાળકોએ અમને મિત્ર બનાવ્યાં!

શરૂઆતના દિવસોમાં અમે કુંભારવાડામાં જે બાળકો મજૂરી કરે છે તેમનો સર્વે કરતાં હતાં... આ વિસ્તારમાં લોકો અત્યંત વ્યસ્ત હોય, પણ એક બાળક - પગે અપંગ... એના જેવાં ત્રણ-ચાર બાળકોને ભેગાં કરી, ઘરના વરંડામાં બેઠાં બેઠાં પ્લાસ્ટિકની કોથળી સાફ કરવાનું કામ કરતો હોય, અમને જોતાં જ એના ચહેરા પર હાસ્ય ફરી વળે ! અમે ઘડીક રોકાઈ, એકાદ વાર્તા કહીએ, રમત રમીએ અને પાછાં સર્વેના કામમાં લાગી જઈએ...ટીમના સભ્યો કોણ-ક્યાં છે તે એને ખબર હોય; એકમેકને સમાચાર પણ પહોંચાડે... ભણવાની ઇચ્છા જાગી... ઉંમર થોડી મોટી પણ દાખલ થયો... ત્રણેક વર્ષ પછી છોડી દીધું ! પણ પોતાનાં નાના ભાઇ-બહેનને ભણતાં કર્યાં... આમ, રાજેશે અમારો હાથ પકડ્યો, વિસ્તારમાં અમને દોર્યાં, મજૂરી કરતાં બાળકોના પરિચય કરાવી, એમનાં સપનાંઓ નિહાળવા અમને પ્રેર્યાં!

જાન્યુઆરીથી મે ૧૯૯૫ દરમ્યાન ભાવનગર શહેરમાં કામ કરતાં બાળકોનો અમે સર્વે કરતાં હતાં ત્યારે અમને એક વાતની ખાત્રી થઈ જ ગઈ કે બાળકોને ભણવું તો છે જ, મા-બાપ પણ સંતાનોને ભણાવવા ઇચ્છે છે ! ઘણાં બાળકોએ અમને જણાવ્યું, ''શાળામાં વેકેશન પડે ને અમે કામે લાગીએ. પછી ફરી પાછી શાળા શરૂ થાય તોપણ અમે શાળાએ જતાં નથી. તો પછી કેટલાક કહે, શાળામાં ભણવાનો અર્થ ખરો ? ગમે તેટલું ભણીએ, નોકરી કયાં મળવાની છે !'' આવા જાત-જાતના જવાબો મળતાં અમે એક પ્રયોગ કરવાનું નક્કી કર્યું.

## ''ભણતાં ભણતાં રમીએ રમતાં રમતાં શીખીએ'' વેકેશન શિબિર



બાળકોને શું ગમે છે ? વેકેશન હોવા છતાં બાળકો ભણવા આવે કે કેમ? એમને આકર્ષણ થાય છે કે નહીં? અમે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની મંજૂરી લઈ કુંભારવાડા સર્કલમાં આવેલ મ્યુનિસિપાલિટીની શાળામાં વેકેશન કેમ્પનું આયોજન કર્યું. શાળાનું પરિણામ આવે ને શાળા વેકેશન પૂરતી બંધ રહે તેના ચારેક દિવસ અગાઉ અમે ગયાં... કેમ્પ અંગે બાળકોને વાત કરી, કેમ્પમાં શું કરીશું તેના કેટલાંક પ્રયોગ-નમૂના કરીને બતાવ્યા! શાળાનું વેકેશન પડ્યું ને અમે ૮ મે ૧૯૯૫ ના રોજ કેમ્પનું ઉદ્‌ઘાટન કર્યું. તે વેળાનાં મ્યુનિસિપલ કમિશ્નર શ્રી સુનયનાબેન તોમર તથા સ્ટેટ બેન્ક ઓફ સૌરાષ્ટ્રના ડાયરેક્ટર શ્રી સુરેશભાઈ બુચ અને અન્ય મહેમાનોની ઉપસ્થિતિમાં સર્વે દરમ્યાન અમારા મિત્ર બનેલાં રાજેશે દીપ પ્રગટાવી, કેમ્પનું ઉદ્‌ઘાટન કર્યું! અને અજાણતામાં અમે કહેવાતી ‘મેરિટ’ વાળાને બદલે જેવા છે તેવા દરેક બાળકને સમાન તક મળતી રહેવી જોઈએ એ સિદ્ધાંતને અમલમાં મૂક્યો. કદાચ પસંદ કરીને તારવેલા બાળકને જ આગળ લઈ જવો - એવી ‘સ્પર્ધા’ વાળી વાત અમારા મનમાંય ન હતી એટલે જ સાચું કરી શક્યા !


અમારા આ કેમ્પનું વિચારસૂત્ર હતું ‘‘ભણતાં ભણતાં રમીએ, રમતાં રમતાં શીખીએ’’. અમારે તો ભણતરની મઝાનો જ અનુભવ કરાવવો હતો. અનેકવિધ પ્રવૃત્તિઓથી ભર્યો આ ‘વેકેશન શિબિર’ બાળકો માટે આનંદોત્સવ બની રહ્યો! જોકે કેમ્પની શરૂઆતમાં બનેલો બનાવ અમને હચમચાવી ગયો. પરિસ્થિતિ સંભાળી, બાળકો સાથે પછી તો અમે એક પ્રવૃત્તિ કરાવી. લ્યુડોની બોર્ડ ગેઈમ આવે છે તેના પરથી વર્ગમાં ચોક વડે મોટી ગેઈમનો આકાર દોર્યો. બાળકોને ચાર ખાનાંમાં વહેંચ્યાં. એક જૂથના હાથમાં **પાણી** હતું. બીજાના હાથમાં **એક્વા** હતું. ત્રીજાના હાથમાં **વોટર** હતું, ચોથાના હાથમાં **જલ** હતું. દરેક જૂથે પોતાના રસ્તા પર આગળ વધી સેન્ટરમાં પહોંચવાનું. ત્યાં મૂકેલ મોટા એક વાસણમાં એ ઠાલવવાનું. દરેક જૂથ એ રીતે આગળ વધી વાસણ પાસે પહોંચી પોતાના હાથમાં રહેલ પાણી, જલ, એક્વા, વોટર ઠાલવ્યા ! શું થયું ! ચર્ચા કરી, ભલે અમે પાણી, જલ, એક્વા અને વોટર લઈને આવ્યા, પહોંચ્યા એક જગ્યાએ અને અહીં જ્યારે અમે ભેગું કર્યું તો બધુ સરખું જ ! એને પાણી કહો, વોટર કહો, એક્વા કહો - બધું એક જ ! દરેકને પોતાની આસ્થા હોય, માન્યતા હોય, સંસ્કૃતિ કે ધર્મ હોય, અલગ રસ્તાઓ હોય; પણ છેવટે તો બધું એક જ છે. આપણે સમભાવ કેળવવાનો છે. આદર આપવાનો છે. આ પ્રયોગ બાળકોએ હોંશથી સ્વીકાર્યો ! જોતજોતામાં તો વેકેશન પૂરું થયું... કેમ્પનો છેલ્લો દિવસ! છૂટાં પડતી વખતે બાળકોની આંખોમાં આંસુ! સૌથી તોફાની પ્રકાશ ચોધાર આંસુએ રડે! ધીર અને શાંત ભાવેશ ડૂસકાં ભરે, રમતિયાળ બશીરા રડે... બાળકોના ભાવપ્રેમ સામે અમે પણ ઢીલાં થઇ ગયાં હતાં. એટલું જ કે - રડી નહોતાં શકતાં... આખરે બાળકોએ કહી જ દીધું, ‘‘એમ કરોને! હવે તમે જ કાયમ અમને ભણાવવા આવોને?’’ પ્રેમ ઝંખતાં બાળકોને અમે આશ્વાસન તો શું આપીએ ? ફરીથી વેકેશનમા મળવાનાં કોલ દીધા.



આ કેમ્પ અમને ઘણું શીખવી ગયો. બાળકના ભણતરને આનંદોત્સવમાં પલટાવી દો, પ્રેમથી તેના જીવનને જીવંતતાથી ભરી દો અને પછી જુઓ - કયો બાળક શાળા છોડે છે ? ચાર દીવાલોની વચ્ચે અટવાયેલી શાળાની મર્યાદાઓ પણ અમે ઠીક ઠીક અંશે સમજી શક્યાં ! બાળકો મજૂરીમાં ન જોડાય અને ભણવાનું ચાલુ રાખે તેવો હેતુ સાર્થક થયો. કેટલાંક બાળકો જે અગાઉથી જ મજૂરી કરતાં હતાં, તેઓ પણ સમય મેળવી, કેમ્પમાં નિયમિત આવવા લાગ્યાં હતાં.

**બાલઘર**

અમે પ્રથમ વેકેશન શિબિર પછી તરત જ વિસ્તારોમાં બાળકોને શિક્ષણ મળી રહે તેવા હેતુથી 'બાલઘર' શરૂ કર્યાં. પ્રથમ બાલઘર કુંભારવાડામાં શરૂ કર્યું હતું, કારણ કે સર્વે દરમ્યાન સૌથી વધુ બાળમજૂરો અમને એ વિસ્તારમાંથી મળી આવ્યાં. ૧૩ જુલાઈ ૧૯૯૫નો એ દિવસ. કુંભારવાડાના છેવાડે આવેલી ગોપાલ સોસાયટીમાં બાળકોના હર્ષોલ્લાસ વચ્ચે પ્રકાશ નામની બાળકીએ દીપ પ્રગટાવી, બાલઘમાલ કેન્દ્રનો ઉજાસ ફેલાવ્યો. અહીં બાળકો મુખ્યત્વે સિમેન્ટ, કેમિકલ, ફર્ટિલાઈઝર, વગેરેની ખાલી પ્લાસ્ટિકની થેલીઓ સાફ કરવાનું કામ કરે; કેટલાંક પશુપાલનનું. ચાર-પાંચ બાળકો હીરા તથા બિસ્કિટ ફેક્ટરીમાં કામ કરે... સવારે ૮ થી ૧૧ કેન્દ્ર ચાલે... બાળકો શરૂઆતમાં કુતૂહલથી અને પછી 'અરે ! આ તો ભણવા - રમવાની મઝા પડે એવું છે!' કહેતાં નિયમિત આવવા માંડ્યાં ! ધીમે ધીમે કરતાં મા-બાપ પણ રસ લેવા માંડ્યાં, નાનાં બાળકોને ખાસ મૂકવા આવે. બાળકોને ''આનંદ ભયો''. સવારના એ ત્રણ-ચાર કલાક એમને કામમાંથી મુક્તિ.



કુંભારવાડામાં જ લાલ કારખાનાની પાછળ આવેલા મફતનગરમાં બીજું કેન્દ્ર 'ટીંગાટોળી' ૫ ઓગસ્ટ ૧૯૯૫ના રોજ શરૂ કર્યું. આ વિસ્તારનાં બાળકો પ્લાસ્ટિકનાં દોરડાં વણવાના કામમાં મુખ્યત્વે મજૂરી કરે છે; તો કેટલાંક છૂટક મજૂરી કરે કે હીરા ઘસે. આ ''ટીંગાટોળી'' કેન્દ્ર સાંજના પાંચ વાગે શરૂ થાય... મંદિરની ઓસરીમાં બાળકો ભણે, મોટેરાં જુએ... આ બાળકોને નવુંનવું જાણવાની તીવ્ર ઇચ્છા... ભણતર ઝાઝું નહીં, છતાં ગણતરમાં ભારે! આમ, ક્રમશઃ આ બાળકો માટેનાં શિક્ષણકેન્દ્રો 'બાલઘર' જુદા-જુદા વિસ્તારમાં વિકસતાં ગયાં. આ બાલઘર - કેન્દ્રોમાં બાળકો સાથેના કાર્યે અમને ઘણું શીખવ્યું. આ કેન્દ્રો

કોઇક ઘરના ઓટલા પર, મંદિરની ઓસરીમાં કે કોઇ ઝાડ નીચે ખુલ્લામાં ચાલે..... અમારી મર્યાદાઓ પણ હતી. શરૂઆતમાં બાળકો ભણતાં થાય, શિક્ષણ પ્રત્યે એમની રુચિ કેળવાય, કુતૂહલ વધે તેના પર ધ્યાન કેન્દ્રિત કરી, શાળામાં ચાલતા વિષયો ભણાવવાનું શરૂ કર્યું.


બાળક તો ઊગતો છોડ, એના પર ભારણ ન મુકાય... હળવાશથી, મઝા કરતાંકરતાં, પ્રવૃત્તિઓ - અનુભવો આધારિત શૈક્ષણિક પ્રવૃત્તિઓ એવી રીતે હાથ ધરી, કે બાળકોની મઝા અંદરથી સહજ ઊગવા લાગી. કેન્દ્ર ખુલ્લામાં ચાલે એટલે બધાં જ નિહાળે. ઘડીભર તો જતાંઆવતાં લોકો ઊભા રહી જાય, જુએ, હસે અને ઇશારા ઇશારામાં કહેતા જાયઃ ''બરાબર છે! તમતમારે કરતાં રહો. આ તો મઝાનું છે!'' શિક્ષણવ્યવસ્થા અલગ નહીં, લોકોની વચ્ચે બધાંજ હળીમળી શકે તેવી રીતે થવી જોઇએ. કોણ હાજર છે કે નથી તે સહુ જાણે અને તેઓ જ જાતે ફોલોઅપ કરે! બાળકો માટે તો આ કેન્દ્રો એટલે 'ભણતાંભણતાં રમીએ - રમતાંરમતાં ભણીએ' નો યથાર્થ બની રહેતી ખુલ્લી નિશાળ! શિક્ષણ કેવળ પુસ્તકનું નહીં, પરંતુ આજુબાજુ જિવાતા જીવનને જોડવાનું કેન્દ્રબિંદુ બનવું જોઇએ. બાળકો હસ્તકૌશલ્યની અનેકવિધ પ્રવૃત્તિઓથી માંડીને ફરવા જવું, સમાજના જુદાજુદા એકમો -હોસ્પિટલથી માંડી, પોલિસ સ્ટેશન, પોસ્ટઓફિસ, બેંક વગેરેની મુલાકાતે જઈ સમજવાની; પ્રશ્ન પૂછવાની હિંમત કેળવે, વળી, રમતગમત અને પુસ્તકાલય, જેવું તો કંઇ કેટલુંય....! આસપાસ અને દૂરથી રિસોર્સ પર્સન આવે...... બાલદોસ્ત, કોઇ વાર્તા કહે, કોઇ ગીત ગવડાવે, કોઇ રમાડે, કોઇ સાયકલનું પંચર કેવી રીતે રિપેર કરવું, કપડાં કેવી રીતે સાંધવાં, કરિયાણું ક્યાંથી આવે, કેવી રીતે તોલવું અને ભાવ નકકી કરવા, આરોગ્યની વાતો સમજવી - આવું અલગ અલગ બાલદોસ્તોની મદદથી શીખે. વિસ્તારમાંય લોકોને થાય કેટકેટલા લોકો આવે છે. હવે અમારાં બાળક ભણતાં જઈ જશે. એક અનિવાર્ય વિશ્વાસ ઊભો થતો જાય! બાળકો સાથેની શૈક્ષણિક પ્રક્રિયા બિનઔપચારિક હતી. એક બાળક બીજા બાળકને શીખવવામાં મદદ કરે કે પછી જૂથકાર્ય દ્વારા બધાં શીખે, એ રીતે કાર્ય થાય. બીબાંઢાળ પરીક્ષા ન હતી, પ્રગતિપત્રક ન હતાં. અહીંયાં મૂલ્યાંકન થાય, પણ ડર કે ભારણ કે તણાવ ન હોય. બાળકની ગતિનું સન્માન થાય.



બાલઘરના પ્રશ્નો તો ઘણા. અમારી પોતાની જગ્યા નહીં એટલે બાળકો જ્યાં ભણે તે જગ્યા ઘણાં કારણોસર બદલાતી રહે. બાળકો કહ્યા વગર રજાઓ પણ પાડે ! સામાજિક રિવાજો અને તહેવારોનાં વળગણ ભારે ! એમાં વળી, વાલીઓની શાળાશિક્ષણ પ્રત્યેની ઉદાસીનતા પણ ભાગ ભજવે ! શિક્ષણથી કલ્યાણ થશે જ એવો વિશ્વાસ ઊભો કરવામાં પણ સમાજ એટલે કે આપણે નિષ્ફળ રહ્યાં છીએ.

## બાળસમિતિઓ

કેન્દ્ર પર બાળકોની જુદીજુદી 'બાળસમિતિઓ', જે રોજે રોજના સંચાલનમાં નેતૃત્વ કરે, કાર્યકરનું મોનિટરિંગ કરે..... કેન્દ્રમાં રહેલી વસ્તુઓ - બેગ વગેરેની ચાવી બાળકો પાસે રહે.... ''આ અમારું છે'' તેવી ભાવના દ્રઢ થાય. દર શનિવારે બાળકો દ્વારા જ બાલસભાનું આયોજન તેમજ સંચાલન થાય, સર્જનાત્મક અભિવ્યક્તિ થાય, સાથેસાથે ચર્ચા થાય, શરમ સંકોચ છોડી બોલતાં થાય તેમજ પ્રશ્નોને સમજતાં થાય, બીજાની સાથે સંવાદ કરવાના માધ્યમને ઓળખે અને તેને વ્યવહારિક ઉપયોગમાં લે. ઘણીવાર પોસ્ટકાર્ડ આવે, ''અમારા કેન્દ્રમાં છેલ્લા અઠવાડિયાથી રંગ, ક્રેયોન અને કાગળો નથી. કાર્યકર ભૂલી જાય છે, તો હવે તમે યાદ રાખીને મોકલાવશો. લિ. બાલધમાલ ટીમ.'' વાતની રજૂઆત નિર્ભીકપણે કરી શકાય અને એનો પ્રત્યુત્તર પણ મળશે એવો વિશ્વાસ પણ ખરો.



બાળકો સાથે ફિલ્મ-શો, સર્જનાત્મક પ્રવૃત્તિઓ, રમતગમત, ઉત્સવ-ઉજવણી જેવા કાર્યક્રમો ઉપરાંત નેતૃત્વતાલીમ 'નિવાસી શિબિરો' પણ થાય, અલગ અલગ વિષય (થીમ) આધારિત બાળમેળા યોજાય, એક કેન્દ્રનાં બાળકો બીજા કેન્દ્રનાં બાળકોની મુલાકાત લે, કેટલાક કાર્યક્રમો સંયુક્તપણે ઉજવાય. આમ, બાળકોને શિક્ષણ અર્થાત્ કે આનંદ સાથે સહજ ઘડતરનો અનુભવ મળતો થયો.

## 'બાળકોનો' બાળક તરીકે સ્વીકાર

એક નેતૃત્વ 'તાલીમ શિબિર' દરમ્યાન આઘાત લાગે તેવો અનુભવ પણ થયો. બપોરના ભોજન દરમ્યાન કેટલાંક બાળકો ભોજન પીરસવાનું કાર્ય કરી રહ્યા હતાં.... ત્યાં જ, પંગતમાં બેઠેલાં બાળકોમાંથી કેટલાંક ઊભાં થઈ જતાં રહ્યાં ! આમ કેમ? પછી સમજાયું... આભડછેટ ! આ બાળકો પીરસશે તો અમે નહીં જમીએ !

અમારી પણ કસોટી હતી ! અમે મક્કમ રહ્યા, જમવું હોય તો આ બાળકો જ આપશે... બાળકો તૈયાર ના થાય... સમજાવટ શરૂ કરી.... બાળકો જમ્યાં નથી તેનું દુઃખ પણ થાય.... વહેંચાયેલો સમાજ બાળકોના માનસમાં કેવું કેવું રેડી રહ્યો છે ! આખરે બાળકો માન્યાં; પણ બાળકો હતા એટલે! ખોટા મૂલ્યને ફગાવવામાં બાળકોને મુશ્કેલી ના પડી ! સંવાદિતા-સમતા કેળવવામાં બાળકોએ જ નેતૃત્વ કર્યું.... દરેક બાળક સુધી શિક્ષણ પહોંચે એના માટે આના જેવા કેટલાય કોઠા વીંધવા પડશે એનો ખ્યાલ મૂંઝવી ગયો; પણ શ્રધ્ધા જાગી ઊઠી કે - બાળકો જ રાહ ચીંધશે ! પછીના દિવસોમાં તો બધાં જ બાળકો સમૂહભોજન કે સામૂહિક સ્વયંપાકનું આયોજન કરે... 'ભેદની ભીંતો' તૂટી રહી હતી !

એક રાહુલ.... એને રાહુનો ગ્રહ એવો નડ્યો કે ભાઈ ભણવા જ ન જાય. મા-બાપથી માંડીને અડોશપડોશમાં બધાં એને 'ડોબો' ગણે ! સમાજે નક્કી કરી આપ્યું કે આ 'ઢ' જ રહેવાનો..... એણે પણ મનથી વાત સ્વીકારી લીધેલી. પ્લાસ્ટિક યાર્નના ગૂંચળા વગેરે વેચવાની ઘરની દુકાન પર એ કામ કરે. પ્લાસ્ટિકનાં દોરડાં વણવા જાય, કયારેક અમારી ખુલ્લી નિશાળ - બાલઘરમાં ડોકિયાં કરી જાય.... કાર્યકર ધીરુભાઈ એને પ્રેમથી આવકારે..... દુકાન પર બેસી હિસાબ-કિતાબ કરે અને દુકાન ચલાવે એ 'ઢ' કેવી રીતે હોઈ શકે? શાળાશિક્ષણ સિવાયના બહારના શિક્ષણને પણ સ્વીકારીએ તો કેટકેટલા 'ઢ' ની જિંદગી ખીલી ઊઠે ! આ રાહુલ ધીમે ધીમે આવવા માંડ્યો. ધીરુભાઈએ ધીરજ અને ખંતથી કામ લીધું, પ્રેમથી પ્રોત્સાહિત કરે. એના ઘરનાંને, મિત્રોને અને અડોશપડશોમાં બધાંને સમજાવ્યાં ! થોડા સમયમાં તો રાહુલની ગાડી પુરપાટ દોડવા લાગી ! ભાઈ તો ભણવામાં મંડી પડયા.... આવી તો કેટલીય વાતોએ અમને ઘણું શીખવ્યું ! બાળકોને કોઈ લેબલ લગાડ્યા વગર જેવાં છે તેવાં સ્વીકારવાં, ધીરજ કેળવવી, તેમને પ્રેમ કરવો... ચાર દીવાલની બહારના વ્યવહારોમાંથી નિષ્પન્ન થતી કેળવણીને માન્ય રાખી, એનું ગૌરવ કરવું !...

નરેશ અને કિશોર.... મફતનગરના અમારા બાલઘરની બાજુમાં રહે, પરંતુ આવે નહીં. કાર્યકરે પૂછપરછ કરીઃ કેમ આ બન્ને આવતા નથી? અને જે જવાબ આવ્યો તે : બે પાટી ખરીદાય તેટલા પૈસા ભેગા કરે છે. '': કુટુંબ ગરીબ પણ એમનાં ખુમારી અને સ્વમાન કેવાં! થોડા સમયમાં બન્ને ભણવા આવ્યા!''બોલ્યા, અમે હવે દોરડાંમાં (દોરડા વણવા) ની જાયીં. હવે આંઇ ભણવા આવવાનું છે.'' કે વો, બાળકોમાં ભણવાનો ઉત્સાહ!....

અમે પ્રથમવાર બાળકોને શાળામાં દાખલ કરાવવા ગયાં ત્યારે સમજાયું કે આ અઘરું કામ છે ! મોટાભાગનાં બાળકોના જન્મતારીખના દાખલા ન હોય. શાળામાં વાલી ધક્કા ખાય, એફિડેવિટ કરાવવું પડે; પરંતુ જન્મતારીખનો દાખલો ના હોય તો પણ બાળકની ઉંમર પાંચ વર્ષ થઈ ગઈ હોય તો વાલી પાસેથી લખાવીને દાખલ કરી શકાય એવી જોગવાઈવાળો પરિપત્ર હતો... આ માહિતી વાલી પાસે ના હોય પરંતુ શાળા પાસે તો હોય, છતાં માને નહીં ! ૧૯૯૬માં પહેલીવાર ૭૮ બાળકોને શાળામાં દાખલ કરાવ્યાં ! પ્રવેશોત્સવ ઉજવ્યો ! બાળકો નાચતાં-કૂદતાં રેલી સ્વરૂપે શાળાએ પહોંચ્યાં ! બાળકોને ભણાવવાનું કામ તો ખરું, પરંતુ તંત્ર સાથે પણ સંવાદ-સંઘર્ષ કરવો પડશે. ત્યાં પણ સમજાવવાનું કામ કરવું જ રહ્યું - એ સમજાયું !

જોકે બાલઘર-કેન્દ્ર શરૂ કરતાં અગાઉ અમે વિસ્તારનો એક રેપિડ સર્વે કરતાં; જેમાં બાળકોની સંખ્યા, શાળાએ જતાં-ન જતાં અને મજૂરી કરતાં બાળકો કોણ છે, કેટલા છે, એ માહિતી એકત્ર કર્યા બાદ કામ શરૂ કરતાં હતાં, પરિણામે જરૂરતમંદ બાળકો પર અમે વધુ ધ્યાન આપી શકતાં હતાં. કેન્દ્રમાં પણ શાળામાં ભણતા બાળકો આવે, તેઓ તો શીખે બીજાને પણ શીખવે, પ્રોત્સાહિત કરે !

## પ્રથમ કમ્યુનિટી વેકેશન કેમ્પ

એપ્રિલ ૧૯૯૭માં કુંભારવાડાની ગોપાલ સોસાયટી વિસ્તારમાં જે કેન્દ્ર ચાલે તેની બાજુની ગિરનાર સોસાયટી વિસ્તારના રહીશો મળવા આવ્યા, ''અમારે ત્યાં પણ કેન્દ્ર શરૂ કરોને!'' પછી જે વાત થઈ તેમાંથી ઉદ્‌ભવ્યો ઉનાળુ વેકેશનમાં અમારો પ્રથમ 'કમ્યુનિટી વેકેશન કેમ્પ'! અને અમે, ગિરનાર સોસાયટી વિસ્તારની મુલાકાત લીધી. ગિરનાર સોસાયટીનો વિસ્તાર પ્રમાણમાં ઠીક, પણ ત્યાં જ મફતનગર અને વાદીલું, બન્ને જાણે મકાન અને ગટરના પાણીની વચ્ચે ભીંસાય ! જીવતું દોઝખ ! બાળકો મોટા ભાગે અભણ, મા-બાપ મજૂરીએ જાય, કેટલાંક હીરા ઘસે.

શૈશવની અમારી ટીમ ગિરનાર સોસાયટી પહોંચી, ઘરે-ઘરે ફરી, થોડાંક ઘર બાકી પણ રહી ગયાં, કયાંક કોઈ ન હોવાથી માહિતી ન મળી. ૩ થી ૧૫ વર્ષનાં ૬૨૬ બાળકોનાં નામ નોંધ્યાં. એમાંથી માત્ર ૧૧૮ બાળકો શાળાએ જાય, ૪૭૮ બાળકોએ તો શાળા જોઈ જ નહોતી ! ૩૦ બાળકોએ શાળા છોડી દીધી હતી. આંકડાઓના વિશ્લેષણે અમને ચોંકાવ્યાં, ભણવા ન જતાં બાળકો એટલે આખરે તો સંભવિત બાળમજૂર ! કંઈક કરવું જ રહ્યું !

એ વિસ્તારના લોકો સાથે મીટિંગ યોજી. મા-બાપ બાળકોને ભણાવવા તત્પર, સહકાર આપવા તૈયાર... અમે કહ્યું, ''અમે બે મહિના બાળકોને ભણાવશું, આ તૈયાર થયેલા બાળકોને જૂન ૧૯૯૭માં શાળા ખુલતાં દાખલ કરવાનાં છે ત્યારે તમે પાછા ન પડશો.'' લોકો કહે, ''અમારાં બાળકો ભણે તેનાથી વળી રૂડું શું ?''



પ્રથમ અમે ૫ થી ૭ વર્ષનાં બાળકોને અલગ તારવ્યાં, તેનાં બે જૂથ બનાવ્યાં. ૭ વર્ષ થી મોટી ઉંમરનાં અભણ બાળકોનું ત્રીજું જૂથ કર્યું. શાળાએ જતાં અને શાળા છોડી ગયેલ બાળકોનું ચોથું જૂથ પણ બનાવ્યું.

આ પૂર્વે ભાવનગર શહેરમાં મ્યુનિસિપલ શાળાઓનું સંચાલન કરતી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના હોદ્દેદારોને મળ્યાં, પરિસ્થિતિ અને આયોજનથી તેમને વાકેફ કર્યા, શાળામાં દાખલ કરવા માટેની વિધિની જાણકારી મેળવી. જન્મતારીખના દાખલા ન હોય તે સંજોગોમાં શું કરવું? મોટી ઉંમરનાં અભણ બાળકોને

સીધા જ બીજા-ત્રીજા કે ચોથા ધોરણમાં દાખલ કરવા હોય તો શું? આ માહિતીને આધારે કાર્યક્રમ ગોઠવ્યો. સાથોસાથ, લોકો સાથે ઘનિષ્ઠ સંપર્ક, રૂબરૂ મુલાકાત, મીટિંગો અને જાહેર કાર્યક્રમો યોજતા રહેવાનું નક્કી કર્યું કે જેથી તેઓ શિક્ષણનું મહત્ત્વ સ્વીકારે, બાળકોને ભણવા મોકલવા માટે તૈયાર થાય.

આમ, ૨૨ એપ્રિલ ૧૯૯૭ના રોજ આરંભ્યો અમારો પ્રથમ વેકેશન કમ્યુનિટી કેમ્પ ! અગાઉ પણ વેકેશન દરમ્યાન મ્યુનિસિપલ શાળામાં કેમ્પ કર્યા હતા. કોઈ ઔપચારિકતા વગર કાર્યની શરૂઆત કરી. રોજ સવારે ૮-૩૦ થી ૧૨-૩૦ સુધી તથા બપોરે ૪ થી ૭ નો સમય. બાળકોનાં જુદાં-જુદાં જૂથને કોઇકના ઘરની ઓસરીમાં, તો વળી ખુલ્લા વાડામાં ગોઠવ્યાં ! કેન્દ્ર ધમધમવા લાગ્યું. તો બીજી તરફ, કાર્યકરોએ ઘનિષ્ઠ ફીલ્ડ કામગીરી કરવા માંડી, રાત્રે અવારનવાર લોકો સાથેની મીટિંગ જુદાં જુદાં ફળિયામાં યોજાવા લાગી.



૧૨ જૂન ૧૯૯૭નો દિવસ, શાળા ખૂલવાનો દિવસ.... સવારથી લોકો પોતાના બાળકોને તૈયાર કરીને શાળાનો સમય થાય તેની રાહ જોતાં તૈયાર હતા. નજીકની મ્યુનિસિપલ શાળામાં ગયાં... બહાર બ્લેકબોર્ડ પર જન્મતારીખના દાખલાની નોટિસ તો હતી જ, વાત કરી. આચાર્યે આટલી વિશાળ સંખ્યામાં બાળકોને દાખલ કરવાની અસમર્થતા જાહેર કરીઃ 'બાળકોને બેસાડવાની જગ્યા જ નથી. શું કરવું ?' તરત જ લોકો સાથે મીટિંગ કરી. સત્તાના જુદાજુદા સ્તરે રજૂઆત કરી; પરંતુ બાળકોના શાળાપ્રવેશનો પ્રશ્ન ઊભો જ રહ્યો ! પર્યાપ્ત વ્યવસ્થાઓ પણ ઊભી ના કરી શકીએ ત્યારે થાય છે કે શિક્ષણનું મહત્ત્વ સ્વીકાર્ય છે ખરું ? જેને ટ્રેનમાં બેસવા ના મળે, એમણે તો ટ્રેન આવશે-આવશેની રાહમાં પ્લેટફોર્મ પર જિંદગી વિતાવી દેવાની ! આ તે કેવા પ્રકારની વ્યવસ્થાઓ ? અમને સમજાયું કે દરેક બાળકને શિક્ષણનો અધિકાર મળવો કેટલો કઠિન છે. સરકાર અને સમાજ બન્નેની નીયત પર પ્રશ્ન થાય છે. મહાપુરૂષો પોતાના જીવનકાળ દરમ્યાન કેટકેટલું કરીને જાય, આપણે તો તેઓએ કંડારેલી કેડી પર ચાલવાનું જ હોય છે; તેમ છતાં એ કેડી પર કેટકેટલાં સાથે ચાલી જ ન શકે અથવા તો પાછળ રહી જાય તેની ચિંતા કેટલાંને થાય ? વારસો સાચવવાની વાત તો કરીએ, પણ કેવી રીતે સાચવીએ છીએ? આ દિવસોમાં જ ભાવનગરમાં મેડિકલ કોલેજ માટેનું આંદોલન પણ ચાલતું

હતું. એ ચાલે તેમાં કોઈ પ્રશ્ન નથી, પરંતુ શાળાથી વંચિત બાળકોના પ્રશ્ન અંગે ક્યાંયથી કોઈ અવાજ ન ઊઠે એ કેવી વિડંબણા ! કેટકેટલાને આ પ્રશ્ન અંગે લખ્યું, પણ પ્રત્યુત્તર ન મળ્યો !

બાળકોને ઘરઆંગણે ભણાવવા એ એક વાત છે અને તેમના સમગ્રવિકાસમાં સાથે રહેવું એ અત્યંત મોટો પડકાર છે ! બાળપણ એટલે થોડાં બાળકોને શાળા મળે એટલે પૂરતું થતું નથી. કેમ્પ શરૂ કર્યો હતો માત્ર બે મહિના માટે જ. અમારા મનમાં તો હતું કે ૧૨ જૂન ૧૯૯૭ના રોજ શાળા ખૂલે ને બાળકો દાખલ થાય એટલે કામ પૂરું થશે. તેના બદલે... આ તો મોટું ઉત્તરદાયિત્વ છે, સમજીને અમે કેન્દ્ર ચાલુ રાખ્યું. સરેરાશ ૨૦૦ ઉપરાંત બાળકો કેન્દ્ર પર રોજ આવે. કેમ્પ પરિણામદાયી રહ્યો છતાં અનેક પ્રશ્નો ઊભા થયા. સમજાતું નથી કે બાળકોના શિક્ષણની જવાબદારી કોની ? અમે અમારા અન્ય કાર્યક્રમોના ભોગે પણ આ કેમ્પનાં બાળકો માટે સવિશેષ કાર્ય કરતાં રહ્યાં. બાળકોના ભાવિના પ્રશ્ને પરિણામદાયી શ્રેષ્ઠ પ્રયત્નોને અંતે પણ પારાવાર દુઃખ અનુભવ્યું. જોકે વિસ્તારના લોકોએ અમને શક્ય એટલો ટેકો આપ્યો, અમારું એક જૂથ જેના ઘરમાં બેસતુ હતું, તે ભાઈની છાપ ખૂબ ખરાબ-માથાભારે; પણ બાળકોને બેસવા માટેની વ્યવસ્થા એમણે સામેથી કરી આપી ! બાળકો માટે રોજ પીવાનું પાણી પણ ભરે ! બાળકો તોફાન-મસ્તી કરે તોય એ હસતાં-હસતાં સહે.

ફરી જૂન ૧૯૯૮માં શાળાનું નવું સત્ર શરૂ થાય તે અગાઉ સ્થાનિક આગેવાનો અને લોકોને આ પ્રશ્ન પરત્વે જાણકારી આપી, નક્કર કામ થઈ શકે એ માટે સંગઠિત કરવાનું શરૂ કર્યું. શિક્ષણ સમિતિએ નજીકમાં આવેલી તેની મ્યુનિસિપલ શાળામાં વધુ નવા વર્ગો ખોલવાનું નક્કી કર્યુ અને અમે જૂન માસ દરમ્યાન કેન્દ્ર બંધ કરી, ઘરે ઘરે ફરી બાળકોને શાળામાં મોકલવાનું શરૂ કર્યું, અને ૨૩૯ બાળકોને દાખલ કરાવ્યાં.

આમ, લોકોની વચ્ચે જઈ શિક્ષણ પરત્વે લોકોને અભિમુખ કરી, બાળકોને શાળામાં જતાં કરવા માટેના અમારા આ પ્રથમ પ્રયોગે અમને ઘણું શીખવ્યું. પ્રયત્નોના અંતે ધાર્યું વાતાવરણ અમે ઊભું કરી શક્યાં તેથી ખરાં પ્રોત્સાહિત થયાં. તેમ જ સાથોસાથ મર્યાદાઓ પણ સમજયાં. આ વિસ્તારમાં નવી શાળાની વિશેષ જરૂરિયાત હતી. અવારનવાર રજૂઆતો કરતા રહ્યાં. લોકોએ પણ અરજીઓ કરી... ૧૯૯૭ થી શરૂ થયેલા આ અભિયાનનું પરિણામ છેક ૨૦૧૩માં મળ્યું. ન. પ્રા.શિક્ષણ સમિતિના ત્યારના ચેરમેનશ્રી રાજીવભાઈ પંડ્યાના વિશેષ પ્રયત્નોને પરિણામે વાદીલા વિસ્તારમાં શાળાનું નવું મકાન બન્યું...!!!

મોતીતળાવ વિસ્તારમાં અમે ૧૯૯૯માં ઉનાળુ વેકેશન શિબિરનું આયોજન કર્યું ત્યારે ત્યાં અમારું બાલઘર ચાલુ હતું. અહીંયાં ખારની જમીન પર ગીચ કાચાં-પાકાં મકાનોની ઝૂંપડપટ્ટી હતી. રોજ નવાં ઝૂંપડાં ઊભાં થાય. ચોમાસામાં ચારેકોર પાણી ફરી વળે ! અહીંયાં મદીનાબેન-સાબિરભાઈ અને બીજા થોડા લોકો બાળકોના શિક્ષણની ચિંતા કરે. નિશાળ બને એવા સપના સાથે થોડીક ખુલ્લી જમીન રહે તે માટે સંઘર્ષ કરે. ત્યા ઝૂંપડાં ઊભા થાય, ઝઘડા થાય... એમની વિનંતી માની, અમે એ જગ્યા પર કાચો શેડ બનાવ્યો અને બાલઘર-પ્રવૃત્તિ કેન્દ્ર ત્યાં શિફ્ટ કર્યું. અને સાચ્ચે જ, એ જગ્યા ખુલ્લી રહેવા લાગી. પોતાનાં બાળકો ઘરઆંગણે ભણી શકે તેવું સપનું દરેકનું હોય જ છે ! જરૂર છે એમને ટેકો આપી, વિશ્વાસ અપાવવાની. આ વિસ્તારમાં સરકારી નિશાળ બને તે માટે પ્રયત્નો ચાલી રહ્યા છે; હજી સફળતા મળી નથી. આ જગ્યા પર તાજેતરમાં જ આંગણવાડી માટેનું મકાન સરકાર દ્વારા બન્યું. એ પણ મૂલ્યવાન છે.



આમ, અમે દર વર્ષે નિયમિત રીતે ઉનાળુ વેકેશન શિબિરોનું આયોજન કુંભારવાડા, મોતીતળાવ, નવાબંદર, ખેડૂતવાસ, કરચલિયા પરા, ચિત્રા મફતનગર, ફૂલસર જેવા પ્રત્યેક વિસ્તારમાં અમે કરતાં રહ્યાં. બાળકોને ઘરઆંગણે વિકલ્પો મળે, નવું શીખવા મળે, મા-બાપને પણ સંતોષ થાય, બાળક મજૂરીએ ચઢી જતાં અટકે, નવાં બાળકો શાળામાં દાખલ થવા માટે તૈયાર થતાં જાય.... વેકેશન શિબિરો એટલે પ્રવૃત્તિઓનો ખજાનો!... બાળકો રમતાંરમતાં મુખ્ય પ્રવાહના શિક્ષણના પાઠો તો શીખે જ, સાથેસાથે યોગ શીખે, કસરતો કરે, રાત્રે આકાશ દર્શન કરે, પુસ્તકો વાંચે, જુદીજુદી ઓફિસોની મુલાકાત કરે, શહેરનાં જોવાલાયક સ્થળોની સાથે બાર્ટન મ્યુઝિયમ, ગાંધીસ્મૃતિ કે 'લોકમિલાપ' જેવા પુસ્તક ભંડારની મુલાકાતે જાય, કલા અને ક્રાફ્ટ શીખે... જાગૃતિ માટે શેરીનાટકો શીખે-ભજવે, પત્રિકાઓ વિતરણ કરે, પોતાની જેવડાં બાળકોને સાથે, મજૂરી ન કરવાની વાત સમજાવી ભણવા અંગે ફોલોઅપ કરે, જીવનકૌશલ્યો શીખે, સ્વયંપાક દ્વારા નાત-જાતના વાડાઓ તોડે, સાંજે કે રાત્રે યોજાતી લોકો સાથેની મીટિંગમાં ઉપસ્થિત રહી, વાલીઓને પોતાના ''બાળપણ''ના વિકાસની વાતો કરે... આમ, અનેકવિધ પ્રવૃતિઓમાં તેઓ મોકળાશથી ખીલતાં જાય, મઝા કરતાં કરતાં શીખે... કોઈ બંધન નહીં, કોઈ રોકટોક નહીં; કેવળ મુક્ત બાળપણને માણવાનો નિરાળો અનુભવ!

વેકેશન-શિબિર શિક્ષણ પરત્વે હકારાત્મક અભિગમ વિકસાવે; તો સાથેસાથે જીવનના નૂતન રંગોના દર્શન પણ કરાવે... શૈશવની આ તમામ વેકેશન-શિબિરો અતિ મૂલ્યવાન બની રહી.

### લોકોની શાળા લોકોના હાથમાં

અહીંયાં જ અમે એક અન્ય નવતર પ્રયોગ કર્યો. બહેનોનું એક જૂથ '' એકતા મહિલા મંડળ''નામે બનાવ્યું. શિક્ષક તરીકે એક ભાઈને ત્યાં મૂક્યા, શાળાએ જતાં બાળકો ભણવા આવે તેમની પાસેથી નજીવી ફી લેવાની, જેના હિસાબકિતાબ બહેનોનું જૂથ રાખે. શિક્ષકને પગાર પણ તેઓ જ ચૂકવે. કેન્દ્ર પર બાળકો નિયમિત આવે છે કે કેમ, શિક્ષક કેવું ભણાવે છે, તેનું મોનિટરિંગ આ બહેનો વારાફરતી કરે... લગભગ ૧૦૦% હાજરી રહે, શિક્ષક પણ બરાબર ભણાવે... લોકોનું જ કામ, લોકોનું સ્વશાસન, કોઈના ઓશિયાળા શા માટે ? આ પ્રયોગ થોડો સમય સુંદર રીતે ચાલ્યો, પરંતુ આખરે બંધ થયો. કદાચ અમે આ જૂથને સારી રીતે ટેકો પૂરો

પાડી ના શકયા! જે ભાઈ શિક્ષક તરીકે જોડાયેલા તેમોને કોઈ પરીક્ષા હતી, પરીક્ષા આપીને ફરી જોડાવામાં તેઓ ત્રણ-ચાર દિવસ જણાવ્યા વગર ગેરહાજર રહ્યાં... બહેનોના જૂથની બીક લાગી... એ ભાઈ આવ્યા જ નહીં, નવા શિક્ષક તત્કાલ અમે મેળવી ના શકયા. અમે પણ કચ્છના અભૂતપૂર્વ ધરતીકંપને લીધે ત્યાંના કામમાં જોડાઈ ગયાં હતાં. પરિણામે સ્થાનિક સ્તરે ફોલોઅપ ના થયું... અમારો નવતર પ્રયોગ બંધ પડ્યો. પરંતુ અમને સમજાયું કે ''લોકોની શાળા હોય લોકોના હાથમાં'' ! હા, એ ખરું કે પણ ઘણી બાબતો વિશેષ અમારી સમજણ વધી. શિક્ષણ એકાંગી પ્રવૃત્તિ નથી. લોકોની કેવળ અર્થપૂર્ણ ભાગીદારી જ નહીં, તેઓનું નેતૃત્વ પણ મહત્વનું છે. માત્ર સંચાલન નહીં, માત્ર બાળકોને એકત્રિત કરવામાં મદદરૂપ બનવા નહીં, નિયમિત ફી મળી રહે તે માટે પણ નહીં, પરંતુ ખરા અર્થમાં તેઓનો અભિપ્રાય સાંભળવો, સ્વીકારવો, ચર્ચા કરવી, નિર્ણય લેવો વગેરે અત્યંત જરૂરી છે. કેવું શિક્ષણ, શું ભણવું, અનુબંધ કેવી રીતે વિકસાવવો તે અંગે પણ તેઓની સમજણનો મહત્તમ લાભ મળી શકે. આ વાત ૨૦૦૧ થી બાળ-અધિકારની ચળવળમાં જુદાં-જુદાં પ્લેટફોર્મ પર અમે કરતાં રહ્યાં ! ૨૦૦૯માં શિક્ષણના અધિકારનો કાયદો આવ્યો તેમાં ''શાળા વ્યવસ્થાપન સમિતિ''ની અદ્‌ભુત વાત પણ વણાઈ. અને તે શાળા-સંચાલનમાં વાલીઓની ભૂમિકા, જવાબદારી અને સત્તા ! જાણેઅજાણે પણ આ વાત કાયદારૂપે તેના માટેની ચળવળમાં કદાચ અમારા આ પ્રયોગનો પણ ફાળો હશે !

## શિક્ષણના અધિકારનો કાયદો : એક નવી આશા

સમયાંતરે કેટલાક વિસ્તારોમાં મોટા ભાગનાં બાળકો શાળામાં જવાથી બાલઘર બંધ ર્ક્યા તો ક્યાંક નવાં ખોલ્યાં પણ ખરાં. જોકે, શિક્ષણના અધિકારનો કાયદો આવ્યા પછી જુલાઈ ૨૦૧૨ થી બાલઘર કાર્યક્રમ અમે બંધ કર્યો. દરેક બાળક શાળામાં જ હોવું જોઈએ, બાલઘરતો વચગાળાની હંગામી વ્યવસ્થા જ હતી.

બાલઘર બંધ કર્યા પછી અમે બાળકોના ફોલોઅપના કાર્યને વિશેષ સઘન બનાવ્યું. લોકો સાથે સંબંધો હતાં, બાળકો સાથે જોડાણ હતું. વિસ્તારનાં તમામ બાળકો શિક્ષણ મેળવતાં રહે એ માટે અમે જે વિસ્તારોમાં કામ કરતાં હતાં તે વિસ્તારનાં તમામ ઘરોનો સર્વે કર્યા બાદ શાળામાં ભણતાં, ન ભણતાં, મજૂરી કરતાં બાળકોથી લઈને ૦ થી ૧૮ વર્ષની વયજૂથનાં બાળકોની માહિતી એકત્ર કરી, કમ્પ્યુટરની મદદથી વર્ગીકરણ કરી દર વર્ષે કેટલાં બાળકો શાળામાં જવાને પાત્ર છે, કોણ ક્યારે શાળા છોડે છે, વગેરે માહિતી મળે તો દરેકનું વ્યવસ્થિત ફોલોઅપ થઇ શકે તે માટે કામગીરી કરી. જોકે, બે વાર અમે નિષ્ફળ ગયાં. આ તમામ ડેટાની કમ્પ્યુટરમાં એન્ટ્રી કરી. કમ્પ્યુટરાઇઝ કરવામાં મર્યાદાઓ સામે આવી. જોકે, અમે નિરાશ થયા વગર મંડી રહ્યાં. પરિણામે, ૨૦ વિસ્તારનાં ૧૮ વર્ષની વય સુધીનાં ૧૩,૦૦૦ ઉપરાંત બાળકોની માહિતી આજે અમારી પાસે છે. દર વર્ષે ઉનાળાનાં વેકેશન દરમ્યાન શાળાએ જવાપાત્ર બાળકોની, તેમ જ શાળા છોડી દીધેલાં બાળકોની વિસ્તારવાર યાદી કરી, ઘરે-ઘરે જઈ સઘન ફોલોઅપ કરવામાં આવે. શાળાઓ ખૂલે ત્યારે વિસ્તારમાં રિક્શામાં માઇક દ્વારા જાહેરાતો કરીએ અને સમગ્ર ટીમ ત્યારે શાળાપ્રવેશનું કાર્ય કરે. આ ઉપરાંત સમગ્ર વર્ષ દરમ્યાન દરેક ઘરનું ફોલોઅપ કરી, શાળાએ જતાં બાળકોની નિયમિતતા, શાળાએ ન જતાં કે મજૂરી ક્રતાં બાળકો અને એમના વાલીઓને સમજાવી શાળાપ્રવેશનું કાર્ય સાતત્યથી અમે કરી રહ્યાં છીએ. પરિણામે, આ વિસ્તારોમાંથી ૯૧% બાળકો શાળામાં ભણી રહ્યાં છે.

## લોક-ભાગીદારી

વિસ્તારના લોકો બાળકોના પ્રશ્નો અંગે જાગૃત થાય, સહભાગી થાય તેમ જ પોતાના વિસ્તારના અન્ય પ્રશ્નો માટે સમજણ કેળવે તે માટે સંગઠ્ઠનની શરૂઆત કરી. **લોકસમર્થન મંચનું** આ તદ્દન બિનઔપચારિક માળખું છે. સભ્યપદ જેવું કશું નહીં, પણ વિસ્તારના લોકો સાથે રહે તે મહત્ત્વનું છે. આ લોક-સમર્થન મંચના નેજા હેઠળ વિસ્તારોમાં ફળિયા મીટિંગો અને સંમેલનો યોજવાનાં, જેમાં પ્રશ્નોની ચર્ચા અને ઉકેલ માટેનાં પગલાંઓ લેવા ઉપરાંત સરકારની અનેકવિધ યોજનાઓની માહિતી પહોંચાડવાની સાથે વિવિધ સરકારી સેવાઓ અને તેના તંત્રોને ઓળખવાં, તેઓની મદદ મેળવવી, વગેરે કામોનું આયોજન થાય છે. લોક-સમર્થન મંચના સક્રિય સભ્યો જુએ કે બાળકો શાળામાં નિયમિત જાય છે કે કેમ. તેઓ શાળા છોડતા બાળકો તેમજ નવા પ્રવેશ અંગે સંસ્થાના કાર્યકર સાથે જોડાઈ પોતાના પ્રભાવનો ઉપયોગ ફોલોઅપના કામોમાં કરે છે. વિસ્તારમાં જાગૃતિ લાવવા માટે  બાળઅધિકાર, શિક્ષણનો અધિકાર, બાળમજૂરી, સરકારી યોજના-સેવાઓ, આરોગ્યના પ્રશ્નો અંગે મીટીંગો દ્વારા કે વિવિધ પત્રિકાઓના વિતરણ કરીને ટીમ સંવાદ કરી રહી છે. આ માહિતીના આધારે ઘણા લોકોએ સરકારની જુદીજુ દી યોજનાઓના લાભ પણ મેળવ્યા. આ કાર્યમાં જરૂર પડે ત્યાં કાર્યકર ઊંડું માર્ગદર્શન પણ આપે.




વિસ્તારના પ્રશ્નો સંદર્ભે લોકોની સાથે રહેવાથી ક્યાંક લાઇટ આવી, ક્યાંક પાણીની લાઇન આવી તો વળી ક્યાંક ગટર આવી. વાદીલા વિસ્તારમાં નવી શાળા થઈ પણ ત્યાં પહોંચવામાં ખૂબ તકલીફ પડે. રસ્તામાં આવતું નાળું તૂટેલું, ચોમાસામાં પાણીમાં ખેંચાઈ જ્વાની બીક લાગે. આ અંગે કલેક્ટરશ્રીને રજૂઆત કરતાં કામ થઈ ગયું. લોકોમાં આત્મવિશ્વાસ આવી રહ્યો છે કે અમે જાતે કંઈક કરી શકીશું. વિસ્તારોમાં સાતત્યપૂર્ણ કાર્યો કરતાં રહેવાથી, બાળકો પ્રત્યેની જવાબદારીને લીધે તથા જરૂરતના સમયે લોકોની સાથે રહેવાને લીધે સંસ્થાની શાખ બની છે, વિશ્વાસ ઊભો થયો છે.

જયારે ખૂબ વરસાદ પડે ત્યારે કુંભારવાડાના વાદીલા વિસ્તારમાં રહેતાં બાઘુમાસીને કે મોતીતળાવનાં મદીનાબેનને ખાત્રી હોય કે આજે અન્ય કોઈ આવે કે ના આવે શૈશવવાળા જરૂર ખબર કાઢવા આવશે. દર વર્ષે

ચોમાસામાં અમારી ટીમ બધા જ વિસ્તારમાં ખાસ કરીને વધુ વરસાદ પડે ત્યારે પરિસ્થિતિ જોવા જાણવા અને મદદની કોઈને જરૂર છે કે કેમ તે તપાસવા જાય. વર્ષ ૨૦૦૨ માં ભાવનગરમાં પહેલીવાર પૂર આવેલું ત્યારે પણ શૈશવની ટીમ તે દિવસે સાંજથી જ લોકોને પાણીમાંથી બહાર કાઢવામાં તથા તત્કાળ ભોજન પહોંચાડવા રાહતકાર્યમાં લાગી ગઈ હતી.

આમ, કેવળ શિક્ષણ નહીં, સમગ્ર મુદ્દાઓ લઈ, લોકો સાથે જોડાઈએ ત્યારે જ બાળકોને સાર્થક શિક્ષણ પ્રાપ્ત થાય છે. લોકોનો સહયોગ મળી શકે છે તે અમે શીખ્યાં.



**પડકાર**

જોકે, માધ્યમિક શિક્ષણનો પડકાર ઊભો છે ! ધોરણ સાત અને આઠ પછી આગળ ભણવું હોય તો પર્યાપ્ત વ્યવસ્થાઓ નથી ! શિક્ષણવ્યવસ્થા ગણીગાંઠી છે. અનુદાન-આધારિત શાળાઓ પણ ઓછી છે. ખાનગી શાળાઓ કે જેમની ફી સામાન્ય લોકોને-બાળકોને પોષાય તેવી નથી, તેની સંખ્યા વધુ છે. એડમિશન ક્યાં મળે? એમાં પણ છોકરીઓને ભણાવવા - દૂર મોકલવા અમે જે વિસ્તારોમાં કામ કરીએ છીએ ત્યાં-ઓછાં કુટુંબ તૈયાર હોય છે. એક તો શાળા દૂર ને ઉપરથી રિક્શાભાડાનો ખર્ચ. હાઈસ્કૂલનો સમય મોટા ભાગે બપોરનો હોવાથી સાંજે છોકરીઓ ઘરે પહોંચે ત્યાં અંધારું થઈ જાય એટલે સલામતીની ચિંતા મા-બાપને થાય.

અમે શહેરના કેટલાક વિસ્તારો ઉપરાંત વિશેષ કુંભારવાડા વિસ્તારમાં કામ કરીએ. લગભગ ૭૦ થી ૮૦ હજારની વસ્તી, નજીકમાં એકપણ હાઈસ્કૂલ મળે નહીં, દૂર સૂધી જવું પડે. સિટીબસની વ્યવસ્થા હોય અને ન પણ હોય. આ સેવાઓ અગાઉ અહીંયાં હતી, પછી બંધ થઈ ગઈ ! અહીંયાં હાઈસ્કૂલ થાય તો વધારે બાળકો- ખાસ કરીને છોકરીઓ-આગળ ભણી શકે. ભાવનગરનાં બાલદોસ્તો આ માટે સંઘર્ષ કરતાં હતાં. તત્કાલીન જિલ્લા શિક્ષણાધિકારીશ્રી બી.જે.પરમારના હકારાત્મક અભિગમ અને સહયોગથી કુંભારવાડામાં સરકારી હાઈસ્કૂલ મંજૂર થઈ ! લગભગ સવાસો વર્ષ અગાઉ મહારાજાના સમયમાં ભાવનગરમાં માજીરાજ ગર્લ્સ

હાઇસ્કૂલ બની હતી, જે આઝાદી પછી સરકારી હાઇસ્કૂલ તરીકે વિનામૂલ્યે શિક્ષણ આપતી હતી. તેના પછી આ બીજી સરકારી હાઇસ્કૂલ ! ભાડાના મકાનમાં તત્કાળ માધ્યમિક શાળા શરૂ થઈ, સાથોસાથ જમીન માટે શિક્ષણાધિકારીશ્રીના પ્રયત્નો શરૂ રહ્યાં. સરકારદ્વારા જમીનની ફાળવણી પણ થઈ... શિક્ષણાધિકારીશ્રી નિવૃત્ત થયા પછી સાતત્યપૂર્ણ ફોલોઅપ ન થયું, હજુ નવું મકાન બન્યું નથી. સંઘર્ષ હજુ ચાલુ છે ! ગરીબ અને વંચિત વિસ્તારમાં માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણની વ્યવસ્થાઓ પર્યાપ્ત માત્રામાં કેમ ન હોય ?

૧૫ થી ૧૮ વર્ષની વયજૂથના કિશોરોને મજૂરીમાંથી છોડાવવાં મુશ્કેલ છે. તેઓને આર્થિક વળતર પણ મળે છે. અવિકસિત વિસ્તારોમાં રહેતા હોવા છતાં આજના બજારના પ્રવાહો તેમને ખૂબ જ અસર કરે છે. સ્માર્ટફોન મોબાઇલ, ટીવી કે મોટર સાઇકલ તેઓના માટે અનિવાર્ય બન્યાં છે ! વ્યસનનું પ્રમાણ ખૂબ ! દેખાદેખી ખૂબ છે. પરિણામે જીવનશૈલી ખર્ચાળ બની છે. પૂરતું વેતન નથી તે હકીકત હોવા છતાં આ સ્થિતિ છે. શિક્ષણ મેળવીને શું કરવાનું ? એવી કુંઠિત સમજ વધુ છે. તેમ જ સામા પક્ષે શ્રમવિભાગની ઉદાસીનતા અથવા કાયદાનો અસરકારક અમલ કરવા પ્રત્યેની ઇચ્છાશક્તિનો અભાવ પણ આ વયજૂથનાં બાળકોને કામમાં જોતરાઈ રહેવા માટેનાં પરિબળો છે એવું અમને લાગે છે.

ભાવનગરમાં શૈશવ દ્વારા કરવામાં આવેલા બાળમજૂર બાળકોના સર્વેની વાત દૈનિક પત્રોમાં આવતાં, અમદાવાદસ્થિત એક સંસ્થા દ્વારા જાહેર હિતની અરજી હાઈકોર્ટમાં થઈ. શ્રમવિભાગે પણ પોતાનો જવાબ આપ્યો. હાઈકોર્ટે શ્રમવિભાગને યોગ્ય કામગીરી ન થવા અંગે ઠપકો આપ્યો; પણ પછી શું ? જોકે, ત્યારે જ સુપ્રીમ કોર્ટ દ્વારા પણ બાળમજૂરી અંગેનો ચુકાદો આવ્યો હતો. જાણીતા એડવોકેટ શ્રી એમ. સી. મહેતાએ સર્વોચ્ચ અદાલતમાં જાહેર હિતની અરજી કરી હતી. તેના ભાગરૂપે આ ચુકાદો આવેલો, આ લેન્ડમાર્ક જજમેન્ટમાં ભાવનગરના સર્વેની નોંધ લેવામાં આવી હતી. આમ, માત્ર કાયદાકીય રીતે પ્રશ્ન ઉકલી જાય તેમ નથી. આખો મુદ્દો સામાજિક, રાજકીય ઈચ્છાશક્તિ અને માનસિકતા સાથે; પ્રવર્તમાન પ્રવાહો, શિક્ષણની અર્થપૂર્ણતા, શ્રમ વહેંચણી અને વર્ગવિભાજન જેવી અનેક બાબતો સાથે જોડાયેલો છે. એટલે સર્વાંગી સમજણ સાથે જ સહુ મળીને કાર્ય કરે તો નિરાકરણ થઈ શકે.

અમે જ્યારે વિસ્તારોમાં બાળકોના શિક્ષણનો પ્રશ્ન હાથ ધર્યો અને કામ શરૂ કર્યું ત્યારે અનુભવે લાગ્યું કે વિશિષ્ટ પ્રકારનાં કૌશલ્યો ધરાવતા કાર્યકરો હોવા જરૂરી છે. અત્યારની શિક્ષણપ્રથામાંથી આવતા શિક્ષણ-સ્નાતકો નહીં ચાલે; કે પછી ફક્ત સામાજિક કાર્ય ભણેલા કાર્યકરો પણ નહીં ચાલે. એટલે આ બન્નેના સમન્વય ઉપરાંત સામાજિક પડકારો, રાજકીય પદ્ધતિ, તથા નીતિગત પ્રશ્નોને સમજે તેવા કાર્યકરો તૈયાર કરવા પડશે, જેઓ બાળ-ઘડતરની ભૂમિકાની સમજણ સાથે કાર્ય કરે, તેમને સ્વસ્થ નાગરિક તરફ દોરે અને એ બાળકો સમાજ પ્રતિ પોતાનું પ્રદાન કરે. અમે એક નવતર પ્રયોગ પણ કર્યો ! અમે આ વિશિષ્ટ જરૂરિયાતોને લક્ષમાં લઈ 'લોકશિક્ષક' અભ્યાસક્રમ તૈયાર કર્યો અને તેમાં જોડાવા માટે ધો. ૧૦ કે ૧૨ પાસ યુવાનોને આહ્વાન કર્યું, અનેક પ્રકારની જાહેરાતો છતાં આશાસ્પદ અમને યુવાનો મળ્યા નહીં, કારણ કે અમે બનાવેલો કોર્સ સરકારમાન્ય ન હતો ! આમ અમે નિષ્ફળ રહયા !

## વિસ્તારમાં કામ કરતાં કરતાં

તકની સમાનતાનું શિક્ષણ બાળપણથી જ હોવું જરૂરી છે. બધા માટે સમાન વ્યવસ્થા તેમજ જીવનકૌશલ્યો ઘડે તેવા બુનિયાદી મૂલ્યોવાળું શિક્ષણ જ બાળકો તથા કિશોરોને સ્વસ્થ નાગરિક તરીકે વિકસવાની તક

આપી શકે એવું અમને લાગે છે. આ માટે ધરમૂળથી ફેરફારો કરવા અનિવાર્ય છે.

આગળ વાત કરી હતી તે પ્રમાણે દરેક બાલઘર પર બાળકોની બાળ-સમિતિઓ હતી, જે બાલઘરના સંચાલનમાં સહભાગી થઈ નેતૃત્વ લેતી હતી. બાળકોની અવારનવાર યોજાતી તાલીમએ શિબિરોમાંથી એક વાત સુંદર રીતે ઘૂંટાઇને બહાર આવી કે આપણે આટલાં જ કેમ? શહેરનાં બધાં જ બાળકો સાથે કેમ ના હોય? બાળકોનું સંગઠન-બાલસેનાની દિશામાં ડગ માંડતાં બાળકોને ખૂબ જ લાગવા માંડ્યું હતું કે ''માત્ર અમે એકલાં નહીં - બધાં જ સાથે હોવાં જોઈએ''. વહેંચવું એ બાળકોમાં રહેલું કુદરતનું દર્શન છે!

બાલઘરની પ્રવૃતિ કે અન્ય રીતે સંપર્કમાં આવતાં જતાં બાળકો માટે અમારી ટીમ ખરા અર્થમાં બાલદોસ્ત બની! બાળકોને પોતાની વાત સાંભળે તેવા સાથીદારની જરૂરિયાત હતી, વિશ્વાસ જોઈતો હતો. બાળકો બધી જ વાત કરે. મા-બાપ અને કુટુંબ હોવા છતાં બાળકના પોતાના મનમાં ચાલતી ગડમથલ મથામણએ કોની આગળ વ્યક્ત કરે?

કાર્યકરો જાણતા - અજાણતામાં બાળકોની વાત સાંભળનારા પહેલા બન્યાં અને પછી કાઉન્સેલર બન્યા! અને એનું પરિણામ કેવું અદભૂત મળે! અમારા એક કાર્યકરને એક દિવસ નવતર અનુભવ થયો. ઘરેથી સાયકલ પર નીકળ્યા, ગલીના નાકે પહોંચ્યા અને બાલઘરનાં એક બાળકે ફુલ આપ્યું ! આશ્ચર્ય ! જરા આગળ વધ્યા ત્યાં તો બીજો બાળક! બાલઘર પહોંચ્યા, ત્યાં સુધીમાં રસ્તા પર થોડાંક બાળકોએ ફુલ આપ્યાં, બાલઘરની બહાર પડદો લટકે! એક બાળક તેમને હાથ પકડી અંદર દોરી ગયો....... 'હેપ્પી બર્થડે ડીયર ઉષાબહેન' અવાજ ચારેકોરથી ગુંજી ઉઠયો! બાલઘરની અંદર સજાવટ કરેલી, કેક તૈયાર, દીવા પ્રગટે..... ઉષાબહેન ભાવવિભોર થઇ ગયાં...... મારી જીંદગીનો સૌથી મોટો એવોર્ડ બાળકોએ આપ્યો! મારો જન્મદિવસ કયારેય ઉજવ્યો નથી! બાળકોએ મને પ્રેમથી અનોખી ભેટ આપી...... આ સપનું તો નથી ને! ઉષાબહેનની આંખો હર્ષાશ્રુથી ભરાઇ ગઇ! બાળકો આવાં છે! બાળકોમાં રહેલ નિર્દોષતા અને અસીમતાને કોઇ સ્પર્શે તો બાળક તેનો જયઘોષ કર્યા વગર રહેતા નથી! આ ઉષાબેન મફતનગરના વિસ્તારમાં કેન્દ્ર ચલાવે, ગીચ વસ્તીમાં બેસવાની જગ્યા ન મળે, અહીંથી ત્યાં જયાં જગ્યા મળે ત્યાં કેન્દ્ર ફર્યા કરે. કયાંક તો સ્ટ્રીટ લાઇટ પણ ન હોય. સાંજ ઢળે ને અંધારુ થાય પણ બાળકો તો ભણવા ઉત્સુક હોય, કામથી થાકયા પાકયા આવ્યા હોય પણ નવું શીખવાનો ઉત્સાહ અકબંધ. ઘરેથી દીવો લઇ આવેને દીવાના અજવાળે ભણે.

આ કરતાં કરતાં સતત થાય કે આપણી શેરીઓમાં રહેતા બાળપણને મૈત્રીપૂર્ણ વાતાવરણ મળે છે ખરું ? અનેક સંઘર્ષો, તણાવો, વર્ગોની વચ્ચે તે તો ભીંસાય છે, કદાચ બાલઘર બાળકોને પોતીકી જગ્યાનો - જ્યાં પ્રેમ અને હૂંફ મળશે જ એવો અહેસાસ કરાવતા હતાં. કેટલાય બાળકો સચવાઈ ગયાં. વિકલ્પ મળતાં આડાઅવળા ખોટે રસ્તે જતાં અટકયાં પણ ખરાં !

વર્ષ ૨૦૦૨ ના કોમી તોફાનોની ઝાળ અમે કામ કરીએ તે વિસ્તારો સુધી પહોંચેલી... તોફાનોમાં કરફયુ નાંખવામાં આવ્યો. ત્રણ-ચાર દિવસે તેમાંથી મુકિત મળતાં અમે દોડતાં અમારા વિસ્તારોમાં પહોંચ્યા, પારાવાર ચિંતા સાથે! રોડ પરથી ઉતરી અંદર ગલીમાં વળ્યાં ત્યાં તો બાળકો રમે! અમારા આશ્ચર્યનો પાર ન રહ્યો! અમારા કાર્યકર આવ્યા હશે! અમે નજીક ગયા... બાળકો અમને વળગી પડયા... ''તમે અહીંયાં શું કરો છો ? બીક નથી લાગતી ? પ્રશ્ન પૂછાઇ ગયો. બાળકોનો જવાબ અમારા દિલમાં દીવો પ્રકટાવી ગયો.

''ના, અમને વળી બીક શાની ?'' અમે તો રોજના સમય પ્રમાણે અહીંયાં બધાં ભેગાં થઇએ છીએ. રમીએ છીએ અને ભણીએ છીએ ! આ સામાનવાળી બેગની ચાવી પણ અમારી પાસે છે.''

અમે કહ્યું કે '' બહેન તો તોફાનોને લીધે આવી શકતાં નથી તો પછી...''

''હા, એ ખરું, બહેન નથી આવી શકતાં પણ અમે તો ભેગાં થઇએ છીએ..બહેન, એક પણ દિવસ કેન્દ્ર બંધ રહ્યું નથી. અમે જ કેન્દ્ર ચલાવીએ છીએ.''

બાળકો ન હિન્દુ હતાં, ન મુસલમાન હતાં, તેઓ બાળકો હતાં ! ''એ તો મોટાઓ લડ્યા કરે..... અમે તો ભેગા છીએ! રોજ ભેગા તો ભણીએ છીએ - રમીએ છીએ તો પછી ભેગા જ રહેવાનું હોય ને!'' સાચે જ જીવનની સાર્થકતા એટલે આ જ! જીવનનો હેતુ આ જ છે ને! બાળકો જે સહજતાથી એકમેકમાં ભળી જાય છે તેમ આપણે મોટાઓ પણ સહજીવનના મૂલ્યને જીવવા પ્રયત્ન કરીએ !

વિસ્તારમાં કામ કરતાં અનેક પડકારો નડે. બાળકોને સમજાવવા સહેલાં પણ તેમના માં-બાપને સમજાવવા એટલે લોઢાના ચણા ચાવવા જેવું દુષ્કર કામ... અમારા એક વંચિત વિસ્તારની એ દીકરીને માતા-પિતાએ કદી શાળાએ મોકલેલી જ નહીં. ઉષાબહેનના કેન્દ્ર પર નિયમિત આવે અને અને ઉષાબહેનની મહેનતથી સીધી ચોથા ધોરણમાં બેસાડી હતી. અને એકાદ વર્ષમાં તો એની શાળાના નામાંકિત વિદ્યાર્થીઓમાં ગણના થવા લાગી. સાતમું પૂરું કર્યું એટલે મા-બાપની થોડી આનાકાની છતાં સમજાવીને માજીરાજ હાઇસ્કુલમાં દાખલ કરી. નવમાનું અડધું વર્ષ પૂરું થયું હશે કે ઉષાબહેને આવીને કહ્યું કે એ દીકરી-શાળામાં જતી નથી. એના પિતાએ એને હીરાના કામમાં બેસાડવાનું નકકી કરી નાખ્યું છે. અમે બધાએ સમજાવ્યું પણ માનતા નથી. તમે એકવાર આવીને સમજાવોને!એક રાત્રે પારૂલબહેન એના ઘરે એના પપ્પાને સમજાવવા ગયા હતાં. કાંઇ પણ કહીએ પણ એમણે તો એક જ રાગ માંડેલો કે ''હું તો કયાં ના કહું છું, પણ એને જ ભણવું નથી ને! તમે એને જ પૂછો ને!'' એની સામે નજર નાંખી તો તેણે નજર ફેરવી નાંખી, પણ એની આંખમાં આંસુ તગતગે. સમજાયું કે કશું જ કહેવાનો અર્થ નથી. તે રાત્રે ખાવાનું ન ભાવ્યું. એક હોનહાર, આશાસ્પદ બાળકનો ચહેરો સતત આંખ સામે તરવરે જેનું બાળપણ અમારી નજર સમક્ષ છીનવાઇને બાળમજૂરીના ખપ્પરમાં હોમાઇ રહ્યું હતું. મનના એક ખૂણે ઘવાયેલો ઇગો પણ બોલે, ''બહુ બાળમજૂરીના દૂષણોની વાત કરે છે ને એક બાળકને કે તેના માં-બાપને પણ ન સમજાવી શકી'' હારની પીડાથી હદય ચચરે! થોડા દિવસ પછી ફીલ્ડમાં જવાનું થયું ને તે બાળકી દોડી આવીને વળગી પડી. ''બહેન, તે દિવસે હું........''આગળ ન કહી શકી, કહેવાની જરૂર પણ ન હોતી. ખબર જ હતી. પણ ત્યારે એક જ્ઞાન લાધ્યું કે, 'કાળને કે પરિસ્થિતિ ને બદલનારા આપણે તે વળી કોણ? પરિસ્થિતિ બદલાશે એના યોગ્ય સમયે, નહીં કે આપણે ઇચ્છીએ તેમ ! ખાતરી છે કે આ દીકરી જયારે મોટી થશે ને વીસ વર્ષ પછી જયારે તેને નિર્ણય કરવાનો આવશે ત્યારે તે તેની દીકરીને ભણવા જ મોકલશે, કામે નહીં. પરિણામ તો અવશ્ય મળશે જ, પણ વીસ વર્ષ પછી, આપણા કોઇની પણ જાણ વીના,આ બદલાવ આવશે જ, તેની ગતિએ આવશે, કારણકે બાળકના મનમાં અંકુર ફૂટી નીકળ્યો છે, કદાચ આપણે નિમિત્ત હોઇશું ! આજે પણ ઇચ્છીત કામ ન થાય, ધારેલું પરિણામ ન મળે ત્યારે આ જ્ઞાન ખૂબ ખપમાં આવે છે.


જો કે શિક્ષણ અને શિક્ષણની દોડમાં મશગૂલ સમાજની મર્યાદાઓ પણ અમે સમજયા, ઘણી વાર થાય કે બાલઘર પર આવતા બાળકો સાથે ઘણું બધુ કરીએ છીએ, આમ છતાં શિક્ષણ તો મુખ્યપ્રવાહને ધ્યાનમાં

રાખી આપવું પડે છે, પણ એ શિક્ષણ બાળકોને માનવીય બનાવવામાં કેટલું ઉપયોગી થતું હશે ? શિક્ષણ અને શિક્ષણ વ્યવસ્થાઓ અંગે અનેક પ્રશ્નો છે ! બાળકોનો મોટો સમૂહ જેવા છે તેવા પણ શિક્ષણના આ મુખ્યપ્રવાહથી દૂર રહે એ ચલાવી કેમ લેવાય છે ? મજૂરી અને શોષણના ચકકરમાં પીસાતા બાળકને '' એ તો એમના કરેલા ભોગવે છે કે પછી બિચારા મજૂરી તો કરવી જ પડે ને ! '' એ પ્રકારની માનસિકતા સાથે બાળકની અવહેલના કેમ થઈ રહી છે ? સતત સંઘર્ષ અને અવહેલના-શોષણ વચ્ચે જીવવા મથતા બાળકની માનસિકતાને સમજયા વગર '' એ તો બાળકમાં સામ્થર્ય હોય તો આગળ આવે જ, મહેનત જ નથી કરવી, આપણા કલામસાહેબ પણ ગરીબીમાંથી જ આગળ આવ્યા !'' જેવાં કટુવચનોથી આ બાળકોને કેમ તિરસ્કારવામાં આવી રહ્યાં છે ? ઘણાં બધા કલામસાહેબો આગળ આવી શકે તેવા બાળ મૈત્રીપૂર્ણ, ગુણવત્તાયુકત શિક્ષણની વ્યવસ્થાઓ આપણે ઊભી નથી કરતાં તે અંગે તો આપણે મૌન રહીએ છીએ ! આપણી પણ કટિબધ્ધતા જોઈશે ને ! તાળી તો બન્ને હાથથી વાગવી જોઈએ ને ! અમને એવું પણ ઘણાં કહે : બાળકો મજૂરી કરે એમાં ખોટું શું છે ? શીખે છે અને કુટુંબને ટેકો કરે છે ! શ્રમનો વિરોધ કેમ કરો છો ? અમારો વિરોધ શ્રમના મૂલ્યો સાથે નથી. વિરોધ છે મજૂરી સામે અને એના થકી થતાં શોષણ સામે છે. જે મારા બાળક માટે સારું એ બીજા બાળક માટે સારું, જે મારા બાળક માટે ખરાબ તે બીજા બાળક માટે પણ ખરાબ-એ સમાનતાના મૂલ્યોનો છેદ શા માટે ? દરેક બાળક માટે સમાન તકનું શિક્ષણ-એક જ શાળા કેમ નહીં ? ખેર, કહેવાય દુનિયા એક, પણ અહીં તો સહિતોની દુનિયા છે-રહિતોની દુનિયા છે !

અમને એટલું તો સમજાયું કે બાળકના આપણે તો સાથીદાર-મિત્ર છીએ. કયાંક તો એને સન્માન સાથે કોઈ સ્વીકારે, પ્રેમ કરે, હૂંફ આપે ! કદાચ આ અમે કરી શકયા ! એ મુખ્યપ્રવાહ પ્રમાણેની મેરીટમાં-માર્ક નહીં લાવ્યાં હોય - એમાં અમે પાછા પડયા હઈશું. પરંતુ જીવનના મળતા બોધપાઠમાં બાળકના મનમાં પ્રેમનો અહેસાસ અનુભવાયો હશે. જીવનમાં હજુ ઘણું બધું છે એ ભાવિજગત રચવામાં મેરીટ મેળવ્યું જ હશે એવી અમને પાકી શ્રધ્ધા છે. મજૂરી છોડાવવામાં અમે કાચા પડયા હઈશું પરંતુ દુનિયાને પ્રેમ કર એ વાત-બીજ તેનામાં ચોકકસ વાવી શકયાં છીએ !

આમ અમે 'બાલઘર' માધ્યમથી શેરીઓમાં બાળકો સાથે ચાલ્યા. એમના મિત્ર બન્યાં. પણ, અમારી બાળપણની શોધ અમને શાળા તરફ દોરી ગઈ. આમ બાળકોના ઘર આંગણાની સાથે સાથે અમે શાળામાં ગયાં !




GJ4U4520

આપણાં બાળકોને દુનિયાની સુંદરતા અને વિસ્મય પાછાં આપવાં તે પડકાર છે.

-વાંગારી મુથા મથાઈ
નોબેલ પુરસ્કાર સન્માનિત

## પ્રકરણ : ૨

# બાળકો પાસે જતી શાળા!

૧૯૯૬માં બાલઘર પરથી ૭૮ બાળકોને શાળામાં પહેલીવાર દાખલ કર્યાં ત્યારથી અમને સમજાયું હતું કે બાળકોને માત્ર શાળામાં દાખલ કરી દેવાથી કાર્ય પૂરું થતું નથી. શાળામાં પણ બાળકની સાથે આપણે ચાલવું પડશે.

બાળમજૂરીની સમસ્યા પર કાર્ય શરૂ કર્યું ત્યારથી લાગતું હતું અને સર્વે દરમ્યાન પણ અનુભવ્યું કે આજની શિક્ષણ વ્યવસ્થાએ બાળકોને પારાવાર નુકસાન કર્યું છે. એક અંદાજ મુજબ, શાળામાં દાખલ થયેલાં બાળકો પૈકીનાં ૬૦% ઉપરાંત બાળકો સાતમા ધોરણ સુધીમાં જ શાળા છોડી જાય છે. આમ કેમ? કારણો ઘણાં છે. શિક્ષણમાં ક્યાંક કશુંક ખૂટે છે. શિક્ષણ અને જીવન વચ્ચે અનુબંધ નથી. બાળકને બોજ વર્તાય છે, આનંદ મળતો નથી. વિકાસનો પર્યાય જણાતો નથી. શાળા છોડી જતાં બાળકો સંભવિત બાળમજૂર છે!

શિક્ષણ એ બાળકોનો મૂળભૂત અધિકાર છે. આ અધિકાર એને મળવો જ જોઇએ. આઝાદીનાં ૭૦ વર્ષ પછી પણ પ્રાથમિક શિક્ષણનો અધિકાર ખરા અર્થમાં તમામ બાળકો સુધી પહોંચ્યો નથી. શા માટે ? જ્યારે બાળકનું રુધિર બની રહ્યું છે, જ્યારે બાળકની બૌદ્ધિકતા ખીલી રહી છે, જયારે બાળકની શકિતઓનો ધોધ વછૂટી રહ્યો છે ત્યારે તેને સવિશેષપણે હૂંફ, પ્રેરણા, માર્ગદર્શન આપવાનાં હોય તેને બદલે તે ને એક પદાર્થની જેમ અહીંથી ત્યાં ફંગોળવામાં આવે છે.

પ્રાથમિક શિક્ષણને મૂળભૂત અધિકાર ગણીને, શાળા બોજવિહીન, આનંદદાયક અને રસપ્રદ બનાવવાના ઉમદા હેતુની ઉપેક્ષા કેમ થઈ શકે? જ્યાં શાળા, શિક્ષકો અને લોકોનો બાળકો પ્રત્યે એક સુમેળભર્યો સતત સંવાદ વિકસ્યો હોય, જ્યાં શિક્ષણ અંગે જીવનનું અનુસંધાન સધાતું હોય તેવી શાળા કેમ ન હોઈ શકે ? જયાં સરકાર તો ખરી જ, લોકોની ભાગીદારી અને શાસન પણ સવિશેષ હોય એવી વ્યવસ્થા કેમ ન થઇ શકે ? આ વિચારને લઈને ''શાળાએ બાળકો સુધી જવું જઈએ'' ના મુદ્દાને પ્રવૃત્તિઓના કેન્દ્રમાં રાખી, અમે ''મલ્ટિપર્પઝ મોબાઇલ સ્કૂલ કાર્યક્રમ'' શરૂ કર્યો. શાળા એટલે શીખવાની એક એવી જગ્યા જ્યાં બધું ખુલ્લું છે; અનંત છે, જ્યાં બાળકનાં રસ-રુચિ અને સર્જનાત્મકતાનો આવિષ્કાર થાય એ માટે એ પોતે સ્વયં શીખી શકે તેવું વાતાવરણ પૂરું પાડવામાં આવતું હોય; જ્યાં પારસ્પરિકતા અને સહકાર દ્વારા બધાં એકમેકને સથવારે આગળ વધતાં હોય.

અમે ૧૯૯૫માં આ બાળકો માટે ઉનાળુ વેકેશન શિબિર કરી હતી, જેમાંથી પ્રાપ્ત અનુભવે અમને બાળકો સાથે શાળામાં નિયમિત પ્રવૃત્તિઓ કરવા પ્રેર્યાં. એમાંથી ઉદ્‌ભવ્યો મોબાઈલ સ્કૂલ - બાળકો પાસે જતી શાળાનો વિચાર. અમારે સમાંતર શાળાવ્યવસ્થા ઊભી કરવી ન હતી; પરંતુ હાલમાં જેવી છે તેવી શાળાઓની સક્ષમતાને, જીવંતતાને, હાલના વાતાવરણને ખીલવવા માટે સાધન-સગવડો સાથેની એક એવી વ્યવસ્થા ઊભી કરવાની તમન્ના હતી કે જેનાથી શાળા અને બાળક વચ્ચે, શિક્ષકો અને બાળકો વચ્ચે, વાલીઓ અને શિક્ષકો વચ્ચે એક સેતુ રચાય અને 'આપણી શાળા' ખીલે તે માટેની વ્યવસ્થા બને.

મોબાઇલ સ્કૂલનું વિચારબીજ તો ઊગ્યું, પરંતુ નાણાંકીય સાધનો અને કાર્યકરોના પ્રશ્નો? શું કરીએ ? એવામાં સનગ્રેસ-મફતલાલ ગ્રુપ અમારી મદદે આવ્યું. અમારી પ્રવૃતિઓમાં તેણે શરૂઆતથી સક્રિય રસ લઈ મદદ કરી, એમની કંપનીની એક જૂની વાન અમને તુરંત મોકલાવી આપી ! અમે આનંદથી ઝૂમી ઊઠયાં-હવે કામ આગળ વધશે! અમને વિશેષ પ્રોત્સાહન અને ટેકો મળ્યો નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ત્યારના ચેરમેન શ્રી ભારતેન્દુભાઈ અને વાઈસ ચેરમેનશ્રી પરેશભાઈ ત્રિવેદી દ્વારા અમને શાળામાં કાર્ય કરવાની સંમતિ મળી અને અમારી મુશ્કેલીઓમાં તેઓ સતત સાથે રહ્યાં!



એ જૂની વાનની સીટો દૂર કરી, તેની જગ્યાએ કબાટ બનાવ્યાં, વળી કબાટના દરવાજા ફોલ્ડિંગ અને નોટિસ તથા બ્લેકબોર્ડ તરીકે કામ આવે તેવા બનાવ્યા. વાનની બહારના ભાગમાં એલ્યુમિનિયમની પટ્ટીઓ ફિટ કરાવી કે જેથી તેના પર પ્રદર્શન ગોઠવી શકાય... બાળકોને સરસ મજાનાં વાર્તા-ગીતો-ચરિત્રો અને જ્ઞાનનો ખજાનો મળી રહે તેવાં પુસ્તકો ખરીદીને ગોઠવ્યાં, જાત-ભાતનાં રકમડાં લઈ આવ્યાં...રમકડાં માત્ર રમવા માટે નહીં, પરંતુ બાળકની તર્કશક્તિ તથા સર્જનાત્મકતા ખીલવે તેવાં, વિજ્ઞાનનાં સાધનો તૈયાર કર્યાં અને બધી સાધન સામગ્રી વાનમાં સાધનો ગોઠવતાં ગયાં... કુંભારવાડા, આનંદનગર, દીપક ચોક જેવા વિસ્તારોની દસ મ્યુનિસિપલ શાળાઓમાં કાર્યનો શુભારંભ કર્યો હતો.... ૪ ઓકટોબર ૧૯૯૬ના દિવસે ! કેળવણીકાર શ્રી મનુભાઇ પંચોળી ‘દર્શક’ તથા જિલ્લા વિકાસ અધિકારી શ્રી થીરુપુગલના સાંનિધ્યમાં, અન્ય મહેમાનોની ઉપસ્થિતિમાં ‘‘મલ્ટીપર્પઝ મોબાઇલ સ્કૂલ’’ કાર્યક્રમનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.

### મોબાઈલ સ્કૂલ એટલે આનંદશાળા

સોમથી શુક્રના નિયત સમયપત્રક પ્રમાણે મોબાઇલ સ્કૂલવાન મ્યુનિસિપલ શાળાઓમાં તથા પછાત વિસ્તારમાં સંસ્થા દ્વારા ચાલતાં કેન્દ્રો પર જાય. દર અઠવાડિયે દરેક સ્થળે ત્રણેક કલાકનો સમય મળે... ગોઠવણ મુજબ જુદા-જુદા વર્ગોમાં બાળકોને પ્રવૃતિ દ્વારા અભ્યાસને લગતું તથા કૌશલ્યલક્ષી વિવિધ પ્રવૃત્તિઓનું શિક્ષણ અપાય. ક્યાંક ભાષા શિખવાય; તો ક્યાંક વિજ્ઞાનના પ્રયોગો ચાલે. ક્યાંક બાળકો રમકડે રમે; તો વળી બીજા વર્ગો પ્રદર્શન નિહાળે, પુસ્તકોનો લાભ લે... ઓકટોબર ૧૯૯૬ થી માર્ચ ૧૯૯૭ ના ૬ મહિના તો જાણે ક્યાંય પૂરા થઈ ગયા ! પ્રાયોગિક ધોરણે આ ૬ મહિનાનો અનુભવ ઠીકઠીક રહ્યો. ઘણી

તકલીફો પડી, મર્યાદાઓ સામે આવી, આયોજનની ઊણપો પણ દેખાઈ, પરંતુ ઉત્સાહ વધતો ગયો. આનાથી પણ હજુ વધારે સારી રીતે કામગીરી કરી શકીશું એવો ખ્યાલ દૃઢ બન્યો. એટલું તો ચોક્કસ કે અમારા આ પ્રયોગને સુંદર આવકાર મળ્યો ! બાળકો નિયત સમયપત્રક પ્રમાણે હવે ફરી ક્યારે આપણો વારો આવશે એવી રાહ જોતાં હોય ! શિક્ષકો સાથે સંપર્ક કેળવાયો.



બાળકો તથા લોકોને શિક્ષણ પરત્વે અભિમુખ કરવા આ બિનપરંપરાગત પ્રકારનાં કેન્દ્રોને સાધન-સગવડનો લાભ મળે તેમ જ વિશેષ તો લોકજાગૃતિના અનેકવિધ કાર્યક્રમો યોજાય... વિવિધ વિષયોની માહિતી પ્રદર્શન દ્વારા પહોંચાડવા તેમ જ સરકારની અનેકવિધ યોજનાઓની માહિતી પણ પહોંચાડવા અમે મોબાઇલવાનને માધ્યમ બનાવ્યું હતું.

જૂન ૧૯૯૭ થી અમે ૧૨ મ્યુનિસિપલ શાળાઓને આ કાર્યક્રમ હેઠળ આવરી લીધી. આ સમગ્ર વર્ષ દરમ્યાન બાળકો સાથે પ્રવૃત્તિ આધારિત શિક્ષણ અને શિક્ષકો સાથે નિયમિત મીટિંગો યોજવાનું શરૂ કર્યું. આ ઉપરાંત શાળાના પ્રશ્નોને - પડકારોને સમજવા-જાણવા વિચારવિમર્શ શરૂ કર્યો.

શહેરમાં સરકારી નિશાળ બે શિફટ માં કાર્ય કરે. અમારી એક ટીમ તે પ્રમાણે સવારના ૮ થી ૫ સુધી કાર્ય કરે. સાંજે અન્ય ટીમની મદદથી વિસ્તારમાં ચાલતાં બાલઘરનાં બાળકો અને લોકોને લાભ મળે તેવું આયોજન ગોઠવ્યું હતું.

અમારી પાસે આ કાર્યક્રમ માટે મળેલી વાન જૂની હતી તેથી તેમાં રહેલી કેટલીક મર્યાદાઓ પણ કામને અસર કરે... વાન નવેસરથી તૈયાર કરાવવાનો ખર્ચ પણ ખૂબ આવે તેમ હતું. અમે સર દોરાબજી ટાટા ટ્રસ્ટનો સંપર્ક કર્યો. અમારા કાર્યને તેઓના ઉમદા સહયોગને લીધે નવીન વેગ મળ્યો. તેઓ તરફથી નવી ગાડી માટે સહાય મળી... ગાડી કેવી હોવી જોઈએ તે અમારા અનુભવે અમને શિખવાડ્યું હતું. એટલે ડિઝાઇન તૈયાર કરી. અને બાળકોને અર્પણ કરવા માટેનો કાર્યક્રમ ભાવનગરના જાણીતા લોકસેવક અને બાળકોના દાદા પૂ. શ્રી માનભાઈ ભટ્ટ (શિશુવિહાર), શ્રી સુરેશભાઇ બુચ (સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્ર) અને શ્રી ડી.બી. વોરા (નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી) ના સાંનિધ્યમાં પહેલી ઓક્ટોબર ૧૯૯૮ ના રોજ યોજવામાં આવ્યો હતો.



અમે બાળકોને પ્રાધાન્ય આપ્યું... બાળકોને શિક્ષણનો હકારાત્મક અનુભવ થાય, રમતાંરમતાં પ્રવૃત્તિઓ દ્વારા શીખી શકાય તેવો માહોલ ઊભો કર્યો ! એક વિશ્વાસ ઊભો કર્યો.

મર્યાદિત સંસાધનો વચ્ચે શાળામાં પણ બાળકોની સાથે ચાલવાનો પ્રયત્ન કર્યો. અમને ખૂબ શીખવા મળ્યું. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ઉમદા સહયોગને લીધે ૧૦ મ્યુનિસિપલ શાળાથી શરૂ કરીને ૩૬ શાળાના લગભગ ૧૮,૦૦૦ જેટલાં બાળકો સુધી અમે પહોંચી શક્યા હતાં.

શાળાઓનું નિયત સમયપત્રક.... ટીમ પહોંચે અને આયોજન મુજબ અલગઅલગ ધોરણોમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓ થાય, ક્યાંક વિજ્ઞાન-ભૂગોળ તો ક્યાંક ભાષા અને ગણિત! કોઈ વર્ગ પ્રદર્શન નિહાળે તો કોઈ વળી ફિલ્મ શો માણે! કોઈ પુસ્તકાલયના પીરિયડમાં જાય; તો કોઈ નજીકના જોવાલાયક-જીવનમાં ઉપયોગી થાય તેવા સ્થળોની મુલાકાતે જાય. કોઈ વર્ગમાં બહારના તજજ્ઞ-બાળદોસ્ત કામ કરતા હોય. સાથે સાથે જે બાળકોને આપણે દાખલ કરાવ્યાં તે નિયમિત છે કે કેમ તેની હાજરી લેવાય. બાળકને પ્રશ્ન હોય, શાળામાં અનિયમિત હોય તો મોબાઇલ સ્કૂલની ટીમ સામુદાયિક કાર્યકરની ટીમને જાણ કરે! તેઓ વિસ્તારમાં જઈ ફોલોઅપ કરે. શાળામાં શિક્ષકો સાથે શૈશવ ટીમની મીટિંગ નિયમિત થાય.



શાળાના બાળકોમાં નેતૃત્વ વિકસે, તેઓ જવાબદારી લેતાં થાય, વિશ્વાસ વધે, મૈત્રીનો માહોલ વિકસતો જાય તે માટે વિજ્ઞાન, સમાજવિજ્ઞાન, ભાષા, પર્યાવરણ જેવા વિષયો વાર વિદ્યાર્થીમંડળ બનાવ્યાં. તેઓની અલગથી તાલીમ-શિબિરો કરવામાં આવતી હતી.

આ તાલીમ શિબિરોમાં જુદાજુદા વિષયોને પ્રવૃત્તિ-પ્રોજેક્ટને આધારે કેવી રીતે શીખવવા તે તો બાળકો શીખે જ; પણ વિશેષ તો જીવનકૌશલ્યો શીખે. નેતૃત્વ એટલે શું ? પહેલ કરવી, સંવાદનું મહત્વ, ટીમ બિલ્ડિંગ, સહજીવન, સર્જનાત્મકતા જેવા અનેક મુદ્દાઓ પર તાલીમો યોજાતી રહેતી. આ તાલીમ પ્રાપ્ત કરેલાં બાળકો વર્ગમાં અન્ય બાળકોને નાનાંનાનાં જૂથમાં વહેંચીને પ્રવૃત્તિ આધારિત શિક્ષણ આપે. એમનો આત્મવિશ્વાસ વધે.... અને વધુ મહત્ત્વનું તો એ કે બાળક પાસેથી બાળક શીખે. સમાન સ્તર પર થતી આ પ્રક્રિયા બાળકોના મનમાંથી ડર હટાવે, તેમને નિખાલસ બનાવે... એકબીજાં સાથે જોડે. એકબીજાંને સમજતાં થાય, એકબીજાને શીખવે. આ રીતે, અસરકારકતા વધે. સમગ્ર પ્રક્રિયામાં દરેક બાળકનો સમાવેશ થાય, દરેકની સહભાગિતા હોય. નેતૃત્ત્વ ઉપરાંત અન્યોન્ય પ્રત્યેની સમાનુભૂતિ વિકસે એવું કાર્ય અમે ગોઠવ્યું હતું.

આજે તો એ બાળક યુવાન છે, પોતાનો મોબાઈલ રીપેરિંગ અને–વેચાણનો ધંધો છે. એક સરકારી નિશાળમાંથી આપણી સાથે જોડાયેલ. શૈશવની મોબાઈલ વાનની પ્રવૃત્તિઓને કુતૂહલથી જોઈ રહે, એને સમાજમાંથી શીખવા મળેલું કે બીજી કોમનાં બાળકો સાથે હળાયમળાય નહીં ! પણ ધીરે ધીરે એ પ્રવૃત્તિઓમાં જોડાતો ગયો... તેને થયું કે આ બધાં તો મારા જેવાં જ છે, ડરવાની જરૂર નથી; પછી તો બધાંની સાથે હળી મળી ગયો... એ કહે છે : ‘બાળપણમાં મોબાઇલ વાનની મદદથી અમે વેસ્ટમાંથી બેસ્ટની પ્રવૃત્તિ કરતાં, નવાં નવાં ક્રાફ્ટ શીખતાં. કદાચ એના લીધે જ આજે જૂના મોબાઈલ રીપેર કરી હું વેચું છું !’

દીપક, જયેશ, ઈશરત, તબસ્સુમ, રીના-કંઈ કેટલાંય બાળકો આ કાર્યક્રમ થકી અમારાં મિત્રો બન્યાં ને પછી તો એ બધાં જ આગળ વધતાં ગયાં ! દીપક પોતાના વિસ્તારમાં યુવાપ્રવૃત્તિઓ તથા યુવા સંમેલનનું આયોજન કરતો થઈ ગયો. ઈશરત બહુ જ સરસ મહેંદી મૂકે... બીજાંને મહેંદીની ડિઝાઈનો શીખવે ! જયેશ આજે પણ કહે છે : ‘અમે આયોજન કરતાં, પૂર્વતૈયારીઓ કરતાં તથા વાચન અને રેફરન્સ મેળવતાં મોબાઈલ વાનની પ્રવૃત્તિઓ દ્વારા જ શીખ્યાં !’

### શાળામાં સમાજની સહભાગિતા.... ‘લોકશાળા’

સર્વે દરમ્યાન અમે બાળકોને પૂછતાં કે મોટાં થઇને શું બનશો? મોટા ભાગે જવાબ મળતો... શિક્ષક થશું, પોલીસ બનવું છે...કે પછી હીરા ઘસવા છે.. જાણે આ સિવાયની દુનિયા જ ન હોય! બાળકોને દુનિયાનાં અપાર ઐશ્વર્યોનો ખ્યાલ આવે, તેમની વિચાર કરવાની અને સપનાં જોવા માટેની ક્ષિતિજો વિસ્તરે, અનુભવો અંકે કરી શકે અને સંઘર્ષોને ઓળખતાં થઈ તેમાંથી પોતાની એક ચોક્કસ દિશા મેળવે તે માટે તથા શિક્ષણવ્યવસ્થામાં સમાજની સહભાગિતા વિકસે, બાળકો પ્રત્યે ઉતરદાયિત્વ અદા કરી શકે તેમજ ચાર દીવાલની બહારની દુનિયા અંદર આવતી થાય અને એ રીતે શાખા Open Learning Space બને તેવી સમજણથી મોબાઇલ કાર્યક્રમદ્વારા અમે ભાવનગર શહેરની અનેક પ્રવૃત્ત-નિવૃત બાળપ્રવૃત્તિમાં રસ લેતી વ્યકિતઓ, સંસ્થાઓ, સરકારી કચેરીઓથી માંડીને ઈલેક્ટ્રિશ્યન, પ્લમ્બર, સાયકલ રીપેરીંગ, દરજીથી લઈને નિવૃત્ત શિક્ષકો, વાર્તાકારો કે પછી જુદા જુદા વ્યવસાયિકો, ડૉકટર, વકીલથી માંડીને કંઈ કેટલાય બાળપ્રેમી બાલદોસ્તોને સાંકળ્યા હતાં, સમાજને શાળા તરફ દોરવાનું, અને તેના દ્વારા સમાજમાં પડેલાં

વિવિધ જ્ઞાન, સંસાધનો, અનુભવોની વાત શાળા સુધી પહોંચે, બાળક સમૃદ્ધ થાય, સાથેસાથ શિક્ષણની પરિસ્થિતિ, પ્રશ્નો કે મર્યાદાઓ વિષે લોકોને ખ્યાલ આવે, સમાજ ખરા અર્થે જાગૃત થાય, અને છેવટે શાળા અને સમાજ વચ્ચે સંવાદ ઊભો થાય એવો પ્રયત્ન શૈશવે કર્યો.



કલાગુરુ શ્રી ખોડીદાસભાઇ આવે, બન્ને હાથે ચિત્રો દોરે અને વાર્તા કહેતા જાય... શામજીદાદા દેશી રમતો-જોડકણાંની રમઝટ દ્વારા બાળકોને રમતાં-રમતાં કેવી રીતે ભણાવાય તેનો અનુભવ કરાવે. દીપકદાદા અદ્‌ભુત વાર્તા કહે; સાથે શિક્ષકો જોડે ગોષ્ઠિ પણ કરે.... કેટકેટલાંને યાદ કરીએ... એક વાર શહેરની એક નામાંકિત હોસ્પિટલમાંથી ડૉક્ટરને આવવાનું આમંત્રણ આપ્યું... થોડી આનાકાની પછી તેઓ આવવા તૈયાર થયા... શાળા સુધી પહોંચ્યા અને સ્થિતિ જોઇ બોલી ઊઠ્યા, ''મારે અહીંયાં નથી આવવું, હું તો પાછો જાઉં છું...'' અમે માંડ-માંડ સમજાવીને તેમોને વર્ગમાં લઈ ગયા.... બાળકો સાથે ગોષ્ઠિ એવી ચાલી કે તેઓ એકાદ કલાક માટે આવ્યા હતા તેના બદલે ત્રણેક કલાક રોકાયા... જતાં જતાં આભાર માનતાં કહ્યું કે ''સારું થયું, તમે મને રોકીને બાળકો પાસે લઈ ગયા.... હવે હું તમે બોલાવશો ત્યારે આવવા તૈયાર છું. મને ખૂબ જ મઝા આવી!''

જરૂર છે શાળાને એકાંગી ન રાખતાં, ડર રાખ્યા વગર સમાજ સાથે-બાળકો સાથે જોડવાથી તો ઉત્તમ પરિણામો મળી શકે.

### હમ બચ્ચે સાથ-સાથ 'સેતુ'

ભાવનગરની વિખ્યાત શ્રી દક્ષિણામૂર્તિ સંસ્થાના શ્રી ગિજુભાઇ કુમાર મંદિરના આચાર્યશ્રી વીરેન્દ્રભાઇ અમારા બાલદોસ્ત. એમની સાથે વાત થઈ, શાળાના ધો.૫ થી ૭ નાં ૭૨ બાળકોની સાથે અમે વિજ્ઞાનના પ્રયોગોની તાલીમ કરી. આ બાળકોએ ત્યારબાદ બાળમેળામાં નાનાં નાનાં જૂથમાં વહેંચાઈને પોતાની શાળાનાં તમામ બાળકોને વિજ્ઞાનના પ્રયોગો શીખવ્યાં-સમજાવ્યાં. દરેક બાળકો જાતે અનુભવ કરે અને શીખે. ખૂબ જ રસપ્રદ અનુભવ રહ્યો! એકવાર અમે નજીકના ભીકડા ગામની શાળાનાં બાળકો સાથે બાળમેળો ગોઠવ્યો. અમને થયું કે, આપણે શ્રી ગિજુભાઇ કુમાર મંદિરના પેલા વિદ્યાર્થીઓને લઈ જઈએ તો?

શ્રી વીરેન્દ્રભાઈએ તો તત્કાળ આ વિનંતી સ્વીકારી લીધી. તેમનાં ત્રીસેક બાળકો અમારી સાથે ગામડાની એ નિશાળમાં આવ્યાં. તેમણે શાળાનાં બાળકોને નાનાં નાનાં જૂથમાં વહેંચી, વિજ્ઞાનના પ્રયોગો શીખવ્યા! બાળકો દ્વારા બાળકો વચ્ચે થતી આ શૈક્ષણિક પ્રક્રિયા સૌને ગમી. કચ્છના ધરતીકંપ સમયે શ્રી ગિજુભાઈ કુમાર મંદિરના ધોરણ પાંચથી સાતના પચાસેક વિદ્યાર્થીઓએ અમારી સાથે રાપર તાલુકાના રામવાવ ગામમાં જઈને બાળમેળામાં ત્યાંનાં બાળકોને પ્રવૃત્તિઓ કરાવવાની સેવાઓ આપી હતી.



ભાવનગરની શ્રી વિશુદ્ધાનંદ હાઈસ્કૂલના આચાર્યશ્રી સંજયભાઈ દેસાઈ પણ શૈશવની પ્રવૃત્તિઓમાં રસ લઈ ખૂબ મદદરૂપ થાય. વિશુદ્ધાનંદ હાઈસ્કૂલના બે શિક્ષકમિત્રો અને આઠમા ધોરણનાં વીસેક બાળકો અમારી સાથે પ્રભુદાસ તળાવમાં આવેલ મ્યુનિસિપલ શાળામાં આવ્યાં અને શાળાનાં તમામ બાળકોને ભેગાં કરી, વિજ્ઞાનના પ્રયોગો શીખવ્યા, સાથોસાથ અંધશ્રદ્ધા નિર્મૂલનના અનુસંધાનમાં કેટલાક પ્રયોગોનું નિદર્શન કર્યું. આ અનુભવ પણ બન્ને પક્ષે આનંદદાયી બની રહ્યો.

આ પ્રયોગોમાંથી શરૂ થયો હતો એક વિશેષ કાર્યક્રમઃ**'સેતુ'**, ખાનગી શાળાનાં બાળકો મ્યુનિસિપલ શાળામાં બાળકો સાથે પ્રવૃતિઓ દ્વારા મૈત્રી વિકસાવે. શરૂઆતમાં દ્વિધા પણ હતી. અમારા એક શુભેચ્છકે તો કહી દીધું હતું કે તમે વંચિતોનું કામ નથી કરતાં ! પણ, અમારી શોધ તો બાળપણની છે. સમાજે જે ન કર્યું તે જો બાળકો કરતાં હોય તો તેનાથી ઉત્તમ શું હોઈ શકે?

સમાજ અનેક વાડાઓમાં અને વર્ગોમાં વહેંચાયેલો છે, અને બાળકો તેનો જ શિકાર થાય છે. બંધારણમાં સમાનતાની ભાવના વ્યક્ત કરવામાં આવી પરંતુ સમાનતા સહજ રીતે આવતી જાય એ માટેની પ્રવૃતિઓ ક્યાં છે ? બન્ને પ્રકારનાં બાળકો વચ્ચેની ખાઈ પુરાય, પરસ્પર ઓળખતાં થાય, આદરસત્કારની સમજ સાથે વિવિધતાને સ્વીકારે, મૈત્રી વિકસે એની એક વ્યવસ્થા ગોઠવાય. અહીંયાં આપણે બાળકો માટે કોમન સ્કૂલની વ્યવસ્થા હોવી જોઈએ એવી માગણીનો છેદ નથી ઉડાડતા ! એ થાય ત્યાં સુધી શું બેસી રહેવું ? કોઈ શરતો વગર, વહીવટી આંટીઘૂંટીની પ્રક્રિયાઓ વગર આ બાળકો વચ્ચે સાવ સહજ સેતુ રચાય ! એવા આ પ્રયોગ માટે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિએ તુમારશાહી વગર અમને પ્રોત્સાહિત અમને કર્યાં, ખાનગી

શાળાના આચાર્યોએ હકારાત્મક અભિગમ વડે આ વાતને સ્વીકારી ઉદાહરણીય અનુમોદન આપ્યું. એક સ્વૈચ્છિક વ્યવસ્થાએ આકાર લીધો. શહેરની ૧૪ ખાનગી શાળાનાં લગભગ હજારેક જેટલાં બાળકો સ્વૈચ્છિક રીતે દર વર્ષે સ્વયંસેવક તરીકે જોડાતાં રહ્યાં ! ગુજરાત અથવા દેશમાં આટલી મોટી સંખ્યામાં બાળકો દ્વારા બાળકોને કેળવણી આપતો આ બિન ઔપચારિક પ્રયોગ કદાચ પ્રથમ હશે !



આ સમગ્ર પ્રક્રિયાને જાણવી પણ રસપ્રદ છે. ખાનગી શાળાના વિદ્યાર્થીઓના વાલી દ્વારા કદાચ એમનાં બાળકોનું શિક્ષણ બગડે, સમય બગડે છે તેવી દલીલ સાથે વિરોધ થાય તો ? અમે વ્યવસ્થા એવી ગોઠવી કે પાંચમા ધોરણના બાળકે પાંચમા ધોરણના વર્ગમાં જ કાર્ય કરવાનું ! એનું પોતાનું પુનરાવર્તન અને દૃઢીકરણ થાય, એ માટે એ વધુ મહેનત કરે કારણ કે કોઇકને ભણાવવાનું છે એટલે એનાં માતા-પિતાને પણ આનંદ થાય... પણ ખરું કહીએ તો એક પણ વાલીએ વિરોધ દર્શાવ્યો નહીં. સારા કામમાં પોતાનું બાળક જોડાયું છે તેનું એમને ગૌરવ થયું. શાળાનો સમય શરૂ થાય ત્યાં તો અમારી મોબાઇલ સ્કૂલવાન ત્યાં પહોંચી જાય, વિદ્યાર્થીઓની ટીમ તૈયાર હોય, મ્યુનિસિપલ શાળામાં પહોંચે, કાર્ય કરે અને શાળાનો સમય પૂરો થતાં અગાઉ પરત ફરે; જેથી વિદ્યાર્થીઓની ઘરે જવા-આવવાની વ્યવસ્થા ખોરંભાય નહીં ! દરેક શાળાને તથા તેમના વિદ્યાર્થીઓને કયા વર્ગમાં તેમણે શું કરાવવાનું છે એ ખબર હોય, એની તાલીમ અગાઉ થઈ હોય, સાધનો એમની પાસે હોય, કયા વિદ્યાર્થીઓનો વારો ક્યારે છે; તે બધું જ આયોજન અગાઉથી કરવામાં આવતું હતું.

અમે દરેક સત્રની અગાઉ તાલીમ યોજતાં. તેમાં ખાનગી અને મ્યુનિસિપલ શાળાનાં બાળકોની ટીમની સંયુક્ત તાલીમ થાય. દરેક વર્ગમાં આ સંયુક્ત ટીમની જોડીઓ સાથે કામ કરે ! દરેક વર્ગનાં બાળકોને નાનાં-નાનાં જૂથમાં વહેંચવામાં આવે, દરેક વર્ગમાં તાલીમબદ્ધ સાત-આઠ વિદ્યાર્થીઓની ટીમ સાથે હોય... રિસેસમાં બધા સાથે નાસ્તો કરે... વિદ્યાર્થીઓનો ઉત્સાહ અદ્‌ભુત!

શહેરની શ્રી વિશુદ્ધાનંદ હાઇસ્કૂલનો જિગર... 'સેતુ' કાર્યક્રમમાં એ નિયમિત... એકવાર વિવિધ પ્રકારના કઠોળની ઓળખ કરાવવાનો મુદ્દો તેણે સંભાળવાનો હતો... તેણે સુંદર ચાર્ટ બનાવ્યો, પ્રોવિઝન

સ્ટોરમાંથી વિવિધ કઠોળ ના નમૂના લીધા... અને જયારે સ્ટોરના માલિકે જાણ્યું કે ક્યા હેતુસર માટે જોઈએ છે; ત્યારે વધુ કઠોળ આપ્યા અને પરિણામે દરેક બાળકને કઠોળ નો પરિચય સ્પર્શ કરાવીને - દેખાડીને આપ્યો... કઠોળ માંથી કઈ વાનગી બનાવી શકાય તે પણ કહ્યું... ''મારે તો શ્રેષ્ઠ પ્રયત્ન કરવા જ રહ્યા !'' આ જ હાઈસ્કૂલની વિદ્યાર્થિની અનેરીએ જ્યારે મ્યુનિસિપલ શાળાના પહેલા ધોરણનાં બાળકો માટે પશુપંખી-પ્રાણીઓનો પાઠ લેવાનો હતો... ત્યારે તે માટે ફોટો-ચિત્રોનાં કટિંગ ભેગાં કરી આલ્બમ બનાવ્યું અને પછી વિષય એવી તો સરસ રીતે ભણાવ્યો કે નાનાં-નાનાં બાળકો પણ ઓતપ્રોત થઈ ગયાં. મ્યુનિસિપલ શાળાનાં શિક્ષિકાબહેન પણ આફરીન પોકારી ગયાં ! બી.એમ.કોમર્સ હાઈસકૂલની ધો. ૮ માં ભણતી દિવ્યા જાણે કે જન્મજાત શિક્ષક હોય એવી!.... શહેરના કરચલિયા પરા વિસ્તારની મ્યુનિસિપલ શાળામાં આવે... કુમાર શાળાનાં બાળકો ખૂબ તોફાની; ગણિત જેવો અઘરો વિષય, પણ દિવ્યાએ જે રીતે વર્ગ લીધો તે તો અદ્ભુત ! બાળકો ગણિત કરવામાં તલ્લીન થઈ ગયા ! આવાં કંઇ કેટલાંય બાળકો પોતે શીખે અને એમ બીજાના માટે યોગદાન આપવાની જવાબદારી અદા કરે. નાગરિકશાસ્ત્રના પાઠ તો આમ જ ભણાય ને ! તેઓ સાચા નાગરિક બની રહ્યાં છે ! સામાજિક ઉતરદાયિત્વ અને મૈત્રીના પાઠ બાળકો વચ્ચે સહજતાથી ચાલતા હતા. આ બાળકો આમ રોજ ''શિક્ષકદિન'' ઉજવતા હતાં !

આ 'સેતુ' પ્રયોગ અંગે એક નિશાળના આચાર્યને જરા શંકા હતી. શૈક્ષણિક સમય બગડી રહ્યો છે તેવું તેમને લાગતું હતું. શૈશવના અશોકભાઈને તેમણે વાત કરી. અશોકભાઈએ પૂછ્યું : ''સર, તમે કોઈ વર્ગમાં જઈને જોયું છે ખરું ?'' અને પછી તેમને વર્ગખંડમાં લઈ ગયા. વર્ગખંડમાં બાળકો એકમેક સાથે તન્મય થઈને શીખી રહ્યાં હતાં. આચાર્ય દંગ રહી ગયા. પછી તો તેઓ અમારી આ વિશિષ્ટ પ્રવૃત્તિને સતત ટેકો આપતા રહ્યા.

એકવાર એક ડોક્ટરનો ફોન આવ્યો, ''મારો બાળક આપની સંસ્થામાં આવે છે, ઘણી વાતો કરે છે. આપની સંસ્થા શું કામ કરે છે ?'' અમે બધી પ્રવૃત્તિઓની વાત કરી. ''હું પણ આવી શકું !'' અમે તેમને આમંત્રિત કર્યા... તેમણે અમારી પાસેથી સમય અને આવવા-જવાની માહિતી લઈ લીધી, પછી તેઓ જાતે જ વિસ્તારમાં જાય, બાળકોને ચિત્ર કરાવે અને કોઇકને જરૂર હોય તો તપાસીને દવા પણ આપે. સહજતાથી આવું ગોઠવાઈ જતું હોય છે ! હમણાં જ એક આઇ.ટી. કંપનીમાંથી ત્રણ-ચાર યુવાનો મળવા આવ્યા. વાત-ચીતમાં ખબર પડી કે એક કિશોર તો વિશુદ્ધાનંદ હાઈસ્કૂલમાંથી અમારી સાથે મ્યુનિસિપલ શાળામાં સેતુ કાર્યક્રમમાં નિયમિત આવતો. જોકે, પછી તો સંપર્ક ઘટી ગયો હતો. અચાનક અમને આવીને કહે, ''હું અને મારા આ મિત્રો શૈશવને કેવી રીતે મદદ કરી શકીએ ?'' ચિનગારીઓ આમ જ જલતી હશે ને!

નામ એનું ઈશાન... એનાં કાકી માનસીબહેન કહે, ''ઈશાન એની સ્કૂલ વતી સેતુ કાર્યક્રમ હેઠળ જ્યારે મ્યુનિસિપલ શાળામાં જવાનું હોય ત્યારે એકદમ ઉત્સાહથી તૈયાર થઈ જાય... ભણાવવાનું હોયને ! એને પોતાની શાળા કરતાં પણ જ્યાં ભણાવવા જાય તે શાળા ખૂબ ગમે ! ''

અમારી સંસ્થાનો રિવ્યૂ હતો. બાલદોસ્તોની મીટિંગ રાખી હતી. સેતુ કાર્યક્રમની વાત ચાલે. એક પ્રાથમિક ખાનગી શાળાના આચાર્યશ્રીએ બહુ જ નિખાલસતાથી કહ્યું : ''સાચું કહું તો. અમારી નિશાળના તોફાની છોકરાઓને હું મોકલતો કે જેથી એ જાય ત્યાં સુધી આપણને નિરાંત, પણ અમે જોયું કે થોડા સમયમાં આ તોફાની છોકરાઓમાં અદ્ભુત પરિવર્તન... હવે શાળાની પ્રવૃત્તિઓમાં તેઓ નેતૃત્વ લે છે ! આવાં બાળકોને કેવી રીતે સાચવવાં તે હું શૈશવના આ કાર્યક્રમમાંથી શીખ્યો !''

એ જ શાળાનો એ બાળક, કદાચ જો 'સેતુ'માં ન આવ્યો હોત તો? ખૂબ તોફાની, બધાંને એનો ડર પણ લાગે, કહ્યું તો માને જ નહીં; પણ સેતુની તાલીમની કેટલીક કામગીરી એના ભાગે આવી ! એને આશ્ચર્ય થયું, પણ એની કામગીરી એણે બખૂબી નિભાવી અને પછી તો ત્યાંની શાળામાં એ સેતુના કામમાં નેતૃત્વ સંભાળવા લાગ્યો !

આ અતિવ્યસ્ત જગત વ્યવસ્થામાં બાળકને સાંભળનાર કોણ? આ 'સેતુ' કાર્યક્રમ આ માટેની એક કડી બન્યો. શૈશવના કાર્યકરો અને બાળકો વચ્ચે મિત્રતા થતી ગઈ... પોતાની ખાનગી શાળાથી મ્યુનિસિપલ શાળામાં જતાં આવતાં દરમ્યાન અને પછીના સમયમાં થતી અલકમલકની વાતોમાં ... બાળકો પોતાના આવેગ, આક્રોશ, સમજણના પ્રશ્નો, સંબંધોના ઘાવ ... કુટુંબના વ્યવહારો વગેરે વિશે ઘણી વાતો કરે. કાર્યકર, સાંભળતા રહે.. અનાયસે સીટિંગ થઈ જાય... વેન્ટિલેશન થતું જાય આમ બાળપણ સચવાઇ જાય.. કેટકેટલા કિસ્સા ..! પણ આમ આ કાર્ય કેવળ કાર્યક્રમ ન બની રહેતાં મિત્રના સંબંધોની અર્થપૂર્ણ વ્યાપકતા બની રહ્યો હતો.

'સેતુ' કાર્યક્રમમાં જોડાયેલ શાળાઓ પણ ઉત્સાહથી નવી પ્રવૃતિઓ કરવા તૈયાર રહેતી. બી.એમ.કોમર્સ હાઈસ્કૂલના આચાર્ય અને બાલદોસ્ત શ્રી પરેશભાઇ ત્રિવેદીએ નવતર પહેલ કરી. પોતાની શાળાનાં બાળકોને જણાવ્યું કે સત્રની શરૂઆતમાં તમે સ્ટેશનરી ખરીદો ત્યારે એક નોટબુક વધારાની ખરીદજો. આપણે જે મ્યુનિસિપલ શાળામાં ભણાવવા જઈએ છીએ ત્યાં આ ભેગી થયેલ નોટબુક આપવાની! બાળકોએ તો બોલ ઝીલી લીધો.... નોટબુક ભેગી થઈ ગઈ.... બાળકોએ જ જાતે જઈને બીજાં બાળકોને એ આપી. મિત્રતાની ગાંઠને મજબૂત બનાવી. ન કોઈ મસમોટો કાર્યક્રમ કે ન કોઈ ઢોલનગારાં! વળી, આ કંઈ એકવાર થઈને અટક્યું નહીં. પછી તો આ ઉદાહરણરૂપ ચીલો પડી ગયો હતો!

'સેતુ'નો આ સમગ્ર પ્રયોગ સ્વૈચ્છિક હતો. ખાનગી શાળાના આચાર્યશ્રીઓ-સંચાલકો અને મ્યુનિસિપલ શાળાના આચાર્ય-શિક્ષકો અને શિક્ષણ સમિતિ-બધાંનો ઉમદા સહયોગ હતો. પરિપત્રને નહીં પણ ''ભાવના''ને મહત્વ આપી સહુ જોડાયાં અને એક નવીન કાર્યનું ઉદાહરણ સમાજ સામે ધર્યું, શૈશવ એમાં માત્ર નિમિત્ત હતું, એ ઋણ સ્વીકાર સાથે પ્રયોગમાં જોડાયેલાં સૌને સલામ.

ભરતનગરમાં મ્યુનિસિપલ કન્યાશાળામાં અમે કામ કરીએ. ત્યાંની દીકરીઓ ખૂબ સક્રિય; કંઇક કરવા થનગને. એક દિવસ અમને રસ્તામાં બોરતળાવની મ્યુનિસિપલ શાળાના આચાર્ય મળી ગયા. 'અરે, તમારી આ ભરતનગરની દીકરીઓ તો અમારે ત્યાં આવીને બાળમેળો કરી ગઈ! કાર્યક્રમ ખૂબ સરસ રહ્યો!' એ દીકરીઓએ સ્વયં પહેલ કરી આયોજન કર્યુ હતું! વિશ્વાસ અને નેતૃત્ત્વ આમ જ વિક્સી શકે. એક મ્યુનિસિપલ શાળાનાં બાળકો બીજી મ્યુનિસિપલ શાળામાં જાય, પોતાની પાસે જે જ્ઞાન-અનુભવ હોય તે અસરપરસ વહેંચે.. શૈક્ષણિક કાર્ય તો થાયઃ આમ સહુ એકમેકની નિકટતા-પરિચય કેળવતાં થાય, જવાબદારી સમજતાં થાય, અને ભેદભાવ ભુલાતાં જાય. આમ જ પેલી 'કોમન સ્કૂલ' ની વિભાવના પણ જીવંત થઈ શકે!

ચાઇલ્ડ ટુ ચાઇલ્ડ એપ્રોચનું 'સેતુ' જ્વલંત ઉદાહરણ છે. શાળાશિક્ષણ બાળકોની સહભાગિતા દ્વારા વૈવિધ્યપૂર્ણ, રસપ્રદ પ્રવૃત્તિઓ આધારરિત બની શકે છે. બાળક દ્વારા બાળકનું શિક્ષણ થતું હોવાથી વ્યવહાર-વર્તન સરળ બને છે. મોટા-નાનાનો ભેદ રહેતો નથી, બીક રહેતી નથી. બાળકો એકબીજાંને

સાચવી લે છે જેથી દરેકની જીત થાય! જોકે, કેટલીક મર્યાદાઓ આ પ્રયોગમાં પણ નડી હતી. જે-તે ખાનગી શાળા અથવા મ્યુનિસિપલ શાળામાં વિશેષ કાર્યક્રમ હોય, અભ્યાસક્રમ બાકી હોય, પરીક્ષાઓ હોય ત્યારે શાળા પોતાનાં બાળકોને શિક્ષણ કરાવવા માટે મોકલે નહીં. આવા સંજોગોમાં કયારેક સાતત્ય ખોરવાય. બાળકોની તૈયારીઓ હોય, પણ વ્યવસ્થામાં તંત્રો તૈયાર ના હોય. પરંતુ આ પ્રયોગમાં સમાજના અનેક પ્રશ્નોના ઉકેલની સંભાવના રહેલી છે એવી અમારી શ્રદ્ધા વધુ બળવત્તર બની છે.

આ કાર્યક્રમ નિમિત્તે સંસ્થા દ્વારા અનેકવિધ પ્રકારની બાળકેન્દ્રી શૈક્ષણિક સાધનસામગ્રી પણ ઘણી વિકસાવવામાં આવી. આ ક્ષેત્રે અન્યોએ પણ તૈયાર કરેલ ઉત્તમ સાધનસામગ્રી પણ મેળવી. ક્યાંક ફેરફાર કર્યા-સુધારા કર્યા, ઘણું નવું કર્યું. આ પણ મોટો પડકાર. બાળકો સાથે કાર્ય કરીએ ત્યારે વિશેષ પ્રમાણમાં રોજે રોજ નવી પ્રવૃત્તિઓ-સાધનસામગ્રી જરૂરી બને છે. આનંદ એ વાતનો છે કે આ પડકારને અમે મહદ્ અંશે પહોંચી વળ્યાં! કંઇક નવું કરવાનું આવે એટલે ટીમનો ઉત્સાહ પણ વધતો જાય.





અમને આ પ્રક્રિયામાંથી જે શીખવા મળ્યું તે શૈક્ષણિક સાધન-સામગ્રીના નામે કેટલાક મોનોપોલી ધંધો કરે. સાધનો ખર્ચાળ હોય તે આમ કોઇને પરવડે નહીં! અમે આ માન્યતા તોડવા તરફ કટિબદ્ધ થયાં. શૈક્ષણિક સાધનસામગ્રી ખર્ચ વગરની અથવા ઓછી ખર્ચાળ કઈ રીતે પ્રાપ્ત કરી શકાય, બાળકોને એ વિકસાવવામાં કેવી રીતે સાથે જોડી શકાય, આસપાસના પરિસરમાંથી શું મળી શકે એમ છે તે બધાંનો ખ્યાલ કરી, સામગ્રી વિકસાવવાનું થયું. પ્રવૃત્તિઓ અને સાધનસામગ્રીમાં અમે ઘણા મુદ્દાઓનો સમાવેશ પણ કરીએ.

આ અનુભવોનો લાભ બીજાને મળે તે માટે અમે શિક્ષકો સાથે સતત તાલીમકાર્ય પણ યોજતા રહ્યાં! આ ઉપરાંત, શિક્ષકો સાથે નિયમિત મીટિંગો પણ યોજતાં રહ્યાં. આ સમગ્ર કાર્યક્રમ ઉત્તરોત્તર શાળાના શિક્ષકો સંભાળી લે તેવી પણ અમારી ઇચ્છા હતી. મ્યુનિસિપલ શાળાના શિક્ષકોનું કોરગ્રૂપ બનાવ્યું હતું. આ કોરગ્રૂપ દર મહિને મળે. શાળાને લગતા, શિક્ષણને લગતા મુદ્દાઓની ચર્ચા કરે, તાલીમ યોજે-અનુભવોનું આદાનપ્રદાન કરે. આ એક સ્વૈચ્છિક પ્રયાસ હતો. કોઇ પરિપત્ર કરાવ્યો ન હતો. જોકે, આ કોરગ્રૂપ ને ટકાવવાના પ્રયત્નો વિશેષ સફળ થઈ શક્યા ન હતા, પરંતુ ઘણા એવા શિક્ષકમિત્રો સાથે કાયમી સંબંધ બન્યા જે અમને પ્રોત્સાહિત કરતા રહ્યા છે.

મોબાઈલ સ્કૂલના અમારા કાર્યક્રમના અનુભવ પરથી કેટલીક સમસ્યાઓનો ઉકેલ શક્ય બનતો લાગ્યો. સરકારી નિશાળના નીતિગત પ્રશ્નો જેવા કે; શિક્ષકોની ઘટ, બાળકોની વધુ સંખ્યા, તેમને કેમ ભણાણી



શકાય, વંચિત સમુદાયનાં બાળકો શાળામાં કેવી રીતે ટકી રહે, વગેરે ઉપરાંત કચરાનિકાલ અને સ્વચ્છતા જાળવણી જેવા સેનિટેશનના પ્રશ્નોના પણ ઉકેલ શક્ય છે.

## બાલમેળા

શૈશવની એક ઓળખ બાળમેળાને કારણે પણ ઊભી થઈ છે. બાળમેળા એટલે ખરા અર્થમાં મેળા. બાળકોની સહભાગિતા, સ્વતંત્રતા, નેતૃત્વ, જૂથકાર્ય, બાળક દ્વારા બાળક ને શીખવાની પ્રક્રિયા, દરેકને અનુભવકાર્ય એવું કંઈ કેટલુંય !

પ્રથમ બાળમેળો ૧૯૯૪ના ડિસેમ્બરમાં કર્યો. પછી થોડા અંતરાલ પછી એ પ્રવૃત્તિ નિયમિત બની ગઈ... સમાજની સહભાગિતા શાળામાં કેવી રીતે વધી શકે તેનું ઉત્તમ ઉદાહરણ !



બાળમેળા પણ સામાન્ય સામાજિક 'મેળા' જેવા જ વૈવિધ્યપૂર્ણ... અલગઅલગ વિષયો પર યોજાય, પ્રવૃત્તિ અને અનુભવ આધારિત બાળકોની પોત પોતાની ગતિએ શીખવાની–શીખવવાની ....આર્ટ અને ક્રાફ્ટ હોય, વિજ્ઞાન હોય, ભાષા હોય, સમાજવિદ્યા કે ભૂગોળ હોય; પુસ્તકો પર હોય કે જીવનકૌશલ્યો પર હોય, પ્રોજેક્ટ પર હોય. બાળઅધિકાર કે ગાંધીજી જેવી વિભૂતિ પર હોય... શૈશવે આ ક્ષેત્રે વિશેષ ખેડાણ કર્યું છે.

બાળકો અનુભવ દ્વારા કેળવણીની મજા માણે તેવા કેટલાય ઓછા અથવા બિનખર્ચાળ બાળમેળા થયા હશે. બાળકોએ પણ નેતૃત્વ લઈ બાળમેળા કરાવ્યા હશે. કચ્છના અભૂતપૂર્વ ભૂકંપ પછી ત્યાંનાં બાળકો સાથે બાળઅધિકારના ઘણા બાળમેળા કર્યા હતા, પણ ભાવનગરમાં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના સહયોગથી ૨૫ શાળાના અંદાજે ૬,૯૭૫ બાળકો સાથે બાળઅધિકારોની રમતપ્રવૃત્તિ દ્વારા જે બાળમેળા ડિસેમ્બર ૨૦૦૫માં યોજ્યા હતા, એ કદાચ ગુજરાતભરમાં બાળકો સાથે બાળઅધિકાર માટે થયેલો મોટો કાર્યક્રમ હશે.

શાળાઓ જો પોતાની પાસેનાં બાળકોને પ્રશ્ન ગણવાને બદલે તેને પ્રેમથી પ્રગતિનો સ્ત્રોત ગણી, મદદ મેળવે તો ઘણાં ઉત્તમ પરિણામો આવી શકે તેમ છે. બાળકોનાં કૌશલ્યો,–રસ-આવડત વગેરેનું સ્કિલ મેપિંગ કરી, તેના આધારે જૂથ બનાવીને ચાઇલ્ડ ટુ ચાઇલ્ડ એપ્રોચ દ્વારા કાર્ય થાય તો સહજ રીતે પરિણામલક્ષી કાર્ય થઈ શકે. બાળકો વચ્ચે સ્પર્ધાને બદલે મિત્રતા બંધાય, નેતૃત્વ શક્તિ ખિલે, બીજા માટે જીવવાની ભાવના કેળવાય આવી સહજીવનનાં મૂલ્યો વધુને વધુ દૃઢ કરે એવી પારાવાર શક્યતા રહેલી છે.

ઘણીવાર સાંભળવા મળે અને અનુભવે પણ લાગે કે, નિશાળમાં બાળકો વાચન-ગણન-લેખનમાં પાછળ રહી જતાં હોય છે. આ અંગે પણ મર્યાદાઓની વચ્ચે કેટલાક ઉપાયો અમે કર્યા. જયપુર સ્થિત 'દિગંતર' સંસ્થાએ વિકસાવેલી 'ભાષાપોથી', ભાવનગર યુનિવર્સિટીના શિક્ષણ વિભાગના નિવૃત્ત વડા ડૉ. દમયંતીબહેન મોદીના માર્ગદર્શન હેઠળ ભાષાપોથી અને વિશેષવાચન-સામગ્રી તૈયાર કરી, અને પરિણામો પણ અત્યંત ઉત્સાહજનક મળ્યાં હતાં કે જેનાથી આ પ્રકારની સમસ્યા ઉકલી શકી હતી.

મોબાઇલ સ્કૂલવાન ખરા અર્થમાં મોબિલાઇઝેશનનું પ્રતીક બની રહી હતી. બાલદોસ્તો તો જોડાયા; ખાનગી શાળાનાં બાળકો પણ જોડાયાં હતાં. બીજી તરફ સમાજના અનેકવિધ ઘટકોનો પરિચય બાળકોને થાય, તંત્રોને ઓળખે તે માટે મ્યુનિસિપલ શાળાનાં બાળકો અલગઅલગ સ્થાનોની મુલાકાતે ઊપડે ! બેંક હોય, હોસ્પિટલ હોય, સરકારી કચેરીઓ હોય; રેલ્વે સ્ટેશન, પોસ્ટ ઓફિસ, એરપોર્ટ, બ્લડબેંક હોય, એમ્યુઝમેન્ટ પાર્ક કે દરિયાકિનારો હોય... જિલ્લા પુસ્તકાલય, ગાંધીસ્મૃતિ કે બાર્ટન મ્યુઝિયમ.... કે પછી લોકમિલાપ જેવા પુસ્તક ભંડાર હોય, ફાયરબ્રિગેડ, પોલીસ વિભાગ હોય કે મ્યુનિસિપલ કોર્પોરેશન હોય; કરિયાણાની દુકાન પણ હોય અને આધુનિક મોલ પણ હોય ! બાળકોને ફરતાં-ફરતાં શીખવાની ખૂબ મઝા આવે. જાતે એ, અનુભવે, વાતો થાય આમ અનુભવો દ્વારા વિશ્વ બાળકો સમક્ષ ખૂલતું જાય !

આ કાર્યક્રમને લીધે બાળકોમાં શાળામાં ટકી રહેવાનું પ્રમાણ પણ વધ્યું. બાળકો આતુરતાથી 'પીળી બસ' આવે તેની રાહ જોતાં હોય. કેટલાક અપવાદોને બાદ કરતાં મોટાભાગના શિક્ષકોનો સુંદર સહયોગ પ્રાપ્ત થયો. ઘણા શિક્ષકો સામેથી આવીને બાળકોની સાથે શૈક્ષણિક પ્રવૃત્તિઓ કરાવવા સાધન સામગ્રી લઈ જાય. અમારા સંશોધન-કાર્યક્રમમાં જોડાવા માટે એક-બે શિક્ષકોએ શાળામાંથી બદલી મેળવી હતી!




આ સ્વૈચ્છિક પ્રયાસને શહેરના મેયરશ્રી તથા મ્યુનિસિપલ કમિશ્નરશ્રી અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેનશ્રી તથા હોદ્દેદારો અને શાસનાધિકારીશ્રીઓનો સુંદર ટેકો મળી રહ્યો હતો. તેઓ નૂતન પ્રયોગો કરવાનો અવકાશ હંમેશાં કરી આપે ! સમિતિના કાર્યક્રમોમાં પણ શૈશવને અભિન્ન અંગ તરીકે સ્વીકાર્યું હતું.

૧૯૯૬ થી શરૂ કરેલ આ કાર્યક્રમ ૨૦૦૯માં કેટલાંક કારણોસર અમે બંધ કર્યો, અને શાળાની ચાર દીવાલોને બદલે ખુલ્લી, દીવાલો વગરની સમાજની શાળામાં અમે બાળપણની શોધ કરતાં પહોંચવાનું આયોજન કર્યું હતું.

### મોબાઈલવાન ડિઝાઈનનું નવતર ક્ષેત્ર

૧૦ મ્યુનિસિપલ શાળાઓથી શરૂ કરેલ કાર્યક્રમ ક્રમશઃ વિકસતો ગયો. આ કાર્યક્રમ વધુ બાળકો સુધી પહોંચે તે માટે શેર એન્ડ કેર ફાઉન્ડેશન તથા આશા-વિજય ફાઉન્ડેશનની ઉમદા આર્થિક સહાય મળતાં અમે વધુ એક નવી મોબાઈલ સ્કૂલ વાનની નવીન ડિઝાઇન તૈયાર કરી. વાનમાં પુસ્તકાલય, પ્રવૃત્તિનાં સાધનો, પ્રયોગનાં સાધનો વગેરેની સાથે સોલાર આધારિત ટીવી ગોઠવ્યું. વાનની બન્ને તરફ ૫-૧૦ મિનિટમાં જ તૈયાર થઈ જાય તેવા બે ટેન્ટ તૈયાર કર્યા, જેથી જયાં વર્ગખંડ ના હોય ત્યાં ટેન્ટ ઉપયોગમાં લઈ શકાય. બાળકોની સર્જનાત્મક અભિવ્યક્તિ માટે વાનમાં જ સ્ટેજ બની શકે તેવું આયોજન કર્યું! આ નવતર ડિઝાઇન ખૂબ ઉપયોગી બની રહી છે.






મોબાઇલ સ્કૂલ કાર્યક્રમ નંદીગ્રામ સંસ્થા(વલસાડ), ગજ્જુ વિદ્યાલય(અંકલેશ્વર) અને ચુરો ફાઉન્ડેશન (કચ્છ) માં આ પ્રકારે શરૂ થયા તેમાં અમને નિમિત્ત બનવાનો આનંદ છે. તેઓના કાર્યકરોની તાલીમો યોજી. આ ઉપરાંત મોબાઇલ સ્કૂલ વાનની ડિઝાઇન નંદીગ્રામ, ચુરો ફાઉન્ડેશન માટે તથા આરોગ્ય વાન અને મોબાઈલ સ્કૂલવાનની ડિઝાઇન સેવા-રુરલ સંસ્થા માટે કરી. આમ એક નવતર ક્ષેત્રમાં અમે પ્રવેશ્યાં!

**અમારી મૂંઝવણ...**

બાળકોને સમાન તકનું ગુણવતાયુક્ત શિક્ષણ મળે એ તેનો અધિકાર હોવા છતાં, બાળકોએ આ અન્યાય સહન કરવો પડ્યો છે. અલગઅલગ પ્રકારની શિક્ષણવ્યવસ્થાઓ વિકસવાને પરિણામે અસમાનતાનાં મૂળિયાં વધારે ઊંડાં ઊતર્યાં છે. સરકારી નિશાળ એટલે ગરીબોની શાળા-એ પર્યાય બની ગયો છે. અહીંયા મોટેભાગે છેવાડે રહી ગયેલ વંચિત સમુદાયનાં બાળકો જ ભણવા આવે! આર્થિક રીતે સંપન્ન ન હોય તેમનાં બાળકો પણ આવે, શરૂઆતમાં જ્યારે ખાનગી શાળાઓ નહીંવત હતી ત્યારે સરકારી નિશાળોમાં સૌ સમાન ધોરણે ભણતાં હતાં. પરંતુ સરકારે નીમેલાં વિવિધ કમિશનોની ભલામણ છતાં આપણે બધાં જ બાળકો માટે કોમન સ્કૂલની વ્યવસ્થા ઊભી ન કરી!

વંચિત સમુદાય પડકારો રૂપ કેટકેટલા પ્રશ્નોની વચ્ચે જીવી રહ્યો છે, જેની સીધી અસર બાળકોના જીવન પર પડે. કેટકેટલી મૂંઝવણો, પ્રશ્નો, પરિસ્થિતિ અને સંઘર્ષોને લઈને બાળક શાળામાં આવતું હોય છે ! શાળામાં બાળકને કોઈ સાંભળે કે ન સાંભળે, એણે તો શાળાના માળખામાં બંધ બેસવાનું છે ! બાળક પાસે પોતાના અનુભવે જીવેલું જીવન છે, પણ એનો પડઘો પાઠ્યપુસ્તકોમાં દેખાતો નથી. સમગ્ર શિક્ષણવ્યવસ્થા બાળકને સમજી શકતી નથી !

શું હોવું જોઈએ, શું શીખવું જોઈએ-એ તમામ બાબતોમાં બાળકોનો અભિપ્રાય હોય છે ખરો ? એ બધું તો વયસ્કોની કલ્પના પર આધારિત છે ! અને એટલે જ આપણે બનાવેલી શાળાની શિક્ષણવ્યવસ્થામાં બાળકને બંધબેસતું થવા ફરજ પાડી રહ્યાં છીએ; પણ બાળક સાથે બંધ બેસે તેવી નિશાળ બનાવી શક્યાં નથી !

શિક્ષણ એ તો શિક્ષકો અને વ્યવસ્થાતંત્રનું કામ છે એમ ગણીને આપણે ત્યાં શરૂઆતથી તેને સમાજથી વિખૂટું પાડવામાં આવ્યું હતું! શાળાવ્યવસ્થાના ભૌતિક પ્રશ્નો અનેક! સરકારી નિશાળોની પ્રતિષ્ઠા જાણી જોઈને ઘટાડવાનું કામ થયું હોય તેવું લાગે છે. વિદ્યાર્થીઓના પ્રમાણમાં શિક્ષકોની ઘટ, શિક્ષકો પાસે શાળાશિક્ષણ ઉપરાંત કે સિવાયની વિશેષ કામગીરી, શાળામાં ઓરડાઓની ઘટ, શૈક્ષણિક સાધનોની ઘટ, સેનિટેશન અને પીવાના પાણીના પ્રશ્નો, એમાં વળી ત્યાં અભ્યાસ કરતાં બાળકો - વિદ્યાર્થીઓની સહભાગિતા લગભગ શૂન્ય ! શિક્ષણ સાથે જોડાયેલ દરેક હિતધારકોના સ્વસન્માનના સ્તર ક્યાં?

મહત્વનો પ્રશ્ન એ પણ ખરો, કે બાળકોને માહિતીનું શિક્ષણ અપાય છે પરંતુ તેઓના જીવનકૌશલ્યનો વિકાસ થાય, એ સ્વસ્થ નાગરિક બને તેવી કેળવણીને આ વ્યવસ્થામાં સ્થાન છે ખરું? બાળકને કોઈપણ વિભાવના સમજાય કે ન સમજાય; પણ તેને ગોખાવીને પરીક્ષા લેવાની અને બાળકને આગળ ધકેલી દેવાનું ! બાળક પહેલા ધોરણમાં ભણે કારણ કે એને બીજા ધોરણમાં જવાનું છે! આમ, ધોરણ ચઢતાં જવાનાં, પણ આખરે ક્યાં અટકવાનું કે જવાનું એ ખબર નથી.

જોકે અમને એ પણ સમજાયું કે બધાંજ બાળકો માટે અભ્યાસક્રમમાં લવચિકતા નથી, મૌલિકતા નથી. બાળકો સમાજમાંથી શીખીને આવે છે તે બાબતોનું આ શિક્ષણમાં સ્થાન નથી ! મૂલ્યાંકન પણ બીબાંઢાળ રીતે જ થાય. અમને અગત્યનું એ પણ લાગ્યું કે સ્વતંત્રતાને જાણે અવકાશ જ નથી. આ બધા પણ મોટા પડકાર છે. શિક્ષણને નવેસરથી સમજવું જરૂરી છે. અહીંયાં શાળા છે, શિક્ષક છે, બાળક છે, ગણિત છે, ભાષા છે; પણ આમાં બાળપણ ક્યાં ? કદાચ આપણા કવિવર ટાગોરને શાળા એટલે જ કેદખાનું લાગી હશે. તેમણે વર્ષો પહેલાં કહેલી આ વાતને બદલવા આપણે શું કર્યું ?

અમને હાલની શાળા-શિક્ષણવ્યવસ્થાઓની મર્યાદાઓ સમજાઈ. આપણે શિક્ષણને વર્ગખંડોમાં વહેંચી દીધું, બાળકોને લાવીને વર્ગોમાં વહેંચી દીધાં; હકીકતે તો આપણે ક્ષિતિજો દ્વારા રચાતી હદોને પણ દૂર કરવાની છે ! અમાપ-અફાટ-અનંતમાં વિહરતા બાળપણનાં દર્શન આપણે કરવાનાં છે !



બાળપણના વિશ્વની ખોજ બાળકો કરી શકે તે માટે સલામત જગ્યાઓ અને તકોનું સર્જન કરવું.

-પીટર ગ્રે

## પ્રકરણ : ૩

# બાળકો સાથે સહકાર્યની પહેલ

કાર્ય શરૂ કર્યાને બે દાયકા થયા. ત્યારે સંસ્થાના શુભેચ્છકો મિત્રોની ઉપસ્થિતિમાં વિશેષ કાર્યક્રમનું આયોજન કર્યું હતું. તબસ્સુમ, રીના, દક્ષા વગેરે બાળકો જે હવે તરુણો છે. તેઓએ પોતાની વાત કરી. ''આ અમારા બીજા મા-બાપ છે !'' એમના શબ્દો, ના કેવળ શબ્દો નહીં, વિશ્વાસ અને મૈત્રીના મૂલ્યોના પ્રતિકસમા આ શબ્દો સમગ્ર વાતાવરણમાં પડઘાઈ રહ્યા. સાંભળનારા સહુની આંખો ભીંજાઈ ગઈ ! આ લાગણીને શું ગણવી ? વિશ્વાસ - સન્માન-હૂંફ-આદર-સંબંધ-મૈત્રી-પ્રેમ અને કાર્યની સાર્થકતા અમને બાળકોની આ લાગણીઓ દ્વારા અનુભવવા મળી! કેવો ઉચ્ચ બિનશરતી અનુભવ ! જીવનની આ સાર્થક ક્ષણે અમે અને બાળકો સાથે હતાં ! બાળકો જોડે દોસ્તીથી શરૂ થયેલી આ યાત્રા પ્રેમ અને આનંદથી ભરી ભરી ! અઢી દાયકા પછી જ્યારે આ દસ્તાવેજીકરણ થઈ રહ્યું છે ત્યારે બધું યાદ આવી રહ્યું છે !

રાજેશ સાથે શરૂ થયેલ અમારી દોસ્તી સાજના, સુનીતા, સોનલ, સોહિલ, નીતા, વનીતા, દાનજી, જિતુ (પાછો મોટો જિતુ અને નાનો જિતુ) થી લઈને કંઈ કેટલાંય બાળકો સુધી વિકસતી રહી ! દરેકના ચહેરા આજે પણ તાજા તરવરે છે. અમે તેમને સાંભળતાં-સંભાળતાં સાથે રહ્યાં. તેઓ જેવાં હતાં તેવાં પ્રેમથી સ્વીકારીને સાથે ચાલ્યાં. શરૂ કર્યું ત્યારે ખબર ન હતી, પણ બાળકો જ અમને દોરી ગયાં. એવા એક ગમતા પ્લેટફોર્મ તરફ જ્યાં બાળકો હળે-મળે, મઝા કરે, આનંદ કરે, કોઈ શરતો ન હોય, કોઈ બંધન ન હોય, કોઈ વાડા ન હોય. કોઈ રોક-ટોક ન હોય. બસ એક એવી જગ્યા હોય- પોતીકી જગ્યા જેને મન ભરીને માણી શકે અને આ જગ્યા પર એવા યુવાનો હોય, વડીલો હોય જેઓ એમને પોંખે, સત્કારે, પ્રોત્સાહિત કરે, પ્રેમ કરે !



નોબેલ પારિતોષિકથી સન્માનિત ડેસમન્ડ ટુટુએ કહ્યું છે તે જ વાતને જોઈએ તો બાળકોએ અમને તેમની સાથે સહકાર્ય કરવા બોલાવ્યાં જેથી ભલાઈનું, પ્રેમનું, સંભાળનું, સહભાગિતાનું, હાસ્યનું, આનંદનું અને સંવાદિતાનું કાર્ય કરી શકાય.

૧૯૯૪માં ભાવનગર આવ્યાં અને મજૂરી કરતાં બાળકોનો સર્વે શરૂ કર્યો ત્યારે રાજેશ અમને દોરતો હતો. અમને ખબર ન હતી કે આગળ જતાં બાલસેનામાં એ નેતૃત્વ કરશે! સોનલ અમને અનેક સંઘર્ષો વચ્ચે પણ હિંમત ન હારતાં મૂલ્યો સાથે જીવી શકાય તે માટે દોરતી હતી. સોહિલ બાળક તરીકે મજૂરી કરે, ભણવાનું છોડી દીધું. થોડી સમજાવટ પછી ફરી દસમાની પરીક્ષા આપી અને એની ગાડી દોડી એમબીએ સુધી. સાજનાએ અધવચ્ચે અભ્યાસ છોડી દીધો હતો, ફરી દાખલ થઈ, આગળ ભણી એક તબક્કે એનાં માતા-પિતાએ કહ્યું, ''હવે બહુ ભણી લીધું, હવે જરૂર નથી'' ત્યારે તેના નાના ભાઈએ કહ્યું. ''મને ભણાવવો હશે તો બહેન પણ ભણશે જ'' એ પડખે ઊભો રહ્યો. અમે સંઘર્ષ કરીશું પણ તમે સાથે રહેજો, અમારા જેવાં અનેક બાળકો રાહબર બની શકે એમ છે એવું પોતાના દૃષ્ટાંત દ્વારા સાબિત કરતાં જઇ તેઓ અમને દોરતાં હતાં!

દિનેશની કૌટુંબિક સ્થિતિ નબળી. કેન્દ્ર પર આવે ત્યારે ખબર ન હતી કે એ આપણી કઈ રીતે ઝીલશે! ધોરણ આઠથી ખાનગી શાળામાં દાખલ કરાવ્યો, સંઘર્ષ કરીને ભણ્યો, આગળ વધ્યો પણ જયારે ખાનગી શાળામાં દાખલ કરાવ્યો ત્યારે કહેલું કે '' ગમે તે થાય અભ્યાસ છોડીશ નહીં ... તારે તો વિસ્તારનાં બીજાં બાળકો માટે રોલ મોડેલ થવાનું છે.'' અને એણે અક્ષરશઃ તેનું પાલન કરી અમને દોર્યાં..! મનોજ સ્વભાવે જ ઉદ્યોગ સાહસિક. બારમું ધોરણ કરીને વ્યવસાય સંભાળ્યો, નવું નવું કરતો ગયો. સાથે ભાઈ અને બહેનને ભણવા માટે પ્રેરતો રહ્યો. ઘરની પરંપરા બદલી. બહેન અનુસ્નાતક કક્ષા સુધી ભણી. દક્ષાએ ભણવાનું છોડી દીધેલું, પણ અનેક સંઘર્ષો વેઠીનેય પણ દસમાની પરીક્ષા બહારથી આપી. પહેલા પ્રયત્ને પાસ થઈને એમ.એસ.ડબલ્યુ સુધીએ ભણી! કેટકેટલાં બાળકોએ પ્રેરક વાતાવરણ મળતાં જીવનના નવા અધ્યાય લખવાના શરૂ કર્યા!

શરૂઆતમાં વિસ્તારોમાં બાલઘર શરૂ કર્યા, બાળકોની સમિતિઓ બનાવી ત્યારે પણ ખબર ન હતી કે આ સમિતિના બાળસભ્યો ભાવનગર શહેરના બાળકોનું સંગઠન બનાવવા તરફ આપણને દોરી જશે! આમ, બાળકોની સહભાગિતા મૂલ્ય તરીકે વિકસતી રહી.

બાળકો સાથે તાલીમે, શિબિરો ઘણી થઈ, બાળકો એકમેકને હળતાં-મળતાં થયાં, પરંતુ ભાવનગરથી દૂર દરિયાકિનારે આવેલ મસ્તરામધારામાં તે શિબિર યોજાઈ હતી. બાળકોનું સંગઠન કરવું કે કેમ તે લક્ષિત મુદ્દો હતો. ત્રણેક દિવસની શિબિરના અંતે બાળકો પાછા ફર્યાઃ સંગઠનના નિયમો, નામકરણની વિધિ કરીને! એ



દિવસ પણ કેવો ૧૧ સપ્ટેમ્બર, જીવનની અખિલાઈને, મૂલ્યોને જીવી જાણી સૌને પ્રેમમય, અહિંસામય, સૌના ઉદયનો સંદેશો જેમણે આપ્યો તેવા સર્વોદય સંત પૂ. વિનોબાજીનો જન્મદિવસ... જોગાનુજોગ ! અને બાળકોએ એ સંદેશ ઝીલી, બાલસેનાની રચના કરી !બાળપણની નિર્દોષતાને-પ્રેમને લઈ ગાયું : ‘‘કરી સર્વોદય સાચો સમાજ રચશું !’’બાળકોના બાળપણને શોધવાનો અમે પ્રારંભ કર્યો, પણ અમે શીખ્યા કે બાળકો જ બાળકોને અમૂલ્ય ટેકો કરી શકશે, સાચવી શકશે. મોટેરાઓ અને વડીલો એમના પ્રશ્નો - ઉલઝનો વચ્ચે એટલાં ડૂબેલાં છે કે બાળકની વાતોને તેઓ કયારે પ્રાથમિકતા આપશે તે મોટો પ્રશ્ન છે, પરંતુ જો બાળકો એકમેકની સાથે જોડાશે તો કંઈ નહીં તોય તેઓને અહેસાસ તો થશે કે કોઇક તો અમારી સાથે છે!

**બાલસેનાની શરૂઆત**

બાળકોના સંગઠન - બાલસેનાના પ્રથમ અધ્યક્ષ તરીકે રાજેશને બાળકોએ સર્વોનુમતે પસંદ કર્યો, બાળકોએ એની વિકલાંગતાને બાજુ પર મૂકી એના સામર્થ્યમાં-નેતૃત્વમાં વિશ્વાસ મૂક્યો ! અમે શીખ્યાં કે બાળકો જેવાં છે તેવાં પ્રથમ તેમનો સ્વીકાર કરો. બાળકોએ તો ઉદાહરણ પૂરું પાડી દીધું કે તેમને મન બધાં બાળકો સરખાં છે, આપણે આ બાળપણને ન સમજી શક્યાં એટલે વર્ગ પાડ્યા અને પછી ‘Inclusive education’ની વાત કરવી પડી ! આ માટે અમારે કે અન્ય બાળકોએ અનામત ન રાખવી પડી ! બાળકોનું પોતાનું સ્વશાસન કે જ્યાં દરેક માટે તકની સમાનતા ! સંગઠનના નિયમો બાળકોએ બનાવ્યા! દરેક ટીમના કેપ્ટન-વાઇસકેપ્ટન, કોરગૃપ સભ્યની ચૂંટણીના નિયમો બાળકોએ બનાવ્યા ! કાર્યપદ્ધતિ અને પ્રવૃત્તિના માર્ગદર્શક સિદ્ધાંતો બાળકોએ બનાવ્યા!

બાલઘરનાં બાળકો, મ્યુનિસિપલ શાળાનાં બાળકો, ખાનગી શાળાનાં બાળકો વચ્ચે સંગઠન દ્વારા દોસ્તીનો અધ્યાય શરૂ થયો. એકતા અને સમાનતાનાં મૂલ્યોના પાયા પર. જેન્ડરનું બેલેન્સ બાળકોએ આપોઆપ કરી બતાવ્યું, કોઇપણ પ્રકારની અનામત વગર. આજે દેશની સંસદમાં ૩૩% મહિલા અનામત માટે સંઘર્ષ કરવો પડે છે ત્યારે આ નાનાં બાળકોએ રાહ બતાવ્યો - સહજતાથી આ મુદ્દાને સ્વીકારીને... પરિણામે, જો કેપ્ટન ભાઇ હોય તો વાઇસકેપ્ટન તરીકે બહેન જ હોય ! મહત્ત્વ હોદ્દાનું નથી પરંતુ પરસ્પરના આદર સાથે નેતૃત્વ કરવું અને બધાંની સાથે કદમતાલ મેળવવાનું છે !

બાલસેના-સંગઠન અંગેની પ્રક્રિયા ૧૯૯૫–૯૬ થી શરૂ થઈ હતી પરંતુ બાળકોએ તેનું વૈધાનિક સ્વરૂપ આપ્યું વર્ષ ૨૦૦૩માં..! વિચારને પરિપકવ થતાં આઠ વર્ષ લાગ્યાં કે આપ્યા ! આ એક પ્રક્રિયા હતી-સૌનું સાથે હોવું અનિવાર્ય... વિચારને આત્મસાત કરે- સમજે એ માટે તેમની ગતિ સાથે કદમ મેળવવાં જ પડે !



બાલસેનાની રચના થઈ અને તેનો વિધિવત્ પ્રારંભ કર્યો ૧૨ જાન્યુઆરી ૨૦૦૩, ના રોજ સ્વામી વિવેકાનંદ જન્મ જયંતિના દિવસે; બાળઅધિકારોના પ્રચાર-પ્રસારના વિશિષ્ટ બાળમેળા સાથે. રાષ્ટ્રસંઘમાં આપણા દેશ વતી બાળઅધિકારના ખતપત્ર પર સહી કરી કરોડો બાળકના હિતની રખેવાળી કરનાર પ્રેરણામૂર્તિ શ્રી ઈલાબહેન ભટ્ટના સાંનિધ્યમાં બાલસેનાનું ઉદ્ઘાટન થયું. શ્રી ઈલાબહેનના હસ્તે બાલસેનાંને એમનો અનોખો ધ્વજ અર્પણ થયો. સેનાગીત તરીકે, 'ભલે નાનાં નાનાં બાળ અમે મોટાં થશું ને જગ દોરશું' પ્રસ્થાપિત થયું. સેનાધ્યક્ષ તરીકે કુંભારવાડાના રાજેશની અને ઉપાધ્યક્ષ તરીકે સાજના અને સુનીતાની વરણી થઈ. આમ, એક નવા અધ્યાયનો આરંભ થયો. આ નિમિત્તે યોજાયેલ કાર્યક્રમમાં જાણીતા બાળસાહિત્યકાર અને ચિંતક શ્રી યશવન્તભાઈ મહેતા, નૂતન બાળશિક્ષણ સંઘના શ્રી જયંતભાઈ શુકલ, સૌના 'બાપુજી' એવા શ્રી પરાગજી પટેલ તથા દક્ષિણામૂર્તિનાં શ્રી વિમુબહેન બધેકાએ ઉપસ્થિત રહી આશીર્વચન આપ્યાં હતાં.




આ પ્રસંગે ઉપસ્થિત બાળકો ઉપરાંત ગુજરાતની વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓએ, બાલસેના સંગઠનની વાતને વધાવી લીધી હતી ! આમ, ભાવનગરના આંગણે શ્રી નાનાભાઈ, શ્રી ગિજુભાઈ અને શ્રી હરભાઈ જેવા ખ્યાત કેળવણીકારોએ સેવેલા સ્વપ્નાની દિશામાં બાળકોનું પોતાનું સ્વાયત્ત સંગઠન એ નૂતન પરંપરામાં નવીન ઉદાહરણ હતું.

બાળપણની શોધયાત્રા નૂતન કેડીએ આગળ વધી. બાળકો સાથે મર્યાદિત સમજણથી કાર્ય કરવાને બદલે વ્યાપક અર્થો અને એના વિસ્તરણને દષ્ટિ સમક્ષ રાખી, આગળ વધતાં રહેવાનું અમે શીખ્યાં ! બાળકોને મજૂરીમાંથી છોડાવવાથી કામ પૂરું થતું નથી, બાળકને શાળામાં મોકલવાથી કામ પૂરું થતું નથી, બાળક સાથે સતત તેની રાહબરીમાં સાથે ચાલવાનું મહત્ત્વનું છે. એક તર્કપૂર્ણ અંત સુધી આપણે સાથે રહેવાનું છે. બાળપણને એમનો સ્વીકાર, આદર અને ઓળખ જોઈએ છે, તે વાત આ સંગઠનની પ્રક્રિયામાંથી સમજી શકયાં !

## બાળકોનું બિનશરતી પ્લેટફોર્મ

બાળકો સાથે વાત કરવાના ખૂબ મર્યાદિત ખ્યાલો આપણી પાસે છે. બાળક સાથે વાત કરીએ ત્યારે, તું આમ કર આમ ના કર, ભણવા બેસ, સમય ન બગાડ, મોટા થઈને શું બનવું છે ? એમાં પૈસા કમાવાનો સ્કોપ કેટલો છે, બહુ ભણ્યા હવે કામ ધંધે લાગી જા તો ઘરમાં બે પૈસા આવતા થાય, રખડવાનું બંધ કર, ઘરમાં બેસ જેવા ઉપદેશોનો પાર ન હોય ! પણ બાળકને ઘણી વાતો કરવી હોય છે. એમને ધ્યાનથી સાંભળનાર છે કોણ ? ઉપદેશો સિવાય દિલથી અમથા - અમથા એમની સાથે મૈત્રી કરનાર કોણ છે ? એમાંય શહેરીકરણ અને આધુનિક ટેકનોલોજીના બેફામ ઉપયોગે બાળપણને જીવવા માટેના મોટાભાગનાં દ્વાર બંધ કરી દીધાં છે ! બાળકે તો શહેરીકરણ, વ્યાપારીકરણ અને વૈશ્વિકરણના નેતૃત્વ હેઠળ જ જીવવું પડે ! કારણ કે વડીલોને તો એમાં જ બાળકોનું ભવિષ્ય સલામત લાગે !

શહેરીકરણ બાળકની સ્વતંત્રતા-મુકતતાંને છીનવી લે છે. આધુનિક ભૌતિક-સગવડોના અતિરેક વચ્ચે અરસપરસ લોકો વચ્ચે વિશ્વાસની ખાઈ ખૂબ મોટી થતી ગઈ છે અને તેથી જ બાળકની સલામતી કેટલી એ ભય વચ્ચે બાળક શાળા-ઘરમાં કેદ છે ! અરે, વંચિત બાળકોનાં મા-બાપ બાળકને કામે એટલા માટે મોકલે છે કે ત્યાં જવાથી એટલા કલાક એ સલામત રહેશે ! એને શોધવું નહીં પડે ! રસ્તે રખડશે તો કયાંક કોઈ સાથે ઝઘડો કરી બેસે ! કેવી-કેવી વિડંબનાઓ છે !

બાળકના વિકાસના નામે પ્રવૃત્તિઓનો વ્યાપ વધ્યો છે. અમારું બાળક વિકાસથી વંચિત ન રહી જાય એના માટે એક વર્ગમાંથી બીજા વર્ગમાં આખો દિવસની દોડધામ હોય ! પણ એ પ્રવૃત્તિ પછી એનું સામાજિકરણ થતું રહે, ડર વગર કે મોકળાશ સાથે એની ગુંજાઈશ કેટલી ?

એટલે બાળકો એકબીજાને અમથાં-અમથાં પણ મળે, પ્રેમથી ગળે લગાવે કે પછી ઈચ્છા પ્રમાણેની પ્રવૃત્તિમાં જોડાય કે મૈત્રી વિકસાવવાની મોકળાશ મળે - તેવું કંઈક કરવું એ અમે બાળકોની સાથે રહીને શીખ્યાં ! એક એવું પ્લેટફોર્મ જ્યાં બાળકો પોતાની મરજીથી જાતે શીખવાની તત્પરતાથી મઝા-આનંદ કરતાં કરતાં કોઈ શરતો વગર મળતાં રહે તે જરૂરી જ નહીં, બલ્કે અનિવાર્ય છે તેવું અમે સમજયાં ! એ પ્લેટફોર્મ પર પ્રવૃત્તિ કરે યા ના કરે, વાતો કરે કે પછી શીખે કે શીખવાડે; પણ સહજપણે એકમેકની સાથે જોડાવાની તક મળે તે જરૂરી છે. આમ, અમે બાળકોના સંગઠનની દિશામાં બાળકો સાથે આગળ વધતા રહ્યાં ! બાલસેના એટલે બાળકોની પોતાની Open Learning Space. બાલસેના એટલે જીવનશિક્ષણનું આગવું અને નાવીન્યપૂર્ણ સ્વરૂપ.

અમે જે વિસ્તારોમાં કામ કરતાં હતાં, ત્યાં અનેક પ્રકારના પ્રશ્નો. એમાં વળી, માતા-પિતા રોજબરોજના સંઘર્ષમાં વ્યસ્ત હોય. બાળકોની કાળજી કેવી રીતે લેવાય ? અમે વિસ્તારોમાં બાલઘર શરૂ કર્યાં કે શાળાઓમાં કામ શરૂ કર્યું તેનાથીય વિશેષ આ બાળકોને માટે વિકલ્પોની પસંદગી વિસ્તારમાં ઘર આંગણે ઊભી થાય તેમજ 'મારું કોઇક છે' એવો ભરોસો ઊભો થાય તે પણ અત્યંત મહત્ત્વનું લાગ્યું હતું.

વિસ્તારમાં જયારે માતા-પિતા વ્યસ્ત હોય, અન્ય વિકલ્પો ન હોય ત્યારે બાળકો એકમેકની સાથે રહે અને એકબીજાને ટેકો કરી, સંબંધોનું વિશ્વ વિકસાવે તો જીવનની નકારાત્મક બાબતોથી બાળકો દૂર રહી શકે. એટલું જ નહીં, એકબીજાંના સહયોગથી પોતાનાં સપનાંઓ સાકાર કરવા તરફ આગળ વધી શકે. બાળકો જ એકબીજાની સાથે રહે - સહજીવન તરફ અગ્રેસર થાય તે વાત અમને આ અનુભવે ખૂબ જ ઉપયોગી લાગી છે.

આમ, અમે ખુલ્લામાં ફળિયાઓમાં કામ શરૂ કર્યું. ફળિયામાં મુક્ત થઈને રમતાં, ઝઘડતાં, મૈત્રી દ્વારા સહજીવન જીવતાં બાળપણને શહેરીકરણ અને આધુનિકતાએ છીનવી લીધું છે. ફળિયાસંસ્કૃતિ,પડોશી મારા સાથી-સંબંધી એ પુનઃ તાજું થાય એ મહત્ત્વનું લાગે છે. દીવાલોની બહાર રમતું-ધબકતું બાળપણ એટલે બાલસેના !

બાળક જે સમાજમાં રહે છે, શીખે છે  સ્વંય શીખતું રહે છે તે પણ તેના જીવનને ઘડે છે એટલે શાળાની બહારના શિક્ષણને જયાં સ્વંય શીખવાની ગુંજાઇશ છે તે પ્રક્રિયાને  બાલસેના મહત્ત્વપૂર્ણ માને છે. આમ, અખિલ વિશ્વ બાલસેનાની શાળા છે, જયાં દીવાલો નથી, અભ્યાસ ક્રમ નથી,  સ્પર્ધા નથી, જયાં પરસ્પર સહજીવન છે તેવા કેળવણીમૂલ્ય પર બાલસેના ઊભી છે.

બાલસેનાનાં બાળકો સાથે દર અઠવડિએ તેઓના ઘરઆંગણે સંસ્થાના કાર્યકર મુલાકાત લઈ બાળકોની સાથે, તેમના જ નેતૃત્વમાં પ્રવૃત્તિઓ કરે, તેમાં શિક્ષણ ઉપરાંત જીવનકૌશલ્ય, રમતગમત, મૈત્રીની રમતો, પુસ્તકાલય કે સર્જનાત્મક પ્રવૃત્તિઓથી લઈને ફિલ્મ શો, પર્યાવરણ, પ્રોજેકટ કાર્ય, શ્રમયજ્ઞ, વ્યસનમુકિત, આરોગ્ય જેવા મુદ્દાઓથી બાળઅધિકારો, શિક્ષણના અધિકાર, સલામતી, કિશોરાવસ્થાના શારીરિક - માનસિક અને ભાવનાત્મક ફેરફારો અંગે, વિસ્તારના પ્રશ્નો અંગે તેમજ મૈત્રી અને સહજીવન જેવા અનેકવિધ મુદ્દાઓ આધારિત પ્રવૃત્તિઓ અને કાર્ય કરાવવામાં આવે છે. આ ઉપરાંત કરકસરનું મૂલ્ય તથા આત્મસન્માન વિકસે તે  માટે બચતપ્રવૃત્તિનું કાર્ય પણ નિયમિતપણે થતું રહે છે.



લગભગ દર અઠવાડિયે - પંદર દિવસે બાળકોની અલગ અલગ ટીમોની, ક્યારેક સંયુક્ત ટીમોની, જીવનકૌશલ્યો જેવાં કે સ્વની ઓળખ, કમ્યુનિકેશન, ટીમ બિલ્ડિંગ, લીડરશિપ કે પછી પત્રલેખન, બેંકિંગ, જીવનવ્યવહારો અંગે, બાળઅધિકારો, બાળકોની સમસ્યાઓ અંગે, સંશોધન કઈ રીતે કરવું કે પછી અભ્યાસ માટેની સજજતા કેવી રીતે કેળવવી જેવા અનેકવિધ મુદ્દાઓ પર સંસ્થાના કાર્યકરો દ્વારા કે પછી બહારના નિષ્ણાતોની મદદથી તાલીમ શિબિરો યોજાતી રહે. ઘણી ટીમો ભેગી થઈને કાર્યક્રમ તેમજ પ્રવાસ-પર્યટન યોજવામાં આવતાં હોય છે.

દરેક વિસ્તારમાં જયાં બાળકો મળે છે તે જગ્યાએ ટીમના કેપ્ટન, વાઇસ કેપ્ટન કે કોરગ્રૂપનાં બધાં બાળ સભ્યો સાથે મીટિંગ કરે, આગામી આયોજનની ચર્ચા કરે, કેટલાક કાર્યક્રમ તેઓ જ વિચારે અને એ મુજબ અમલ કરે. આમ, કામની પહેલ કરવી, નેતૃત્વ અને જવાબદારી લેવાના ગુણ વિકસતા જાય, વિસ્તારના પ્રશ્નોની ચર્ચા થાય. એ માટે કોની મદદ લેવી તે વિચારે, તેમને મળે. આમ, લોકોમાં પણ તેઓની સ્વીકૃતિ થતી જાય છે.

લગભગ દર મહિને પહેલા રવિવારે બાલસેના કાઉન્સિલની મીટિંગ યોજાય, જેમાં દરેક ટીમના કેપ્ટન, વાઈસ કેપ્ટન અને કોરગૃપના સભ્યો જોડાય, બાલસેનાના અધ્યક્ષ કે ઉપાધ્યક્ષ મીટિંગનું સંચાલન કરે. આમ, બાળકો મીટિંગ-મીટિંગ રમે ! આ બાળકોએ આવી તો કેટલીય મીટિંગ કરી હશે !

દૃષ્ટિ બાલસેનામાં જોડાઈ અને એની અંદરનું તત્ત્વ વિકસતું રહ્યું. ઘણા સંઘર્ષોની વચ્ચે અભ્યાસ જારી રાખ્યો. સાચી વાત સમજાય અને કુટુંબમાં એના સંદર્ભમાં ફેરફાર કરાવે, ખોટી માન્યતાઓ તોડે ! દૃષ્ટિ પછી તો બી.બી.એ અને એમ.એસ.ડબલ્યુ કર્યું... બી.બી.એ.માં ભણવામાં આવે મીટિંગ અને મિનિટસ્. તેની વાત કરતાં દ્રષ્ટિ કહે, ''બધાંને નવું લાગે પણ મને તો ખબર હતી કે એજન્ડા કોને કહેવાય, મીટિંગ કેવી રીતે થાય, મીટિંગની નોંધ કેમ લખાય. આપણે તો કેટલીય મીટિંગ કરીયે !'' હા, એ ખરું કે બાલસેનાનાં બાળકોએ અસંખ્ય મીટિંગ કરી હશે. માતા-પિતા કેટલી મીટીંગમાં ગયાં હશે કે તેના વિષે જાણતાં હશે તે ખબર નથી; પણ આ બાળકો તો મીટિંગ છે એટલે ક્યારેક ચાલીને, સાઈકલ લઈને કે બસમાં શૈશવની ઓફિસ પર પહોંચી જાય ! મીટિંગનું એમને ઘણું મહત્ત્વ ! કેટકેટલે દૂરથી પણ આવે !





આમ, બાલસેના એ વ્યાપક કેળવણીનો પર્યાય છે. 'સીડીઇએફ' બાલસેનાના પાયામાં છે. ચાર અંગ્રેજી મૂળાક્ષરોની ગૂંથણી છે. **સી** (Citizenship/Community) એટલે નાગરિકત્વ અને પારસ્પારિક સમૂહજીવન, **ડી** (Development/Democracy) એટલે સૌના સંવર્ધનનો ખ્યાલ રાખીને થતો વિકાસ, જયાં લોકશાહીમૂલ્ય મજબૂત હોય, **ઈ** (Education/Empowerment) કેળવણીસામર્થ્ય વિકસાવે અને અન્ય માટે સમાનુભૂતિ સાથે યોગદાન કરે અને **એફ** (Friendship /Fun) એટલે બધું જ થતું હોય જેમાંથી આનંદ મળતો હોય, નિજાનંદનો ઉત્સવ-આનંદમૈત્રીમાં વિસ્તરતો હોય... આ મુદ્દાઓને ધ્યાનમાં રાખીને બાલસેના સાથેનાં કાર્યો ગોઠવાતાં રહ્યાં છે. નવું-નવું શીખતાં - શીખવતાં બાળકો આગળ વધી રહ્યાં છે.

## સર્કલ પોઈન્ટ - બગીચામાં ઊગ્યું બાળપણ

અમે એક નવો પ્રયોગ કર્યો. શહેરમાં બાગ-બગીચાઓ હોય ! ભાવનગરમાં થોડા-થોડા અંતરે નાના બગીચા લગભગ પાંચ–છ રસ્તાઓનું મિલન થાય ત્યાં સેન્ટરમાં હોય. મહિલા કોલેજ સર્કલ, ઘોઘા સર્કલ, સરદારનગર સર્કલ, ભરતનગર, શાસ્ત્રીનગર, નીલમબાગ.... અહીંયાં સાંજના સમયે આબાલવૃદ્ધો ભેગાં થાય, ખાણીપીણી પણ હોય... આઈસ્ક્રીમ પ્યાલી પણ હોય. અલગઅલગ બાળકો આવે, મઝા કરે અને એમ જ છૂટા પડે. અમને બધાંને થયું કે આ બગીચામાં રમવા આવતાં બાળકો એકબીજાને કેટલું ઓળખતાં હશે ? એક પ્લેટફોર્મ પર ભેગાં થઈ પ્રવૃત્તિ કરવાની હોય તો તેઓ ભેગાં થાય ? નાત-જાત-ધર્મના ભેદભાવ ભૂલી, એક થવાનું એ કુદરતી વાતાવરણમાં થાય તો કેવું સારું! એમાંથી શરૂ થયો અમારો કાર્યક્રમ-બાળપ્રવૃતિ આપને આંગણે - સર્કલ પોઈન્ટ એક્ટિવીટી પ્રોગ્રામ ! મોબાઈલ સ્કૂલ વાન મ્યુનિસિપલ શાળામાંથી સાંજે પાંચ વાગ્યા પછી મુક્ત થાય. આ જ મોબાઈલ વાન પાંચથી આઠ સુધી જુદાં-જુદાં સર્કલ પર સમયપત્રક મુજબ દર અઠવાડિયે જાય... બગીચામાં એકત્ર થયેલ બાળકો સાથે અનેકવિધ પ્રવૃતિ થાય, પ્રદર્શનો યોજાય, પુસ્તકાલય હોય, ફિલ્મો બતાવાય...



આ કાર્યક્રમના ભાગરૂપે શહેરના બાળપ્રેમી પ્રતિષ્ઠિત નાગરિકો ઉષાબહેન, શામજીદાદા, પ્રેમશંકરદાદા, અરુણભાઈ, સ્વામીશ્રી ત્યાગવૈરાગ્યાનંદજી વગેરેએ ૨૨ ડિસેમ્બર ૨૦૦૨ ના રોજ એક પછી એક સર્કલ પર આ કાર્યક્રમનું ઉદ્‌ઘાટન કર્યું. એ સર્કલની આસપાસના વિસ્તારમાં, ઘરો-ફ્લેટોમાં અમે અગાઉથી પત્રિકાવિતરણ કર્યું હતું. સાંજના કુદરતી વાતાવરણમાં બાળકોને પોતાના બાળપણને માણવાનો નવો અર્થ અહીંયાં સમૂહમાં મળી રહ્યો હતો. નૂતન પ્રયાસ બાળકોને જોડવાનો. મારું કુટુંબ - મારી શાળાના મર્યાદિત પરિચિત વર્તુળની બહાર મૈત્રીનો અધ્યાય. પણ બે-ત્રણ સર્કલોને બાદ કરતાં અન્ય જગ્યાએ અમે નિષ્ફળ ગયાં ! એ સર્કલ તો જાણે ખાણીપીણીનું વિશ્વ. બાળકો ઘણાં આવે પરંતુ બગીચામાં પોતાની ચાર દીવાલોની વચ્ચે રહે, બહાર ન નીકળે, સમૂહમાં ન આવે ! આમ સૌનું એ કોઈનું નહીં. સાર્વજનિક જગ્યામાં બાળપણની પ્રતિષ્ઠા ન કરી શકવાનો અફસોસ છે. બાળકો કેટલાં ખંડિત છે, જાતભાતના ચોકઠાઓમાં કેદ છે એ વરવી હકીકત અમે સમજી શક્યા, અપાર શક્યતાઓ ધરાવતી હોવા છતાં સર્કલ પોઈન્ટની પ્રવૃતિ કેટલાંક સર્કલો પરથી અમે સંકેલી લીધી ! જોકે, ભાવનગરના છેવાડાના વિસ્તારોમાં અને અન્ય શાળાઓમાં બાલસેનાનું કાર્ય વિસ્તરતું રહ્યું.




## તું અને હું દોસ્ત દે તાલ્લી !

એ વિસ્તારમાં કોમી તંગદિલીની અસર થઈ હતી. અહીંયાં દર અઠવાડિયે સાંજે બાળકો ભેગાં થાય, અમારી મોબાઇલવાન અને ટીમ આવે... પણ કોમી તંગદિલીની અસરને લીધે બે-ત્રણ અઠવાડિયાં બાળકો આવ્યાં જ નહીં... પછી એક કોમનાં બાળકો આવ્યાં, બીજી કોમનાં બાળકો દૂરથી જુએ પણ આવે નહીં. પ્રવૃત્તિ કરતાં બાળકો પણ તેમને 'અમુક બાળકો' તરીકે જ જુએ ! શું કરવું ? કાર્યકરોને થાય કે તત્કાળ બધાંને વાત કરીએ. બધાં ભેગાં ન થાય તો પ્રવૃત્તિઓ નહીં કરવાની. સંસ્થામાં આવી કંઈક ચર્ચા થઈ... મોટાંઓએ ઊભી કરેલી તંગદિલીનો ભોગ બાળક બને છે, જેમનો વાંક નથી. કશું વિશેષ કરવાને બદલે જે બાળકો આવે છે તેમની સાથે પ્રવૃત્તિ ચાલુ રાખો. પેલાં બાળકો પ્રતિ આપણે સ્માઇલ કરતાં રહીએ, પણ તેઓ આવે જ એવો દુરાગ્રહ ન સેવીએ. બાળકો સમય જતાં સહજતાથી મળતાં થાય તે માટે આપણે ધીરજ ધરીએ. તેને વધુ પડતા આગ્રહો દ્વારા વિશિષ્ટ બનાવી ''આ કોમના આ છે'' એવું લેબલ લગાવવું નથી. બાળકએ બાળક છે. કસોટી હતી પણ બાળકોએ અમને સાચવી લીધા... થોડા સમયમાં જ તેઓ સાથે રમતાં થઈ ગયાં !મૂળ કામ તો બાળકોને સાતત્યપૂર્ણ રીતે શાંતિ અને સમાનતા તરફ અગ્રેસર કરવાનું છે.

આ જ વિસ્તારમાં એક બાળક પતંગના દિવસોમાં ધાબા પરથી પડ્યો ત્યારે આ બાળકોનો સમૂહ પોતાના પૈસા ભેગા કરી, તેના માટે હોસ્પિટલમાં ફળો અને દવાઓ લઈ પહોંચી ગયો. વારાફરતી હોસ્પિટલ જઈને એ કુટુંબની દોડધામમાં મદદ કરે અને બાળકને આશ્વાસન આપે, હિંમત આપે :''તું અને હું દોસ્ત ! દે તાલ્લી ! તને સારું થઈ જશે. આપણે તો ભેગાં થઈ ફરી રમવાનાં !''

બાલસેનાની ફૂલસર ટીમનાં બાળકોએ નાતાલપર્વની ઉજવણીનું આયોજન કર્યુ હતું. કાર્યક્રમ પૂરો થયા પછી બધાંએ એકત્ર કરેલ સ્વૈચ્છિક રકમમાંથી થોડા પૈસા વધ્યા. શું બધાને પરત કરી દઈએ ? ફરી કોઈ કાર્યક્રમમાં એનો ઉપયોગ કરીશું ? ચર્ચા થઈ... અને એમાંથી નવી વાત ઊગી... આપણે એવું કરીએ કે નિશાળમાં જઈ સૌથી જરુરીયાતવાળાં બાળકો કોણ છે એની તપાસ કરી, નાનકડો ટેકો કરીએ તો કેવું ! અને ટીમનાં કેપ્ટન દષ્ટિબહેનની આગેવાની હેઠળ બાળકોએ નિશાળમાં જઈને વાત કરી. આચાર્યશ્રીએ તેને અનુમોદન આપ્યું.

આગળ વધીએ અને બીજાને પણ સાથે લઇને ચાલીએ ! કંઈક કરી છૂટવાની ભાવના આમ જ સૌને સ્ફુરતી હશેને ? બાળકોમાં સમાજને મદદરૂપ થવાની જવાબદારી વિકસી રહી છે. એમને તેનો આનંદ અને ગૌરવ છે.

એક દિવસ દક્ષાદીને કોઈકનો કિંમતી મોબાઇલ મળી આવ્યો. તે લઈને ઘરે પહોંચી, મોબાઇલ કોનો હશે? કેવી રીતે પહોંચાડીશ ? અડોશપડોશ અને ઘરના કેટલાંક લલચાઈ ગયા... 'રાખી લઇએ!' પણ દક્ષા મક્કમ.. ! ઘરેથી મોબાઇલ લઈ સંસ્થાના કાર્યકરને આપ્યો ને કહ્યું, ''મને રસ્તામાંથી જડ્યો છે, કોનો છે એ શોધી આપોને ? ઝડપથી આપી દઈએ! ''

થોડી મથામણી પછી, મૂળ માલિક મળી આવ્યા. એમને બોલાવી, ખાત્રી કરીને મોબાઇલ પરત કર્યો. એ ભાઈ સમગ્ર વાત સાંભળીને અત્યંત રાજી થઈ દક્ષાને બક્ષિશ આપવા લાગ્યા... 'મારાથી લેવાય જ નહીં, મે તો મારી ફરજ બજાવી છે ! ' દક્ષા ખેડૂતવાસમાં રહે. દક્ષા નાની પણ એની જવાબદારી અને મૂલ્યો પ્રત્યેની નિષ્ઠા ખૂબ મોટી ! વંચિત બાળકોના વિકાસ માટે કંઈક કરી છૂટવાની ભાવના એના દરેક કાર્યમાં દેખાય. બાલસેનાની અધ્યક્ષ તરીકેની જવાબદારી એ નિભાવી ચૂકી છે. હવે તરુણસેનાની જવાબદારી સંભાળે છે; ઉપરાંત સંસ્થાના કાર્યકર તરીકે પણ કાર્ય કરે છે.

આમ, આવા અનુભવો બાલસેનાનાં મૂલ્યોને વધુને વધુ ઊજળાં બનાવી રહ્યાં છે તેનો આનંદ છે. બાળકો લગભગ દર વર્ષે અલગ અલગ સંસ્થાઓની મુલાકાત લઈ દીવાલ વગરની દુનિયાને જુએ-સમજે, તે વિસ્તારનાં બાળકો સાથે મૈત્રી કરે... આ નિરંતર પ્રવાસોમાં જોડાતાં બાળકો દરેક સ્થિતિને કેવી દૃષ્ટિથી જોતાં હોય છે... એકવાર અહીંથી બાળકોની ટીમ ગણતર સંસ્થાની મુલાકાતે પાટડી ગઈ. ત્યાંથી રણ વિસ્તારમાં ચાલતી શાળાએ ગઈ અને ત્યાં રહેતાં કુંટુબોની મુલાકાત લઈને પાછી આવી રહી હતી. બસની બેઠકમાં પારૂલબેનની સાથે મ્યુનિસિપલ શાળામાં ભણતો જગદીશ હતો. પારૂલબેનના હાથમાં દિલીપભાઈ રાણપુરાનું, અગરિયાઓના જીવન પર લખાયેલું પુસ્તક 'કાળી મજૂરી ધોળું લોહી'હતું. જગદીશ ઘડીકમાં પુસ્તકમાં નજર કરે, ઘડીકમાં પારૂલબહેનને જૂએ... એના મનમાં કેટકેટલા પ્રશ્નો ઊઠી રહ્યા હતા. મહેમાનોએ કંઈક પૂછ્યું અને જવાબમાં જગદીશ બોલી ઊઠયો, ''અમારે તો ઘણું સારું બે દીએ પાણી તો મળે! ત્યાં પાટડીમાં-રણમાં અઠવાડિયે એક જ વાર પાણીનું ટેન્કર આવે... કેટલી બધી મુશ્કેલીઓ પડે..!'' અને પછી જે ગાંઠ મારેલી તેની વાત કરતાં બોલ્યો, ''આપણે તો પાણીની ફરિયાદ હવે કરવાની જ ના હોય !'' કેવી અદ્ભુત સમજણ! નિસ્બત આમ જ બનતી હશે.

બાળકો નવી વાતોને સ્વીકારવા તત્પર હોય, ફ્લેક્સિબલ પણ ખૂબ. પરિણામે નવા-નવા મુદ્દાઓને રોજ બરોજના કાર્યમાં સાથે ગૂંથવામાં અનુકુળતા રહેતી, કદાચ આ જ તો બાળકોની સ્ટ્રેન્થ છે. ખુલ્લા મનના નવા વિચારો-આઈડિયાને સ્વીકારવા તેઓ તત્પર હોય છે.

**નાગરિક નિસ્બત**

બાલસેના લોકશાહી મૂલ્યો શીખતી-શીખવાડતી આગળ વધી રહી છે. બાલસેનામાં થતી ચૂંટણી અનોખી છે. શરૂઆતમાં ત્રણ વર્ષ દરેક ટીમોમાં કેપ્ટન, વાઇસ કેપ્ટન અને કોરગ્રૂપસભ્ય માટે ગુપ્ત મતદાન બેલેટ પેપર દ્વારા ચૂંટણીઓ થઈ, પરંતુ આ તો બાળકોના સહભાગિતાના અધિકારના પાયા પર ઊભું થયેલું સંગઠન! પોતાના કામનાં લેખાંજોખાં કરે. નવું શીખવાનું અને એનાથી જો મૂલ્યો વધુ શક્તિશાળી થતાં હોય



તો અપનાવવા માટે ખુલ્લાપણું ! એકવાર બાલસેનામાંથી મનોજ સંસ્થાનાં નિયામક પારૂલબહેન અને કાર્યકર નેહલભાઈ બેંગ્લોરસ્થિત બાળકોની સંસ્થા 'કન્સર્ન ફોર વર્કિંગ ચિલ્ડ્રન' દ્વારા ''બાળકોની સહભાગિતા''ના મુદ્દે આયોજિત તાલીમમાં ગયો હતો. ત્યાંથી ગુણાંક આધારિત ચૂંટણી પદ્ધતિ વિષે સમજયા બાદ તેને થયું કે વિચારવા જેવું છે. બાલસેના કાઉન્સિલમાં મનોજે આવીને વાત કરી, બધાંને થયું કે વાત યોગ્ય છે.  હવે આપણે આપણી ચૂંટણી આ રીતે કરીશું. કેટલીક નેતૃત્ત્વ તાલીમ-શિબિરોમાં ચર્ચાઓ ચાલી. એમાંથી લોકશાહીના અર્થને વધુ અર્થપૂર્ણ બનાવતી પદ્ધતિ ચૂંટણી માટે નક્કી કરી. બાળકોએ નિયમો બનાવ્યા.



પહેલી ચૂંટણીથી જ જેન્ડર બેલેન્સ તો પાકું જ કર્યું હતું. બાલસંગઠનની અલગ અલગ ટીમો છે, જુદા-જુદા વિસ્તારોમાં અને શાળાઓમાં, દર વર્ષે ટીમના કેપ્ટન,વાઇસકેપ્ટન અને બે કોરગ્રૂપ સભ્ય મળીને ચાર બાળકોને ચૂંટવામાં આવે. જે બાળકો ઉમેદવારી કરે તેઓ પોતાની રજૂઆત કરે. પછી, ટીમના બધાં જ બાળકો જૂથમાં વહેંચાઈ, ઉમેદવાર બાળકોને નક્કી કરેલ માપદંડ મુજબ ૧૦માંથી માર્ક આપે. આ અંગે ચર્ચા

થાય. જે બાળકોને વધુ માર્ક મળે તે ચૂંટાય. આ બધા જ ચૂંટાયેલા કેપ્ટન, વાઇસકેપ્ટન અને કોરગ્રૂપસભ્યો દ્વારા કાઉન્સિલ બને અને કાઉન્સિલના અધ્યક્ષ-ઉપાધ્યક્ષની ચૂંટણી પણ આ જ રીતે માપદંડ આધારિત ખુલ્લામાં થાય ! કોઈ અનામત નહીં, પણ છોકરો-છોકરી બન્નેને સમાન તક, નેતૃત્વમાં બન્નેનો સરખો હિસ્સો... અને બાળકોએ કોઈ હોહા કર્યા વગર કરી બતાવ્યું ! કાઉન્સિલમાં બન્નેનું સમાન પ્રમાણ, પરંતુ નેતૃત્વ કોણ કરે તેનો નિર્ણય તો બાળકો કોઈપણ પ્રકારના પૂર્વગ્રહો, પરંપરાઓ કે ભેદભાવ વિના કરી બતાવે.... ૨૦૦૩ થી ૨૦૧૯ સુધીમાં ૧૬ ચૂંટણીઓ થઈ. તેમાંથી ૧૩ વાર તો કિશોરીઓ અધ્યક્ષ તરીકે ચૂંટાઈ આવી છે !

બાળકો જ્યારે સ્વતંત્ર હોય ત્યારે તેઓ જવાબદારીને ઉદાહરણરૂપ નિભાવતાં હોય છે. એક વર્ષે બાલસેના અધ્યક્ષ-ઉપાધ્યક્ષની ચૂંટણીમાં એ બાળકીએ પણ ઉમેદવારી નોંધાવી. બોલવામાં ખચકાય, અટકી-અટકીને બોલવું પડે... પણ કાઉન્સિલના સભ્યોએ તેને પ્રોત્સાહિત કરીને સાંભળી ! અમારે મન તો એની ઉમેદવારી મહત્ત્વની છે; એના બોલવાની શારીરિક મર્યાદા નહીં ! કોઈ ઉપહાસ નહીં. એક વાર અધ્યક્ષની ચૂંટણીમાં ઊભેલી એ કિશોરી મોડી પહોંચી. પ્રક્રિયા શરૂ થઈ ગઈ હતી. બહુ જ સ્પષ્ટ હતુંઃ એ તો ચૂંટણીની બહાર જ ગણાય ! એ કિશોરીએ માફી માગી અને જણાવ્યું કે હવે હું ચૂંટણી નથી લડતી. પરંતુ આ તો બાલસેના ! અરે હોય, મોડા પહોંચવાની દિલગીરી સ્વીકારી, સાથોસાથ એની સામે ઊભેલા તમામ ઉમેદવારોએ આગ્રહ કર્યો - ચૂંટણીમાં તો ઊભા જ રહેવાનું ! અમને કોઈ વાંધો નથી ! અને એ કિશોરી જ અધ્યક્ષ તરીકે ચૂંટાઈ આવી. આ પુખ્તોની નહીં, પણ બાળકની સમજણ - પ્રજ્ઞા ! કેવું અદ્‌ભુત ! કોઈકને શિસ્તના સવાલ લાગે, પણ વિવેક શેનો હોય એ બાળકો બરાબર સમજતાં હતાં !




બાળકો મતદાતા તરીકે કેવાં પરિપક્વ છે ! પારદર્શક વ્યવસ્થા, પરસ્પર વિશ્વાસ, નિડર, અભિપ્રાય, સહિષ્ણુતાને જીવી બતાવે, કોઈ વૈમનસ્ય નહીં. આમ, બાળકો પાસેથી શીખવું રહ્યું કે ચૂંટણી કેવી રીતે થાય. અને માત્ર ચૂંટણી પૂરતી જ આ વાત નથી, ત્યારબાદ સમગ્ર વર્ષ દરમ્યાન બધાં ખભેખભા મિલાવીને કામ કરે ! જાણે બધું આપણું જ છે ! (આવી ચૂંટણી અંગે જાણીતા કેળવણીકાર અને લેખક ડૉ. ભદ્રાયુભાઈ વછરાજાનીએ આ સમગ્ર પ્રક્રિયા જોયા પછી વિશેષ લેખ કર્યો છે; જેને અંત ભાગે સમાવ્યો છે.)

ચૂંટાયેલાં બાળકો સક્રિય ન રહે તો કાઉન્સિલ અધ્યક્ષ-ઉપાધ્યક્ષને તેમજ જે તે ટીમ પોતાના કેપ્ટન, વાઈસ કેપ્ટન કે કોરગ્રૂપના સભ્યોને પરત બોલવવાનો અધિકાર ધરાવે છે. "Right to Recall"- લોકશાહી માટે પ્રગતિશીલ વિચાર બાલસેનામાં અમલી ! એકાદ - બે અપવાદ છે જ્યારે તેનો ઉપયોગ થયો હોય, પરંતુ બાલસેનાનાં બાળકોને એ બરાબર ખ્યાલ કે આ અધિકાર કંઈ છોકરમતની જેમ ઉપયોગમાં ન લેવાય ! બાળકો ઉત્સાહથી ચૂંટણીમાં ઊભાં રહે અને ચૂંટાય, પરંતુ આપણી સમગ્ર સમાજ વ્યવસ્થા, કુટુંબનાં માળખાં કે શિક્ષણવ્યવસ્થા વગેરે એવાં છે કે જ્યાં બાળકોનો અભિપ્રાય-વિચારનું કોઈ મૂલ્ય નથી. મા-બાપ કહે તેમ બાળકે કરવું પડે. પરિણામે, ચૂંટાયેલાં બાળકો ઇચ્છા હોવા છતાં સક્રિય ન રહી શકે. બાળકો સમજે કે અમારી ઇચ્છાઓની પૂર્તિ થાય એ માટે અમે પ્રયત્ન કરીએ; પણ બધું અમારા હાથમાં નથી. એટલે અહીંયાં બાલસેનામાં બાળકો ‘રાઇટ ટુ રીકોલ’ના અધિકારનો ઉપયોગ કરવાના બદલે ‘‘આજે તારાથી નહીં જવાય તો વાંધો નહીં, અમે જવાબદારી લઇશું, અમે કોઈ મીટિંગમાં - કાર્યક્રમમાં જઈ આવીશું. અમે જણાવી દઈશું કે તેના ઘરે મહત્ત્વનું કામ હતું તેથી નવી આવી શક્યો.’’ ચૂંટાયેલા સભ્યોથી ન થાય તો વાંધો નહીં, અમારી પણ જવાબદારી છે ! એ મૂલ્ય અત્યંત મહત્ત્વનું અને પરિણામે અધિકાર એકલાની વાત નહીં, સહિયારી જવાબદારી દ્વારા હુંસાતુંસી કે બતાવી દેવાની વાતને બદલે જીવનનું વ્યાપક દર્શન. કોઈને ઉતારી પાડવા એ જીવનનું મૂલ્ય નથી !

### એક નવું દર્શન...

એકાદ બે વાર અધ્યક્ષની બાબતમાં પણ નિષ્ક્રિયતાનો અનુભવ થયો ત્યારે પણ ચૂંટાયેલા અધ્યક્ષને આદર સાથે બદલીને ઉપાધ્યક્ષને જવાબદારી અપાઈ હોય, પણ ‘અધ્યક્ષને હવે ઘર ભેગા કરો’ તેવું વલણ નહીં, મ્હેણાંટોણા કરવાં એવું નહીં. અધ્યક્ષ પણ સમજીને પોતાનો હોદ્દો છોડી દે. કોઈ વૈમનસ્ય કે ગેર સમજણ વગરએ આ મોટી વાત છે.

### પાંખોને વિસ્તરવા મુક્ત આકાશ

બાળકોની પરિપક્વતા, એમનાં દર્શન-સમજ કેવાં અદ્‌ભુત હોય છે! બાલસેનામાં ચૂંટાયેલા સભ્યોની કાઉન્સિલમાં એ મુદ્દો ચર્ચામાં આવ્યો. સેતુ કાર્યક્રમ હેઠળ ખાનગી શાળાનાં બાળકો શિક્ષણ અને સમય ફાળવી, સહયોગ આપી રહ્યાં હતાં. આ બાળકો બાલસેનામાં જોડાય તે માટે નક્કી કર્યુ કે તેઓની ફી ન લેવી પણ બાલસેના કાઉન્સિલની સંમતિ વગર, જાણ વગર નિર્ણય લેવાયો ! બાલસેના કાઉન્સિલમાં બાળસભ્યોએ કાર્યકરોને પૂછ્યુંઃ આમ કેમ? અમારે લેવાનો નિર્ણય તમે કેમ લીધો ? નિર્ભિકપણે પુછાયેલા પ્રશ્ને કાર્યકરોને મૂંઝવ્યા! બાળકોની વાત તો સાચી હતી. શું કરવું ! સંસ્થાના સ્થાપક સભ્યે બાળકોની માફી માગી! એવું જ હોવું જોઇએને ! આ ચર્ચા દરમ્યાન એ વાત પણ આવી કે કાર્યકરોની જવાબદેહિતા પણ અગત્યની છે.

અનાથાશ્રમનાં અથવા નિરાધાર બાળકોએ બાલસેનામાં સભ્યો થવું હોય તો તેઓની ફી કોણ આપે? સભ્યપદની ફી રૂા. ૨૦/- બાળકોએ નક્કી કરી હતી. ફી લેવી કે નહીં-ત્યાંથી ચર્ચા શરૂ થઈ. કાઉન્સિલના કેટલાક સભ્યોએ કહ્યું, ‘‘આપણે કોઈ દાતાને કહીએ, તેઓ એમના વતી ફી આપી દેશે.’’ કેટલાક કહે, ‘‘એ લોકોની ફી માફ કરી દેવાની !’’ કેટલાકના મતે ફી માફ કરવાનો અર્થ આપણે તેને બિચારાં સમજીએ છીએ ! આવું ન ચાલે ! એક-બે સભ્યોએ કહ્યું અમે આપીશું. કાર્યકર ત્યાં હાજર હતા. એમણે પણ આ

વાતમાં સૂર પુરાવ્યો. ચર્ચા ચાલતી હતી. કાઉન્સિલના એક સભ્યે કહ્યું : ''ના...ના, એવું નથી કરવું. આપણે કોઈની ફી ભરીએ, કોઇક પાસેથી લાવીને ભરીએ તો ભરનારને એમ થાય, કે ''જો મેં કોઇની ફી ભરી છે ! ''ગર્વ થાય. જે બાળકની ફી ભરી હોય તેના પ્રત્યે કરુણા થાય કોઈની ફી ભર્યાનો પણ સાથોસાથ વટ આવી જાય-''જોયું મેં તારી ફી ભરી છે !'' એના કરતાં આપણે એવું કરીએ કે હવેથી સભ્ય ફી વીસ રૂપિયા બદલે એકવીસ લેવાની, આ વધારાનો એક-એક રૂપિયો આવે તેમાંથી આ પ્રકારના બાળકની ફી ગણી લેવાની ! અને એનાથી આપણી વચ્ચે ખોટો ગર્વ નહીં થાય, બધાં સરખાં ગણાઈશું !''

અમે તો આ અદ્‌ભુત વાત સાંભળી ખુશ થઇ ગયાં ! કેવી ઊંડી સમજણ ! બાળક બાળકની ગરિમાને સમજે અને તેને કંઈ જ ઓછું ન આવે તેનું કેવું ધ્યાન રાખ્યું ! અમને કોઈને ન આવેલો વિચાર આ બાળકોને આવ્યો. તેમની સમજણશક્તિને આપણે કેમ ઓછી આંકતાં હોઈએ છીએ ?


બાળકોને જયારે સ્વતંત્રતા મળે છે, સ્વશાસન મળે છે ત્યારે આવાં જ સુખદ પરિણામો આવે એવી શ્રદ્ધા વધી. આવા તો કેટકેટલા પ્રસંગો આંખ સામે તરવરે છે ! આ શીખવવું નથી પડતું પરંતુ સહજ છે. આ સ્વયંનો પ્રકાશ વિસ્તરે તે માટેનું ખુલ્લાપણું આપણે કરવાનું છે.

એક વિસ્તારમાં બાલસેનાનાં બાળકો જ્યાં પ્રવૃત્તિ માટે ભેગાં થાય ત્યાં ઉકરડો હતો. પોતાનાં જ બાળકો અહીંયાં પ્રવૃત્તિ કરે છે તે જાણવા છતાં મા-બાપ પણ ત્યાં જ કચરો નાખે! બાળકોએ આ મુદ્દો હાથમાં લીધો... શ્રમયજ્ઞ કરી ઉકરડો દૂર તો કર્યો, પણ ઘરે-ઘરે જઈને બધાંને સમજણ આપી. ભંગારમાં નાંખી દેવાયેલા તેલના ડબ્બા કે પ્લાસ્ટિકનાં કેન લાવી તેની કચરાપેટી બનાવી બધાંને આપી ! લોકો પણ એ વિસ્તાર ચોખ્ખો રહેવા લાગતાં ખુશ થઈ ગયાં... એમનો કાયમી સહકાર ઊભો થયો. માત્ર એક કાર્યક્રમ થઈ જાય એમ નહીં, પણ શિક્ષણ થાય-નિસ્બત કેળવાય તે અત્યંત જરૂરી.

મલેરિયાનો ઉપદ્રવ ! શું કરવું ? મલેરિયા વિષેની પત્રિકા વિતરણ કરવી, પ્રદર્શન દ્વારા આરોગ્યસંદેશ આપવો, તેનાથી આગળ વધી એક અનોખો પ્રયોગ કર્યો... બાળકોએ ભેગાં થઈ નક્કી કર્યું અને ટીમ ઉપડી દરેકના ઘરે ! હાથમાં બોટલ અને ચમચી... દરેકના ઘરેથી એક ચમચી કેરોસીન માગે ! લોકોને તો નવાઈ લાગે ! એક ચમચી જેટલું કેરોસીન આપવામાં કોઈને ખચકાટ ન થાય એટલે તરત મળે. સંવાદ થાય. કેરોસીનનાં ટીપાં ખાબોચિયામાં જ્યાં ગંદું પાણી ભરાયેલું હોય ત્યાં નાંખે... લોકો જુએ... આમ જાગૃતિ સાથે નિસ્બત કેળવાય, સામૂહિક કાર્ય માટેનું વલણ વિકસે. આવાં ઉદાહરણો બાલસેનામાં અનેક છે.

### કિશોરી-કિશોર મંડળ

બાલસેનાની કિશોરીઓ સાથે વિશેષ 'કિશોરી મંડળ' પણ કાર્યરત. કિશોરીનેતૃત્વ વિકસે તે માટે સકારાત્મક ભેદભાવ પણ ખરો ! કિશોરાવસ્થાના માનસિક, શારીરિક અને ભાવાત્મક ફેરફારોની સમજણ કેળવાય, પ્રશ્નો-મૂંઝવણો માટે એકમેકના માર્ગદર્શક બની, સલામતી અને સ્વરક્ષણની તાલીમ મેળવે, અંધશ્રદ્ધા અને ખોટી માન્યતાઓને બદલે વૈજ્ઞાનિક તથ્યો સમજે તે માટે પ્રવૃત્તિઓ અને તાલીમ યોજાતી રહે, સંમેલન અને મીટિંગ યોજતાં રહે. આમ, કિશોરીઓ સાથે અનેકવિધ પ્રવૃત્તિઓ થાય. હવે કિશોરો સાથે પણ આ અંગેની તાલીમો આઠેક વર્ષથી શરૂ કરી છે.





અમને યાદ આવે છે કે સંસ્થાની શરૂઆતમાં એક કાર્યક્રમમાં માટે દિલ્હી જવાનું હતું. પાંચ બાળકો અને એક કાર્યકરે જવાનું હતું, જેમાં બે કિશોરીઓ હતી... કદાચ આટલો લાંબો એ પહેલો પ્રવાસ હતો. ભાવનગરથી અમદાવાદ પહોંચ્યાં... અને કિશોરીઓ રડે, પાછાં જ જવું છે ! કાર્યકર તેમને અમદાવાદથી લઈ પાછાં આવ્યાં ! પણ, આ સમગ્ર ઘટના સહજતાથી લીધી, કિશોરીઓમાં શ્રદ્ધા રાખી, સૌરાષ્ટ્રના પુરુષપ્રધાન સમાજના આધિપત્યમાં કિશોરીઓને આગળ વધવું મુશ્કેલ; ધીરજ અને શ્રદ્ધા રાખવી, કિશોરીના સામર્થ્યને બહાર આવવા માટે તેને પૂરતી મોકળાશ આપવી એ વાત અમે શીખ્યાં. પણ આજે સ્થિતિ બદલાઈ ગઈ છે.

### ગર્લ્સ ઈન્ટરનેશનલ ફોરમમાં પ્રતિનિધિત્વ

૨૦૦૬માં ગર્લ્સ ઈન્ટરનેશનલ ફોરમ-આંતરરાષ્ટ્રીય કાર્યક્રમ માટે યુ.એસ.એ. થી આમંત્રણ મળ્યું. પાંચ કિશોરીઓને મોકલવાની હતી. અહીંયાં તો એકાદ હજાર કિશોરીઓ... કોને મોકલવી ? એક તો અમે જ પસંદગી કરીને મોકલી શકયાં હોત ! પરંતુ, અમે આ સમગ્ર મુદ્દો બાલસેના પર છોડ્યો ! તેઓ નક્કી કરે. બાલસેના કાઉન્સિલે માપદંડ તૈયાર કર્યા. આ માપદંડના આધારે બાલસેનાની દરેક ટીમે પોતાને ત્યાંથી કઈ કિશોરીઓ જઈ શકે તેના માટે મત આપ્યા. લગભગ ૭૮ નામ આવ્યાં. હવે ? આ ૭૮ કિશોરીઓ સાથે ત્રણ દિવસની નિવાસી શિબિર થઈ. કિશોરીઓએ માપદંડમાં સુધારા કર્યા. આ શિબિરમાં કિશોરીઓના વિવિધ મુદ્દાઓ પર જૂથચર્ચાઓ થઈ... એકમેકની સમજણ-જાણકારી, અભિવ્યક્તિ વગેરે ઓળખી ! એમ કરતાં કરતાં તેમણે સર્વસંમતિથી સાત-આઠ નામ ક્રમ પ્રમાણે પસંદ કર્યાં ! બે નામ સ્ટેન્ડબાય રાખ્યા. દરેકને આની ખબર, પણ આ સમગ્ર પ્રક્રિયા લોકશાહીનાં મૂલ્યો શીખવાની હતી. પારદર્શિતા અને વિશ્વસનીયની હતી ! સૌએ પસંદગીનાં નામોને હોંશે હોંશે વધાવી લીધાં ! અને બાળકોની આંતરિક શક્તિનો અનુભવ થયો. આ પ્રક્રિયા દરમ્યાન બીજું એવું બન્યું કે સોનલ કે જે અગાઉ બ્રાઝિલ જઈ આવી હતી, તેણે પ્રક્રિયા શરૂ થતાં અગાઉ જાહેર કર્યું કે, ''મારી પસંદગી ન કરશો, હું અગાઉ બહાર જઈ આવી છું, બીજાને તક મળવી જોઈએ !'' બાળકોની આ સમજણ મોટાંઓએ શીખવી રહી. આવા તો કેટલાય પ્રસંગો બને ! આ જ તો કેળવણી છે! આ આંતરરાષ્ટ્રીય કાર્યક્રમમાં બાલસેનામાંથી ક્રિષ્ના, હીના, નિરાલી, શચિ અને તબસ્સુમે પ્રતિનિધિત્વ કર્યું હતું.

ગર્લ્સ ઈન્ટરનેશનલ ફોરમ, યુએસએ દ્વારા ૨૦૦૬માં કિશોરીઓના પ્રશ્નો સ્થિતિને વાચા આપવા તથા કિશોરીઓના અધિકારોને કેવી રીતે મદદ કરવી અને આ પહેલનું નેતૃત્ત્વ કિશોરીઓ સ્વયં સંભાળે તેવા હેતુથી પ્રથમવાર ''ગર્લ્સ ઈન્ટરનેશનલ સમિટ''નું આયોજન મીનાસોટા સ્ટેટમાં કરવામાં આવ્યું હતું.



દુનિયાના વિભિન્ન દેશોમાંથી કિશોરીઓએ પ્રતિનિધિત્વ કર્યું હતું. આ સમિટમાં ભારતમાંથી એકમાત્ર બાલસેનાને આમંત્રણ મળતાં તેઓએ પ્રતિનિધિત્વ કરી રાષ્ટ્રમાં કિશોરીઓની સ્થિતિ, પ્રશ્નો, પડકારો અંગે રજૂઆત કરવાની સાથોસાથ કિશોરી–નેતૃત્ત્વના વિકાસ દ્વારા કેવી રીતે કાર્યક્રમો કરીશું તેનો એકશન પ્લાન રજુ કર્યો હતો. આંતરરાષ્ટ્રીય સ્તર પર ભાગ લેવાનો આ ગૌરવ ભર્યો પ્રયાસ કિશોરીઓ માટે પ્રોત્સાહક રહ્યો હતો. ભાષા-સંસ્કૃતિના સીમાડા વટાવી કિશોરીઓએ મૈત્રીનો નવો અધ્યાય શરૂ કર્યો હતો. આ કાર્યક્રમના અને પ્રવાસના યાદગાર અનુભવો સાથે પરત આવીને આ કિશોરીઓએ ગુજરાત રાજ્યની પ્રતિનિધિ કિશોરીઓનું પ્રથમ સંમેલન ભાવનગરના આંગણે યોજી કિશોરીઓના પ્રશ્નો પ્રત્યે પોતાની પ્રતિબધ્ધતા દર્શાવી હતી.

**પ્રથમ ગુજરાત રાજ્ય કિશોરી સંમેલનઃ**

બાળકો સાથેના અનુભવમાંથી સમજાતું ગયું કે બાળકોમાં પણ ખાસ કરીને કિશોરીઓ પોતાના વિકાસથી વિશેષ વંચિત છે. સામાજિક રીતરીવાજોથી લઈને સમગ્ર વ્યવસ્થાઓ એ રીતે ગોઠવાયેલી લાગે કે જેમાં દિકરીઓને 'સ્વ' વિકાસ-કારકિર્દી વિકાસથી વંચિત રહેવું પડે છે. કિશોરીવસ્થામાં થતા માનસિક, શારીરિક અને ભાવનાત્મક ફેરફારો અને સમાજના માળખાઓ તેઓને વંચિત રાખે છે. બાલસેનામાં કિશોરીઓ સમજે, જાતે વિચાર કરતા થાય, તેઓ 'સ્વ'ને ઓળખે, સશકિતકરણ થાય તે માટે વિશેષ પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

બાલસેનાની કિશોરીઓ ગર્લ્સ ઈન્ટરનેશનલ ફોરમમાં પ્રતિનિધિત્વ કરી આવી તેટલું પૂરતું ન હતું, તેઓ એક વર્ષનો એકશન પ્લાન બનાવીને આવ્યા અને તેના ભાગરૂપે પ્રથમ ગુજરાત રાજ્ય કિશોરી સંમેલનનું આયોજન ૧૯-૨૦ જાન્યુઆરી ૨૦૦૭માં કર્યુ હતું. આ રાજ્ય કિશોરી સંમેલનનું સંપૂર્ણ આયોજન-સંચાલન અને યજમાનગીરીની તમામ જવાબદારી બાલસેનાની કિશોરીઓએ ઉપાડી લીધી હતી ! મોટેરાઓ એમની સાથે હતાં પણ કિશોરીઓના નેતૃત્વમાં ! ગુજરાતનાં ૧૦ જિલ્લામાંથી ૧૬ સંસ્થાઓની ૭૦ પ્રતિનિધિ કિશોરીઓએ તેમાં પ્રતિનિધિત્વ કર્યુ હતું.



અનેકવિધ પ્રવૃતિઓના માધ્યમથી કિશોરીઓએ પોતાની સમસ્યાઓ, સામાજિકરણ, જરૂરિયાત, અવરોધક પરિબળોથી માંડીને તેમાંથી બહાર નીકળી આગળ કેવી રીતે વધવું જોઈએ તેની સમજ પ્રાપ્ત કરી હતી. બાલસેનાની એક કિશોરી અને બહારથી આવેલ એક કિશોરી એ પ્રમાણે મૈત્રી વિકસાવી સાથે રહ્યાં, બાલસેનામાંથી શચિ, રીના, ક્રિષ્ના, તબસ્સુમ, ઈશરત, હિના, નિરાલી જેવી કિશોરીઓએ જેન્ડરના મુદ્દાઓ, સમસ્યા અને તેના ઉકેલ, વ્યકિતગત સલામતિ અને સ્વરક્ષણ, નેતૃત્વ અને સંગઠન જેવી બાબતોને તાલીમમાં આવરી લઈ પછીનો એકશન પ્લાન તૈયાર કર્યો હતો.

ગાંધીજન પૂ. શ્રી દક્ષાબહેન પટ્ટણી અને ગુજરાત વિદ્યાપીઠના હાલના સામાજિક કાર્ય વિભાગના વડા ડૉ. આનંદીબહેન પટેલે સંમેલનનાં ઉદ્દ્ઘાટન અને સમાપનમાં વિશેષ ઉપસ્થિત રહી સૌને પ્રોત્સાહિત કરવાની સાથે કિશોરીઓની પહેલને આવકારી હતી.

આ સાથે જ ૨૧ જાન્યુઆરીએ બાલસેનાના વાર્ષિકોત્સવ પણ કિશોરી નેતૃત્વને સમર્પિત કર્યો હતો અને સંમેલનનો અહેવાલ એકાદ હજાર બાળકોની ઉપસ્થિતિમાં રજૂ થયો હતો. રેલી અને અન્ય પ્રવૃતિઓ કિશોરી નેતૃત્વ હેઠળ યોજાઈ હતી.

આમ રાજ્ય કિશોરી સંમેલનના આયોજન દ્વારા સંસ્થાએ કિશોરીઓને વિશેષ પ્રાધાન્ય પૂરૂ પાડયું હતું.

આમ દર વર્ષે કિશોરી અને કિશોર સંમેલન અલગ–અલગ થીમ પર યોજી રહ્યાં છીએ.

### પરિવર્તનનું નેતૃત્વ બાળકો દ્વારા

૨૦૦૮ના બાલસેના વાર્ષિક કાર્યક્રમની સાથે ભાવનગરના આંગણે  દેશના જુદા-જુદા બાળસંગઠન પ્રતિનિધિઓનાં સંમેલનનું  આયોજન કર્યુ હતું બાલસેનાએ કરેલી આ પહેલ તો બાળ અધિકારના ઇતિહાસમાં સીમાચિહ્ન રૂપ બને તેમ છે. બાળકો સાથે કામ કરનારા ઘણાં, પરંતુ દરેક પોતાની સાથે અથવાએક સરખા વિચારવાળા  હોય તેવાની સાથે જ સંબંધ રાખે! તેવા કાર્યક્રમોમાં જાય!  પરિણામે બાળકોએ પણ એ જ મર્યાદિત વર્તુળમાં  જવાનું ! વર્તુળ બહારની દુનિયા, જુદી રીતે વિચારનારા જૂથસાથે મેળાપ કરી શકે નહિં. વૈચારિક મતભેદ હોઇ શકે, તેમાં ખોટું પણ નથી. પરંતુ સંબંધો જ ના હોય તે કેવું ! આ

તે કઇ સહિષ્ણુતા અથવા ખુલ્લાપણું!

બાલસેનાના બાળકોએ પહેલ કરી, ભિન્ન વિચારસરણીમાં  માનતી સંસ્થાઓના બાળકોને એક પ્લેટફોર્મ પર એકબીજા પ્રત્યેના આદર સાથે ભેગાં કર્યા! જુદા જુદા રાજયના બાળકો ભાવનગરનાં મહેમાન બન્યા. અદ્‌ભુત અનુભવ રહ્યો. બાળકો ભાષાના સીમાડા બહાર એકબીજાના જિગરી દોસ્ત બન્યા. રાષ્ટ્રીય બાળ અધિકાર કમિશનના ચેરપર્સન સું શ્રી શાંતા સિંહાના સાંનિધ્યમાં બાળકોએ એકમેકના સંગઠન-અનુભવો, કાર્યપ્રણાલિઓ વગેરે સમજયા, સાંસ્કૃતિક પરિવેશને -ઓળખ્યો અને માનવ ગીતો ગાતાં વિનય-પારૂલની સાથે ગાયું હતું  ‘ઇન્સાન હૈ હમ’! એકબીજાની સંસ્કૃતિ, રીત-રીવાજ, જીવનશૈલીને જાણીએ - સમજીએ અને તેનાથી આદર વિકસતો જાય તેવી મોકળાશ ત્યારે જ ઉભી થાય જયારે એકમેકને મળીએ - ઓળખવા પ્રયત્ન કરીએ! આમ આ એક શરૂઆત છે વિવિધતામાં એકતાને સાધવાની! આ અધિવેશનમાં આઠ રાજ્યોના સોળ બાળસંગઠનોના ૮૫ બાળ પ્રતિનિધિઓ સહભાગી થયા હતા.






બાળકો સંવાદની પહેલ દ્વારા સંબંધો જોડે છે તે અમે શીખ્યા, ત્યાર પછીના વર્ષોમાં આવી રાષ્ટ્રીય શિબિર મદુરાઇમાં યોજાઇ-મુંબઇમાં યોજાઇ ! એ પ્રક્રિયાને વેગ મળે એટલે ફરી ૨૦૧૬, જાન્યુઆરીમાં શૈશવ અને બાલસેનાના યજમાનપદે બાળસંગઠનના બાળ પ્રતિનિધિઓનું રાષ્ટ્રીય અધિવેશન અમદાવાદમાં ઐતિહાસીક સંસ્થા ગુજરાત વિદ્યાપીઠમાં યોજાયું, બાળકોએ નક્કી કર્યુ ‘નેશનલ ફોરમ ફોર ચાઇલ્ડ પાર્ટીસીપેશન! ’ બાળકોનું પોતાનું રાષ્ટ્રીય ફોરમ! એક સાતત્યપૂર્ણ  સ્વૈચ્છીક પ્રક્રિયા રાષ્ટ્રીય સ્તરે આગળ વધી તેમાં બાલસેના નિમિત બની !



પોતાના સંગઠનની વાતો અલગ-અલગ માધ્યમથી રજુ કરવાનો તેઓનો ઉત્સાહ અદ્‌ભુત તો વળી અન્યોની વાતોને સમજવાની તત્પરતા પણ એટલી જ! ભાષાની મર્યાદા હોવા છતાં બાળકોએતો એકબીજા સાથેના સંવાદ પ્રસ્થાપિત કરી દીધા હતાં. સમાપન કાર્યક્રમનું સંચાલન બાલસેનાની એ કિશોરી કરતી હતી. બોલવામાં મૂશ્કેલી અનુભવે. શારીરિક મૂશ્કેલી પણ ત્યાં એકત્ર થયેલ બાળકો પીનડ્રોપ સાયલન્સ સાથે એને સાંભળી, કોઇ હાંસી નહીં, કેવળ સ્વીકાર - પ્રેમભર્યો સ્વીકાર ! બાળકો પાસે આ છે - આપણે આ ઓળખી એમની સાથે ચાલીએ તો જીવન ભર્યુ ભર્યુ લાગે !

**આવ્યું વેકેશન.... લાવ્યું રજાની મજા....**

વેકેશન ક્યારે પડે તેની તો બાળકો રાહ જોતા હોય, કારણ વધુ મોકળાશ મળે! દર વર્ષે વેકેશનમાં બાળકો સાથે અનેક વિધ થીમ-મુદ્દાઓને લઇને શિબિર યોજાય. બાલસેનાના બાળકો યોગ કરે, કસરત કરે, ફરવા જાય, ક્રાફ્ટ બનાવે, અનુભવથી વિજ્ઞાન શીખે કે પછી નાટક શીખે, ગીતો શીખે, ફિલ્મોને માણે,



જનજાગૃતિના કાર્યક્રમે કરે, શેરી નાટક કરે, પત્રિકાઓ વહેંચે, ભાવનગરના ઈતિહાસને જાણવા પ્રયત્ન કરે, જૂની શૈલીના મકાનોની વિશિષ્ટતા કે સ્થાપત્યને સમજે, જીવન કૌશલ્ય શીખે, પુસ્તકો સાથે મૈત્રી કરે દૈનિક જીવનના કાર્યો ઉપરાંત રસોઇ કરતાં શીખે, એવું કંઇ કેટકેટલું થાય ..... એકાદ મહિના સુધી ચાલતી શિબિરનો સમાપન કાર્યક્રમ થાય. અને એમાં મન મૂકીને કલાના વિવિધ માધ્યમો દ્વારા પોતાને અભિવ્યકત કરે !બાળકોની સમક્ષ વિશ્વ ખુલે, શિક્ષણના મહત્વને જાણે, વ્યવસાયોની વિવિધતાને અનુભવે અને સપનાં સેવાતા થાય તે માટે બાળકો ચારેક દિવસથી માંડી એકાદ અઠવાડિયું જુદા જુદા લોકો સાથે જોડાય. બજારની દુકાનોથી માંડી સરકારી કચેરીઓ કે પછી વકીલ, તબીબ, એન્જીનીયર, કલાકાર એવા કેટલાય લોકો સાથે જોડાય. તેઓની દિનચર્યાને જાણે, આ માટે તેઓ શું જાણ્યા, કેવી મહેનત કરવી પડે, કામનો બોજો કેવો, તેઓના આદર્શને જાણે, વ્યવસાયના પ્રશ્નો - પડકાર અને કેવી સજજતા માંગે વગેરે બાબતો જાણીને સાથોસાથ નાના નાના કાર્યોમાં મદદ કરે આમ વ્યવસાયિક અભિગમ કેળવે. વ્યવસાયને સમજે, જે તે વ્યકિતની પાસેથી શીખે ! બાળકોમાં આ કાર્યક્રમ પ્રિય. આ કાર્યક્રમની પૂર્વ



તૈયારીના ભાગરૂપે તાલીમ મેળવે અને પૂરો થાય ત્યારે આપસમાં બેસીને અનુભવો અને સમજણનું અનુદાન પ્રદાન કરે ! સ્વયં પોતાની રસ-રુચિ, ધ્યેય અંગેની સમજણ કેળવતા જાય. એકવાર એક ખૂબ રમૂજ થાય પણ નાગરિક નિસ્બતનો અનુભવ બાળકોને થયો, એક કચેરીમાં એ બાળકને જવાનું હતું. બાળક રોજ એ ભાઇના ટેબલ પાસે બેસે અને કામમાં મદદ કરે. એ ભાઇને પાન ખાવાની અને ચાવીને થૂંકવાની ટેવ, કચરાપેટી ટેબલ પાસે એ રીતે ગોઠવેલી કે તેમાં બેઠાબેઠા થૂંકી શકાય! બે ત્રણ વાર બાળક અને એ ભાઇની નજર એ ક્રિયા દરમ્યાન સામસામી થઇ જાય! પછી તો સંકોચ થયો હશે કે કેમ એ ભાઇ બહાર જઇને થૂંકીને આવે ! કમ સે કમ ત્યાં થૂંકતા અટકાયા ! કેવા પરિણામ મળે !



બાલસેનામાં દર વર્ષે ઉનાળુ વેકેશન કંઈક નવીન કાર્યક્રમ સાથે શરૂ થાય. શાળામાં હોય એટલે બાળકો માટે તો આ રજાની મજા ! એક વેકેશનમાં અલગ અલગ કાર્યક્રમ ઉપરાંત વિશેષ કાર્યક્રમ કર્યો ''મારો મિત્ર–મારો પાકો મિત્ર બને !'' આમ તો આ બાલસેનાના બાળકોનું એકબીજાના ઘરે જવા–આવવાનું સામાન્યપણે થયા જ કરે, અન્ય સંસ્થાના બાળકો આવે તો તેઓને પણ પોતાના ઘરે રહેવા લઈ જાય, પરંતુ શેરીમાં રહેતા

બાળકો અને તેના કુટુંબો એકબીજાને કેટલા ઉંડાણથી ઓળખતા હોય ? ઉદાહરણ તરીકે ધીંગામસ્તી ટીમના બાળકો એકમેકના ઘરે રહેવા ગયા ત્યાં જમ્યા, રમ્યા અને વાતો કરી, કૌટુંબિક જાણકારી મેળવી, રીત રીવાજની વાત કરી. વ્યવસાય અને સંઘર્ષની વાત કરી... આવી કંઈક વાતો દ્વારા વિશેષ પરિચય મેળવ્યો. આપણે એકમેકને જાણીયે અને આદર આપીએ – પ્રેમ આપીએ – ઉષ્માસભર સંબંધ રચાય તો સમાજ એક બની આગળ વધી શકે ! આમ જોઈએ તો આ કંઈ કાર્યક્રમ ન કહેવાય, સહજ એવી મિત્રતાની પ્રક્રિયામાં ઊંડાણભરી સમજણ વિકસાવી !

''મારા ઘરે બધા ભેગા થયા હતાં, ભીંડાનું શાક બનાવવાનું નક્કી ર્ક્યુ, અમે બધા જ બાળકોએ ભેગા થઈ બનાવ્યું, એકાદ કલાક નીકળી ગયો. અમે બધાને મારા ઘરના બધા જ ભેગા થઈને જમ્યા... થોડી ગરબડ તો થઈ ગઈ હતી પણ બધા પ્રેમથી જમ્યા ! ''

''હું તો અપંગ મુશ્કેલી ખરી પણ આ બાળકો તો સાક્ષાત્ ભગવાન ! બહારના બધા જ કામ તેઓએ કરી દિધા, અમારા... ની માને રસોઈમાં મદદ કરી. કેવું સરસ !'' પરિવારના એ મોભીએ બાળકોની પ્રસંશા કરતા કહ્યું : '' આવું અવારનવાર એકબીજાના ઘરે રહેવા જાય તેવું કરજો ! ''

ચિત્રા–મફતનગર વિસ્તારમાં એ બાળકના ઘરે અન્ય બધા બાળકો ભેગા થયાં. ઘરમાં ગાય–ભેંસની ગમાણ, એ સાફ કરી ! ઘરમાં પાણી ભર્યુ અને અલકમલકની વાતો કરી. ઘણાંને લાગ્યું કે આમ ઘણાં વર્ષથી સાથે રહીએ, પરિચય ખરો પણ પાડોશીના છોકરા અમાર ઘરે રહે, વાતો કરે એવું પહેલીવાર થયું ! આ અમને ખુબ ગમ્યું ! ક્યાંક ક્યાંક બાળક સ્વભાવીક સંકોચ પણ અનુભવતા હતાં પણ એકંદરે ખૂબ આવકારદાયક અનુભવ થયો.

શું કોઈ શાળા પણ પોતાના એક જ ધોરણમાં ભણતા બાળકોને એકમેકના ઘર સાથે જોડી અરસપરસના આભિજાત્યને સમજવાનો–શીખવાનો આવો મોકો કરી ન આપી શકે ! કોઈ ખર્ચ નહીં. સંવાદની પ્રક્રિયા માટે આવા અનુભવો સમાજમાં વિકસતા રહે તો 'વસુધૈવ કુટુમ્બકમ' સાર્થક થાય !

બાળકોને કંઈક નવું શીખવા મળ્યું, કેટલાક રીત રીવાજો, સંસ્કાર–મૂલ્ય, વ્યવહાર, નિખાલસતા–સમજણ, રોજબરોજના પ્રશ્નો–માન્યતાઓ, મદદ કરવાની તત્પરતા એવું કંઈ કેટલુંય આ અનુભવ દ્વારા શીખવા મળ્યું. આમ બાલસેનાના બાળકો એકમેકના ખભેથી ખભા મિલાવી આગળ વધવા સાંકળ બનાવી આગળ વધી રહ્યાં છે.

આમ, બાળકો મહત્વના જીવન કૌશલ્યો જેવા કે નિર્ણયક્ષમતા, પ્રશ્નો હલ કરવાની ક્ષમતા, સર્જનાત્મક ચિંતન, અસરકારક અભિવ્યક્તિ, માનવીય સબંધોની ક્ષમતા અને સ્વજાગૃતિ શીખે અને એના ઉપયોગ દ્વારા પોતાના જ્ઞાન-સમજણમાં વધારો કરે અને તેના સંદર્ભમાં નવા વર્ષનું આયોજન કરે પોતાના એકશન પ્લાન બનાવે. આમ, તેઓ વેકેશનનો સદ્‌ઉપયોગ કરે ... હા, એ પણ ખરુ કે આ સ્વૈચ્છીક હોય !બાળકો મામાના ઘરે જાય, મજા માણે, અમે આગ્રહ પણ કરીએ! આમ બાલસેનાના બાળકોને વેકેશનમાં ઘરઆંગણે પ્રવૃત્તિઓ દ્વારા જીવન ઘડતરનો મોકો મળે. શિક્ષણના વ્યાપક અર્થને સમજે, ભણતર-ગણતર પરત્વેની હકારાત્મક દષ્ટ્રી તેઓને સજ્જતા- સક્ષમતા તરફ દોરી જાય ! મજૂરી અને શોષણથી બચે, શાળા શિક્ષણ ચાલુ રાખવા માટે મકકમ થાય. બાલસેનાના બાળકો એટલે જ ગાય છે કે : ' અહા ! આવ્યું વેકેશન લાવ્યું રજાની મજા.'



**આર્થિક સ્વાયત્તતા = પરિપકવ વ્યવહાર= સ્વમાન**

અમને એ પણ સમજાયું કે બાળક તરીકે તેની પરવશતા કેટલી બધી છે !પ્રવૃત્તિ બાળકોની હોય પણ એમાં ભાગ લેવો કે નહીં એ મોટેરાં નક્કી કરે ! બાળક તરીકે એ પોતે નિર્ણયો કરી શકે તેવી કોઇ ગુંજાશ નહીં, પછી શાળા હોય કે ઘર ! મોટેરાઓએ બનાવેલ તંત્રો-માળખામાં  બાળકોએ વિકાસ સાધવાનો ! જાણે કે કેદખાનું, હા એ ખરું કે બાળક તરીકે તેની સુરક્ષા અને કાળજી લેવાની હોય પણ તેને ચાર દિવાલો વચ્ચે જ રાખવાની આ માનસિકતા કેવી !

બાળક પાસે મજૂરી કરાવાય, તેમાંથી મળેલ વળતર મા-બાપ લઇ લે અને દયા કરતા હોય તેમ બાળકને તેમાંથી રૂપિયો-બે રૂપિયા વાપરવા આપે ! અન્ય સ્વતંત્રતા ના હોય ત્યારે આર્થિક સ્વંતત્રતા કોણ આપે ?

અમે જોયું કે શૈશવના નાના-મોટા કાર્યક્રમમાં, પ્રવાસમાં કે શાળાકીય કોઇ પ્રવૃતિ-પ્રવાસમાં ભાગ લેવો હોય ત્યારે બાળકને ખૂબ મુશ્કેલી પડે !લાચારી અનુભવે ! મા-બાપ પાસેથી પૈસા માંગવા - ન માંગવા, નૈતિક દબાણ અનુભવે, સ્થિતિને કારણે આવું માંગવામાં શરમ અનુભવે વિગેરે... એક દૃષ્ટિથી જોઇએ તો વાત સાચી લાગે !સવાર-સાંજ સંઘર્ષ કરતા મા-બાપ પાસેથી અપેક્ષા રાખવી પણ ખોટી ! બીજી તરફ વ્યસનો, કુરિવાજો સામાજિક માન્યતા, રીત-રિવાજ અને બંધનોમાં કેટલાય પૈસા ખૂવાર થાય ! એવું ખરચવામાં વાંધો નહીં ! આવું કેમ ?બાળકનું સ્વમાન પણ ઘવાય. આ બધામાંથી ક્ઇંક રસ્તો કરવો રહ્યો.



બાળકોની બચત બેંક કરીએ - વિચાર કાઉન્સીલમાં આવ્યો. બાળકો પોતે જાતે નિર્ણય લઇ શકે, વિચાર કરી શકે, સારું-ખોટું સમજી શકે. પૈસાના મૂલ્યને ઓળખે, કરકસર શીખે, જરૂરત સમયે ઉપયોગમાં આવે આવાં અનેક કારણો સાથે બચત પ્રવૃતિનો પ્રારંભ કર્યો જુલાઇ ૨૦૦૪ માં.

ઘરમાંથી કયારેક કયારેક વાપરવા મળેલી રકમ હોય, ઘરે કોઇ મહેમાન આવ્યા હોય અને ભેટ આપી હોય. આ રકમ બાળકો બચત બેંકમાં મૂકે... આમ પોતાને જ રકમ વાપરવા જ મળી હોય તો તેમાંથી પણ તે બચાવે !

બાળક જે રકમની બચત કરે અને પછી જરૂરિયાત સમયે ઉપાડ કરે તેનું વિશ્લેષણ કરીએ તો લાગે છે કે જયારે જવાબદારી મળે છે ત્યારે બાળકો પરિપકવ બને છે. વધારે કરકસરથી પૈસા ખર્ચે છે. ઉપાડના જૂદાં-જૂદાં કારણોમાં માત્ર ર થી ૩% રકમ પોતાની મોઝમજા માટે ઉપાડી હોય !

અમારું એક તારણ એવું પણ છે કે બાળકો જે ટીપે-ટીપે રકમ બચાવે છે તે રકમ તેમને પોતાને આગળ ભણવામાં ખૂબ ઉપયોગી નીવડી રહી છે. કોઇની પાસે હાથ લાંબો નહીં કરવાનો !સ્વમાન જળવાય ! ભણવાનું બંધ કરે કારણ કે અમને પરવડતું નથી એવું એમનાં મા–બાપ કહી ના જાય ! આમ બચત બાળકોના શિક્ષણમાં મહત્ત્વનો સહયોગ આપે છે.

ભરતનગર વિસ્તારની એક દીકરી બે-ત્રણ મહિનાથી ફી ભરી શકી ન હતી. શાળામાંથી નોટીસ આવી, ફી ભરી જાવ અથવા નામ કમી થઇ જશે. એનાં મમ્મી પરેશાન... આટલી રકમ કયાંથી ભરીશું ! ત્યાં એ દીકરીએ કહ્યું ‘‘મમ્મી ચિંતા ન કર, હું મારી બચત બેંકમાંથી લઇ આવું ! ’’ બચત બેંકમાંથી પૈસા ઉપાડી ફી ભરી દિધી. એના મમ્મી બચત બેંકની પ્રવૃતિ સંભાળનારને કહે ‘‘સારું થયું તમે આમ બચતની ટેવ પડાવી , આજે તે પૈસા ખૂબ કામ લાગ્યા !’’

શહેરના છેવાડાનો વિસ્તાર, અહીંયાં મજૂરી કરતા માતા-પિતા તેમની ૧૨-૧૩ વર્ષની દીકરી સાથે રહે... વાતાવરણની અસરે એ નાની દીકરી જુગારના છંદે ચઢી ગયેલી ! અહીંયાં બાલસેનાની પ્રવૃતિઓ ચાલે... બાળકોની બચતબેંક પણ ખરી... કાર્યકરે સમજાવટ કરી, પણ વિશેષ તો બાલસેનામાં આવતી અન્ય દીકરીઓએ સતત સમજાવવાનું, પ્રવૃતિઓમાં જોડાવા કાર્ય કર્યું... અંતે એક દિવસ તે બાલસેનામાં અને બચતબેંકમાં જોડાઇ ગઇ ! ‘‘બહેન...બહેન હવે હું જુગાર રમતી નથી !’’ બાળકો એકમેકની સાથે રહે - એકબીજાને સાચવી જાણે, સહજ મદદરૂપ થાય. આ સમજણ અને પ્રવૃત્તિને લીધે કેટલાયની જિંદગીમાં બદલાવ આવ્યાં હશે ! આવા ઘણાં ઉદાહરણો છે. બાળકો બાળકોને સાચવે છે કારણ એમની પાસે બાલસેનાનું પોતાનું પ્લેટફોર્મ છે.

આમ, બચત બેંક પ્રવૃત્તિ ઉપયોગી બની રહી છે. બાલસેનાની આ બચતબેંક પ્રવૃત્તિનું જવાબદારીની સભાનતા સાથેનું સંચાલન-તરૂણસેનાના સભ્ય સંભાળતા રહ્યા છે ! હા, કયારેક બહારની દુનિયામાં થતી ઘટનાઓની અસર બચતબેંક પર પણ આવે ખરી ! જો કે આ બચત પ્રવૃતિના અનુસંધાનમાં અમને રાષ્ટ્રીય બેંકમાં ખાતું ખોલાવવામાં ઘણી મુશ્કેલી નડી. બાળકોની બચત પરચુરણમાં આવે... એ આ મોટી બેંકોને ગમે નહીં ! કોણ ગણે ! એમાંથી શું મળે ! અને અનુભવ્યું કે ડગલે ને પગલે બાળકોના કાર્યોને આમ પ્રાથમિકતા મળતી નથી. શરૂઆતમાં તો અમે સંસ્થાના કાર્યકરોને પગારમાં પરચુરણ પણ આપ્યું ! છેવટે અમારા બાલદોસ્ત અને બેંક કર્મચારી યુનિયનના નિવૃત આગેવાન શ્રી જનાર્દનભાઇ અમારી વહારે આવ્યા અને સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્ર (હવે સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયા) માં ખાતું ખોલાવી શકયા હતાં.




આમ બચત પ્રવૃતિ બાળકોના અધિકાર અને વિકાસના સંદર્ભમાં ખૂબ જ મહત્વપૂર્ણ સાબિત થઇ છે. બચત પ્રવૃતિ સાથે જોડાયેલા બાળકો સાથે અર્થવ્યવસ્થા સંસાધન, હિસાબ-કિતાબથી લઇને જીવન જરૂરિયાતની પસંદગી-અનિવાર્યતા જેવા મુદ્દાઓ પર શિબિરો પણ યોજાય. દર વર્ષે બચત પ્રવૃત્તિનો વાર્ષિક કાર્યક્રમ થાય. જેમાં ઓડીટ થયેલ હિસાબો બાળકો અને વાલીઓ સમક્ષ મૂકાય, સાથોસાથ બાળકોને પ્રોત્સાહિત કરવામાં આવે. એ પરંપરાએ હવે નિયમિત સ્વરૂપ ધારણ ક્ર્યું છે.

**અમે તો સાથે સાથે રમીએ સાથે સાથે જમીએ**

સંસ્થાના કાર્યક્રમોમાં સંસ્થાના વિશિષ્ટ બાળકો પણ આવે, અમને યાદ નથી આવતું કે તેઓના માટે અમારે કોઇ વિશેષ વ્યવસ્થાઓ કરવી પડી હોય. બીજા બાળકો જ એની કાળજી સહજતાથી સ્વીકારી લે અને એવું ન લાગવા દે કે, ‘‘જો ને તને આવું છે માટે હું તને મદદ કરું છું !’’ બાળકો બધાં જ એકમેકની કાળજી લેતા સાથે રહે.એ વાર્ષિકોત્સવ યાદ છે... એક વાલી એના વિશિષ્ટ બાળકને લઈને આવ્યાં, પ્રવૃતિઓ દરમ્યાન બાળકોએ રૂમ બદલવાના, ઉપર-નીચે આવવા-જવાનું... વાલી આ બધું જોઈ મૂંઝાયા... શું થશે ? એ પાછા જતા હતાં અમે રોકયા, ચિંતા ના કરો... બીજા બાળકોને કહેવું પણ ના પડયું અને બધાએ તેને સાચવી લીધો !... એ બાળક એની વિશિષ્ટ સાઈકલ લઈને આવે, વિસ્તારમાં પ્રવૃતિમાં જોડાય, તાલીમ શિબિરોમાં આવે, અમારી મર્યાદારૂપે વિશેષ કોઈ વ્યવસ્થા કરી શક્યાં નહીં પણ પાંચેક વર્ષ નિયમિત આવ્યો ત્યારે અમારે ચિંતા કરવી પડી નથી. બીજા બાળકોએ તેને સહજતાથી સાચવી લીધો છે, કયારેક તેને ‘હું આવો છું’ એવી લાગણી થવા નથી દિધી. અહીંયાં રસોઈ કરવા માટે એક બહેન આવે - તેમનો બાળક વિશિષ્ટ - શિબિરમાં બીજા બાળકો તેને ઉત્સાહથી જોડી દે - સાથે રાખે! આમ, આ બાળકોને મન તો બધાં જ સમાન- બધાં જ સરખાં... આ ભેદભાવ વગરની દુનિયા એમની પાસેથી સમજવી પડે !એવું તો કેટલી યે વાર થયું હશે કે કોઇ બાળકો નાસ્તાનો ડબ્બો ન લાવ્યાં હોય પણ કોઇ ભુખ્યું રહે તેવું બન્યું નથી. બધા સાથે મળીને, વહેંચીને ખાઇ લે અને તે પણ કોઇ ભાર વીના, કોઇને ક્યારેય કાંઇ જ કહ્યાં વીના !



એક વિસ્તારમાં બાળકો પ્રવૃત્તિઓ માટે એકઠા થાય પણ ત્યાં મુશ્કેલીઓનો પાર નહીં... ત્યાં જ દારૂ વેચાય, એ વેચવામાં એ કુટુંબ સાથે એમનું બાળક પણ સામેલ... બાળકોને થયું કંઇક તો કરવું જ રહ્યું... કોઇકે કહ્યું જગ્યા બદલી નાંખો... સુરક્ષાનો પણ પ્રશ્ન છે પરંતુ બાળકોને તો પેલા દારૂ વેચતા બાળકને એ બદીમાંથી બચાવવો હતો. બાળકો દ્વારા એ કુટુંબ સાથે સમજાવટ શરૂ થઇ... ધીરે ધીરે ત્યાં દારૂ પીવા આવનારા ઓછા થઇ ગયા... પેલો બાળક પણ પછીથી બાલસેનાનો સભ્ય થઇ ગયો..!

એકવાર ગાંધીમેળામાં બાળકો ભેગાં થયાં હતાં. બે બાળકો આવીને કહે : ''બે રૂપિયાનો સિક્કો મળ્યો છે, કોઇનો લાગે છે તમે એને શોધીને આપી દેજો'' અમે મૂંઝાયા અમે એને કહ્યું કે ''એમ કર તું રાખી લે !'' તરત કહે : ''ના...ના !'', ''તો પછી એક કામ કર મંદિરમાં મૂકી દે જે'' : બન્ને બાળકોએ જે જવાબ આપ્યો તે અમારા માટેનું શિક્ષણ હતું ''જે બાળકના પડી ગયા હશે એને સાંજે અહીંથી પાછા ફરતી વખતે બસના ભાડા માટે રાખ્યા હશે, હવે નહીં મળે તો એણે ચાલતા જવું પડશે ! કેટલું દૂર છે, કેટલી બધી મુશ્કેલી પડશે ! '' એ બન્નેએ તરત જ કોના છે એ શોધવાનો મહાયજ્ઞ શરૂ કર્યો, અમે એમની આ પ્રક્રિયા અહોભાવથી નિહાળતા હતા... લગભગ દરેક બાળકોને મળ્યા ! છેવટે જેના પડી ગયા હતા એ બાળકને શોધી કાઢયો ! પૈસા પરત કર્યા. પેલો બાળક આ બન્નેને ભેટી પડયો !તાજુબીની વાત કે આટલા બધા બાળકોમાંથી કોઇએ એમ ન કહ્યું કે હા, આ મારા છે ! કેવો ભરોસો !બીજા બાળક માટે કેટલી ચિંતા ! આ જ જીવનને ! ખરા અર્થમાં ગાંધીબાપુને અંજલિ!



બાળકોને રોકટોક ગમતી નથી. સ્વતંત્રતા સાથે તેઓ કરે કે ના કરે એનું ભારણ રાખ્યા વગર એમને મોકળાશ આપવી અનિવાર્ય છે. કયાંક ને કયાંક  બાળક જોતું હોય છે, અનુભવતું હોય છે. કામ કોઇ એક  બાળક કરે કે બીજો, કોઇ મોટો તાત્ત્વિક ફરક પડતો નથી, આ બાળકો એકમેક પ્રત્યે પોતાની સમજથી વારા બનાવી લે છે, પહેલ કરી લે છે. જો કે આપણને આમાં વિશ્વાસ નથી હોતો એટલે માળખા, નિયમો-સૂચનાઓની દિવાલો ખડકી દઇએ છીએ.

એ બાળક તાલીમ શિબિરમાં આવ્યો હતો. જમ્યા પછી દરેક બાળક પોતાની થાળી જાતે ધોઇને યથાસ્થાને મૂકે. જ્યારે આ બાળક તો જમીને થાળી ચોકડી પાસે મૂકી દે, એની બહેન પણ સાથે હતી, એ ધોઇ લે ! ઘરમાં કરતો હતો એ જ અહીંયા થાય. અમારા ધ્યાનમાં આવ્યું, એક બાજુ થાય આવું તે કંઇ ચાલે ! પણ પછી ધીરજરાખી !શિબિર પૂરો થવામાં, એ દિવસે બન્ને ટાઇમ એ બાળકે પોતાની થાળી જાતે ધોઇ. બહેન કહે તો આનાકાની કરે... એટલું જ નહીં, ''લાવ, તારી થાળી પણ આપી દે'' એવું મલકતા ચહેરા કહે !

એકવાર બાળકો અન્ય સંસ્થાના પ્રવાસે ગયા હતાં. જમ્યા પછી બધા થાળીઓ ધુવે ત્યાં નીકમાં પાણી ખૂબ ભરાયું, પાણી આગળ ન જાય... કેટલાક બાળકોએ આ જોયું હશે પણ ધ્યાને ના લીધું ! આસિફે આ જોયું. તેને થયું કે જો આ એંઠવાડ દૂર નહીં થાય તો બધાને મુશ્કેલી પડશે, કોઇને કશું જ કહ્યા વગર નીક અને વોશબેઝીન સાફ કરી નાંખ્યાં ! પાણીનો નિકાલ થવા લાગ્યો...!

એક શિબિરમાં બાળકોની સાથે અમે જર્યોજ ઓરેવલની 'એનીમલ ફાર્મ' પરથી બનેલ ફિલ્મ દેખાડી હતી. કાળા ડુક્કર અને સફેદ ડુક્કર.... એનીમેશન ફિલ્મ, ફિલ્મનો સંદેશ મૂલ્યવાન, પણ આખી વાત સમજવી અઘરી ! અમારામાંથી કેટલાકે કહયું પણ ખરું ''બાળકો સાવ બોર થઈ ગયા, આવી ફિલ્મ ન દેખાડશો !'' પણ અમારા આશ્ચર્યની વચ્ચે એક દિવસ કેટલાક બાળકો આવ્યા અને કહયું... ''ત્યાં તો પેલા કાળા ડુકકર જેવા લોકો છે.'' બાળકો સમજી ગયા હતા કે ''સત્તા અને કેવળ સત્તા ભ્રષ્ટ કરે છે !'' શાણપણ અને સમજણ વગરનો વિકાસ વિનાશ તરફ દોરી જાય. બાળકો અનુભવમાંથી આ તારવીને શીખ્યાં ! કેળવણી એક પક્રિયા છે, સમયના બંધન પ્રમાણે ચાલતા અભ્યાસક્રમ નથી, આ પણ આપણે સમજવું પડે!

**વાર્ષિક કાર્યક્રમ એટલે નવું કરવાનો અવસર**

૨૦૦૩માં બાલસેનાની વિધિવત્ શરૂઆત થઈ ત્યારથી જાણતાં-અજાણતાંમાં એક પરંપરા વિકસતી ગઈ, બાલસેનાના દરેક વાર્ષિક કાર્યક્રમ વિશેષ બનતા રહ્યાં મોટાભાગે બને છે એમ બીબાંઢાળ માળખામાંથી બહાર નીકળી નવી કેડી કંડારી !



બાલસેનાના સ્થાપા વર્ષે પધારેલા મહિલા અધિકારોના પ્રણેતા અને સામૂહિક ચળવળ દ્વારા બહેનો માટે નૂતન મૂલ્યોને પ્રસ્થાપિત કરનારી અગ્રણી 'સેવા' સંસ્થાના પૂ. શ્રી ઇલાબહેને અતિથિ વિશેષ પદેથી કહ્યું કે, ''મને અહીંયા આજે આવવાનો આનંદ છે કારણ કે તમે બાલસેનામાં બધા જ બાળકોનો સમાવેશ કરી વર્ગ–વર્ગ વચ્ચેનો ભેદભાવ મિટાવી રહ્યાં છે. બાળપણ આ કરી શકે એમ છે !'' બાલઘરના બાળકોથી શરૂ થયેલી બાલસેનામાં સરકારી અને ખાનગી શાળાના બાળકોને જોડવાની શરૂઆત થઇ અને ૨૦૦૩ ના વાર્ષિક કાર્યક્રમમાં પૂ. ઇલાબહેનની વાતને બાલસેનાએ આત્મસાત કરી પડઘો પાડયો ! સાથે રમીએ ! સાથે જમીએ, સાથે કરીએ સારા કામ!

૨૦૦૫માં દક્ષિણામૂર્તિ સંસ્થાના પ્રાંગણમાં બાલસેનાના ઉપક્રમે પ્રથમ ગુજરાત રાજ્ય બાળ સંમેલન યોજાયું, ગુજરાતના જુદા જુદા જિલ્લામાંથી ૩૫ સંસ્થાઓના ૮૦૦ બાળકો ઉપરાંત તથા ભાવનગરના ૧૬૦૦ જેટલા મળીને ૨૪૦૦ જેટલા બાળકો ઉપસ્થિત રહ્યાં. શહેરમાં વિશાળ રેલી યોજાઈ અને આ તમામ બાળકો રમતનાં માધ્યમથી બાળ અધિકારો શીખ્યાં ત્યારબાદ અનેકવિધ પ્રવૃતિઓમાં સહભાગી થયા અને




બાળકોનું એક નિવેદન પણ પ્રકાશિત કર્યુ... ''અમને કેવી દુનિયા જોઈએ છે ! ''આ કાર્યક્રમમાં ભાવનગરના બાલદોસ્તો ઉપરાંત લોકભારતીના વિદ્યાર્થીઓ તથા અન્ય સંસ્થાઓનો આ કાર્યક્રમને વિશેષ સહયોગ મળ્યો !સુપ્રસિધ્ધ લેખક-સાહિત્યકાર શ્રી યશવંતભાઈ મહેતાએ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહી બાળકોને વધાવ્યા, તમિલનાડુના મદુરાઈથી બાળકોના સંગઠન શકિત વિડીયલના બાળ પ્રતિનિધિઓ પણ આવ્યા... જાણે-અજાણે બાળકોનું રાષ્ટ્રીય ફોરમ ઉભું થાય તે દિશામાં એક વિચારબીજ રોપાયું ! બાલસેનાની સોનલ અને શકિત વિડીયલનો રણજીત... નિમિત બન્યા, તેઓ બ્રાઝીલ વર્લ્ડ સોશ્યલ ફોરમમાં સાથે હતાં તેઓને થયું આપણી સંસ્થાના બાળકો એકમેકને મળતા રહે તેવું ગોઠવીએ ! અને શરૂઆત થઈ... ગુજરાતના બાળકોના મિલનથી !



૨૦૦૬માં યોજાયેલ વાર્ષિક કાર્યક્રમની સાથે ''શહેરીકરણ અને બાળકો'' ના મુદ્દા પર બાલસેનાના બાળકોએ શહેરીકરણ અને શિક્ષણ-બાળમજૂરી-સતામણી/છેડછાડ-સલામતી જેવા મુદ્દાઓ પર જૂથચર્ચા કરી, જનસુનવાણી યોજી. પોતાની આપવીતીની વાતો કરી હતી !વિકાસનું શહેરીકરણનું મોડેલ બાળપણના ભોગે વિકસી રહયું છે. અનેક પ્રકારની દોડમાં શહેરીકરણનું જીવન એકમેકથી વિખૂંટુ પાડી રહયું છે અને એમાં બાળક પ્રેમ અને સમજણ મેળવવાના કારણે એકલું-અટુલું થઈ ગયું છે, સ્વસ્થ જીવન વિકાસ માટે મોટો પડકાર છે! મોટેરાંઓ બાળકોની આ લાગણીઓને કયારે સમજશે !

બાળકોએ જનસુનાવણીમાં વ્યકત કરેલ આપવીતીમાંથી અમે એટલું સમજ્યાં કે બાળકોના આ સંઘર્ષમાં આપણે તેઓની સાથે રહેવાનું છે, બાળકોને કેવળ વાર્તા-ગીત કે થોડીક રમતો-મઝા કરાવી દઈએ તે પૂરતું નથી જ, નથી ! એના સંઘર્ષના વ્યાપક અર્થોને સમજી બધી તરફથી કાર્ય કરવું પડશે !બાળપણને ખંડ-ખંડમાં ન જોતાં અખંડતામાં સમજવું પડશે ! આ જન સુનવણીમાં શ્રી મનીષી જાની, શ્રી ઇંદુકુમાર જાની, શ્રી સુખદેવભાઈ પટેલ, મીરાંબહેન ભટ્ટ, નીલાબહેન ઓઝા, ડૉ. આનંદીબહેન પટેલ વગેરે એ બાળકોના પ્રશ્નો ખૂબ સહાનૂભૂતિથી સાંભળ્યા અને બાળકોની તરફેણમાં ચુકાદો આપ્યો હતો.

જાન્યુઆરી ૨૦૦૭માં વાર્ષિક કાર્યક્રમની સાથે ગુજરાત રાજ્યનું પ્રથમ કિશોરી સંમેલન યોજયું હતું, જેની વાત આપણે આગળ જોઈ ચૂકયા છીએ.

## બાળકો બન્યા સંશોધનકાર

જાન્યુઆરી'૦૯માં બાલસેનાના ૬ઠ્ઠા વાર્ષિકોત્સવ નિમિત્તે બાળકોએ એવું વિચાર્યુ કે દર વાર્ષિક કાર્યક્રમમાં આપણે અન્ય બાળકોને અહીંયાં આમંત્રિત કરીએ છીએ તો આ વર્ષે આપણે બહાર જઈએ... અને એમાંથી થયો નવતર પ્રયોગ.... ભાવનગર જિલ્લામાં બાળ અધિકારોના સંદર્ભમાં બાળકોની સ્થિતિ શું છે ? એ બાળકો જાતે જોઈને, ગામના અન્ય બાળકોને મળી સંશોધન કરે. આમ, બાલસેનાના બાળકો દ્વારા ભાવનગર જિલ્લામાં બાળકોની સ્થિતિનું સંશોધન અને અહેવાલ તૈયાર થયો. ભાવનગર જિલ્લાના ૨૦-૨૪ % થી પણ ઓછો સ્ત્રી સાક્ષરતા દર હોય તેવા ગામો પસંદ કરવામાં આવ્યાં, તેમાં વળી દરિયાઈ પટ્ટી પર

આવેલ ગામો, જયાં સ્થળાંતર વધુ થતું હોય તેવા ગામો, પહાડી અને અંતરિયાળ આવેલા ગામો, ભાલ પ્રદેશનાં ગામો, જે જ્ઞાતિનાં બાળકો અથવા કિશોરીઓ ઓછું ભણે છે તેવી જ્ઞાતિનું પ્રાધાન્ય ધરાવતા ગામો...આમ અલગ-અલગ લક્ષણો ધરાવતાં ગામો ને તારવીને તેમાંથી ૯ તાલુકાના ૩૩ ગામો અને ભાવનગર અને મહુવા શહેરના ઝુંપડપટ્ટી વિસ્તારને આવરી લેવામાં આવ્યાં હતાં.

આ સર્વેમાં જોડાવા બાળકો થનગની રહ્યાં હતાં. સમાજજીવનને નજીકથી જોવાનો અનુભવ સામાજિકવિદ્યાના પાઠો નિશાળમાં બેસીને ભણાવા કરતાં વધુ મૂલ્યવાન હતાં. બાળકો સાથે આ અંગેની તાલીમ યોજવામાં આવી હતી. આ તાલીમમાં શૈશવના કાર્યકરો ઉપરાંત એમ. એસ. ડબલ્યુના ૩૨ વિદ્યાર્થીઓ પણ જોડાયા હતાં. કુલ ૯ ટીમોની રચના કરવામાં આવી. કાર્યકરોની ભૂમિકા માત્ર બાળકોને માર્ગદર્શન અને સહાય કરવાની અને બાળકો જાતે નેતૃત્વ લઈ સમગ્ર સર્વે કરે તેવું આયોજન કરવામાં આવ્યું હતું. ૧૭ થી ૨૧ જાન્યુઆરી ૨૦૦૯ દરમ્યાન બાળકોએ ગામોમાં જઈને ગામની સામાન્ય માહિતી, ઈતિહાસ, નિશાળની સ્થિતિ, કેટલાં ધોરણ, કેટલાં બાળકો ભણે છે કેટલાં બાળકો મજૂરી કરે છે, કેટલાં ભણતા નથી ત્યાંથી માંડીને કિશોરીઓના પ્રશ્નો, આરોગ્ય અને આંગણવાડીની સેવાઓ, સામાજિક ભેદભાવો-જ્ઞાતિગત જૂથો વિગેરેની માહિતીનું એકત્રીકરણ કરવા માટે ગામાના સરપંચ, આગેવાનો, તલાટી, શિક્ષકો, આંગણવાડી કાર્યકરો જેવા મોટાઓને મળવા ઉપરાંત બાળકોનાં વિવિધ જૂથો સાથે જૂથ ચર્ચા, પ્રશ્નોત્તરી-ઈન્ટરવ્યુ વગેરે દ્વારા પૂર્ણપણે નિભાવ્યું.



આ સર્વે દરમ્યાન રાતવાસો ગામમાં કે નિશાળમાં સગવડ મળે તે પ્રમાણે ત્યાં જ કરતાં હતાં. આ દરમ્યાન અનુભવો પણ કેવા કેવા થયાં...! એક ગામમાં સરપંચ બહારથી આવ્યા અને ખબર પડી કે નિશાળમાં બાળકો સૂઈ જશે એટલે તરત આવી બધાને પોતાને ઘરે લઈ ગયા, તો વળી કયાંક જમવાની વ્યવસ્થા પહેલે આપ - પહેલે આપની જેમ ના થઈ ! એક ગામમાં કોઈકના ઘરે જમવાનું હતું. બાળકો જમવા પહોંચ્યા, વાતવાતમાં જ્ઞાતિ અંગે આપ લે થઈ અને સંકટ ઉભું થયું ! શું કરવું ! યજમાન બહેન મૂંઝાયાઃ ‘‘પણ એમ કરો, મારો ઘરવાળો આવે તે પહેલાં જમી લો, કંઈ કહેતા નહીં ! મારા ઘરેથી જમ્યા વગર જાવ તો કંઈ ચાલે !’’

ક્યાંક બાળકો પગપાળા ચાલ્યા તો ક્યાંક ટેમ્પો કે છકડો મળે તેમાં મુસાફરી કરી. એમાંય એક વાર એક ગામેથી રિક્શામાં નીકળ્યા, રિક્શામાં વજન લાગે... રિક્શાવાળાભાઈ પાછા બાળકો આગળ પ્રમાણિક ! કહે : ''ચાલો તમને અન્ય વાહન નહીં મળે, બેસી જાવ, દારૂની ખેપ કરવાની છે, રસ્તે ઉતારી દઈશ !'' રિક્શામાં સીટની નીચે દારૂની કોથળીઓ ! બાળકોને વાસ્તવિકતા પણ દેખાઈ ! ગામડાઓમાંથી માહિતી અને જાતઅનુભવ લઈને પરત આવ્યાં, ત્રણ દિવસ સાથે રહીને અહેવાલ લેખન અને રજુઆત માટે તૈયારી કરી હતી.

પ્રથમ બાળકોએ પોતે જે જે ગામોમાં જઈને આવ્યાં હતાં તે તે ગામોની માહિતીનું સંકલન કર્યું, ત્યારબાદ તાલુકા પ્રમાણે માહિતીનું સંકલન કર્યુ. આ માટે બાળકોએ પોતાની રજૂઆત વિવિધ માધ્યમો દ્વારા કરી. ગામની ભૌતિક માહિતી - ઈતિહાસ અને સામાન્ય માહિતીની રજૂઆત ચાર્ટ પેપર પર કરી તો વળી શિક્ષણના પ્રશ્નોની રજૂઆત ટ્રેન દ્વારા કરી ૧૨ સ્ટેશનો પર માહિતીનું વર્ગીકરણ મૂકયું. આરોગ્યની સમસ્યાઓ અંગે ડ્રોઈંગ અને કોલાઝને માધ્યમ બનાવ્યું, જયારે ઘર-કુટુંબની સ્થિતિ/સામાજિક ભેદભાવની વાત રોલપ્લે દ્વારા રજુ કરી હતી. આમ તાલુકા પ્રમાણે માહિતીનું વર્ગીકરણ થયા પછી સમગ્ર જિલ્લાનું ચિત્ર મેળવવા માટે આ બધા જ બાળકોને શિક્ષણ, આરોગ્ય, કિશોરીઓના પ્રશ્નો, સામાજિક ભેદભાવ, બાળમજૂરી અને શોષણ, બાળ અધિકારની સ્થિતિ એમ કુલ ૮ ભાગોમાં વહેંચવામાં આવ્યાં હતાં. અને તાલુકા પ્રમાણે પ્રાપ્ત કરેલ માહિતી ઉપર મુજબના વિભાગોમાં વહેંચી પ્રદર્શન દ્વારા રજૂકરી હતી.



આ કાર્યક્રમની નવતર વિશિષ્ટતા એ પણ હતી કે પધારેલ મુખ્ય મહેમાનો ત્યારના સંસદ સભ્યશ્રી રાજેન્દ્રસિંહજી રાણા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડી. પી. જોશી, આસી. જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જિલ્લા પ્રોગ્રામ અધિકારીશ્રી (આઈ.સી.ડી.એસ.), નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન શ્રી રાજીવભાઈ પંડયા, નાયબ ચેરમેનશ્રી વિજયભાઈ લોલીયાણા અને અન્ય આગેવાનોએ દરેક વિભાગની મુલાકાત લઈ બાળકોની રજૂઆતોને નિરાંતે સાંભળી, જરૂરી પૂરક પ્રશ્નો પૂછી ચર્ચા કરી હતી, ત્યારબાદ હોલમાં સૌ ભેગાં થયાં પછી બાળકોની કામગીરીને મહેમાનોએ બિરદાવી અભિનંદન આપ્યાં હતાં. બાળકોની રજૂઆતના મુદ્દે તેના ઉકેલ માટે પ્રયત્નો કરવાની ખાત્રી આપી હતી. આમ સમગ્ર કાર્યક્રમ અત્યંત

રસપ્રદ બની રહ્યો. આ પ્રસંગે જે ગામો સર્વે હેઠળ આવરી લીધેલ ત્યાંથી પણ કેટલાક પ્રતિનિધિ બાળકો અને શિક્ષકો, ગામના આગેવાન કાર્યકરો પણ ઉપસ્થિત રહ્યાં હતાં.

સાતમાં વાર્ષિકોત્સવ પહેલાં ૧૪ થી ૨૦ નવેમ્બર ૨૦૧૦ દરમ્યાન બાલસેનાના ૧૫૦ ઉપરાંત બાળકો ગુજરાતના ૧૧ જિલ્લાની ૧૫ સંસ્થાઓની મુલાકાત લઈ જુદી-જુદી સંસ્થાનાં કામો, તે વિસ્તારની સ્થિતિ-પ્રશ્નો સમજવા તથા સંસ્થાના સ્થાપકોને મળી સમાજસેવાના ક્ષેત્રના અનુભવો શીખીને સમૃદ્ધ થયાં હતાં. આ સમયે બાલસેનાના બાળકો અને કાર્યકરની કસોટી એક ગામમાં થઈ ગઈ. ઉત્તર ગુજરાતના એ ગામમાં રાત્રી રોકાણ માટે બાળકોની ટીમ ગેસ્ટ હાઉસ પર પહોંચી. રજીસ્ટરમાં નામ નોંધવાં શરૂ થયાં. અને એક નામ સાંભળતાં જ ગેસ્ટહાઉસવાળાએ તે બાળકને રહેવા માટે ના પાડી દિધી !બાળકો અને કાર્યકર ચોંકયા ! આવું તે વળી હોતું હશે ? થયું કે વચલો રસ્તો કાઢીએ... તે બાળક અને એકાદ કાર્યકર બીજે કયાંક રાતવાસો કરે ! પણ, ના - આવું તો કરાય જ નહીં, સાથે જ રહેવાનું ! જો આ બાળકને અહીંયા રાખવામાં આટલો ભેદભાવ હોય તો આપણે પણ નથી રહેવું !... અને તમામ બાળકો અને કાર્યકર રાતના મોડું થયું હતું તેમ છતાં બીજે સાથે રહી શકાય તેવી થોડી ઓછી સગવડવાળી જગ્યાએ રહેવા ગયા. દુઃખ થયું પણ વિશેષ આશ્વાસન મળ્યું બાલસેનાના બાળકોની દ્રઢતા - મૂલ્યનિષ્ઠાથી ''હમ સબ એક હૈ - હમ સબ સાથ હૈ''



બાલસેનાના આઠમાં વાર્ષિક કાર્યક્રમમાં બાલસેનાના બાળકો દ્વારા શૈશવના કાર્યકરોનું સન્માન કરવામાં આવ્યું ! દરેકને પ્રતિક સન્માનપત્ર ! બાળકો દ્વારા ઋણ સ્વીકારની સહજ રીતે આશિષભાઈ, અશોકભાઈ, નીલમબહેન, ઉષાબહેન, અલ્પેશભાઈ, ગૌતમભાઈ, મીનાબહેન, તુલસીભાઈ, ભૂમિબહેન... સૌના યોગદાન પ્રત્યે આદર દર્શાવીને બાળકોએ સૌને પોતાના બનાવ્યા એક વખત બાળકોના બની ગયા પછી તમે ઈચ્છો કે ન ઈચ્છો, પણ બાળકો તો જયઘોષ કર્યા વગર રહેતા નથી !

જોત જોતામાં બાલસેનાની શરૂઆત કર્યાને ૧૦ વર્ષ થઈ ગયા ! આ દશાબ્દી વર્ષને વિશેષ રીતે ઉજવ્યું !વાર્ષિક કાર્યક્રમ પહેલાં એક અઠવાડિયું વિસ્તારોમાં શેરી નાટક, પત્રિકા વિતરણ, મીટીંગ દ્વારા બાળ અધિકારની વાતો બાળ સુરક્ષાના પ્રશ્નો વગેરે શહેરના ૫૫ વિસ્તારમાં લોક જાગૃતિના ભાગરૂપે આયોજિત

કર્યા ! આમ વાર્ષિક કાર્યક્રમોની ખાધું-પીધું જ મનોરંજન મેળવવાની પરંપરા તોડી - જવાબદાર બાળકોની ભૂમિકા ભજવી લોકોની વચ્ચે પહોંચ્યા - અવસર ઉજવ્યો ! ઉપરાંત શહેરની ૧૨ શાળાઓમાં પણ કાર્યક્રમો યોજાયા ! આ સાથે બાળકો સાથે કાર્યરત ગુજરાતની ૧૨ સંસ્થાઓના બાળપ્રતિનિધિઓ અને ૨૬ કાર્યકરો સાથે બાળ રાજ્ય સંમેલન ૧૭-૧૮-૧૯ જાન્યુઆરીના રોજ આયોજિત કર્યું... બાળ અધિકાર, સહભાગિતાનો અધિકાર, સહભાગી સંશોધન, સહભાગી નિર્ણય પ્રક્રિયા, બાળ સંગઠનનું માળખું જેવા મુદ્દાઓ અનેકવિધ માધ્યમોની મદદથી શીખ્યા, આદાન પ્રદાન કર્યું - મૈત્રીના ગીતો ગાયા... દોસ્તી મજબૂત કરી ! અને ૨૦ જાન્યુઆરીએ ૧૦ મો વાર્ષિકોત્સવ... જાણતા-અજાણતામાં બાલસેનાના બાળકો આવનારા દિવસોમાં ગૌરવમય વિક્રમ સર્જનારી અરૂણિમા સિંહા...ના શુભેચ્છકો બની રહ્યાં! જેની હિંમત, સાહસ, તમન્ના-ધગશ, જિજિવિષા... પ્રેરક અને ઉદાહરણરૂપ છે, તેણીએ હિમાલયના કેટલાક શિખરો સર કર્યા અને એવરેસ્ટનું શિખર સર કરવાના સપનાં સાથે ભાવનગરમાં બાલસેનાના બાળકો સાથે દોસ્તી કરવા આવી હતી... જાન્યુઆરીમાં કાર્યક્રમાં અને મે મહિનામાં એવરેસ્ટ સર કર્યુ ! એવરેસ્ટ આરોહણ કરનાર સૌ પ્રથમ વિકલાંગ યુવતી ! પછી તો અનેક સન્માન મળ્યા, ‘‘પદ્મશ્રી’’ દ્વારા સન્માનિત કરવામાં આવી આ અરૂણિમાની અલગ કથા છે ! આમશમણું સાકાર કરવામાં બાળકોની શુભેચ્છાઓ સાથે રહી ! આ વાર્ષિક કાર્યક્રમ અન્ય રીતે પણ અલગ હતો, સામાજિક રૂઢિ-રિવાજો વચ્ચે વંચિત વિસ્તારમાં રહેતા માતા-પિતા જેમણે બાળકને પ્રોત્સાહિત કર્યા છે, ભણવા માટે અગ્રેસર કર્યા રે, નવી કેડીઓ કંડારવા માટેની મોકળાશ કરી આપી છે તેવા કેટલાક માતા-પિતાઓનું સન્માન કરવામાં આવ્યું ! જેમના બાળકો નેતૃત્વ કરી રહ્યાં છે. આ ઉપરાંત બાળકોને જૂથમાં સલામતી અને સ્વરક્ષણની તાલીમ પ્રવૃતિના વિવિધ માધ્યમથી આપવામાં આવી હતી !

૧૬ મો વાર્ષિકોત્સવ વિશિષ્ટ બની રહ્યો હતો. પૂ. ગાંધીજી અને કસ્તૂરબાના જન્મયંતિનું દોઢસોમું વર્ષ..ઉજવવાનો ઉત્સાહ... શું કરવું ? ચર્ચામાંથી નીકળી નવીન પ્રવૃતિ ! પૂ. બા-બાપુજીના જીવન-કવન અંગે કોઇ પ્રવચન કરે, બાળકો સાંભળે તેના બદલે જીવન કૌશલ્યોની અનુભવ આધારીત કેટલીક પ્રવૃત્તિઓને પૂ. બાપુના જીવનના પ્રસંગો-પાત્ર સાથે જોડી ‘‘હું પણ ગાંધી છું’’ - એ ભાવને પોતાના રોજબરોજ જીવન સાથે જોડવા અને ચર્ચા કરવાનો ઉપક્રમ ગોઠવ્યો ! નવબિંદુઓને ચાર સીધી લીટી વડે જોડવાની પ્રવૃત્તિ અને ગાંધીજીએ ચાર દિવાલોની બહાર જઇને કંઇક નૂતન વિચાર કર્યો તો આઝાદી મળી - સત્યાગ્રહની વિચારધારા વિકસી એ રીતે પ્રવૃત્તિઓ વિકસાવી નાના-નાના જૂથમાં પ્રવૃત્તિઓ કરી..બાળકો આનંદ સાથે પ્રવૃત્તિઓમં જોડાયા... અને ‘‘મોહન-મોનિયા’’ના અસામાન્ય જીવનને સામાન્ય માણસની જેમ અનુભવ્યું !હા - થઇ શકે... એ ભાવ ઘૂટાંયો... ‘હું પણ ગાંધી છું’ - બાળકોએ પોતાના જીવનના હકારાત્મક પ્રસંગોને યાદ કર્યા.. ‘મને મળેલા એ બે રૂપિયા જેના હતા તેને શોધીને પરત કર્યો. બિમાર હોવાથી મારો એ મિત્ર શાળામાં ન હતો. તો પણ રોજ તેના ઘરે હું લેસન કરાવતો..! ખરીદી કરવા ગયો ત્યારે દુકાનવાળાએ ભૂલોથી મને ૫ રૂપિયા વધારે પાછા આપ્યા પણ મેં એને ભૂલ જણાવી પરત કર્યા.. જીવનની આ વાર્તાને યાદ કરી બાળકોએ અહેસાસ કર્યો કે જો આ મૂલ્યોને વળગી રહીએ -પ્રેરક ટેકો મળતો રહે અને આપણે આ વાતાવરણના નિર્માણમાં સહાયક બનીએ તો બદલાવ એની જાતે આવશે..!



આ '' ચાલ ને રમીએ ગાંધી ... ગાંધી '' - આ પ્રવૃત્તિઓ લોકભારતી સંસ્થાના પીટીસી-બી. એડ.ના વિદ્યાર્થીઓને શીખવાડી, તેઓએ બાલસેનાના કાર્યક્રમમાં સ્વંયસેવક તરીકે જોડાઇ તેઓએ મદદ કરી પણ તેનો ઉપયોગ ગામડાઓમાં પોતાની રીતે પણ કર્યો. ગુજરાત વિદ્યાપીઠના દેથલી (તા. માતર જિ.ખેડા) ગામમાં આવેલ ગ્રામ સેવા કેન્દ્ર ખાતે આસપાસની આઠેક સંસ્થાના ૭૦૦ ઉપરાંત બાળકો સાથે પણ આ પ્રવૃત્તિઓ યોજાઇ. આમ ગાંધીજીને સમજવા-ઓળખવાની એક વિશિષ્ટ પ્રવૃત્તિનો આવિષ્કાર થયો !

આમ વાર્ષિક કાર્યક્રમો ઉજવતા રહ્યા ! બાળકોએ સાથે મળી સ્વયંપાક કરી સાથે રમીએ સાથે જમીએની વાત સાર્થક કરી, સ્કાઉટ–ગાઇડની પ્રવૃત્તિઓને જાણી સમજી શીખ્યા હોય, અનેકવિધ પ્રકારના પ્રોજેકટ વર્ક દ્વારા નવું–નવું શીખે તો વળી ''મારું જીવન–મારું બજેટ'' જેવી વ્યાપક થીમ પણ શાણા બની સમજવાનો પ્રયત્ન કરે.આમ નવું નવું થતું રહેતું હોય છે.

આ બધાની સાથે દરેક કાર્યક્રમમાં અલગ–અલગ સંસ્થાના બાળકો પણ ભાગ લેવા આવે તો ખૂબ ગમે, એટલે વાર્ષિક કાર્યક્રમમાં ક્યાંકથી બાળકો આવ્યા હોય પણ રાજ્ય સંમેલન પ્રતિનિધિ બાળકોનું પણ યોજાતું રહે ! કદાચ, આમ જ ગુજરાત બાલ મંચ સાકાર લેતો થયો હશે.

બાલસેનાએ વાર્ષિક કાર્યક્રમોને અનોખી રીતે ઉજવી શહેરમાં - રાજયમાં નોખી પરંપરા ઉભી કરી! કોઇ રોક-ટોક 'શિસ્ત'ના ભ્રામક ખ્યાલોથી દૂર બાળ સહજ મસ્તી-તોફાન કરતા મઝા માણતા આ બાળકો સતત ગાતા રહે .. '' હરવાના - ફરવાના થઇને બસ મસ્તાનાં!'' બીબાઢાળ કાર્યક્રમોથી કંઇક જુદું - બાળકોનો પોતાનો - પોતાના સ્વશાસનના કાર્યક્રમો!

### વિવિધ સ્તરે બાળકોનું પ્રતિનિધિત્વઃ

ઘણીવાર - બલકે મોટા ભાગે એવું જ સમજવામાં આવે કે બાળકોને આ નહીં સમજાય ! એમાં એમને શું સમજણ પડે ! પણ અનુભવે જોયું કે બાળકોની સમજણ વ્યાપક હોય છે, પરંતુ મહત્ત્વનું એ છે કે બાળકોને સ્પર્શતી તમામ બાબતોમાં એમની સહભાગિતા હોય, એમની સ્વતંત્ર વિચાર શકિત અને દ્દષ્ટિને આદર મળતો હોય, એમની વાતોનો સ્વીકાર થતો હોય અને તેમની જોડે ઉભા રહેવામાં આવતું હોય.

બાળકને મોકળાશ મળે- નેતૃત્વ મળે તો પોતાની વાત પોતાના પ્રશ્નો-પડકારો અને પોતાના જીવનને સ્પર્શતી તમામ બાબતો અંગે સાહજિક રીતે ઉતમ પ્રતિભાવ- અભિવ્યકિત કરતા હોય છે. જરૂર છે આપણી સાંભળવાની તૈયારીઓ કેટલી છે તેને સમજાવાની! બાલસેનાના બાળકો અહિંયા મોકળાશ પામતાં સંસ્થામાં તો રજુઆત કરે, પણ જયારે જયારે પ્રસંગ ઉભા થાય, તક મળે ત્યારે ત્યારે તેઓએ શહેરકક્ષાથી લઈ આંતરરાષ્ટ્રીય કક્ષા સુધી રજુઆતો કરી છે! આના માટે કયારેય તેઓને ''તૈયાર'' કરવા નથી પડયાં! હા, એટલુ ખરું રાજય કે રાષ્ટ્રીય સ્તરે કે કોઇ અન્ય કાર્યક્રમમાં કયાં જવાનું છે ? કાર્યક્રમ શેના માટે છે ? ત્યાં કોણ - કોણ હશે તેની ચર્ચા કરીએ જેથી બાળકોની સમજ કેળવાય પણ તેઓને બધું 'ગોખાવી' દેવાનું એવા પ્રયાસો કયારેય કર્યા નથી. બાળકોએ પોતાને જે કહેવું હોય તે રજુ કરે સાહજિકતાથી !

બાળ મજૂરી વિરોધી ઝૂંબેશ દ્વારા દિલ્હીમાં મજૂરી કરતા બાળકોની આપવીતી જાણવા માટે જનસુનાવણી કાર્યક્રમ ૧૯૯૭માં યોજવામાં આવ્યો હતો, આ કાર્યક્રમ ભાવનગરના પાંચ બાળકોએ ભાગ લીધો હતો અને દાનજીએ હિરા ઉદ્યોગમાં કામ કરતા બાળકોની વાત રાષ્ટ્રીય સ્તરે જણાવી હતી. બાળકોના કેવા પ્રશ્નો છે તેણે વાચા આપી હતી. ત્યારબાદ રાજય સ્તરે જનસુનાવણી અને સંમેલનમાં બાળકોએ પ્રતિનિધિત્વ કર્યું હતું.

દેશના તમામ બાળમજૂર બાળકો વતી તત્કાલીન રાષ્ટ્રપતિશ્રી એ.પી.જે. અબ્દુલકલામની મુલાકાતે ગયેલ પ્રતિનિધિમંડળમાં બાલસેનાની સોનલ હતી. રાષ્ટ્રપતિને સોનલે પૂછયું,'' કેમ અમારે મજૂરી કરવી પડે છે ! અમારા જેવા બાળકોને ભણવાનું કયારે મળશે !દક્ષિણામૂર્તિ જેવી શાળા અમને કેમ નહીં ? સોનલ કુંભારવાડામાં દોરડા વણે, પિતાની માંદગીને કારણે બાળમજૂરી કરે પરંતુ ખૂબ સમજદાર અને સ્વપ્નશીલ... લાગણીશીલ અને નિડર. કુટુંબમાં નાની ઉંમરે લગ્નની વાત થતાં જ તેણીએ સ્પષ્ટ ના પાડી દીધી. હમણાં તો નહીં જ, મોટી થાઉં પછી વાત..... સ્પષ્ટ વકતા અને હિંમત!એક વાર વરસાદની ખૂબ મહેરબાની થઇ. પૂર આવ્યા.... કુંભારવાડામાં પાણી ભરાયા... ઘણાં કુટુંબોને કામ ચલાઉ સ્થળાંતર કરવું પડયું. એના ઘરમાં પાણી પાણી. એની નજીકના સંબંધીને ત્યાંથી ભોજન-ટીફીન લેવા એની બહેનની સાથે જતી હતી. રસ્તામાં છોકરાઓએ હેરાનગતિ કરી. બન્ને બહેનો ડરી નહીં, સામનો કર્યો, પોલીસને બોલાવી ફરિયાદ કરી.....! ઘણાં બધા પછીથી સમજાવવા આવ્યા, ફરિયાદ પાછી ખેંચી લે, આપણે કાંઇ કરવું નથી, પણ આ તો સોનલ કહી દિધું. ''દાખલો તો બેસાડવો જ પડે! બીજાની સાથે આવું ના કરે! ફરિયાદ પાછી નહીં લઇએ!' ત્યાં રહેતા બાલસેનાના બાળકો બધા સાથે! હા, એ સોનલે બાળ મજૂરી વિરોધ ઝુંબેશ દ્વારા આયોજિત મજૂરી કરતી કિશોરીઓનું રાષ્ટ્રીય અધિવેશન મૈસુરમાં યોજાયેલ તેમાં પ્રતિનિધિત્વ કર્યુ હતું, કિશોરીઓની આપવીતી રજૂ કરી હતી, ત્યાંથી તેની પસંદગી રાષ્ટ્રપતિને મળવા જનાર ચાર બાળકોમાં થઈ



હતી. ત્યારબાદ તો બ્રાઝીલમાં આયોજિત વર્લ્ડ સોશ્યલ ફોરમમાં પણ દેશના વંચિત બાળકોના પ્રશ્નોની રજૂઆત કરવા તેણીએ પ્રતિનિધિત્વ કર્યુ હતું !

રાષ્ટ્રસંઘ દ્વારા ઘોષિત બાળ અધિકારો અંગે દરેક દેશે પોતાનો અહેવાલ દર ચાર વર્ષે રાષ્ટ્રસંઘને મોકલવાનો હોય છે. એમાં એવી પણ જોગવાઇ છે કે જે તે દેશના કોઇ પણ નાગરિક એમને જે સ્થિતિ લાગી હોઇ તે દર્શાવતો વૈકલ્પિક અહેવાલ પણ આપી શકે. બાળકો સાથે આ અંગે પણ પ્રક્રિયા હાથ ધરાઇ હતી. બાલસેના ઉપરાંત બાળઅધિકાર સમુહ–ગુજરાતની અન્ય સંસ્થાના બાળકોએ ભેગા થઈ બાળકોની સ્થિતિ અંગેનો વૈકલ્પિક અહેવાલ તૈયાર કર્યો હતો.

રાષ્ટ્રસંઘની જનરલ એસેમ્બલી યોજાવાની હતી, તેમાં કેટલાક બાળકોએ પ્રતિનિધિત્વ કરવાનું હતું. કુંભારવાડાના મફતનગરમાં રહેતા સોહિલની પસંદગી થઇ હતી. પાસપોર્ટ, વિઝા વગેરે પ્રક્રિયા ચાલી રહી હતી. તે જ વેળાએ યુ.એસ.એ.માં ૯-૧૧નો દુઃખદ હુમલો થયો... અને જનરલ એસેમ્બલી મોકુફ રહી. સોહિલને તક મળે તેવા કોઇ એંધાણ ન રહ્યા. સોહિલે મન મોટું બનાવી સમગ્ર વાતને સ્વીકારી લીધી. સોહિલ ખૂબ બોલકો... શીખવાની અને આગળ વધવાની તમન્ના... સંઘર્ષ કરી જાણે... દસમાં ધોરણમાં નપાસ થયો પરંતુ શૈશવ સાથે જોડાયેલો રહ્યો અને પાસ થયો, બારમું ધોરણ કર્યુ ને પછી એની ગાડી પૂરપાટ દોડી. બી.કોમ, એમ.કોમ અને એમ.બી.એ. ! આજે કેટલાય બાળકોને દોરી રહ્યો છે.

સુપ્રિમ કોર્ટ દ્વારા જસ્ટીસશ્રી વાધવાના નેતૃત્વમાં રચાયેલ ફુડ કમિશન દ્વારા રાજકોટમાં જાહેર સુનાવણી હતી, અનેક મોટા લોકોની વચ્ચે શૈશવના બાળકોએ મધ્યાહન ભોજન અને આંગણવાડીના નાસ્તાના પ્રશ્નોની રજુઆત કરી હતી.

તારીખ ૧૪ જાન્યુઆરી ૨૦૧૫ના રોજ સંયુકત રાષ્ટ્રસંઘ દ્વારા ભારત દેશના ‘એકશન ૨૦૧૫’ની શરૂઆત દિલ્હી ખાતે કરવામાં આવી હતી જેમાં સેવ ધ ચિલ્ડ્રન, વાદા ન તોડો જેવી આંતરરાષ્ટીય તથા રાષ્ટ્રીય સંસ્થાઓ-નેટવર્ક પણ જોડાયા હતાં. સમગ્ર દેશના ૧૫ રાજયોના ૧૫ પ્રતિનિધિ બાળકોએ એકશન ૨૦૧૫ દ્વારા પોતાની માગંણીઓ રજુ કરી હતી. બાળકોની માંગણીના આધારે મુખ્ય ચાર માંગણીઓ રજુ કરવા માટે પંસદગી પામેલા ચાર પ્રતિનિધિ બાળકોમાં શૈશવ સંસ્થા પ્રેરિત બાલસેનાના અધ્યક્ષ શિવાનીએ બાળકોની સહભાગિતાના અધિકારને ધ્યાનમાં રાખી બાળકોને પોતાનું સંગઠન તૈયાર કરવા તથા બાળકોને લગતા નિર્ણયો માટે બાળકોની ભાગીદારી માટેની વાત કરી હતી. કાર્યક્રમમા ભારત સરકારના લઘુમતી બાબતોના મંત્રી તરીકે ફરજ બજાવી રહેલા સુ શ્રી નજમા હેપતુલ્લા તથા ઇન્ડિયા ટુડે ગ્રુપના વરિષ્ઠ પ્રતિનિધિ સુ શ્રી કાવેરી બામસાઈ પણ ઉપસ્થિત રહયા હતા જેમણે પોતાના વકતવ્યમાં બાલસેના પ્રતિનિધિ શિવાની દ્વારા કરવામાં આવેલી વાતને ટાંકીને બાળકોની સહભાગિતાના અધિકાર પર વધુ ભાર મુકયો હતો. કાર્યક્રમ બાદ બાળકોએ ભારત સરકારમાં આદિવાસી બાબતોના મંત્રી તરીકે  ફરજ બજાવી રહેલા શ્રી જુઆન ઓરમ તથા નેશનલ કમિશન ફોર વિમેનના ચેરપર્સન સુ શ્રી લલીતા કુમારમંગલમ તથા યુરોપીયન યુનિયનના ભારતના પ્રતિનિધિની પણ મુલાકાત લીધી હતી.

બાળકોના આંતરરાષ્ટ્રીય નેટવર્ક CATS (ચીલ્ડ્રન એઝ એકટર્સ ફોર ટ્રાન્સફોર્મીંગ ધ સોસાયટી)ના ઉપક્રમે એશિયન દેશોના બાળ પ્રતિનિધિઓનું સંમેલન ફેબ્રુઆરી-૨૦૧૯માં યોજાયું હતું. આ સંમેલનમાં બાલસેનાના વિશાલ, નિશા અને નિહારે પ્રતિનિધિત્વ કર્યું હતું. શૈશવ સંસ્થા આ નેટવર્કના એશિયન સ્થાપક જૂથમાં સક્રિયપણે સામેલ છે.

બાળકો પોતાના પ્રશ્નો-વ્યાપક હિતના મુદ્દાઓ અંગે સાથે મળીને વિચારે, સંસ્થાના કાર્યકરો અને વિસ્તારના વડીલો સાથે ચર્ચા કરે અને એમાંથી ઉકેલ માટેનું આયોજન કરે... અને એના અનુસંધાનમાં સરકારના જુદા-જુદા વિભાગના અધિકારીઓને મળે, મ્યુનિ. કમિશ્નર કે મેયર, કલેક્ટર કે જિલ્લા પોલીસ અધિકારીને મળે, રજૂઆત કરે, ફોલોઅપ કરે અને પરિણામો મળતા પોતાની નજરે અનુભવે. આમ નાગરિક ભૂમિકા અને જવાબદારી શીખતા રહે... કેટકેટલું થયું ! ક્યાંક વિસ્તારમાં ઈલેક્ટ્રીસીટી આવી, પાણીના નળ આવ્યા, ગટર કે રસ્તા થયા...! યાદ છેઃ કુંભારવાડાના છેવાડાના વિસ્તારમાં દર ચોમાસે તૂટેલા નાળામાંથી ખૂબ પાણી વહે ત્યારે શાળાએ જવામાં તકલીફ પડે, જોખમ જાણતા હોવા છતાં કોઇ કશું ન કરે... બાળકો સાથે ચર્ચા થઇ, ફોટા પાડયા, અરજી કરી અને બાળકો ઉપડયા કલેકટરશ્રી પાસે ! કલેકટર પાસે મ્યુનિ. કમિશ્નરનો વધારાનો ચાર્જ હતો. ધ્યાનથી ધીરજપૂર્વક બાળકોને સાંભળ્યા અને ત્યારે જ હુકમ કર્યો... થોડા સમયમાં ત્યાં નાનો પૂલ બન્યો ! હા, એ પણ અનુભવ્યું કે મોટા ભાગના અધિકારીઓ દ્વારા બાળકોને હકારાત્મક પ્રતિભાવ મળ્યો છે, સાથે સાથે પ્રોત્સાહીત ર્ક્યા છે.

આમ બાળકો નેતૃત્વ શીખતા જાય, પહેલ કરતા શીખે, આત્મવિશ્વાસ કેળવે, પ્રશ્નને ઉંડાણથી સમજે - તૈયારી કરે આ જ તો શિક્ષણ છે ને ! શાળાના ચોકઠા બહારનું શિક્ષણ !

રાષ્ટ્રસંઘ દ્વારા ‘સસ્ટેનવલ ડેવલોપમેન્ટ ગોલ’ જાહેર થાય તો તેના માટે પણ અભિપ્રાય આપે, બાળકોના કાયદાઓ અંગે સૂચનો આપે, બાળકો અંગેની રાષ્ટ્રીય નીતિ સરકાર જાહેર કરે તો તેની પણ ચર્ચા કરે - સૂચનો મોકલે!

આમ અનેક સ્તરે પ્રતિનિધિત્વ કરવું એ બાળ સહભાગિતાના અધિકારની વાત છે! પરિપકવ નાગરિક ઘડતરની દિશામાં આ મહત્વપૂર્ણ છે. શૈશવ સંસ્થાના રોજબરોજના કાર્યોમાં તેઓ દરેક સ્તરે, સંસ્થાની કો-ઓડીનેશન કમિટીમાં અને ટ્રસ્ટી મંડળમાં પણ પ્રતિનિધિત્વ કરી રહયાં છે.

### બાળકો દ્વારા સંશોધન

બાળકો સંશોધન પણ કરી શકે, વિશ્લેષણ કરી શકે અને અહેવાલ પણ લખી શકે અને તેના આધારે જુદા જુદા વિસ્તારના એકશન પ્લાન પણ તૈયાર કરે તેવો ગૌરવયુકત અનુભવ થયો. ૨૦૦૯ના વેકેશન દરમ્યાન બાળકો દ્વારા જ સંશોધનનાં ટુલ્સ વિકસાવી બાળ અધિકારોની સ્થિતિ ભાવનગરમાં કેવી છે તેનું સંશોધન પણ બાળકો દ્વારા થાય તેવું બાળકોની કાઉન્સીલમાં નકકી થયું. બાળકોને આ અગાઉ ભાવનગર જિલ્લાના ગામડાઓમાં જઈ સર્વે કરવાનો અનુભવ તો હતો જ ! ગુજરાતમાં કદાચ બાળકો દ્વારા આ રીતે સંશોધન થયું હોય તેવી આ પ્રથમ ઘટના હતી.



૧૬ થી ૨૦ મે ૨૦૦૯ દરમ્યાન ૪૪ બાળકો સાથે સંશોધન કેવી રીતે થાય તે અંગેની સહભાગી તાલીમ યોજવામાં આવી. આ માટે સહભાગીતાના અધિકાર પર કાર્ય કરતી કન્સર્ન ફોર વર્કીંગ ચીલ્ડ્રન(બેંગલોર) સંસ્થાની તજજ્ઞ સેવાઓ પણ મળી.બાળકોએ પાંચ દિવસની નિવાસી શિબિરમાં સંશોધનનો હેતુ, સંશોધનની નવી પધ્ધતિઓ, સંશોધન કરવા માટેના સાધનો-પગથિયાં જેવા મુદ્દાઓ પર તાલીમ મેળવી બાળકોને સ્પર્શતા શિક્ષણ, આરોગ્ય, બાળ મજૂરી વગેરે જેવા ત્રીસેક વિષયો-મુદ્દાઓ પર ચર્ચાઓ થઇ, અને તાલીમનાં ભાગરૂપે સંશોધનના પાંચ ટૂલ્સ બાળકોએ વિકસાવ્યાં! વિસ્તારમાં બાળકો પોતાને અનુભવાતા પ્રશ્નો, મુશ્કેલીઓ તથા તેનું નિરાકરણ ચિઠ્ઠીમાં લખીને આપે, તે માટે પ્રશ્નબેગ વિકસાવી. બીજું સાધન મેપિંગ જેમાં હોકાયંત્રની મદદથી વિસ્તારનો નકશો દોરી તેમાં સરકારી સુવિધાઓ કેટલી અને કેવી છે તે ચિહનો દ્વારા બાળકો દર્શાવે. ત્રીજુંસાધન સરકારી સેવાઓની માહિતીનાં ચિત્રો પરથીઆ સેવાઓ?? સારી - નરસી બાબતોનું વિશ્લેષણ, ચોથું મુદ્દા આધારિત જુથચર્ચા તેમજ પાંચમું વિસ્તારના ઘરોનો ડોર ટુ ડોર સર્વે. આ તાલીમમાં વિકસાવેલા ટુલ્સનો પ્રી ટેસ્ટ પણ ફિલ્ડમાં જઇને કર્યો હતો. આવી બે–ત્રણ તાલીમ બાદ લગભગ નેવું જેટલા બાળકોએ સવારથી સાંજ ફિલ્ડ ખૂંદીને ૨૧ વિસ્તારોમાં સંશોધન હાથ ધર્યુ હતું. આ જ પ્રમાણે ૨૦૧૫-૧૬માં બાળ અધિકાર સમૂહ-ગુજરાતની સાથી સંસ્થાઓના બાળકો સાથે શૈશવ દ્વારા ત્રણ તબક્કામાં તાલીમ આપવામાં આવી હતી અને ગુજરાતના ૭ જિલ્લાઓમાં ચાઇલ્ડ રાઈટ ઓડીટ - સંશોધન બાળ સંશોધકોએ હાથ ધર્યુ હતું,



જનજીવનને-બાળકોના પ્રશ્નોને સમજવાની નવીન દષ્ટિ આ બાળકોને મળી! આમ કોઇપણ પ્રશ્ન વૈજ્ઞાનિક અભિગમથી જોવો-સમજવો-તરાસવો-વિશ્લેષણ કરવું એ બાળકો અનુભવથી અદભુત રીતે શીખ્યાં હતાં !

### આંતરરાષ્ટ્રીય સંશોધનમાં બાળકોની સહભાગિતા

બાળકોના સહભાગિતાના અધિકાર અંગે આંતરરાષ્ટ્રીય સ્તરે વિશિષ્ઠ કાર્ય કરનાર અને બાળકોની સહભાગિતાના માપદંડને ઓળખવા માટે સીડીની સંકલ્પના આપનાર પ્રો. રોજર હર્ટ, સીટી યુનિ. ઓફ ન્યુયોર્કમાં ચીલ્ડ્રન એન્વાયરન્મેન્ટ રીસર્ચ ગ્રુપના વડા તરીકે કાર્યરત છે. તેઓએ વિશ્વના લગભગ આઠેક

દેશોમાં બાળ મૈત્રીપૂર્ણ વિસ્તારો અને શાળાઓ અંગે નાવીન્યપૂર્ણ સંશોધન કર્યું હતું. આ આંતરરાષ્ટ્રીય સંશોધનમાં ૨૦૧૩માં બાલસેના પણ સહભાગી થઈ હતી.

આ બાળમૈત્રીપૂર્ણ વિસ્તાર અને શાળાઓ અંગેના સંશોધનમાં બાળકો, પુખ્તો અને ત્યાં કાર્યરત અન્ય સંસ્થા–સરકારી કાર્યક્રમના કાર્યકરોને સાથે રાખી રમત–ગમત અને મનોરંજન, વાતાવરણ અને પર્યાવરણ, રહેઠાણ, સલામતી અનેસુરક્ષા, આરોગ્ય અને સામાજિક સેવાઓ, સહભાગિતા જેવા મુદ્દાઓ અંગે પ્રવર્તમાન શું સ્થિતિ છે તેમજ તે દૂર કરવા કેવા એકશન પ્લાન સાથે મળીને બનાવવા જોઈએ તે બાબતોને આવરી લેવામાં આવી હતી. આ મહત્વપૂર્ણ આંતરરાષ્ટ્રીય સંશોધનમાં ભારતમાંથી શૈશવ બાલસેના સહભાગી થઈ તે આપણા બધા માટે ગૌરવરૂપ બાબત તરીકે ઉલ્લેખનીય છે. આ સંશોધનમાં પણ બાલસેના અને તરૂણસેનાના સભ્ય બાળસંશોધકોએ અન્ય બાળકો અને મોટાઓ પાસેથી માહિતી મેળવી હતી. રાષ્ટ્રસંઘે ઘોષિત કરેલ બાળ અધિકારોના ૨૫ વર્ષ પૂર્ણ થતાં, તેની ઉજવણીના ભાગરૂપે બાળ અધિકાર સમૂહ-ગુજરાત અને યુનિસેફ દ્વારા ૧૮ જિલ્લાઓમાં બાળ અધિકાર યાત્રાનું આયોજન ૨૦૧૪માં કરવામાં આવ્યું હતું, તેના ભાગરૂપે બાળ મૈત્રીપૂર્ણ શાળાઓ-વિસ્તારો અંગેનું મહત્વપૂર્ણ સંશોધન સાથી સંસ્થાઓ અને બાળકોની મદદથી કરવામાં આવ્યું હતું. આ પ્રક્રિયામાં શૈશવ અને બાલસેનાએ નેતૃત્વ લઈ તાલીમો યોજી હતી.


આમ આંતરરાષ્ટ્રીય સંશોધન કાર્યમાં બાલસેના સહભાગી થઈ, પોતાની સમજણને વ્યાપક બનાવવા નૂતન કદમો ભરી રહી છે. બાળકો તરીકે બાળકોને પડતી મુશ્કેલીઓને, વિકાસ અને સુરક્ષાના પ્રશ્નો, લોકોની માન્યતાઓ અને રૂઢિગત ખ્યાલો કે પછી સામાજિક રચનાના એકમો અંગે તેઓ જ વધુ યોગ્ય અભિપ્રાય આપી શકે એવું અમને લાગે છે. બાળકોની આ સમજ અને દષ્ટિકોણનો સમાવેશ મોટેરાંઓ પોતાના આયોજનમાં કરે તો ખૂબ ઉપયોગી અને લાંબાગાળાની અસર તેના વડે ઊભી કરી શકાય તેમ છે. સમાજ વિકાસ-શાસન વિકાસમાં બાળકોની સહભાગિતા અનેક નૂતન અર્થો વિકસાવી શકે છે, માળખા અને રૂઢિઓને બદલવાનું સરળ થાય તેવો સંભવ છે.



આવી જ એક નૂતન પહેલ બાળકોએ સાથે મળીને કરી. બાળકોની દ્રષ્ટિએ એમના મનમાં અસલામતી એટલે શું તથા એવી કઈ બાબતો જે અસલામત ગણાય તેના વિષે ખબર નથી તેને પણ સમજી શકાય તે હેતુથી **'ચાઈલ્ડ સેફટી ઓડીટ'** અયોજન કરવામાં આવ્યું. બાળકોએ સાથે બેસીને સલામતી અને અસલામતી અંગેના માપદંડો નકકી કર્યા-સમજણ બનાવી ! લગભગ ત્રણસો ઉપરાંત બાળકો તથા વિસ્તારના વડીલો અને કાર્યકરોએ પદયાત્રા-ચાઈલ્ડ સેફટી વોક કરી ! અવાવરૂ જગ્યાઓ, રોડ તથા ટ્રાફીકની અસલામતી, ખાડા-ખડીયાળા રોડ, ખુલ્લી ગટરો, ગલી-કૂંચી, અંધારાવાળી જગ્યા, છેડતી થતી હોય તેવાં સ્થળો, વિજળીના ખૂલ્લા વાયરો-થાંભલા, આવારા તત્વો, દારૂ-જુગારના સ્થળો, નીચાંણવાળા પાણી ભરાય તેવા વિસ્તારો, નિશાળની આસપાસ ઉભા રહેતા આવારા તત્વો જેવા અનેક મુદ્દાઓને ઓળખ્યા ! આવી બાબતોથી દૂર કેવી રીતે રહેવું - સલામતી કેવી રીતે જાળવવી તેમજ તે પ્રશ્નના ઉકલે માટે કોની મદદ લેવી-શું કરવું તે અંગેનો એકશન પ્લાન પણ બનાવ્યો ! એટલુ જ નહીં, કલેકટર શ્રી સાંનિધ્યમાં જિલ્લાના અધિકારીઓ વગેરે સાથે મીટીંગ યોજી રજુઆત કરી અને તંત્રએ પણ સહયોગની તત્પરતા દર્શાવતા! આમ, બાળકોમાં સભાનતા વિકસી, પ્રશ્નને કેવી રીતે ઓળખવા તેની દ્રષ્ટિ મળી, આવા પ્રશ્નોના સામના માટે સંગઠિત થવું જોઈએ તેવી બાબતોને પણ તેઓ સમજયા.... આમ બાલસેનાના બાળકો પોતાની સમજણ અને સામર્થ્ય કેળવી રહ્યાં છે !

મે' ૨૦૧૯ના ઉનાળુ વેકેશન દરમ્યાન જ્યારે અન્ય બાળકો વધતાં તાપમાન સાથે કેવી રીતે ગરમી સહન કરવી તેની વિમાસણ અનુભવતા હતા. ત્યારે બાલસેનાના બાળકોએ બાળકોને પજવતો–હેરાન કરતો વિશિષ્ટ મુદ્દો–પજવણી કે હેરાનગતિને અંગ્રેજીમાં જેને બૂલીઈંગ કહીએ છીએ જેમાં બાળકો સાથે વર્તન વ્યવહાર દ્વારા દાદાગીરી–પજવણી કે સત્તા કે ખરાબ ભાષામાં ઉતારી પાડવા–ચીડવવા જેવું રોજ બરોજ થતુ રહેતું હોય છે. આ અંગે **બૂલીઈંગ** પર અભ્યાસ કર્યો હતો.

બાલસેનાના સક્રિય બાળકો સાથે ત્રણ દિવસની શિબીર પણ યોજવામાં આવી હતી. સમગ્ર કાર્યને વિવિધ માધ્યમો દ્વારા બાળકો સમજ્યા અને શૈશવ સંસ્થાના પારૂલબહેન, ઈશાબહેન તથા અન્ય કાર્યકરોની સાથે રહી બાળકોએ અભ્યાસ માટેના ટુલ્સ, સાધનો વિકસાવ્યા હતા. ત્યારપછી સતત ૧૫ દિવસ સુધી ૧૭ વિસ્તારમાં ૧૨૮ બાળકોએ પ્રત્યક્ષ જઈને અન્ય ૯૮૮ બાળકોને મળી અભ્યાસ માટેના ડેટા મેળવ્યા હતા અને તેના ફોર્મ ભર્યા પછી બાળકોના જુથમાં જુથ ચર્ચા કરી પજવણી કે દાદાગીરી કોના દ્વારા ક્યાં સ્થળે કેવી રીતે અને શા માટે થતી હોય છે. તેમજ ભોગ બનનાર બાળકો પર શારીરિક, માનસીક કે ભાવનાત્મક સ્તરે કેવી અસર થતી હોય છે. તેને સમજવા પ્રયત્નો કર્યા હતા.



બાલસેનાએ માહીતી એકત્રીત કરી સંતોષ માન્ય ન હતો બાદમાં બાળકો દ્વારા બીજી એક શીબીર કરી માહીતી ડેટાનું વિશ્લેષણ કેવી રીતે થાચ તે શીખ્યા હતા. જેના માટે પારૂલબહેને કાર્યકરો સાથે બાળકોને માર્ગદર્શન પુરુ પાડ્યું હતુ. આ અભ્યાસ દરમ્યાન શહેરના છેવાડાના બાળકો ખાસ કરીને નાના બાળકો, દિવ્યાંગ બાળકો તથા છોકરીઓને વિશેષ સાંકળી લેવાચા હતા. આ બાબતને કેવળ અભ્યાસ માટે સીમીત ન રાખતા બાળકોએ વર્તન, વ્યહાર અને સંવાદમાં કેવી કાળજી લેવી તે અંગે પણ એકશન પ્લાન બનાવ્યો છે. આ માટે નોન વાચલન્ટ કમ્યુનીકેશન–અહિંસક સંવાદની ભાષા, પીસ સર્કલ જેવા પદ્ધતિઓને બાળકો હવે શીખવાનો પ્રચત્ન કરશે. આમ બાલસેનાના બાળકોએ નીત નવું શીખતા અન્યોને માટે ઉદાહરણ પૂરૂ પાડ્યું છે.



**બાલસેનાના પ્રયોગો રાજ્ય સ્તરે વ્યાપક બન્યા**

શૈશવ સંસ્થાના બાળકો દ્વારા સંશોધન–અભ્યાસ એ નૂતન કાર્ય છે. અગાઉ બાલસેનાના બાળકો દ્વારા ચાઈલ્ડ રાઈટ ઓડિટ, ચાઈલ્ડ શેફટી વોક અને બાલ મૈત્રી પુર્ણ શાળા–વિસ્તાર અંગેના સંશોધન–અભ્યાસ કરવામાં આવ્યા છે અને આ પ્રયોગમાત્ર સ્થાનીક ન બની રહેતા રાજ્ય સ્તરે પણ વ્યાપક બન્યાં છે.

**બાલસેના એટલે નિર્ભયી બનો-વિવેકી બનો**

બાલસેનાના બાળકો સાથે અનેક મુદ્દાઓ પર શિબિરો ચોજાચ, બાળમેળા ચોજાચ સાથોસાથ આ બાળકો રાજચ, રાષ્ટ્રીચ અને આંતરરાષ્ટ્રીચ સ્તરે પ્રતિનિધિત્વ કરે... એકવાર રાષ્ટ્રીચ બાળ અધિકાર કમિશન તથા મહિલા અને બાળ વિકાસ મંત્રાલચ દ્વારા દિલ્હીમાં બાળકોના અધિકાર અને કાચદાઓ અંગે રાષ્ટ્રીચ કોન્ફરન્સ હતી, દેશના અલગ-અલગ રાજચોમાંથી બાળકો આવ્યા હતા. મોટાભાગે વકતાઓ અંગ્રેજીમાં બોલે ! બાલસેનામાંથી પ્રતિનિધિત્વ કરતો મનોજ થોડીવાર તો શાંત રહ્યો પછી શ્રમમંત્રીશ્રીના વકતવ્ય દરમિચાન ઊભો થઇ ગચો અને કહ્યું, ''સર, અહીંયાં ઘણાં બધાં બાળકો પણ છે, એમને આપ કહો છો તે સમજાતું નથી. પ્લીઝ હિંદીમાં વાત કરશો તો ખૂબ ગમશે.''ઘડીભર સન્નાટો છવાઇ ગચો, પણ મંત્રીશ્રીએ વિનંતી સ્વીકારી અને હિન્દીમાં બોલ્યા!

ડીઆઈજી દ્વારા વાર્ષિક ઈન્સપેકશન પોલીસ વિભાગમાં થાય. ઈન્સપેકશનના ભાગરૂપે શહેરના પ્રતિષ્ઠિત નાગરિકો અને સંસ્થાઓ સાથે મીટીંગ યોજાય. આવી મીટીંગમાં બાલસેનાના બાળકોએ પણ પ્રતિનિધિત્વ કરે, સંકોચ કે ડર રાખ્યા વગર રજૂઆત કરે ! કોઈકને ગમે અને પ્રતિભાવ મળે અથવા ન ગમે તો સાંભળવા પણ મળે : ''હજુ બાળકો છો, ભણવા પર ધ્યાન આપો !'' પણ બાળકોએ શાળાના મેદાનમાં છડે ચોક વેચાતો દારૂ, શાળા આસાપાસ મળતા ગુટકા-તમાકુ, કન્યાશાળા આસપાસ અડ્ડો જમાવી બેઠેલા આવારા તત્વો,મોડેલીંગ કરાવવાની લાલચે છોકરીઓની થતી અશ્લિલ ફોટોગ્રાફી જેવા ગંભીર મુદ્દાઓ પરત્વે ધ્યાન દોર્યુ હતું એટલું જ નહીં આ અંગે શું કાર્યવાહી થઈ છે ? તે અંગે જવાબદારીપૂર્ણ પ્રતિક્રિયાઓ પણ જાણવા માંગી હતી.

બાળકોએ માહિતી અધિકાર કાયદાનો ઉપયોગ પણ કર્યો. કદાચ ગુજરાતમાં બાળકો દ્વારા આ પ્રકારે પ્રથમવાર ઉપયોગ થયો હશે. એ વેળાના ડેપ્યુટી મ્યુનિ. કમિશ્નરશ્રીએ બાળકોની વાતમાં રસ લઈ મધ્યાહન ભોજન અંગે શાળાઓને એક પરિપત્ર પણ મોકલાવ્યો ! અમે એક એવા વિસ્તારના બાળકો સાથે કામ કરીએ કે જેમને શાળામાં દાખલ થવામાં, નિયમિત ભણવામાં એમને લાગેલા 'લેબલ'ને લીધે પારાવાર મુશ્કેલી પડે !

અમારી સાથે જોડાયેલા એક નવા કાર્યકરે વિસ્તારમાં ચાલતી પ્રવૃત્તિઓ દરમ્યાન એ લેબલનો ઉપયોગ કરી દીધો !બાળકો તો ચોંકી ઉઠયા. આવું કેમ ?શૈશવમાં આવું થાય ! બાળકોએ કેન્દ્રમાં આવવાનું બંધ કર્યુ. તપાસ કરી તથ્યો જાણ્યા. કાર્યકરને એમ કે એમાં વળી શું ?સમજાવીને કહ્યું અહિંયા આવું નહીં ચાલે ! બાળકોને એમનું સ્વમાન છે. બીજે મળે કે ના મળે શૈશવમાં તો મળશે જ એ વિશ્વાસ તૂટે તે નહીં ચાલે ! બાળપણની પ્રતિષ્ઠા માટે આટલી કાળજી લેવાય તે વાત કાર્યકરને સમજાય નહીં, અંતે તેમને સંસ્થા છોડવાનું જણાવવું પડયું ! અન્ય એક પ્રસંગે બાળકોને એક કાર્યકરે ધોલધપાટ કરી, વાત પહોંચી. આ તો નહીં ચાલે ! એ કાર્યકરે પણ શૈશવ છોડવું પડયું. આપણે તો આ અવહેલના પામેલા બાળકોના બાળપણ ને આદર આપવાનો હોય, સાચવવાના હોય ત્યાં આપણાથી આવું થાય !બાળકોને ખબર ''આ અમારું શૈશવ છે '' - ડર રાખ્યા સિવાય બધું જ કહી શકાય એ વિશ્વાસ. કોઈકને થશે કે તમે તો બાળકોને બહુ ચગાવ્યા છે, પક્ષપાત કરો છો તો ભલે, પણ બાળપણને તો સાચવવું જ રહ્યું ! અહીંયા ખોટું ઉપરાણું લેવાની વાત નથી. કયારેક એવું કંઈ હોય ત્યારે બાળકો સાથે બેસી ચર્ચા - મુકત ચર્ચા દ્વારા સારી - નરસી બાબતો અને વિવેક વિશે સાથે મળીને શીખતા હોઈએ છીએ, પરંતુ બાળકો કોઈ ત્રાહિત છે એમ નહીં આપણા જ છે એ પ્રતીતિ હોવી જરૂરી છે. બાળકો નિર્ભીક બને અને પોતાની સાચી વાત રજૂ કરી શકે. એ એક સ્વસ્થ નાગરિકના ઘડતરની દિશામાં અનિવાર્ય બાબત છે. બાલસેનાના પ્લેટફોર્મ પર આ મોકળાશ મળતાં બાળકોના મનમાં રહેલી બીક ધીમે ધીમે દૂર થતી ગઈ છે. કમસેકમ બાલસેનામાં તો આ બીક રાખ્યા વગર જીવવાની પ્રેકટીસ બાળકોને સહજતાથી મળી રહે છે. ડર વગર રહેતો સમાજ જ શાંતિ લાવી શકે - ફેલાવી શકે.

બાલસેનામાં જોડાયેલા બાળકો બાળ અધિકારોને જાણે-સમજે, બાળ વિકાસની વાતોને સમજે, બાળ મજૂરી-બાળલગ્ન, કુપોષણ જેવા મુદ્દાઓ અને તેની પાછળના કારણો વગેરેને સમજે-જાગૃત થાય. બાળકોની ચાઈલ્ડ હેલ્પ લાઈન-૧૦૯૮ પર બાળકોના ફોન આવે, ટીમ પહોંચી જાય અને પ્રશ્નનું નિરાકરણ લાવે. વિસ્તારોમાં થતાં બાળવિવાહ-બાળલગ્ન જેવા મુદ્દાઓની માહિતી બાળકો આપે, ટીમ જે તે વ્યક્તિના ઘરે જાય-સમજાવટ કરે અને આવું થતું અટકાવે ! ક્યાંક કોઈને ના ગમે તો સંઘર્ષ થાય પણ બાળકો ડરે નહીં !

આમ તો ટીમ બાળકની ઓળખ છૂપાવીને કાર્ય કરે પણ બાળકો પરિવર્તન માટે જે કટિબધ્ધતા બતાવે તેને તો સલામ જ  કરવી રહી !

**અમારી પ્રાથમિકતા બાળકની સુરક્ષા**

બાલસેનામાં જોડાવાથી બાળકોમાં અન્ય બાળકોના પ્રશ્નો, સુરક્ષા વિગેરે અંગે સંવેદનશીલતાની સાથે પ્રશ્નોના નિરાકરણ માટે મંડી રહેવાનું સમર્પણ વધ્યું છે. થોડા દિવસો પહેલાં સંસ્થાના કાર્યકર પર શૈશવ સાથે જોડાયેલા તરૂણનો ફોન આવ્યો, ‘બહેન, તમે અને ચાઇલ્ડલાઇનની ટીમ અહિંયા મારી દુકાને આવો. મને બાળક મળી આવ્યો છે.’ ટીમ પહોંચી વડવા વિસ્તારમાં મનોજ (બાલસેનાનો પૂર્વ ઉપાધ્યક્ષ) ની દુકાને... એ અને તેના પિતા હાજર હતાં... એક છોકરો પણ છોકરીના કપડામાં બેઠો હતો અને નાસ્તો કરતો હતો! ‘‘બહેન, આનું નામ ........છે. એ અહીંયાં બહાર રોડ પર આંટા મારતો હતો .... મારી નજર ગઇ.. કપડાં જોઇ કુતુહલ પણ થયું..... આ બાળક કંઇક મુશ્કેલીમાં લાગે છે...એટલે તરત તેને દુકાને બોલાવ્યો,વાત શરૂ કરી અને તમને ફોન કર્યો!’’ બાળક દક્ષિણ ગુજરાતના બીલીમોરા તરફનો હતો. કેવી રીતે ભાવનગર પહોંચ્યો? શા માટે? ઘણા પ્રશ્નો પૂછતાં પૂછતાં બાળક પાસેથી માહિતી મળતી ગઇ... એક તરફ કમ્પ્યુટરની મદદથી બીલીમોરામાં એણે જે નામ આપ્યા તેના સરનામા મેળવ્યાં, ખરાઇ કરી.  તેના માતા-પિતાની પાસે બિલીમોરા મોકલ્યો. જાગૃત બાળક અથવા નાગરિક ધારે તો બાળકના રક્ષણમાં શું કરી શકે તેનું અમૂલ્ય દ્દષ્ટાંત મળ્યું... એક ચકોર-જાગૃત દ્દષ્ટિ..સમાજના હિતમાં... બાળકના હિતમાં.. બન્નેને સલામ ! આપણી આસપાસ બનતી ઘટનાઓ-પ્રસંગો વેળાએ કદાચ સંવેદના જાગી જાય છે પણ ચોકસાઇથી તેમાં સહભાગી થઇ મદદરૂપ થઇએ તો કેટકેટલું અટકી શકે! આમાંથી અમે નવત્તર પ્રયોગ શરૂ કર્યો બાળકોની સલામતી માટે ચાઈલ્ડ સેફ્ટી નેટ, જેની વિશેષ વાત આપણે આગળ કરીશું.

અમે બાળકોની સાથે બેસીને ગંભીરતાથી સાંભળીએ. બાળક છે ને, એટલે બીજા કામ કરતાં-કરતાં સાંભળી લઈએ તેવું ન કરીએ, એના પ્રત્યે ધ્યાન આપીએ... અને બાળકો ખુલતા ગયા. વિશ્વાસનો સેતુ રચાતો ગયો... બધી જ વાત કરે. એમના અભિપ્રાયો - અભિવ્યકિતને પ્રતિભાવ મળતો થયો. એમને સ્થાન મળતું ગયું. અમે પણ વિશેષ સભાન બનતા ગયા જેથી બાળક સાથે વિકસતા જતા સંબંધને નુકસાન ન થાય.

**બાળકો દ્વારા ‘બાલસેના’ પ્રવૃતિનું દસ્તાવેજીકરણ**

બાલસેના-બાળકોનું પોતાનું સંગઠન, એમાં વાત આવી બાલસેનાના કાર્યો વિષે બાળકો જ લખાણ કરે! કેવી રીતે કરવું, કોણ કરશે એની ચર્ચા ચાલી. શૈશવના મિત્ર અને મદુરાઇમાં બાળકોના સંગઠન સાથે કાર્ય કરતા જીમભાઈએ બાળકો દ્વારા તૈયાર થનાર દસ્તાવેજના કાર્યને ફેસીલીટેટ કરવાની જવાબદારી સંભાળી જીમની સાથે શૈશવમાંથી પારૂલબહેન, ફાલ્ગુનભાઈ, ચાઈલ્ડ રીચ ઈન્ટરનેશનલથી આવેલા રચેલ તથા શૈશવના કાર્યકરો જોડાયા. બાલસેનાના બાળકોમાંથી વિશેષ જવાબદારી દ્દષ્ટિ, ઈશા, રીદ્ધી અને જયેશે સંભાળી.. પ્રક્રિયા શરૂ થઈ દસ્તાવેજ લેખન બાળ સહભાગિતા સાથે!

પ્રથમ ૩ થી ૭ મે ૨૦૧૧ દરમ્યાન સઘન પ્રક્રિયા હાથ ધરી, શૈશવ અને બાલસેનાના પરિચયના પ્રથમ પ્રકરણથી લઈને બાલસેના ઉદભવ ઈતિહાસ, વિચાર અને સમજ, બાલસેના ઓળખ, નિયમો, માળખુ વગેરે, બાલસેનાની પ્રવૃતિ, નિયમિત કાર્યક્રમો, વાર્ષિક કાર્યક્રમો, સ્થાનિકસ્તરે થી માંડી રાજય તેમજ રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય સ્તરે બાલસેનાની સહભાગિતા, નેટર્વક અને એડવોકસી, બાલસેનામાં શૈશવની

ભૂમિકા, બાલસેનાની અસરો અને ભાવિ દિશા-તરૂણસેના.. આ બધી જ બાબતો સાંકળવામાં આવી હતી.


જુદી જુદી પ્રવૃતિઓ અને માધ્યમોની મદદથી પ્રક્રિયા કરતા ગયાં અને બાળકો પાસેથી વાતો આવવા લાગી, સંસ્મરણો વાગોળ્યા, બાળકના કે કુટંબમાં કે વિસ્તારમાં આવેલ ફેરફારના દર્શન બાળકોની નજરે થતા ગયા! કેટકેટલુ વાગોળ્યું, કયાંક પૂર્તિ થઈ તો વળી કયાંક સંદર્ભ ન પણ મળ્યો. સળંગ ચલચિત્ર શરૂ થયું... આનંદ ગૌરવ તો કયાંક દુઃખ-આઘાત કે નિષ્ફળ થવાનો અહેસાસ પણ ઘૂંટાયો !

બાલસેનાના અત્યારના બાળકો ઉપરાંત ભૂતપૂર્વ બાલસેનાના સભ્યો, તરૂણસેના સાથે જોડાયેલા સભ્યો, શિક્ષકો, શૈશવના હાલના અને ભૂતપૂર્વ કાર્યકરો, વાલીઓ- વડીલો સાથે મીટીંગો થતી ગઈ અને બાળકો બધું અંકે કરતા ગયા!

બાલસેનાની વાતો લખાતી ગઈ, ઘૂંટાતી ગઈ... સીનીયર બાળકો દષ્ટિ, ઈશા, નિરાલી અને જયેશે અમૂલ્ય સમય આપી બધી જ વાતોને એકત્ર કરી પ્રકરણોમાં ગોઠવી અને પુનઃલેખન કર્યુ, જરૂર પડે રેફરન્સ ફરી કરવો હોય તો બાળકોને કે કાર્યકરોને ફરી મળી આવ્યા! આમ દસ્તાવેજ તૈયાર થયો હતો.

પોતાની વાત-પોતાના સંસ્મરણો કાળની ગર્તામાં ભૂલાઇ જાય તે પહેલા બાળકોએ પોતે શબ્દબધ્ધ કરી નૂતન ચીલો ચાતર્યો !

**બાળકોની જગ્યા - બાળપણની પ્રતિષ્ઠા**



પ્રત્યેક નિર્ધારિત વિસ્તારમાં કાર્યકર સાથે બિનઔપચારિક રીતે બાળકોની પોતાની જગ્યા - ભૌતિકરૂપે તથા અભિવ્યકિતના સ્વરૂપે વિકસતી ગઈ! હા, કયારેક બાળકોને સહન ન કરી શકતા તત્ત્વો જગ્યા બદલવા દબાણ કરે ! પણ, વિસ્તાર બાળકોને ઓળખતો થયો, બાળકોનો સ્વીકાર કરતો થયો !બાલસેના કાઉન્સીલ નેતૃત્વ અને જવાબદારીનું પ્લેટફોર્મ બની, અહીંયાં બાળકો દ્વારા, બાળકો માટે બાળકોનું જગત વિકસતું ગયું. સમયાંતરે બાલસેનાના પ્રતિનિધિ બાળકો શૈશવ સંસ્થાના કોરગૃપની કો-ઓડિનેશન મીટીંગમાં તથા ટ્રસ્ટી બોર્ડમાં સભ્ય તરીકે કાયમી આમંત્રિત બન્યા ! આમ બાળકો માટેની જગ્યા વિકસતી ગઈ... હજુ ઘણું કરવાનું છે.... પ્રયત્નો ચાલી રહ્યાં છે જેથી સહભાગિતાને ખરા અર્થમાં ચરિતાર્થ કરી શકાય !

બાળકો... આજે ટેન્શનમાં છે. મા-બાપના પ્રશ્નો છે. શાળા-શિક્ષણનો ભાર છે ત્યારે ન કરવાનું કરી બેસે! ઘરેથી ભાગી નીકળે... કયાંક વળી... ! રસ્તે ભટકતાં આવા બાળકો પ્રતિ થોડીક વિશેષ જાગૃતિ કેળવી સમયસૂચકતા દાખવીએ તો તેને બચાવી શકીએ...!! થોડા સમય અગાઉ યુએસએ જવાનું થયું હતું ત્યાં **''પીસ થ્રુ રીસ્ટોરેટીવ સર્કલ''** અંગેની તાલીમના ભાગરૂપે અમેરીકાની જેલની મુલાકાતે તમામ તાલીમાર્થીઓ ગયા હતા. બધા સર્કલમાં બેઠા, સર્કલમાં જ જેલના ત્રણ કેદી બહેનો જેમના ખૂબ નજીકના સ્વજન, પતિ, દીકરી કે દીકરાની હત્યા થયેલી તે પણ બેઠા અને વાત કરી! તેમને પડેલાં દુઃખોની વાતથી ત્યાં બેઠેલા દરેકની આંખો ભરાઇ આવી. પણ પછી વાત માંડી સામે બેઠેલા ત્રણ ભાઇઓએ, જેમાંના બે ત્યાંના કેદી અને એક જેલમાંથી છૂટેલા. તેઓએ પણ કોઇની હત્યાકરી હતી. કેવા સંજોગો તમને હત્યા કરવા તરફ દોરી ગયા તેની વાત કરતાં કરતાં તેઓએ જે કહ્યું તે મૂલ્યવાન વાત એ હતી કેઃ એ ત્રણે જણાએ કહ્યું, ''અમને જો કોઇ સાંભળનાર, સમજનાર મળ્યું હોત કોઈ એવી જગ્યા મળી હોત જ્યાં મન મૂકીને અમારી વાત–મુઝવનો રજૂ કરી શક્યા હોત તો અમે કદાચ આવા રસ્તે ના ધકેલાઇ ગયા હોત!'' અમારી નજર સમક્ષ બાલસેનાના એ ચહેરાઓ તરી આવ્યા જેમને કોઇક ખોટા કામોમાંથી પાછા વાળ્યાં હોય, એક બાળક જેને મુંબઇની ફૂટપાથપરથી પાછા લાવ્યા હોઇએ, અન્ય એક બાળક જે ડીપ્રેશનથી મરવાના વિચારોથી ઘેરાયેલો હોય ને તેને ફરી જીવન જીવવાની પ્રેરણા મળી હોય.... આ બધું થયું શકય બન્યું બાળકોની પરસ્પરની મૈત્રીને કારણે. આપણે મોટાંઓ તો શું કર્યું, કેટલું થયું તેના અહેવાલો લખ્યા કરીએ, પણ બાલસેનાના કારણે કેટલું બધું ખોટું થતાં અટકી ગયું હશે તેના કોઇ ડેટા વળી ક્યાંથી હોય ?તેના અહેવાલો કઇ રીતે લખવા? કેટલા બાળકો ખોટા રસ્તે જતાં અટકયાં, કેટલાને નવજીવન મળ્યું તેનો હિસાબ કઇ રીતે માંડવો?

આપણે બધા જ જાણીએ છીએ બાળપણ મુકત નથી. મુકત ન હોય તેવા બાળકોમાં આક્રમકતા દેખાય છે. વયસ્કોએ વળી સ્પર્ધા અને સરખામણીના વર્તન-વ્યવહારના એવા કોઠા ગોઠવ્યા છે કે બાળક આક્રમક થાય ! અમે માનસશાસ્ત્રના નિષ્ણાંત નથી પણ અમે તેઓને મોકળાશ આપી, સાંભળતા રહ્યાં પરિણામે આક્રમકતા ઓછી થતી ગઈ... એમને એટલું સમજાયું કે 'બાલસેના' તો આપણી જગ્યા... અહીંયા ગુસ્સો કરી શકાય, ખુલ્લા દિલથી રડી શકાય... અને છતાં બધાં સાચવી લેશે !

અમને અનેક પ્રશ્નો નડયા છે. આજે પણ કેટલાય પડકારો સામે ઉભા છે. વિકાસના નામે બાળકની આસપાસ રચવામાં આવેલ મોહજાળ અને એ મોહજાળ પકડીને ઉભેલા લોકો-વ્યવસ્થાઓ સૌથી મોટો પડકાર છે ! હજુ પણ કુટુંબ માટે - શૈક્ષણિક વ્યવસ્થાઓ માટે 'બાલસેના' જાણે ટાઈમપાસ પ્રવૃત્તિ છે ! અને એટલે પ્રાથમિકતા ન મળતાં કાર્યની સાતત્ય ખોરવાય છે. સંખ્યામાં ઉતાર-ચઢાવ તો આવે પણ વિસ્તારોમાં પ્રવૃત્તિ કરવા માટે જગ્યા મેળવવામાં પણ તકલીફ પડે. 'બાળપણ' - આનંદમય બાળપણ - ભાર વગરનું બાળપણ કદાચ હજુ પણ સમાજની પ્રાથમિકતા નથી.

અમે કદાચ ભૂલ કરી પણ હશે, કંઈક ઓછું-વતું કર્યું હશે પરંતુ બાળકો પ્રવૃત્તિઓમાં જોડાય તે માટે પ્રોત્સાહન માટે પ્રલોભનો નથી આપ્યા !બાળકોને વધુ પડતા લાડ પણ નથી લડાવ્યા કે ધમકી નથી આપી ! બાળકોને કયારેય તિરસ્કૃત કે ઉતારી નથી પાડયા, તેઓને કોઈ ચોટ નથી પહોંચાડી, નથી એમને એકબીજાની સ્પર્ધામાં દોડાવ્યા જેથી કોઈ હારે અને કોઈ જીતે ! કયારેય તેઓને દોષિત, બેવકૂફ કે વિશ્વાસ ન મૂકાય તેવા કે પછી ડર અને શરમ અનુભવવી પડે તેવું નથી કર્યું. અમે તેઓને એકમેક પાસે શીખવા માટે, મદદ કરવા માટે પ્રોત્સાહિત કર્યા છે, એમના અનુભવોમાંથી પ્રાપ્ત થતા મૂલ્યોને ઓળખી પ્રેરણા મેળવી છે

અને એટલે તેઓ વધુ સારા જીવન તરફ અગ્રેસર થઈ રહ્યાં છે. એમાં અમને મિત્ર બનાવ્યાં છે !

જો કે કયાંક અમે પાછા પણ પડયા છીએ! નિષ્ફળ ગયા છીએ એવું  પણ કહી શકાય, કદાચ એ કેટલાક બાળકોને અમે સમજી શકયા નહીં, સાચવી શકયા નહીં અંધકારભર્યા રાહ પર આગળ વધતાં તેઓને અટકાવી શકયા નથી! એનુ દુઃખ, રંજ કે વસવસો પણ છે.! પણ પ્રાર્થનાથી અમે જોડાયેલાં રહ્યાં છીએ... એ શ્રધ્ધાથી કે કયારેક સંવાદ સંધાન કરાવી દેશે!

બાલસેના એ પ્રવૃત્તિ નથી. પ્રક્રિયા છે જેમાં સૌ સહભાગી છે. એક જીવનશૈલી છે. બાલસેના એટલે બાળકોની પોતાની જગતનિશાળ! નિશાળ કે કુટુંબની ચાર દીવાલોની બહાર કે પછી સામાજિક મર્યાદિત વર્તુળની બહાર પણ ભાવવિશ્વ વિસ્તરેલું છે તેના અર્થોને સમજવાની, એકમેકની સાથે જોડાવાની અને વિશ્વ સુંદર છે - વિસ્મયકારક છે તે સમજવા માટેની મથામણ એટલે બાલસેના.

બાલસેના કાર્યક્રમના અનુભવે અમને સમજાયું કે બાલસેનાના બાળકોની આગવી પહેલના પરિણામે  આ સમગ્ર પ્રક્રિયા સ્વસ્થ બાળક-નાગરીક તરીકેની યાત્રા બની છે. અનેક મુશ્કેલીઓ-પડકારોની વચ્ચે પણ બાળકોએ અમને દર્શન કરાવ્યા : ‘‘કોઈપણ પ્રકારના ભેદભાવ વગરની દુનિયાના... મૈત્રીના સંબંધો... લોકશાહી અને લોકતાંત્રિક વ્યવસ્થામાં આસ્થા અને સામુહિક નેતૃત્વ અને સહભાગિતાના.’’

તું તારા દિલનો દીવો થા ! પોતાની શીખવા–વિકાસવાની જવાબદારી સ્વયં ઉપડવાની... આજુબાજુ પ્રકાશ ફેલાતો જશે એ શ્રદ્ધા અને એટલે જ બાળકોની આ જીવન જીવવાની શૈલી ક્યાંય પણ વિકસી શકે એમ છે. સાતત્યપૂર્ણ છે કારણ કે બાળપણથી શરૂ થયેલી યાત્રા અવિરત ચાલે છે. આમ બાળપણ સચવાય,ખીલે તો સંતોષતા જતાં વિસ્મયના આનંદનો વિસ્તાર થાય, નકારાત્મક બાબતો ઓગળતી જાય, દ્રષ્ટિ બદલાતી જાય અને બધુ જ ઝળહળી ઊઠે ! આ થઈ જ શકે, કારણકે બાળકોનું નેતૃત્વ છે, ઉત્સાહપૂર્ણ જવાબદારી છે અને પરીવર્તનનાં વાહકો છે.



બાલસેના એક એવીજીવનશૈલી છે. જેમાં બાળકો સામૂહિક રીતે ગાય છે :

ભલે, નાના નાના બાળ અમે આજે રે, કાલ
અમે મોટા થાશું ને જગ દોરશું.

ખડતલ શરીર, મન મોટું બનાવશું,
હૈયામાં હિત બધી દુનિયાનું ધારશું;
સાચા માનવ બની જીવતર જીવશું ........ અમે.

ઊંચ-નીચભેદો આ દુનિયા ના ટાળવા,
નાતો જાતો ને ધર્મ વાડાઓ તોડવા;
બધી શકિત અમારી વિશ્વચરણે ધરશું ........ અમે.

જગના અંધારાને દૂર દૂર હાંકવા,
સાચા તે જ્ઞાનનો દિવો પ્રગટાવવા;
અમે જાતે સળગી ઘેરઘેર ઘુમશું ........ અમે.

પૈસાનાજોરે આજ માનવી મપાય છે,
કોઇ કરે કામ કોઇ બેસીને ખાય છે;
કરી સર્વોદય સાચો સમાજ રચશું ........ અમે.
(સૌજન્ય : કવિપૂનમચંદ શાહ)

## કેવું વિશ્વ જોઈએ છે ?

અમે શૈશવ દશાબ્દી મહોત્સવ તથા બાલસેના દ્વિતિય વાર્ષિકોત્સવ નિમિતે ભાવનગરમાં યોજાયેલ પ્રથમ ગુજરાત રાજય બાલસંમેલનમાં એકત્રિત થયેલ બાળકોએ બે દિવસ એકમેક સાથે વાતો કરી એવું અનુભવ્યું છે કે :

‘‘પ્રત્યેક બાળકને પોતાની આગવી ઓળખ અને અસ્મિતા છે. અમને એમ પણ લાગ્યું કે અહીં આવેલપ્રત્યેક બાળકનું એક સ્વપ્ન છે, એક ઈચ્છા છે, એક વિચાર છે અને એક-એક વિશ્વ છે. આસ્વપ્ન અને આવિશ્વને પામવામાં કેટલીક અડચણો અને અવરોધો છે.

અમારાસ્વપ્નનું વિશ્વપ્રેમ અને મૈત્રીનું બનેલું છે. તે વિશ્વમાં હિંસા, અન્યાય, ઘૃણા, વર્ણભેદ, જાતીભેદ, ધર્મભેદ, અસમાનતા, અમીરી-ગરીબી, ઊંચ-નીચ જેવા ભેદભાવોને કોઈ સ્થાન નથી. અને માત્રને માત્ર પ્રેમના વિશ્વમાં જીવીએ છીએ અને જીવવા માંગીએ છીએ.

અમારા સ્વપ્નને સાચું પાડવા અને અમારા વિશ્વને આકાર આપવા અમારે આપ સર્વેની શુભેચ્છાઓ, આશીર્વાદ અને નૈતિક આધાર જોઈએ છે. તમે સર્વે વડિલો-મોટેરાઓ અમારૂં બળબનો, અમારી ગતી બનો અને અમારા વિશ્વની દિશામાં ચાલવાની તૈયારી દેખાડો એવી અમે સૌ આપની પાસેથી અપેક્ષા રાખીએ છીએ.’’




तरुण सेना

સત્યમાં કશું રહસ્યમય નથી, સત્ય તો એ છે કે તમે જયાં છો ત્યાંથી તમે પ્રારંભ કરો છો.

-જે. કૃષ્ણમૂર્તિ

## પ્રકરણ : ૪

# જય જગત પુકારે જા

બાલસેનામાં બાળકોએ નિયમ કરેલ છે કે ૧૮ વર્ષ થાય એટલે બાળકે બાલસેનામાંથી નિવૃત્તિ લેવી. બાલસેનામાં જે બાળકો પાંચ-છ વર્ષ રહ્યાં હોય, રંગ લાગ્યો હોય એમને તો કોઇક રીતે આ કાર્ય સાથે જોડાયેલા રહેવું હતું. આવા તરુણો ભેગા થયા, ચર્ચાઓ થઇ, થોડાક નિયમો બનાવ્યા અને ૨૦મી જાન્યુઆરી ૨૦૦૮ માં તરુણસેનાની શરૂઆત થઇ. બાળઅધિકાર રાષ્ટ્રીય કમિશનનાં ચેરપર્સન મુ.શ્રી શાંતા સિંહાએ તરુણસેનાના ઉદ્‌ઘાટન પ્રસંગે તેમને એમનો ધ્વજ અર્પણ કર્યો. તરુણસેનાએ એમનું ગીત નક્કી કર્યુ. આમ, તરુણસેનાની વિધિવત્ શરૂઆત થઈ.

બાળકો સાથેનાં કાર્યોમાંથી અમે એ શીખ્યાં કે બાલ્યાવસ્થા અને તરુણાવસ્થા દરમ્યાન આપણે જેટલું બાળકો સાથે વધુ મિત્ર તરીકે રહીએ, સ્વતંત્રતા-મોકળાશ અને અનુભવો મેળવવા તેઓ જે પ્રયત્ન કરતાં હોય તેમાં આપણે અનુકૂલન સાધીને સાથે રહીએ તે અત્યંત મહત્ત્વપૂર્ણ છે. તેમને પણ એક એવા મિત્રની જરૂર હોય છે કે જે તેમને સાંભળે-સ્વીકારે, બિનજરૂરી જજમેન્ટલ થયા વગર તેમની સાથે તાદાત્મ્ય કેળવીને વાત કરે. બાલસેનામાંથી આગળ વધતાં અને તરુણાવસ્થામાં પ્રવેશતાં બાળકોની આ વિશેષ જરૂરિયાત; એટલે અમે પણ તરુણો સાથેની પ્રવૃતિઓ શરૂ કરી.

બાળક તરીકે હતાં ત્યારે બાલસેનામાં પ્રવૃત્તિઓ અને અનુભવોમાંથી પસાર થતાં એમના ચિત્તમાં સમાજ માટે ઉપયોગી થવા અંગે કેટલાક ખ્યાલ વિકસતા ગયા હોય, અને તરુણ તરીકે કંઇક કરવા માટે તત્પરતા દાખવે ત્યારે પ્લેટફોર્મ હોવું જરૂરી છે.

આપણે જે વિસ્તારોમાં કામ કરીએ છીએ તે વિસ્તારમાં આ તરુણો જો જોડાયેલા રહે, સંપર્કમાં રહે તો તેમના નેતૃત્વ હેઠળ વિસ્તારના પ્રશ્નો, બાળકોના પ્રશ્નો અંગે વિશેષ કાર્ય થઈ શકે અને એમ તેઓ જાતે આગળ વધે, જાતે પરિણામ મેળવી શકાય એવું તેઓ અનુભવી શકે.



## નાગરિક નિસ્બત : તરુણોની કેળવણી

બાળકોમાં વિકસતા જતા ચેતનતત્ત્વને તથા અનુભવોમાંથી ઘડાતા જતા વિચારને આકારની દિશા તો જ મળે, જો એમની સાથે સાતત્યપૂર્વક લાંબા ગાળા સુધી કાર્ય કરીએ. આમ, બાલસેના પછી તરુણસેના એક મૂલ્યવાન કડી બને છે. તરુણાવસ્થા વટાવી, પુખ્તતામાં પ્રવેશે ત્યારે વિસ્તારોમાં લોક-સમર્થન મંચ છે, તે રીતે ભાવનગર શહેરમાં બાલદોસ્તમંચ છે. તેમાં તેઓ સક્રિય રીતે જોડાઈ શકે અને આમ આ સ્વસ્થ નાગરિકની દિશાની યાત્રા બની રહે છે.

જો કે, અમે સમજતાં હતાં તેના કરતાં આ કાર્ય વધારે અઘરું છે. બાલસેનામાં જોડાયેલાં તમામ બાળકો તરુણસેનામાં જોડાતાં નથી. કારણો ઘણાં છે. ઘરમાંથી દબાણ હોય છે : ''બહુ ભણ્યા! હવે કંઈક કામ-ધંધો કરી ઉપયોગી થાવ.'' ''દીકરીને વધુ ભણાવીને શું કરવાનું?'' ''આટલે દૂર ભણવા કેવી રીતે જાય?'' આટલાં મોટાં છોકરા-છોકરીઓ સાથે મળે તે થોડું ચાલે?'' એવી માનસિકતા ખરી. સમયનાં પ્રવાહો-આકર્ષણો પણ દોરી જાય વિસ્તારમાંથી અન્યત્ર શિફ્ટ થયાં હોય, સંપર્ક ના રહ્યો હોય. સૌથી મોટી ખાઈ તો ધો-૧૦ અને ૧૨ ના ભણતરનું દબાણ. સંપર્ક એકવાર તૂટે પછી સાંધવો મુશ્કેલ... આવું ઘણું પણ, તરુણસેનાની ઓછી સંખ્યા હોવા છતાં અમારી શ્રદ્ધા વધી છે ! આનંદ અને ગૌરવ છે.

તરુણસેનામાં જોડાતા તરુણો આગળ ભણવાનું ચાલુ રાખે છે, કારણ કે એકમેકનો ટેકો મળી જાય છે, અમે પણ વ્યવસ્થા એ રીતે ગોઠવી રહ્યાં છીએ, એવી સમજણ સાથે કે તેઓ આગળ ભણવા સાથે શૈશવનાં કાર્યોને ટેકો કરે, તેઓને માનદ પુરસ્કાર મળતો રહે તેથી આર્થિક મુશ્કેલી ના આવે, અને તેઓ તૈયાર થતાં જાય, જેથી ભવિષ્યમાં બાળઅધિકારના કાર્યક્ષેત્રમાં આ વિચાર પર કામ કરનારા સમર્પિત યુવાનો મળી રહે !

અમારો વેકેશન-શિબિરનો નિયમિત પ્રયોગ પણ તરુણસેનાના સંદર્ભમાં મૂલ્યવાન બની રહ્યો છે. મોટાભાગે ઉનાળુ વેકેશન દરમ્યાન શિબિરમાં સ્વયંસેવક તરીકે અમારી સાથે જોડાય. બાળકો સાથેની પ્રવૃત્તિઓથી તો પરિચિત હોય અને બાળક તરીકે અગાઉ બધું કર્યું પણ હોય, પરંતુ પુનઃ તાલીમ મેળવે અને કાર્યકરની સાથે ફીલ્ડ કામગીરીનો પ્રત્યક્ષ અનુભવ મેળવે. એક - દોઢ મહિનાની શિબિર આવા ઘડતર માટે ખૂબ ઉપયોગી થાય. તરુણો તૈયાર થતા જાય. તેઓના ઉમદા સહયોગની કદરરૂપે સંસ્થા દ્વારા પ્રતીકાત્મક આર્થિક મદદ કરીએ. આ આર્થિક મદદ તેઓને આગળના અભ્યાસમાં ઉપયોગી થાય અને તેઓ સ્નાતક કક્ષાના અભ્યાસની સાથોસાથ વેકેશન પછી, નિયમિતપણે પાર્ટટાઈમ સેવાઓ આપવા આવે. બે-ત્રણ વર્ષમાં જ તેઓ સ્વતંત્રપણે પ્રવૃત્તિઓનું સંચાલન કરતાં થઈ જાય. તરુણસેનાના સભ્યો આમ સામર્થ્ય કેળવતાં કેળવતાં સંસ્થા સાથે જોડાતા જાય. આ બધાંના પરિણામે તેઓ શૈશવની પ્રવૃત્તિઓ કરે; જેવી કે - બાલસેનાના બાળકોને ઘરઆંગણે પ્રવૃત્તિઓ કરાવવા જાય; શનિ-રવિવારની શિબિરોમાં સેવા આપે - સંચાલન કરે; તાલીમો આપવા અન્ય સંસ્થામાં જાય આ ઉપરાંત વિશેષ કરીને બાલસેનાની બચત પ્રવૃતિ તથા એરિયા રીસોર્સ સેન્ટર -કમ્પ્યુટર સેન્ટર તેઓ સ્વતંત્રપણે સંભાળી રહ્યા છે.

તરુણસેનાના સભ્યો સાથે અનેકવિધ પ્રવૃત્તિઓ થાય છે; જેવી કે, પ્રેરણાત્મક પ્રવચનો, પુસ્તકવાચન, નેતૃત્વતાલીમ શિબિરો, શ્રમયજ્ઞ, વ્યસનમુકિત અને પર્યાવરણ ઝુંબેશ. આ પ્રવૃત્તિઓમાં હવે બાલસેનામાંથી આવતા તરુણો ઉપરાંત કોલેજના વિદ્યાર્થીઓને જોડવાનું શૈશવે શરૂ કર્યું છે.



### સમાનતાની પ્રેક્ટિસ - સામુહિક નેતૃત્ત્વ

તરુણસેના પાસેથી અમે ઘણું નવું શીખી રહ્યાં છીએ. તરૂણસેનાએ ખરા અર્થમાં સમાનતા ધરાવતું બિન ઔપચારિક માળખું વિકસાવ્યું છે. અહીંયાં કોઈ નાનું નથી - મોટું નથી. કોઈ સીનિયર કે જુનિયર નથી. બધા સાથે મળીને ચર્ચા કરે, નિર્ણય કરે અને પછી બધાં જ સાથે મળીને કાર્ય આગળ ધપાવે, પ્રથમ વર્ષે તરુણસેનાના અધ્યક્ષ-ઉપાધ્યક્ષની ચૂંટણી કરી, પણ પછી તેઓને લાગ્યું કે આપણે બાલસેનામાંથી આગળ વધ્યાં છીએ તો આપણાં મૂલ્ય અને એની કસોટી તો વિશિષ્ટ હોવી જોઈએ! પરિણામે, તરુણસેનામાંથી ચૂંટણી નીકળી ગઈ ! બધાનું જ સામૂહિક નેતૃત્વ ! દર વર્ષે વહીવટ-સંચાલનને ધ્યાનમાં લઈ વારાફરતી સૌ જવાબદારી સંભાળે, કોઈ વાદ-વિવાદ નહીં, કોઇ ખેંચતાણ નહીં. દરેક કેપ્ટન અને દરેક સૈનિક ! બહુમતી-લઘુમતી નહીં , પણ સર્વસમાવેશક પ્રક્રિયા ! હા, એ ખરું કે આવું કરવું ને થવું અઘરું છે; પણ 'મન હોય તો માળવે જવાય' તેમ, એક સુંદર પ્રયોગને તરુણો પોતાની અન્ય જવાબદારીઓ સાથે આગળ ધપાવી રહ્યાં છે !

મઝાની વાત એવી છે કે તરુણસેનાના સભ્યોમાંનાં ઘણાં શૈશવની પ્રવૃત્તિઓમાં નિયમિત ન આવી શકે, પણ તેઓની મૈત્રી અને અંગત જીવનમાં બધાં એકમેકને ખૂબ ટેકો કરે ! સારા-માઠાં પ્રસંગે એકબીજાને ત્યાં અવશ્ય હાજર હોય જ ! કોઈ નાત-જાત કે ધર્મના વાડાઓ તેઓને નડતા નથી, છોકરા-છોકરી તરીકેના ભેદભાવ નડતા નથી.  બધાં એકબીજાને ત્યાં જાય ત્યારે સહજતાથી બધાંનો સમાન સ્વીકાર થાય ! તરુણ-તરુણીઓ વચ્ચે મિત્રતા હોય એ વાત તેઓના ઘરમાં પણ બધાં સ્વીકારે, એટલું જ નહીં આ તરુણ-તરુણીઓની ઉંમર થયા પછી જેમની સાથે તેઓ લગ્નગ્રંથિથી જોડાય તે પતિ-પત્ની પણ આ વાત સ્વીકારે ! સૌરાષ્ટ્રના રૂઢિગત સમાજમાં આ બહુ મોટી વાત ! દરેકનું ઘર સૌ માટે ખુલ્લુ! કુટુંબીજનો પણ સહુને આવકારે ! કેળવણીની પ્રક્રિયામાંથી આવું જ કંઇક નિષ્પન્ન થવું જોઇએ ને ! હા, કયારેક મુશ્કેલી ઊભી થાય પડકાર ઊભા થાય પણ સમાનત્વ દ્વારા એકમેકની સાથે આગળ વધી રહ્યાં છે.

કેવા કેવા સંઘર્ષમાંથી આ તરુણોએ રસ્તા કાઢ્યાં છે ! એ અનિલ ખેડૂતવાસ-કરચલિયા પરા પાસે રહે. પાન-માવા ખાય, ક્યારેક ક્યારેક બીડી પીએ, દારૂનો છાંટો-પાણી પણ કરી લે. બાલસેનાની પ્રવૃત્તિઓમાં

પાછળથી જોડાયો, ધીરે ધીરે એ નિયમિત આવતો થયો. વાતાવરણ બદલાયું, સહવાસ બદલાયો. તરુણસેનામાં જોડાયો, તરુણસેનાના સભ્યોની સાથે રહેવાથી બધું જ છૂટયું ! તો વળી, કુંભારવાડા જતાં રસ્તામાં આવતા એ વિસ્તારમાં આ શફીક રહે. તોફાની, શાળામાં જાય ન જાય... લઘરવઘર ફરે, શિબિરોમાં આવતો થયો, ક્યારેક અમારી ટીમ પણ અકળાઈ જાય; પણ બધાં તેની સાથે રહેતા, એકવાર ઘર છોડીને જતો રહ્યો, પણ પાછો આવ્યો. બદલાયો અને આજે ખૂબ જ વિનમ્રતાથી વાતો કરે, જોઇને કોઈને ખ્યાલ ન આવે કે એ તોફાની હશે !



**સમાનુભૂતિને પામવાનો પ્રયાસ**

તરુણસેનાના સભ્યોએ એકવાર ફૂટપાથ પર રહેતા લોકોની જિંદગી કેવી છે, તેઓ કેવી મુશ્કેલીઓ વચ્ચે જીવે છે તે સમજવા માટે તેઓની સાથે રાત્રી રોકાણ કર્યું. કેવા કેવા પ્રશ્નો ! પોલીસ ગમે ત્યારે આવીને ઉઠાડે. લોકો તિરસ્કારથી જુએ, વરસાદમાં આખી રાત ભીંજાતાં-ભીંજાતાં જાગતાં રહેવું પડે ! ચૂલો સળગે નહીં, ભૂખ્યા રહેવું પડે. ત્યારથી તરુણસેનાના સભ્યો દિવાળીમાં આવા ખુલ્લામાં રહેતાં લોકો અને બાળકો સાથે દિવસ ગાળીને દિવાળી ઊજવે ! સાથે રમે - સાથે જમે ! વૃદ્ધાશ્રમ અને અનાથાશ્રમમાં જઇને પ્રવૃત્તિઓ કરે... ! આમ જ સંવેદનશીલતા વ્યાપક બનતી જતી હશે !

એ બાળક હતો ત્યારથી બાલઘર પર આવે, પણ કુટુંબના ખ્યાલોને લીધે આભડછેટમાં માને. કાર્યકર ભણાવે

તો ભણે ખરો પણ તેમના હાથે પાણી ના પીએ... બીજા બાળકો કાર્યકરના ઘરે હોંશથી જાય પણ એ ના જાય ! જો કે એ મોટો થયા બાદ ક્યારેક રસ્તે મળે પ્રવૃત્તિમાં સક્રિય પણ વિશેષ સંપર્ક નહીં, તરુણસેનાની અમારી એક સક્રિય દીકરી સાથે છેવટે એનાં લગ્ન થયાં ! એ દીકરીને અમારાં એક કાર્યકરને ત્યાં જવાનું થયું. બન્ને સાથે ગયાં ! પેલી દીકરીના મનમાં થોડીક ફડક હતી કદાચ તે નહીં આવે. પણ એ આવ્યો, બેઠો અને પાણી પણ પીધું ! કેટલાં વર્ષે... કદાચ એ દીકરીનાં પ્રભાવ અને ધીરજથી એ બદલાય એની રાહ જોઈ... એનામાં કાયમી સ્વરૂપે આભડછેટ દૂર થઈ !

તરુણસેનાના તરુણોનો સંઘર્ષ પણ પડકારરૂપ છે ! એક તરફ સમાજ માટે કંઈક કરી છૂટવાની બળવત્તર બનતી ભાવના, મૂલ્યો આધારિત જીવન જીવવા માટેની બનતી જતી સમજણ, પરસ્પરાવલંબન-સમાનુભૂતિ-સહાનુભૂતિ જેવાં મૂલ્યો થકી સમાજમાં સૌના પ્રતિ આદર, વગેરે તો બીજી તરફ ; ''હવે મોટા થયા... કમાવા માંડો'' - ઘરમાંથી દબાણ, કુટુંબ અને સમાજની પ્રસ્થાપિત પરંપરાઓ-રીતરિવાજો, માન્યતાઓ વગેરે, એટલે સતત મૂંઝવણ અને તેમાંથી રસ્તા કાઢવાની મથામણ... એમની વાતોથી ક્યારેક ખૂબ ગૌરવ થાય, તો ક્યારેક હતાશ થવાય, ક્યારેક દુઃખ થાય, ક્યારેક એવું લાગે કે હજુ પણ ઘણું કરવાનું બાકી છે.

### મૂલ્યો અવરોધે નહીં પ્રકાશ આપે

એ દીકરી બાલસેનામાં સક્રિય. આગળ 'ડૉક્ટર' બનવાનું સપનું, હોંશિયાર હોવા છતાં ઘરમાં ઉદ્‌ભવેલી પરિસ્થિતિએ તેનો અભ્યાસ છોડાવ્યો. જો કે કુટુંબના વડાઓએ થોડીક વધુ મહેનત કરી હોત તો આ નોબત ન જ આવત, પણ તેઓની માનસિકતા સાથે ઝીંક ઝીલવાનું અત્યંત કઠિન. જો કે, સંઘર્ષ અટક્યો નહીં. બાળલગ્ન તો ન જ કર્યાં, ઉંમરલાયક થયાં પછી લગ્ન થયાં. તરુણસેનામાં પણ એ સક્રિય રહી. એના આ સંઘર્ષે અમને અમારી વિવશતા બતાવી દીધી ! કોઈક કુટુંબના જીવનમાં આપણો ચંચૂપાત કેટલો ? પણ એનાં લગ્ન પછીના જીવન દ્વારા એણે અમને કેડી દર્શાવી - 'વહ સુબહ કભી તો આયેગી...' એના પતિને એચ.આઈ.વી.હોવાની વાત છૂપાવવામાં આવેલી. અમને એ મળી-વાત થઈ. છૂટાછેડા થઈ શકે પણ, પતિને અત્યંત નબળાઈ, કશું કામ ન કરી શકે. સાસુ-સસરાનો કોઈ ટેકો નહીં, એ જો સાથ છોડે તો કદાચ પતિને જીવાડે કોણ? પણ એણે મન મક્કમ કરી, પ્રેમથી સાથ નિભાવવાનું નક્કી કર્યું. ''હું તો છૂટી થઈ જાઉં પણ એનું કોણ ; એ કેમ જીવશે ? કોણ પૈસા આપશે ? મારે સહન કરવું પડે તો ભલે પણ હું એને છોડીને નહીં જાઉં. આપણે તો બધાં સાથે મળીને શીખતાં હતાં કે, જેનું કોઈ નથી તેના આપણે સાથીદાર બનવાનું છે !'' એ દીકરીની આ સમજ-નિષ્ઠા અને હિંમતને અમારી સલામ ! એમના સંઘર્ષને સમજીએ-સાથે રહીએ, ધીરજ કેળવીએ, એકમેકને સાચવી જાણવાનું મૂલ્ય ઊગશે એની શ્રદ્ધા આ દીકરીએ અમને પાકી કરાવી !

બાળકો-તરુણોમાં પરિવર્તન કેવી રીતે આવે છે ? પરંપરાગત-રૂઢિચુસ્ત મૂલ્યો, માન્યતાઓ કેવી રીતે બદલાતી જાય છે અને જીવન પ્રત્યેનાં હકારાત્મક વલણ-દષ્ટિકોણ કેવી રીતે વિકસતાં જાય છે ? આ સહજ કેળવણી કેવી રીતે થઈ રહી છે ? પરંપરાગત શિક્ષણના માળખાની બહાર, મેરિટની ચિંતા વગર, મૂલ્યાંકનના ભાર વગર, ડિગ્રીની પળોજણ વગર, સહજપણે થતી કેળવણીની પ્રક્રિયા ખૂબ મૂલ્યવાન છે ! શીખવનાર કે શીખનાર બન્ને પર કોઈ ભાર ના હોય ત્યારે બાહ્ય અને આંતરિક - ન દેખાતો સંવાદ પ્રસ્થાપિત થાય છે જે બન્નેને ઊર્ધ્વગતિ માટે વિચાર અને શક્તિ પૂરા પાડે છે. પ્રવૃત્તિ અને કાર્યક્રમ એ રીતે ગોઠવાતાં જાય કે સહભાગી થનાર એમાંથી ઘણું બધું મેળવે, અનુભવ સાથે મેળવે.



એક એવી કેળવણીનો વિકલ્પ મળ્યો કે જેનાથી તેઓને પોતાના જીવનને-આસપાસના પરિસરને ઓળખવામાં સહાયતા મળી. તેઓ કહે છે તેમ : ''ઘરની બહાર અમને અમારું બીજું ઘર મળ્યું, જયાં અમે મન મૂકીને વાત કરી શકીએ. યોગ્ય માર્ગદર્શન મળે, શીખવા-સમજવા મળે, આધાર મળે !''

રૂઢિચુસ્ત અને પરંપરાગત રીત-રિવાજવાળા કુટુંબમાંથી એ આવે. પહેલા બાલસેનામાં અને પછી તરુણસેનામાં. એને ભણવાની ખૂબ ઇચ્છા, પણ ઘરમાંથી બંધન ! બાળપણમાં જ લગ્ન નક્કી થઈ ગયાં હતાં. જેની સાથે સગપણ નક્કી થયેલું એનો અભ્યાસ ઓછો ! એટલે આ દીકરીએ પણ આગળ નહીં ભણવાનું !? કશ્મકશ શરૂ થઈ પ્રવૃત્તિઓમાં આવે. ખૂબ સક્રિય ! એ મળવા આવી.

બીજે દિવસે સ્કૂલમાં એડમિશન લીધું, ઘરેથી રંગીન કપડામાં સંસ્થામાં આવે, અહીંયાં આવી યુનિફોર્મપહેરે, શાળાએ જાય, પાછી આવી યુનિફોર્મ બદલી ઘરે જાય. આમ થોડા દિવસ ચાલ્યું-ઘરમાં કોઈને ખબર નહીં ! અમે કહ્યું : ''આવું છુપાવેલું કેટલા દિવસ ચાલશે ? ઘરમાં કહી દે, હું ભણું છું !''

''તો તો ખબર પડી જાય, ભણવા જ નહી દે !''

''એમને સમજાવ.''

''બહેન, પણ કોઈ સમજતું નથી. શું કરું ?''

''કંઈક મેળવવું હોય તો સમર્પણ કરવું પડે. એક કામ કર, ગાંધીબાપુએ ઉપવાસ કર્યા હતા, ખબર છે ને! ઘરમાં

કહી દે કે જો તમે મને ભણાવશો નહીં તો હું ઉપવાસ કરીશ !''

''બહેન, એવું તો કેવી રીતે થાય ? ઘરનાંની સામે કંઈ ભૂખ-હડતાલ કરાય !''

''તું ભૂખ-હડતાલ શરૂ કર અમે પણ તારી સાથે બેસીશું ! એમ કરતાં શહીદ થઈ જવાય તોય વાંધો નહીં. ભણવા માટે કરેલો ત્યાગ એ કેટલી મોટી વાત છે ! તારું નામ અમર થઈ જશે !''

એ ચમકી અને બોલી, ''જે થાય તે હું ભણીશ !''

થોડો ઊહાપોહ થયો, પણ એનું ભણવાનું ચાલું રહ્યું. સગાઈ થઈ ગયેલી, પણ લગ્ન તો ઉંમર થયા પછી કર્યા. શૈશવમાં સ્વયંસેવક તરીકે સેવા પણ આપે. એના પતિને પણ ભણાવવાનું શરૂ કર્યું ! એક કાર્યક્રમ વેળાએ તેણીએ કહ્યું, ''શૈશવ તો મારાં બીજાં મા-બાપ છે ! હું મારા કુટુંબમાં-સમાજમાં બદલાવ લાવવાનો પ્રયત્ન કરીશ જ કરીશ !'' આજે તો એ એમ. એસ. ડબલ્યુ.નો અભ્યાસ કરી રહી છે.

એક નાનકડી ચિનગારીમાંથી ઝળહળતો થયેલો પ્રકાશ અન્યોને અજવાળવા પ્રયત્નો આદરે એ જ તરુણ- એ જ પરિવર્તન !

એક શાંત અને સહજ રીતે થતું પરિવર્તન. ભાઈ-બહેન વચ્ચે થતા ભેદભાવ કે પછી જ્ઞાતિ-જાતિના ભેદભાવ, તરુણાવસ્થાના શારીરિક ફેરફારો અંગેની અવૈજ્ઞાનિક માન્યતાઓ-પરંપરાઓ, નાના ને તે વળી પૂછાતું હશે ? જેવી માનસિકતા, કિશોરીઓએ તો પાછળ જ રહેવાનું ! આવું કંઈ કેટલુંય બદલાઈ રહ્યું છે. ઘરમાં નાનાંઓનું પણ અમૂલ્ય સ્થાન છે એની સમજણ બની રહી છે.



પ્રવૃત્તિઓમાંથી સહજ પ્રાપ્ત થતી જતી સમજણ દ્વારા સાથે મળીને કામ કરવું, સ્પર્ધા બદલે સહયોગ આપવો, એકમેકને પડખે ઊભાં રહેવું, જ્ઞાતિ-જાતિ નહીં ''આપણું સાથે હોવું અનિવાર્ય'' એ સમજવુ, શિક્ષણ પરત્વે હકારાત્મક અભિગમ, બીજાને મદદ કરવી, પરિસ્થિતિઓને સમજવી-વિશ્લેષણ કરવું, કારણોમાં ઊંડા ઊતરવું, સંચાલન શીખવું, જાતે કરવું, પહેલ કરવી, નેતૃત્ત્વ લેવું- એવું કંઈ કેટલુંય આ તરુણોએ મેળવ્યું; એટલું જ નહીં, એ પ્રમાણે જીવન જીવવા પ્રયત્ન કરે એ વાત અત્યંત મૂલ્યવાન છે. જો કે જરૂરિયાત હોવા છતાં અમે તેઓની વ્યવસાયિક કુશળતા-કૌશલ્યો માટે, આર્થિક ઉપાર્જનનાં ક્ષેત્રો અંગે વિશેષ કંઈ કરી શકયાં નથી એનો રંજ પણ છે. પરંતુ એ જ તરુણોએ પોતાના રસ્તા શોધી લીધાં છે. આર્થિક ઉપાર્જન પણ કરી રહ્યાં છે, અમને કહી રહ્યાં છે : વ્યવસાયિક શિક્ષણ તો અમને બીજેથી મળી રહેશે, પણ જીવન એ જ શિક્ષણ છે તેની સમજણ અમને અહીંયાં મળી તે અમારા માટે ખૂબ મહત્ત્વનું છે!''હમણાં જ તરુણસેનામાં સક્રિય થયેલો હાજી એની વાત કરતાં કહે છે કે ''બાળપણમાં અમે વેસ્ટમાંથી બેસ્ટ અને ક્રાફ્ટ ની પ્રવૃત્તિઓ શીખ્યાં હતાં, તેમાંથી જ જૂના મોબાઈલ રીપેર કરવા, પાર્ટસ બદલવા જેવી બાબતો તરફ હું વળ્યો અને ધંધો કરતાં શીખી ગયો !'' વિશેષમાં એ વાત કરતાં ઉમેરે છે કે અમને સાંભળનાર મળ્યા તો અમે વિસ્તારની નઠારી બાબતોના પ્રભાવમાંથી બહાર આવ્યા અને છોકરીઓને આદર આપતાં શીખ્યાં!

આમ, વ્યક્તિમાં બદલાવની પ્રક્રિયા સતત ચાલતી હોય છે. આપણે એમના સાથી બનવાનું છે. જરૂરી નથી કે આપણે એમની સાથે અનેકવિધ કાર્યક્રમો કરીએ, જરૂરી છે એમને આપણે 'પોતીકાં' લાગીએ ! પ્રેમ અને હૂંફ આપી, સાંભળીએ અને સંભાળીએ.

અમારી સાથે એ દીકરી બાલસેનામાંથી જોડાયેલ, પછી તો મોટી થઈ. અહીંના અનુભવોથી ઘણું બધું સમજાય, ઘરના પ્રશ્નો સમજાય, દુઃખ થાય.. કેટલાક સંઘર્ષ વચ્ચે મક્કમ રહીને ભણતી જાય, બપોર પછી બાલસેના બાળકોને પ્રવૃતિઓ કરાવવા આવે. ઘરમાંથી એને ટેકો નહીં, ખાસ કરીને પિતાનો !... તરુણસેનામાં સક્રિય રીતે ભાગ લે. એના પ્રશ્નોની વાત કયારેક કરે, પણ એને ખાત્રી હતી કે અડધી રાત્રે પણ શૈશવવાળા અને તરુણસેનાવાળા તો મારી મદદે આવશે ! ઘરના પ્રશ્નો પણ અહીંયા એને સમાનુભૂતિથી સાંભળનાર ઘણાં.. વિસ્તારોના પ્રશ્નો માટે પણ એ સક્રિય.. વ્યસનમુક્તિ ઝુંબેશ દરમ્યાન પાનના ગલ્લાઓ પર જઇને પાન ખાતા લોકોને સીધા સંબોધીને જ વાત કરે ! કોઇ બીક નહીં..! કુટુંબમાં પણ કેટલાકની આ કુટેવ છોડાવી ! તરુણસેનાના સભ્યોના સથવારે અત્યારે તે આગળ વધી રહી છે. ગુજરાત વિદ્યાપીઠ માંથી એમ.એસ.ડબલ્યુ થઈ અને હવે અન્ય સંસ્થામાં જોડાઈ સમાજસેવાનું કાર્ય કરે છે. પોતાના પગ પર સ્વાવલંબી થઈ ગઈ ! સાથે સાથે કિશોરીઓના સ્વરક્ષણ અંગેની વિશિષ્ટ તાલીમ લઈ, ટ્રેનર થઈ શૈશવના કાર્યોમાં અનુકૂળતા મુજબ મદદ કરવા નિયમિત આવતી રહી છે.. અને હવે પી એચ.ડી. પણ કરવા પ્રયત્નશીલ છે ! પોતાના ભાઈઓને પણ ભણાવ્યાં !

વિપુલ... તરુણસેના સાથે જોડાયો, શરમાળ પ્રકૃતિ એટલે ઓછું બોલે પણ પ્રવૃત્તિઓ ખૂબ ગમે. ધીમે ધીમે કરતાં એના નેતૃત્વ અને પહેલ કરવાના ગુણો પ્રકાશવા લાગ્યા ! વિશેષ જવાબદારી સમજણપૂર્વક નિભાવવા લાગ્યો. તેના નામની ભલામણ યુ.કે. સ્થિત ક્વીન એલિઝાબેથ ડાયમંડ જ્યુબિલી ટ્રસ્ટના ક્વીન્સ યંગ લીડર એવોર્ડ માટે થઈ, વિશ્વભરમાંથી લગભગ એકાદ હજાર નામાંકન થયેલ તેમાંથી તેનું નામ શોર્ટલિસ્ટ થયું, જોકે યંગ લીડર એવોર્ડ માટે પસંદગી ના થઈ. પરંતુ ગૌરવની વાત એ કે ટ્રસ્ટ દ્વારા વિશ્વપ્રસિદ્ધ રોયલ કોમનવેલ્થ સોસાયટીના એસોસિએટ ફેલો તરીકે પસંદગી થઈ! ઉપરાંત હમણાં તાજેતરમાં અશોકા ઈન્ટરનેશનલના

ઉપક્રમે યૂથવેન્ચર ફેલો તરીકે પણ તેની પસંદગી થઈ હતી ! આમ, તરુણસેનાનું ગૌરવ વધાર્યું છે. વિપુલે તરુણસેનાની સાથોસાથ અભ્યાસ કરતાં-કરતાં એમ.એસસી. (આઈ.ટી.) ની ડિગ્રી મેળવી માસ્ટર ઑફ સોશ્યલ વર્કનો અભ્યાસ પણ ક્ર્યો. તેમજ તરુણસેના સંચાલિત કમ્પ્યુટર તથા એરિયા રીસોર્સ સેન્ટરની જવાબદારી પણ સંભાળી હતી.

બાળકો માટે બાલસેના અને તરુણો માટે તરુણસેનાની વ્યવસ્થા બાળકો તેમ જ તરુણોની ઈચ્છાથી જ શરૂ થઈ હતી. સાતત્યપૂર્ણ પ્રવૃત્તિઓ થકી મિત્રતા મજબૂત થતી જાય તો પરિવર્તન સહજ બની શકે છે. આ મોકળાશ અને વાતાવરણ ઊભું કરવાનું છે.

કલ્પેશ આજે તો કૉલેજશિક્ષણ પૂરું કરીને નોકરી કરે છે, આ કલ્પેશ બાલસેનામાં જોડાયો હતો, લગભગ ૨૦૦૩ માં ! કુટુંબ સાથે રહેવા ગયો, પાછો આવ્યો, પ્રવૃત્તિઓમાં ભાગ લે અને ધો ૧૦ની સીધી પરીક્ષા આપી, ઘરમાંથી હિરા ઘસવાનું દબાણ, પણ શૈશવની પ્રવૃત્તિઓમાં જોડાયેલાં રહી આગળ વધ્યો અને બીજા પ્રયત્ને પાસ થઈ ગયો. તેના જ શબ્દોમાં જોઈએ, ''મારા જીવનમાં એક ખૂબ જ મહત્વનો તે વળાંક આવ્યો. હું પણ આગળ જતા શૈશવ જેવી જ મારી સંસ્થા બનાવીશ અને મારા જેવા જે બાળકો છે તેમને પોતાનાં સપનાં પૂરાં કરવામાં મદદરૂપ બનીશ.'' શૈશવમાં રહીને શીખતો કલ્પેશ પોતાના સપના સાથે ભાવનગરની આસપાસના ભાલ વિસ્તારનાં ગામોમાં સ્વૈચ્છિક રીતે પોતે અને તેના અન્ય મિત્રોની ટીમ તૈયાર કરી બાળકો સાથે પ્રવૃત્તિઓ દર રવિવારે નિયમિત ગોઠવી, જીવનની ફરજને વહેંચી ગમતાનો ગુલાલ કરી રહ્યો છે. આ જ તો તરુણ !

એ બન્ને બહેનો એમના ઘરમાં કેન્દ્ર ચાલે કિશોરી મંડળની પ્રવૃત્તિઓ થાય. કાર્યકરનો ટેકો મળતો થયો અને બન્ને ભણીને આગળ વધી..પીટીસી ક્ર્યુ, ગ્રેજ્યુએશન ક્ર્યુ, સરકારી સ્પર્ધાત્મક પરીક્ષાઓ આપી, બન્ને પસંદ થઈ ગયાં. એક અમદાવાદમાં પોલીસ કોન્સ્ટેબલ છે તો બીજી બહેન ભાવનગરમાં પોલીસ કોન્સ્ટેબલ છે.બન્નેનાં સપના-ધ્યેય પાર પડ્યાં તેમાં શૈશવ-કાર્યકર નિમિત્ત બન્યાં..કાયમી મિત્રતા ઊભી થઈ. માતા-પિતા પણ ગર્વ અનુભવે છે. બાળકોને, તરુણોને જરૂર હોતી હોય છે સાંભળનાર–તેમજ સંભાળનાર સાચા મિત્રની !

''હું આજે ગૌરવ અનુભવુ છું કે અહિંસા, પ્રમાણિકતા, સમાનતા જેવાં મૂલ્યો મારામાં ઊતર્યાં છે, માત્ર મૂલ્યો જ નહીં, સ્વતંત્ર નિર્ણયશકિત, બીજાની સહભાગિતા, સંઘર્ષ કરતાં અન્યાય સામે અવાજ કરતી થઈ છું. વધુ કહું તો, શૈશવ-બાલસેના મને ન મળી હોત તો મેં પણ મારા કુટુંબની અન્ય યુવતીની જેમ અભ્યાસ છોડી, વડીલના કહેવા પ્રમાણે ઘર-સંસાર માંડયો હોત. હું ગર્વ સાથે કહી શકું કે મારા જીવન ઘડતરમાં સૌથી અગત્યની ભૂમિકા ભજવનાર શૈશવ સંસ્થા છે.'' આ શબ્દો છે નિરાલીના, નિરાલીએ સમાજકાર્યના અનુસ્નાતકના અભ્યાસ દરમ્યાન તૈયાર કરેલ શોધ નિબંધમાં શરૂઆતમાં આ લખ્યું છે!

નિરાલી બાલસેનામાં સક્રિય સભ્ય હતી. ગર્લ્સ ઈન્ટરનેશનલ ફોરમનું યુ.એસ.એ.માં જે અધિવેશન યોજાયેલું તેમાં તેણે બાલસેનાનું પ્રતિનિધિત્વ કર્યુ હતું. નિરાલી એના કુટંબમાં સમગ્રમાં ભાઈઓ-બહેનોમાં પ્રથમ સ્નાતક. એમાં વળી સાયન્સ! પછી તો સોશ્યલ વર્કમાં અનુસ્નાતક થઈ. મમ્મી -પપ્પાએ સહયોગ આપ્યો! એના સોશ્યલ વર્કના અભ્યાસમાં શોધનિબંધ તૈયાર કરવાનો! પોતાનામાં આવેલ પરિર્વતન પરથી એમ થયું કે બાલસેનામાંથી મોટા થયેલા અને હવે તરુણસેનામાં કાર્યરત તરુણોમાં કેવા પરિર્વતનો છે એ સમજવા પ્રયત્ન કરું! એમાંથી એણે શોધનિબંધ તેયાર કર્યો. ''શૈશવ સંસ્થાની બાલસેના-તરુણસેના સાથે જોડયેલા હતા

તેવા યુવાનોમાં શૈશવની કાર્યપ્રક્રિયાની અસરનો અભ્યાસ!'' કેવું સુંદર! અમને પણ આંનદ થયો કે આપણને આપણા જ બાળક ના હાથે અન્ય બાળકોમાં આવેલા પરિર્વતનની બાબતો જાણવાની મળશે. (આજે નિરાલીબહેન ગુજરાત સરકારના ટ્રાયબલ સબપ્લાન વિભાગમાં અધિકારી તરીકે કાર્યરત છે.)



આ અભ્યાસ-નિબંધ શૈશવ બાલસેના-તરુણસેનામાં જોડાયેલાં બાળકો-કિશોરોમાં આવેલ પરિર્વતનની વાતને ઉજાગર કરે છે. સરેરાશ ૮ થી ૧૦ વર્ષ સુધી જોડાયેલાં રહેલાં બાળકોનું ઘડતર સહજ રીતે થતું ગયું પણ જે પ્રક્રિયા/પ્રવૃતિ હાથ ધરાતી રહી તે એમ કહી શકાય કે, ખરી કેળવણી છે. નિરાલીના શોધનિબંધનાં તારણોના નિષ્કર્ષ દ્વારા શું શીખવા મળ્યું તે સમજવાનો પ્રયત્ન કરીએ.

''યુવાનો જણાવે છે કે બાલસેના ચૂંટણીપ્રક્રિયામાંથી પસાર થવાથી બાળક જાતે સમજે છે કે, નેતા કેવા હોવા જોઈએ. બાળકો જ નિયમ બનાવે, અને તે પ્રમાણે નેતાને પસંદ કરે છે. નેતાનાં કામ અને ગુણો જોઈને તે લાયક કે ગેરલાયક છે તે નકકી કરે છે. જો ૧ થી ૪ નંબરમાં માત્ર છોકરી કે છોકરા હોય તો પણ બંનેને સમાન તક આપવામાં આવે છે. તેની પછીનો છોકરો કે છોકરી ઉપાધ્યક્ષ બને છે. તેમાં દરેક બાળકની સહભાગિતા લેવામાં આવે, પોતાના નેતા પસંદ કરવાની સ્વતંત્રતા હોય, પોતાના નિર્ણય તથા સહભાગી ખુલ્લી ચર્ચા કરી નેતા પસંદ થાય છે. જાહેરમાં બાળકને મત આપવાનો અધિકાર નથી, પણ અહીં તે મત આપે છે. અહીં ભેદભાવ લાલચ કે સંઘર્ષને સ્થાન જ નથી. બચત કરવી જોઈએ. બચત કરવાથી વાલી પૈસા ન આપે ત્યારે, ઘરની જવાબદારી સમયે, પોતાના અભ્યાસની જરૂરિયાતો જેવી કે નોટબૂક - પુસ્તકો, પ્રવાસ, સાધનો, ફી ભરવી, કપડાં લેવાં, બીમારી વગેરે સંજોગોમાં કોઈ પાસે વ્યાજે પૈસા લાવવા ના પડે. (લોકસભા, વિધાનસભા જેવી ચૂંટણીઓના સમયે ઉમેદવારોને મળવું, બાળકો-યુવાનોના પ્રશ્નો વિષે વાત કરવી,

તેઓના એજન્ડા સમજવા અને પછી ખરેખર કોણ ઉપયોગી છે તે સમજવાનું કાર્ય પણ તેઓ હવે કરી શકે છે.)

યુવાનો બાળલગ્ન અંગે કહે છે કે - તે સમાજ માટે કલંક છે, કુરિવાજ છે, ગેરકાયદેસર છે. તેનો જડમૂળથી નાશ કરવો જોઈએ. તેમાં પોતાની પસંદ હોતી જ નથી. તેનાથી શારીરિક, માનસિક તથા આરોગ્યલક્ષી નુકશાન થાય છે. તેનાથી વિકાસ રૂંધાય, નાની ઉંમરમાં જવાબદારી આવે,નાની ઉંમરમા માતા બનવાથી બાળક અને માતા બંનેના જીવનું જોખમ રહે છે, બાળક કુપોષિત જન્મે છે, તથા તેને સારું જીવન આપી શકાતું નથી.બાળક ભવિષ્યમાં શોષણનું ભોગ બને છે.

છોકરીઓને ભણાવવી જોઈએ કારણ કે તે સમાજનો ભાગ છે. સમાજમાં સ્ત્રી-પુરુષ વચ્ચે સમાનતા લાવવા છોકરીઓને ભણાવવી જોઈએ. તેને અનેક ભૂમિકા નિભાવવાની હોય છે. ભણશે તો પગભર બનશે, માતાપિતાને મદદ કરી શકશે; ભવિષ્યે પોતાનાં બાળકનો સરખો ઉછેર કરશે, પોતાના કુટુંબની સંભાળ લેશે, સમાજને આગળ વધારશે, બીજાનું અવલંબન નહીં લેવું પડે, કદમથી કદમ મિલાવી ચાલશે, જાતે નિર્ણય લેતી થશે, પોતાનાં સપનાં પૂરાં કરશે, અન્યાય-અત્યાચારનો સામનો કરતી થશે, અંધશ્રદ્ધા તથા ખોટી માન્યતા દૂર કરશે.

યુવાનો જણાવે છે કે કાર્યક્રમ-આયોજનમાં પ્રથમ હેતુ નક્કી કરવો, જવાબદારીની વહેંચણી કરવી, બજેટ નક્કી કરવું, સ્થળની મંજૂરી મેળવવી, સ્થળ પ્રાથમિક સુવિધાની દ્રષ્ટિએ વ્યવસ્થિત હોય, સંચાલન કોણ કરશે તે નક્કી કરવું, જૂથની સંખ્યા નક્કી કરવી, બાળકોને કંટાળો ન આવે તેમ કરવું, સમય વ્યવસ્થાપન, સાધન લાવવા - મૂકવાની જવાબદારી સોંપવી, આ બધા મુદ્દાઓ અમને મેનેજમેન્ટ માટે ખૂબ જ ઉપયોગી છે.

પર્યાવરણ કાર્યક્રમમાંથી શીખ્યાં કે પર્યાવરણ હશે તો આપણે હોઈશું. જીવનચક્રમાં નાનું જીવજંતુ પણ મહત્ત્વનું છે. વૃક્ષોમાં પણ જીવ છે, પર્યાવરણને બચાવવું, પ્રદૂષણનુ કારણે ગ્રીન હાઉસ અસર વધી રહી છે. જ્યાં ત્યાં કચરો ન નાખવો પરંતુ કચરાપેટીમાં નાંખવો, પાણીનો બચાવ કરવો, વીજળીનો બચાવ કરવો, જ્યાં રહીએ ત્યાં સ્વચ્છતા રાખવી, જીવનશૈલીને સરળ બાનાવવી, પ્રકૃતિને નુકશાન ન કરવું, પર્યાવરણલક્ષી સમસ્યા ઉકેલવા પગલાં લેવાં.

અમે જે ફિલ્મો જોઈ તે ઉપદેશક અને મજા પડે તેવી હોય છે. તેમાંથી એકતાનું મહત્ત્વ સમજાયું, જૂથમાં રહેવું, સહભાગી થવું, નેતૃત્વ લેવું, જવાબદારી લેતાં તથા વહેચતાં થવું, સાથે મળીને કામ કરવું. નિષ્ફળતામાં નિરાશ થઈને ન બેસવું બલ્કે ફરીથી પ્રયત્ન કરવો, સંઘર્ષ કરી લક્ષ્ય સુધી પહોંચવું વગેરે બાબતો અમને સારી રીતે સમજાઈ.

તેઓ એવી પ્રક્રિયામાંથી પસાર થયાં હતાં, જેથી અહીં તેઓએ કરેલા કાર્યક્રમો, મળેલી માહિતીની જરૂરિયાત, તેનું મહત્ત્વ સમજ્યાં છે, તેને વાસ્તવિકતા સાથે જોડીને વિચારતાં થયાં છે, જેમ કે, બીજા વિષે વિચારતાં, નીતિ અનીતિ સમજતાં, સામાજિક કડી શોધી તેને સાનુકળ કઈ રીતે થઈ શકાય તે દિશામાં વિચારતાં, પોતાની ફરજ સમજતાં, કાર્યવ્યવસ્થાપન કરતાં, સામેના વ્યક્તિને સમજતાં, સાચું-ખોટું તેમજ અન્યાય કોને કહેવાય, સમસ્યાનો યોગ્ય ઉકેલ શું હોઈ શકે તે વિચારતાં યોગ્ય- અયોગ્ય શું કરવું જોઈએ, શું ન કરવું જોઈએ તેવા ફર્ક સમજતાં થયાં છે.

કાર્યક્રમોને કારણે અલગ અલગ વિસ્તારના તરુણો એકબીજાને મળે છે, શિક્ષણ અલગ અલગ માધ્યમથી

મેળવે છે, એકબીજાને સમજતા થાય, પરસ્પર મદદ કરતાં થાય, એકબીજા પાસેથી શીખતા થાય, મિત્રતા વધે, એકબીજાની રહેણી-કહેણી વિષે જાણે, હળીમળીને રહેતાં શીખે, આનંદ મેળવે, દરેક ઉત્સવો ઉજવતાં થાય તથા તેનું મહત્વ સમજતા થાય, જાતિ-જ્ઞાતિ ભૂલી સાથે પ્રવૃત્તિ કરતાં થાય, એકબીજાના પ્રશ્નોની ચર્ચા કરતાં થાય, નાનીનાની સમસ્યા સામે લડતાં થાય, જવાબદારી સાથે કામ પૂરું કરતાં થાય, તાલીમ લેતાં, પોતાની શક્તિ વિશેનો ખ્યાલ આવે, બીજાના પ્રશ્નોના ઉકેલના કિસ્સા સાંભળી પ્રેરણા મેળવી, બાળઅધિકાર વિષે જાગૃત થાય, સમૂહજીવનમાં મદદરૂપ થાય છે.

બાલસેનામાં વિવિધ સ્તરે લીધેલી જવાબદારીને કારણે હવે મોટા થયા પછી બધા સમક્ષ બોલતા, તાલીમ આપતાં, બાળકોને પ્રવૃત્તિ કરાવતાં, સ્વર્નિભર, નીડર, નેતૃત્વ લેતાં, બાળકો સમક્ષ પોતાનું વર્તન કેવું રાખવું તે શીખ્યા, કોઈપણ વાતની રજૂઆત કરતાં, લખવાની કુશળતા વિકસી, પરિસ્થિતિ સંભાળતાં, આત્મવિશ્વાસ વધ્યો, સ્વાવલંબી બન્યાં, લોકો સાથે વાતચીત કરતાં, દરેક વ્યક્તિને સ્વીકારતા, નિવેદનપત્ર લખતાં, કોઈપણ સ્થાને જવાનો ડર જતો રહ્યો, વ્યવહાર કરતાં, પ્રશ્નો પૂછતાં, સહભાગી બનતાં, નિર્ણય શક્તિ વધી, કામ કરવાની ક્ષમતા વધી, સમયપાલન તથા રમતો શીખ્યાં.

બાળકોના પ્રશ્નોમાં વિશેષ કરીને શિક્ષણની ગુણવત્તા, શાળામાં વ્યવસ્થાપન, છોકરીઓનું શિક્ષણ, વધારે ઘરકામનો બોજો, બાળકની ક્ષમતા કરતાં વધુ અપેક્ષા રાખવી, ગરીબીના કારણે અધવચ્ચે જ અભ્યાસ છોડવો, સરખામણી કરી તણાવ આપવો, માત્ર ટ્યૂશન અને શાળા તરફ ધ્યાન કેન્દ્રીત કરાવવું, રમવાનો સમય ન મળવો અને તેથી વિકાસ અટકવો, એકલાપણું અનુભવાય, સ્વભાવ ગુસ્સાવાળો ચિઢિયો થઈ જાય, આત્મહત્યા કરવા પ્રેરાય વગેરે પ્રશ્નો ઉદ્ભવે છે. આ ઉપરાંત બીજા પ્રશ્નોમાં છોકરીઓની છેડતી, કુપોષણ, શોષણ, અત્યાચાર, બાળહેરફેરી, અપહરણ, બાળવિકાસના, બાળલગ્ન, બાળમજૂરી તથા જીવન જીવવાના અધિકારનું હનન વગેરે છે. આ બધું તેઓ સમજતાં થયાં પછી હવે તેઓ પોતાના નાના ભાઈબહેન કે વિસ્તારનાં બાળકોને મદદ કરતા થયા છે.

મૈત્રીની રમતો શાંતિની રમતો છે. તેમાં હાર-જીત હોતી નથી. આથી, એકબીજા પ્રત્યે દ્વેષ ઉદ્ભવતો નથી, આરોગ્ય જળવાય, કોઈ પણ સાધન વિના રમી શકાય છે. નાનાં કે મોટાં કોઈપણ રમી શકે, રમ્યા બાદ શું શીખ્યા તેની ચર્ચા થાય. આવી રમતો કોઈ ને કોઈ હેતુ આધારિત હોય છે. ભેદભાવ દૂર થાય, સમાનતા આવે, જવાબદારી લેતાં, પ્રશ્નો ઉકેલતાં શીખે, દરેક સહભાગી બને, કેવા મિત્રો બાનાવવા એ ખ્યાલ આવે , જૂથમાં રહેતાં, બીજા પર વિશ્વાસ મૂકતાં શીખે, અજાણી વ્યક્તિનો ડર દૂર થાય, આમાં કોઈ નુકશાન નથી, માત્ર ખુશી મળે છે. અભિનય દ્વારા એકબીજાને સમજતા થાય, દરેકને નેતા બનવાનો મોકો મળે છે તથા માનસિક વિકાસ થાય છે.

યુવાનોના ખાસ મિત્રોમાં ભાઈઓ અને બહેનો બન્ને છે. તેમના મિત્રોની જ્ઞાતિ તળપદા કોળી, વણકર, ઘાંચી, સિપાઈ, મોચી, બ્રાહ્મણ, મારવાડી, રજપૂત, ખોજા, અનુસૂચિત જનજાતિ, અને હિન્દુ-મુસ્લિમ ધર્મના છે. કેટલાક મિત્રોની જ્ઞાતિ તેમને ખબર નથી.

યુવાનો બાળકો સાથેના વ્યવહારમાં કાળજી રાખે છે કે તેમના બોલવાથી બાળકને ખોટું ન લાગે, તેમના પર ગુસ્સો કરતા નથી, તેમને તોછડાઈથી બોલાવતાં નથી, માન આપે છે, ભૂલ થાય તોપણ પ્રેમથી વાત કરે, બાળકને મારતાં નથી કોઈ મારતા હોય તો એને અટકાવે છે, બાળકોની જીદને ટાળવા પ્રયત્ન કરે, બાળક

સાથે બાળક બનીને રહે છે.

વિવિધ પ્રશ્નો ઉકેલવા પ્રયત્ન કરાય છે, જેમાં, શિક્ષણ બાબતે વિસ્તારમાં વાલીને સમજાવ્યા, તેમાં ખાસ છોકરીઓના શિક્ષણ બાબતે, શાળામાં પ્રવેશ આપવા મદદ કરવી, આગળ ભણવા બાબતે પ્રોત્સાહન આપવું, બહેનને ભણાવવા માતા-પિતા તથા સગાસંબંધીને સમજાવવાં, બાળલગ્ન અટકાવવા સમજાવવા છે, હીરા ઘસવા મોકલતાં માબાપને સમજાવવાં, માલિકને પણ કહી દીધું કે હવે પછી ન બેસાડતા નહીંતર આગળ પગલા લેશે તેમ જણાવે છે.

છોકરીઓ પણ હવે જાતે નિર્ણય કરી શકે છે કે પોતાના સપનાં પૂરાં થાય, પગભર બને, અભ્યાસ પૂરો થાય પછી જ લગ્ન કરશે. કેટલાક યુવાનોને બાળકોની સાથે કામ કરવામાં રસ છે, માટે તેઓ શૈશવ સાથે જોડાયેલા છે, આગળના અભ્યાસમાં તેઓ સમાજશાસ્ત્ર, સમાજકાર્ય, મનોચિકિત્સક, બાળઆરોગ્ય વિભાગ પંસદ કરેલ છે, હાર્યા વિના સ્થિતિનો સામનો કરતાં થયા છે, બીજાને મદદ કરતાં, કોઈ પણ વ્યકિતને પોતાની વાત સમજાવતા થયા છે, કોઈ પણ સ્થાને સંકોચ કે ડર્યા વિના પોતાની વાત રજૂ કરે છે, પોતાના કામ જાતે જ કરે છે.

બાળપણમાં કરેલા કાર્યક્રમોને કારણે અત્યારે હવે યુવાનવયે ઘરના મોટા પ્રસંગોમા ભોજન, પાણી, વીજળીની વ્યવસ્થા, વસ્તુની ખરીદી જાતે કરે, આયોજન જાતે કરે, બહેને પોતાની સગાઈ અને લગ્નમાં પિતા સાથે રહી આયોજન કર્યુ હતું. ધંધામાં આયોજન અને વ્યવસ્થાપન કરી કામ કરે છે.


શૈશવના કારણે બીજાને માન આપતા શિખ્યાં, બહેનોને માન આપે છે. વિસ્તારના અન્ય યુવાનોથી તેમનું વ્યક્તિત્વ અલગ બન્યું છે, ઘરમાં તેમનું માન વધ્યું, બાળકોના રોલ મોડેલ બન્યાં, માતા-પિતાને તેમના કારણે સન્માન મળ્યું. છોકરીઓએ ભણવું નહીં, કપડાં બાબતની તથા છોકરા સાથે બોલવું નહીં, બહાર ન જવું, જેવી રોકટોક બંધ કરાવી છે. હવે છોકરા-છોકરી મિત્રો ઘરે આવે, રહે, જમે તેવું વાતાવરણ ઊભું કર્યુ, તેઓ જાગૃત થયાં કે શિક્ષણ મેળવવું જોઈએ અને એટલે લડીને પણ શિક્ષણ મેળવતાં થયાં, પોતાનાં બાળલગ્ન ન થવા દીધાં, પોતાની બહેનનાં બાળલગ્ન ન થવા દીધાં તથા આગળ અભ્યાસ કરાવ્યો, ઘરમાં વિરોધ થતો કે બીજી જ્ઞાતિના મિત્રોને ઘરે ન જમાડવા પણ તેઓ અડગ રહ્યાં, સાથે જ જમે. આથી ઘરમાં હવે જ્ઞાતિનો ભેદભાવ દૂર થયો છે, વ્યવહાર બદલાયો છે. મહિલા હોય તો વર્તન પર ખાસ ધ્યાન આપે છે, તેમની જ્ઞાતિમાં બીજાઓ કરતાં તેઓ ખૂબ ફર્યાં, બહાર નીકળ્યાં આથી તેમની પછીની છોકરીઓને બહાર જવા દે છે.અન્યાય સામે પ્રશ્નો પૂછતાં થયા છે, આત્મવિશ્વાસ વધ્યો છે, પોતાની શક્તિ જાણી શક્યાં છે, કુટુંબમાં દોરા-ધાગામાં માનતા તે દૂર કર્યું, ઘરમાં તેમના મત લેવાય છે. જીવન જીવવાની ઢબ શીખ્યાં છે. તેઓ અનાથ બાળકો સાથે પ્રવૃતિ કરે છે, પોતાનું મિત્રજૂથ બનાવી, પક્ષી તેમજ પ્રાણીનું રક્ષણ કરે છે. ઉત્તરાયણ પર ઈજા પામેલા પક્ષીને ગોતીને સારવાર આપે છે. વધારાના સમયમાં કાર્યક્રમ આયોજિત કરે છે, દરેક તહેવારો અત્યારે પણ મળીને ઊજવે છે, દિવાળીમાં અલ્પવિકસિત વિસ્તારોના બાળકોને ભેટ આપે છે.

આમ, તરૂણોને માત્ર શાળાશિક્ષણ નહીં, પણ કેળવણી દ્વારા જાતે શીખવાની વ્યવસ્થા મળી, તો જીવનને સમગ્ર દ્રષ્ટિ થી જોતાં, આગળ વધતાં થયા છે તે આ તરુણવસ્થામાં પહોંચેલા તરુણોમાં જોવા મળે છે!''

નિરાલીએ યોગ્ય રીતે જ તરુણોનું આકલન કરી ચાર દિવાલોની બહાર શીખ્યાં એટલું જ નહીં બલ્કે તરૂણોને જીવનમાં કેવી રીતે ઊતર્યું છે તે સમજાવવાનો પ્રયત્ન ર્ક્યો છે.

માળખાંઓની બહાર–ચાર દીવાલોવાળી શાળા કે કોલેજની બહાર બાળકો-તરુણોનું જીવન છે, જે અનેક પ્રશ્નો તેમજ સંઘર્ષોથી ભરેલું છે. ત્યાં એની સાથે કોણ ? મા-બાપ, મિત્રો, સગાંસંબંધીઓ ? પોતીકી લાગે એવી વૈકલ્પિક જગ્યા–જ્યાં બિનશરતી આવકાર હોય એવું કંઈક થાય તો કેટકેટલા સચવાઈ જાય ! તરુણસેના આ વિકલ્પ છે. તરુણોને સંભાળનાર–સાંભળનાર તરુણોનું પોતાનું પ્લેટફોર્મ ! નિરાલીએ કરેલ શોધનિબંધ એક સંતોષ આપે છે. ગૌરવ અનુભવાય સાથોસાથ એ સમજ પણ પાકી કરે છે કે પરંપરાગત માળખાંઓની બહારનું શિક્ષણ અને મૈત્રી બહુ જ ઉપયોગી અને ઉપકારક છે.

આ તરુણસેનાનું પોતાનું ગીત છે, અને એના શબ્દાર્થ પ્રમાણે તરુણસેના ચાલવાનો પ્રયત્ન કરે છે :



જય જગત પુકારે જા

જય જગત, જય જગત, જય જગત પુકારે જા... ..

જય જગત પુકારે જા, શિર અમન પે વારે જા,
સબકે હિત કે વાસ્તે, અપના સુખ બિસારે જા,
જય જગત (૩) પુકારે જા...

પ્રેમ કી પુકાર હો, સબકા સબસે પ્યાર હો,
જીત હો જહાન કી, ક્યોં કિસીકી હાર હો,
જય જગત (૩) પુકારે જા..

ન્યાય કા વિધાન હો, સબકા હક સમાન હો,
સબકી અપની હો ઝમીં, સબકા આસમાન હો,
જય જગત (૩) પુકારે જા...

રંગભેદ છોડ દો, જાતિપાંતિ તોડ દો,
માનવો કી આપસી, અખંડ પ્રીત જોડ દો,
જય જગત (૩) પુકારે જા...

શાંતિ કી હવા ચલે, જગ કહે બલ્લે બલ્લે,
દિન ઊગે સ્નેહ કા, રાત રંજ કી ઢલે,
જય જગત (૩) પુકારે જા...

– શ્રી હુંદરાજ દુખાયલ


ANGEL
बाल
सेना

નફરત નફરતને પોષે છે, અને પ્રેમ પ્રેમને પોષે છે. બાળકોને પ્રેમ આપવો એટલે તેમને સમર્થન આપવું.

-રવીન્દ્રનાથ ટાગોર

## પ્રકરણ : ૫

# સુરક્ષિત બાળપણ સમૃદ્ધ બાળપણ

બાળપણ માત્ર શિક્ષણ-વિકાસથી જ વંચિત છે એવું નથી, બાળપણ તો સુરક્ષાથી પણ વંચિત છે એવું અમે અમારી અનુભવ યાત્રામાંથી સમજ્યાં છીએ. બાળપણ અનેક સંઘર્ષ અને પડકારો વચ્ચે જીવવાનો પ્રયત્ન કરી રહયું છે. જન્મવું કે ન જન્મવું એ તો તેના હાથમાં નથી, લિંગભેદ પરીક્ષણ પર પ્રતિબંધ હોવા છતાં 'બાળકી' એટલે એણે જન્મવાનું પણ નહીં ! અને જન્મી લીધું તો પણ ઘર, કુટુંબ અને સમાજના રચેલા ભેદભાવો વચ્ચે જીવવાનું! સમાજની માન્યતાઓ-પૂર્વગ્રહો બાળકને સલામતી માટેની રસીઓથી પણ વંચિત રાખે! પૂરક અને પૂરંતો પોષક આહાર મળશે કે કેમ તે ચિંતાનો વિષય બની રહે. રમવું-ખેલવું-કૂદવું કે પછી ભણવું એ બધું પણ ભેદભાવ અને વ્યવસ્થાઓના આટાપાટામાં ઘણીવાર બાળકોને નસીબ ના થાય ! જ્ઞાતિ-જાતિનાં લેબલો વચ્ચે જીવવાનું ! નાના અને કુમળા હાથ વધુ સારું કામ કરી શકે કે પછી ઓછું વેતન આપી શકાય, ક્હ્યામાં રહે, ગરીબ છે તો કરવું તો પડે ને, એને વળી ભણીને શું કરવાનું ? આવા અનેક ઉપાલંભો વચ્ચે મજૂરીના ખપ્પરમાં બચપણે હોમાવું પડે ! એને મારી શકાય, વઢી શકાય, ઉતારી પાડી શકાય, એ કયાં સામનો કરી શકે, એનું સહેલાઈથી શોષણ કરી શકાય એમ ઘરમાં, શાળામાં કે સમાજમાં એ જુદા-જુદા પ્રકારે બાળકો ભોગ બનતાં રહે ! અપહરણ થાય, તસ્કરી કરી શકાય. આપત્તિ કુદરતી હોય કે માનવસર્જિત; સહેલાઈથી તેનો ભોગ બનતાં રહે, નોધારાં થઈ જાય કે અપંગતા હંમેશ માટે વિવશ બનાવી દે ! અરે, ભણતરનો ભાર પણ કેવો વેંઢારવાનો કે જે ત્રસ્ત થઈને દુનિયા છોડવા માટે મજબૂર કરી દે ! શાળાઓમાં કે ઘરમાં કેવી કેવી સજાઓનો ભોગ બનતાં રહે ! ગેરકાયદેસરનાં કામોમાં બાળકોને જોડવાં કે પછી બાળકો સલામત રીતે રોડ પર ચાલી શકે તેવું પણ કયાં છે ? ખોવાયેલ બાળપણના-ગાયબ બાળપણના કંઈ કેટલાય અનુભવો અમને બાળપણ પ્રતિની અમારી કટિબદ્ધતાને કસોટીની એરણે ચઢાવતા રહ્યા ! અમને અમારી લાચારીનો - મજબૂરીનો પણ અહેસાસ થઈ જાય. થાય કે બાળકોને રક્ષણ આપવાની જવાબદારી સામૂહિક છે એવું આ સમાજ કાયમ માટે ક્યારે સ્વીકારશે?

ભાવનગરમાં બાળકો સાથે ચાલવાનું શરૂ કર્યું તે અગાઉ અમને બાળકોની સુરક્ષા અંગે વિશેષ ખ્યાલ પણ ન હતો. વંચિત બાળકોને ભણાવીશું એટલે તે આગળ આવશે એવી મર્યાદિત સમજણ હતી ! કદાચ સમાજમાં પણ આવું જ કંઈક હતું ! બાળકોની સુરક્ષાને પ્રાથમિકતા આપવી જોઈએ તે મુદ્દાને આગળ લઈ જવામાં સમાજની આ મર્યાદિત સમજણ મોટો પડકાર આજે પણ બની રહી છે. બાળકોની સુરક્ષાના મુદ્દે સમાજના સ્તરે તથા સત્તાતંત્રના સ્તરે નીતિગત બાબતો અને માળખાંઓના વિકાસ માટે તથા માનસિકતા બદલવા માટે પડકારજનક કાર્ય કરતાં રહેવું પડશે તેનો અહેસાસ થઈ ગયો છે.


### અસુરક્ષિત બાળપણનો વ્યાપ

યાદ આવ્યા કરે છે.... એ બાળક દફતરમાં દારૂની પોટલી મૂકી હેરાફેરી કરે. ખબર પડતાં તેને અને તેનાં માતા-પિતાને સમજાવ્યાં. પોલીસની ધમકી પણ આપી. પણ માતાના આક્રોશે અમને વિચાર કરતાં કરી દીધા ! ''અમારા તો બાપદાદાનો ધંધો. સારાં કામ કરવાની ઈચ્છાતો થાય પણ અમને રાખે કોણ ? અમને ભય વગર જીવવાનું ગમે, પણ....!'' સમાજે લગાવેલાં લેબલો સાથે જીવતા આ લોકોનું જીવવું કેવું દુષ્કર છે

! સમાજ સ્વીકારે જ નહીં ! કેવા કેવા ભાગલા !.... જો કે, અમે સમજાવટ ચાલુ રાખી, આખરે બાળક એ બધું છોડી નિયમિત ભણતો થઈ ગયો.

એક બાળકને અમે શાળામાં દાખલ કરાવવા ગયા. આવકાર તો ન મળ્યો... '' એ કંઈ ભણતાં હશે, એ બધા અહીંયાં ના જોઈએ, એ તો બીજા બાળકોને બગાડશે !'' સમાજે તો એકલાં પાડી દીધા જ છે. તેમાં વળી જે વિકાસનાં માધ્યમો છે તે પણ હડધૂત કરે તો શું થાય ?દાખલ તો થયાં પણ વાતાવરણ જ એવું સર્જ્યું હોય કે તે બાળકે શાળા છોડવી પડે. અને પછી તેઓના પર લેબલ લગાવવામાં આવે કે, ''તે તો ડ્રોપ આઉટ થઈ ગયાં. અમે શું કરીએ ?''

આગળ વાત કરી હતી કે ભાવનગરમાં જ અમને બારેક હજાર બાળકો મજૂરીમાં મળી આવ્યાં હતાં. આમ, બાળમજૂરી દ્વારા બાળક બે તરફથી માર ખાય ! ભણવા ન મળે તો બીજી તરફ તમામ પ્રકારનાં શોષણની શક્યતાઓ ! બાળલગ્નની વાત હોય કે પછી શાળામાં કે ટ્યૂશનમાં ભણવાનું. એ દીકરી શાળા ઉપરાંત ટ્યૂશનમાં જાય, સવારે વહેલાં જવું પડે. શિયાળામાં તો સવારે અંધારું હોય ત્યારે તે સાયકલ પર ટ્યૂશનમાં જાય. આવા સમયે સુરક્ષાની ચિંતા સૌને રહે. ટ્યૂશન કલાસનો એક બનાવ યાદ આવે છે જેમાં આ દીકરી વહેલી–વહેલી પહોંચવા ઉતાવળે સાયકલ ચલાવે તો જ આગલી હરોળમાં બેસી શકે ! આ જ કારણથી એ પડી અને બે-ત્રણ મહિનાનો ખાટલો આવ્યો ! રીકશા પણ બાળકોથી ભરાઈ જાય. આ જ રીકશા પલ્ટી ખાઈ જાય ! ત્યાંથી માંડી રોડ પર લોકમનોરંજન કરીને કમાતા પરિવારનાં બાળકો, ક્યાંક જો ગફલત થઈ તો દોરાડાં પરથી નીચે પડી શકે. ચાર રસ્તા પર ભીખ માગવા બાળકોને માબાપ જ મૂકી આવે, તેમના અકસ્માતની વિશેષ શકયતા. પરિવાર ફૂટપાથ પર સૂતો હોય અને કોઈ બાળકીને ઉઠાવી જાય, કે પછી કમ્પ્યુટર શીખવવાના નામે ઈન્સ્ટ્રક્ટર દ્વારા છોકરીઓની છેડતી થાય... આવું કંઈ કેટલુંય! આ બાળસુરક્ષાનો મુદ્દો અત્યંત વ્યાપક છે અને સમગ્ર સમાજ જાગૃત થાય – કટિબદ્ધ થાય... તો જ સફળતા મળે!



આમ, બાળકો સાથેના કાર્યમાં સુરક્ષાનો મુદ્દો અમારા માટે મહત્ત્વનો બન્યો.... શરૂઆતમાં બાળકોના આવા પ્રશ્નો આવે તેમ તેમ કામ કરતાં. સફળતા મળે, નિષ્ફળતા પણ મળે ! અમને એ પણ સમજાયું કે બાળકોની સુરક્ષાનો મુદ્દો ખૂબ જ કોમ્પલેક્સ છે - આંટીઘૂંટી ઘણી છે. એક તરફ અમે જ્યારે બાળકોને શિક્ષણ મળે તે માટે બાલઘર શરૂ કર્યાં કે પછી શાળાઓમાં કાર્ય શરૂ કર્યું ત્યારે અમને ખ્યાલ આવ્યો કે બાળક અહીંયાં માત્ર શિક્ષણ નથી મેળવતું પરંતુ સુરક્ષિત વાતાવરણનો અનુભવ પણ મેળવી રહ્યું છે. સિમેન્ટ, ચૂનો કે ફર્ટિલાઈઝરની ખાલી પ્લાસ્ટિકની થેલીઓ સાફ કરતી એક બાળકી અમને કહે, 'કામમાં જાઉં કે પછી અહીંયા આવું તે દરમ્યાન મને ફરક પડે છે. અહીંયાં રજકણોથી બચી જાઉં છું, માથું ભારે નથી લાગતું, શરીર કળતું નથી. પણ જેવું કામ શરૂ કરું કે તરત તે રજકણો મારામાં જાય, માથું દુઃખે, આંખો બળે, આંખમાંથી પાણી પડે!' છોકરાઓને ભણતા જોઈને એક બહેને અમારા કાર્યકરને કહ્યું, ''અહીં કેન્દ્ર શરૂ કરીને સારું કર્યું. હવે રખડશે નહીં, એકબીજાની સાથે ઝઘડશે નહીં; નહીંતર નવરાં હોય એટલે ઉપાધિ કરે!'' શેરીઓમાં સુરક્ષિત વાતાવરણ માટે પણ પ્રવૃત્તિ મહત્ત્વની છે.

**બાલસેના - સુરક્ષિત બાળપણ માટે બાળકોનું પ્લેટફોર્મ**

બાળકોનું સંગઠન-બાલસેના એ આમ તો એકતા-સમાનતા અને મૈત્રીનાં મૂલ્યો પર રચાયેલું બાળકોનું સંગઠન. બાળકો સ્વયં નિર્ણય લેતાં શીખે, વિચાર કરતાં થાય, એકમેકને સાથે રાખે અને સામર્થ્ય વિકસાવતાં જાય; પણ સાથોસાથ બાળકોની સુરક્ષા બાળકો દ્વારા થાય તે માટેનું અનોખું મોડેલ પણ છે. બાળકોને એકમેકનો સાથ મળતાં, કાર્યકરોની હૂંફ અને ટેકો મળતાં એવી કેટલીય પળો તેઓના જીવનમાં આવી હોય ત્યારે તેઓ કોઈ વિશેષ પ્રયત્નો વગર સહજતાથી સચવાઈ ગયાં છે. ''અમે એક વિસ્તારનાં, શાળામાં પણ સાથે ભણતાં; પણ બાલસેનામાં જોડાયા પછી અમે પ્રવૃતિઓને કારણે વધુ નિકટ આવ્યાં અને અમારી દોસ્તી પાકી થઈ.'' એક બાળક પોતાની વાત કરતાં ઉમેરે છે, ''જો આ દોસ્તી ન થઈ હોત અને બાલસેનામાં ન આવ્યો હોત તો હું રોડછાપ તોફાની બનત!'' આજે એ બાળક મોટો થઈ સારી એવી નોકરી કરે છે ! બાલસેનાએ આ બાળકોને આડીઅવળી લઈને જતાં અટકાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે. તેમને સલામત વાતાવરણના સર્જનમાં સાથીદાર બનાવ્યાં છે. એકવાર એવું બન્યું કે બાલસેનાનાં બાળકો સાથે ભાવનગરની નજીક મણાર લોકશાળામાં શિબિર ગોઠવી હતી. આ દરમ્યાન ત્યાંના એક બહેન મળવા આવ્યાં. થોડી વાતચીત થઈ. આ પછી તેઓએ વાત કરી, ''એકવાર હું બસમાં જતી હતી. આગળની સીટમાં એક ભાઈ અને તેની સાથે એક કિશોર બન્ને જે વાત કરતાં હતાં તેના પર અનાયાસે જ મારા કાન મંડાઈ ગયા ! પેલા વડીલ જેવા લાગતા ભાઈએ કિશોરનો હાથ પોતાના હાથમાં લઈને કહ્યું, '' પણ તું ઘરમાંથી ભાગી કેમ ગયો ? તને તો મેં શૈશવમાં પણ દાખલ કરાવ્યો હતો ! પેલા કિશોરે વડીલ સામે આંખો મેળવીને જવાબ આપ્યો, ''તમે ત્યાં શૈશવમાં દાખલ કરાવ્યો હતો એટલે જ જીવું છું ! નહીં તો હું મરવા જ જવાનો હતો ! પણ અમને શિબિરમાં શીખવાડેલું કે ગમે તેવો પ્રશ્ન હોય, મરવાના વિચાર નહીં કરવાના ! એટલે જ તો મેં તમને ફોન કર્યો કે મને લઈ જાવ.... શૈશવમાં ગમે, ઘરમાં બધા વઢ્યા કરે, સાંભળે નહીં. એટલે ઘરેથી ભાગ્યો, પણ તમને ફોન કર્યો ! એ કિશોરની વાત સાંભળ્યા પછી મારા મનમાં હતું કે શૈશવમાં જઈને મળું. સારું થયું આજે અહીંયાં ભેગાં થયાં, બાળકોને સાચવી જાણો છો તે બહુ મોટું કામ છે !

આ વાત સાંભળી, ખૂબ જ સારું લાગ્યું. કોઈ એક અમૂલ્ય બાળકની જિંદગી બચી ગઈ તેમાં અમે નિમિત્ત બન્યાં ! આવા કેટલાય અનુભવો ! એકવાર બાળકોની શિબિરમાં મહેમાનો આવ્યાં હતાં. વાતવાતમાં એ

બાળકે પોતાની વાત કરી, ''મારાં પપ્પા-મમ્મીના છૂટાછેડા થયા. મારે પસંદગી કરવાની હતી કે મારે કોની સાથે રહેવું. મને બન્ને ખૂબ વ્હાલાં, પણ મમ્મીએ કહ્યું કે મારી સાથે રહેવું હશે તો કામ કરવું પડશે. અને પપ્પાએ કહ્યું કે હું તને ભણાવીશ. હું પપ્પા સાથે રહ્યો. અહીંયાંથી હું શીખ્યો હતો કે ગમે તેવી મુશ્કેલ વચ્ચે પણ ભણવું જ જોઈએ.'' અમે બધાં જ બાળકની વાત સાંભળી સડક થઈ ગયાં ! અનેક વિચારો આવી ગયાં. એવું પણ થયું કે સંઘર્ષમાં બાળક માતા સાથે ના રહ્યો, પણ બાળકના દૃષ્ટિબિંદુથી જોતાં અમને તેની વાતમાં તથ્ય લાગ્યું! કેટકેટલાં બાળકો પોતાના જીવનની-સંઘર્ષની-મૂંઝવણની કથાઓ લઈને જીવે છે. આપણે તેમને ખભે હાથ મૂકીએ, ભેરુ થઈએ.... કેટલું બધું સાવ સહજ રીતે જ સચવાઈ જાય ! આ તો થઈ જ શકે !

મીનાક્ષીબહેન  શૈશવના કાર્યકર, બાલસેનાની પ્રવૃત્તિઓ દ્વારા રોજ બાળકોના સીધા સંપર્કમાં આવે. કંઈ કેટલાય અનુભવો એમને થાય. એ પૈકીનો એક અનુભવ એમના જ શબ્દોમાં... ''કુંભારવાડાના એક સર્કલ પોઇન્ટની વાત છે. એનું નામ સ્નેહ, લગભગ સોળ વર્ષની ઉંમર. એને ખબર પડી કે અહીંયાં તો બાળકોની પ્રવૃત્તિઓ ચાલે છે એટલે આવી, જેમતેમ વાળ ઓળેલા નહીં, ઊંઘમાંથી સીધી આવી હોય તેમ લાગે! થોડીક વાર બધું જોઈને જતી રહી. બીજાં બાળકો પાસેથી એની વાત મળી. એને માનસિક બિમારી છે. કોઈ ખીજવે એટલે ગુસ્સો કરે, ઝઘડા કરે, જાહેરમાં ગીત ગાય અને નાચે પણ ખરી. એનો ભાઈ પણ પ્રવૃત્તિમાં જોડાય, તે



પણ એને ખીજવે. એના વાલીને મળી, ઘણી વાત જાણવા મળી. બસ, એક જ ચિંતા મને સતાવવા માંડી કે હું એનામાં ફેરફાર કેમ કરી શકીશ? શરૂઆતમાં મેં એનું ધ્યાન રાખવા માંડ્યું. પ્રેમથી બોલાવું, પ્રવૃત્તિમાં નેતૃત્ત્વ આપું, બીજાં બાળકોને પણ સમજાવ્યાં. પછીતો બધાં બાળકોની મદદ મળી. થોડા સમયમાં તો એ તૈયાર થઈને પ્રવૃત્તિમાં ભાગ લેવા આવે, શાંતિથી પ્રવૃત્તિ કરે, બીજા બાળકોને પણ તે પ્રવૃત્તિમાં મદદ કરે. ધીમે ધીમે એની બધી જ વાતો મને કરવા લાગી. તેને આગળ ભણવું છે. ધોરણ ૧૦ સુધી તો ભણી છે. તેનાં અક્ષર-લખાણ ખૂબ જ સુંદર છે, અને હોંશિયાર છે. મારા પ્રયત્ન છે કે તે આગળ ભણે. અને એ માટે સાનુકૂળ વાતાવરણ ઘરમાં તેમજ સમાજમાં મળી રહે તે પણ બધાએ જોવું પડશે.

જેનું બાળપણ ઉત્તમ તેની સ્વસ્થ નાગરિક તરીકેની યાત્રા વધુ અર્થપૂર્ણ બની રહે. બાળપણની મૂંઝવણો - પડકારો જો સુરક્ષિત વાતાવરણમાં પ્રેમથી સચવાઈ જાય તો ગુનાખોરી ઓછી થતી જાય. ભલભલા ગુનેગારોના જીવનને ઊંડાણથી જોઈએ ત્યારે સમજાય છે કે તેમનું બાળપણ અત્યંત ખરાબ રીતે વીત્યું હતું ! એટલે જ આપણું કાર્ય છે કે ''બાળપણ'' ને સાચવવું ! Prevention is better than cure - ખૂબ જ અગત્યનું છે. બાલસેના એ માટે મહત્ત્વની ભૂમિકા ભજવી રહી છે. જેના લેખ લખાતા નથી એવી કેટલીય હકારાત્મક પ્રક્રિયા બાળકો - બાળકોની વચ્ચે સહજતાથી થઈ રહી છે.

બાળકો અંદરોઅંદર એકબીજાંની વાત સહજતાથી કરે, કોણ કોને મદદ કરે તે સહજ જ ગોઠવાઈ જાય. વયસ્કોને તો ખબર પણ ના પડે. એકમેકને ટેકો કરવો, મુશ્કેલીમાં બીજાને મદદ પહોંચાડવી, મદદ મેળવવી એ બધું સહજતાથી થાય, આમ જરૂર છે બાળપણ એકબીજાની સાથે ગોઠડી માંડી શકે તેવું પ્લેટફોર્મ ઊભું કરવાની. કદાચ, બાલસેના એ પ્લેટફોર્મ બની છે.

ડર અને નફરતથી જેમનાં જીવન ડહોળાઈ રહ્યાં છે, તેમને પ્રેમ અને હૂંફ દ્વારા સ્વસ્થ જીવન તરફ લઈ જવાં એ બાળ સંરક્ષણનું મોટામાં મોટું કાર્ય છે. સાથોસાથ બાળકો સાથે બનતા અઘટિત બનાવો પર પણ ધ્યાન કેન્દ્રિત કરી, બાળકોની પડખે ઊભા રહેવું જરૂરી છે.

એ દીકરી બાલસેનામાંથી તરુણસેનામાં આવી હતી. હંમેશાં સક્રિય, તે ભાવનગરની બહાર હોસ્ટેલમાં રહીને આગળનો ઉચ્ચ અભ્યાસ કરી રહી હતી. ભાવનગર આવે એટલે અચૂક મળવા આવે. પોતાના અભ્યાસના ભાગરુપે કોઈક શાળામાં તેને પ્રવૃત્તિઓ માટે જવાનું થયું. બાલસેનામાં શીખેલી એમાંથી કેટલીક પ્રવૃત્તિઓ કરાવી. આ દરમ્યાન બાલસેનાની એ દિકરીની નજર એક કિશોરી પર વારંવાર સ્થિર થઈ જાય. શાળાના શિક્ષકે એ કિશોરીને ધબ્બો મારતાં કહ્યું '' આ અમારું પ્યારું બાળક છે ! '' એ સાંભળીને બાકીનાં બાળકો જોરથી હસવા લાગ્યા. કિશોરી ઝંખવાણી પડી ગઈ. આ દીકરીએ આ બધું જોઈ શિક્ષક અને આચાર્યને મળીને લાંબી વાત કરી કહ્યું, આ બરાબર નથી ! કિશોરી પર વિશેષ અસર થાય ! તમારે તો એને હૂંફ અને પ્રેમથી ભણવામાં ટેકો કરવો જોઈએ. તેની વાત તો સ્વીકારી ! શાળામાંથી આ વાતની ખાત્રી કરી તે બહાર નીકળી, ત્યાં બીજી કિશોરી મળી ! તેની સાથે વાત કરતાં ખબર પડી કે તેને વર્ગમાં બેસવા દેતાં નથી ! ફરી પાછી શાળામાં જઈને વાત કરી. શિક્ષકે કહ્યું , ''આ છોકરીને તો ગામમાં કોઈ મદદ ન કરે ! છોકરીનાં મમ્મી સાથે દુર્વ્યવહાર થયેલો અને તેના કારણે આ દીકરી જન્મી. તેનાં મમ્મી ગાંડા છે ! આ છોકરીને શાળામાં કેમ રખાય ! '' આ દીકરીએ કહ્યુ ''એમાં આ છોકરી કે એના મમ્મીનો શો વાંક ? અને તમે તો શિક્ષક છો, બાળકના અધિકાર કંઈ તમારાથી છિનવાય? તમારે તો આવા કિસ્સામાં વિશેષ મદદ કરવાની હોય ! તમારા માટે તો દરેક બાળક સમાન છે...'' તેની સાથે શાળામાં પ્રવૃત્તિઓ માટે આવેલ અન્ય છોકરીઓએ પણ આ મુદ્દે આગ્રહ શરૂ કર્યો. શિક્ષકે ખાત્રી આપતાં કહ્યું, ''અમે તેને શાળામાં બેસાડી દઈશું.'' ત્યાં વાત પૂરી ન કરી, પણ એ ભણે છે તે કોલેજના પ્રિન્સિપાલને વાત કરી.! તેમની મદદ મેળવી.આ દીકરીના પ્રયત્નોને સલામ. અનેક અભિનંદન. પણ દુઃખ થાય છે કે આપણે ખરા અર્થમાં બાળકોને ક્યારે સાચવી લઈશું ? આ ભેદભાવ, તિરસ્કાર શા માટે ? જો એ ત્યાં ન ગઈ હોત તો; બન્ને કિશોરીઓની જિંદગી માટે જવાબદાર કોણ ?

બાલસેનાનાં બાળકોને તેમના અધિકાર, જુદા–જુદા કાયદાઓ કે વિવિધ તંત્રોની માહિતી અલગ અલગ માધ્યમો, પ્રવૃત્તિઓ, રમતો અને વાર્તાલાપ દ્વારા સતત અપાતી હોય છે. આ ઉપરાંત સુરક્ષા સંબંધિત સમસ્યાઓને, પરિસ્થિતિઓને કેવી રીતે ઓળખવી તે અંગે પણ નિયમિત પ્રવૃત્તિઓ થતી હોય છે.

કિશોરવસ્થામાં થતા શારીરિક, માનસિક અને ભાવનાત્મક ફેરફારો તથા જીવનકૌશલ્ય જેવાં કે નિર્ણય કેવી રીતે કરવો, સમસ્યા કેવી રીતે ઉકેલવી, કમ્યુનિકેશન કેવી રીતે કરવું, સ્વની ઓળખ કરવી જેવા અનેક મુદ્દાઓ માટે શિબિરો દ્વારા કે ઘરઆંગણે નિયમિત પ્રવૃત્તિઓ દ્વારા તાલીમો અપાતી હોય છે.

આ ઉપરાંત બાળઅધિકારોની સ્થિતિ અંગે ચાઈલ્ડ રાઈટ ઓડિટ જેવા સંશોધન-અભ્યાસ કે પછી સુરક્ષિત મૈત્રીપૂર્ણ વિસ્તાર કે શાળાઓ કેવી હોય તે અંગે અને વિસ્તારમાં કેવી કેવી જગ્યાઓ અસુરક્ષિત છે, ક્યાં ડર લાગે છે, કેમ લાગે છે. તેના માટે સેફ્ટીવૉક જેવા કાર્યક્રમ કરવામાં આવે છે, જેના પરિણામે બાળક પોતે અસલામત વાતાવરણ અને જગ્યા ઓળખતાં થાય છે. સાથે સાથે આ અંગે લોકજાગૃતિ કરવાની કે પછી સરકારમાં રજૂઆત કરી જવાબદાર તંત્રો પગલાં ભરે તેના માટે પોતાના અભ્યાસનાં તારણોની રજૂઆત કરતાં હોય છે. આમ તેઓ સજ્જ થતાં હોય છે.

છેલ્લાં ચારેક વર્ષથી બાલસેના જે વિસ્તારોમાં કાર્યરત છે ત્યાં બાળકોના પ્રશ્નોના ઉકેલમાં વિસ્તારના લોકો સક્રિય થાય તે માટે બાળસુરક્ષા સમિતિની રચના કરવામાં આવી રહી છે, જેમાં વિસ્તારનાં સક્રિય ભાઈબહેનો, તરુણો તથા બાલસેનાનાં પ્રતિનિધિઓનો સમાવેશ કર્યો છે. તેઓ પોતાના વિસ્તારમાં નિયમિત મીટિંગના આયોજન દ્વારા બાળકોના ટેકામાં આગળ વધી રહ્યાં છે.



**સુરક્ષિત બાળપણની દિશામાં કેટલાક પ્રયાસો**

બાળકો તથા વાલીઓ સાથે જાગૃતિનું કાર્ય સંભાળતા જઇ, સરકારના વિભાગો સાથે સંકલન કરવાનું તથા કાયદા અને નીતિઓના સંદર્ભમાં સંવાદ ઊભો કરતા જવાનું કાર્ય શૈશવ દ્વારા ચાલી રહયું છે. લાંબા સમયથી અનેક સંસ્થાઓ, વ્યક્તિઓ અને નેટવર્ક વગેરેના સહિયારા પ્રયત્નોને કારણે કેટલાંક પરિવર્તન આવ્યાં છે. બાળકોની સુરક્ષા માટે રાષ્ટ્રીય તથા રાજ્ય સ્તરે બાળઅધિકાર આયોગની રચનાઓ થઈ ત્યાંથીમાંડીને સંકલિત બાળસુરક્ષા યોજના પણ દરેક જિલ્લાઓમાં શરૂ થઈ, જેમાં બાળકોની સુરક્ષા માટે જ ખાસ વિભાગ ઊભો કરવામાં આવ્યો છે. બાળકો અંગેના કાયદાઓમાં બદલાવ આવ્યા છે; તો વળી નવા કાયદા પણ અમલમાં આવ્યા છે. તેમ છતા લાગે કે હજુ ઘણું કરવાનું છે.

સૌથી મોટો પડકાર છે બાળકોના મુદ્દાઓ સુરક્ષાના મુદ્દાઓની પ્રાથમિકતા ઊભી થાય તે માટે લોકોની જાગૃતિનો ! એક વાર રોડ બનાવવાના કામમાં જોતરાયેલાં બાળકો અંગે એક ઉચ્ચ અધિકારીને અમે ફરિયાદ કરી, કાયદા હેઠળ પ્રતિબંધિત હોવા છતાં તેમણે આપેલો જવાબ અત્યંત આઘાતજનક હતો : ''બાળકો રોડરોલર સાથે રમી રહ્યાં છે, કામ તો મોટાઓ કરે છે !'' શું કહેવું ? કાશ! મારા કે એ અધિકારીના બાળકને પણ ત્યાં રમવા મળતું હોત તો કેવું !'' મારા બાળક માટે જે સારું અને યોગ્ય તે જ બીજા બાળક માટે સારું અને યોગ્ય, એવું કેમ ન વિચારી શકાય?

ભાવનગરની નજીકના એક ગામમાં બાળકની હત્યા થઈ હતી, પોલીસ તપાસ ચાલુ હતી. અમે કેટલાક મિત્રો પોલીસ પાસે ગયા. જે બની ગયું તેને બદલી નથી શકવાના, પણ ફરી આવું ના બને તેના માટે કંઈક કરવું રહ્યું. પોલીસે હકારાત્મક અભિગમ અપનાવ્યો, શિક્ષણજગત સાથે મીટિંગ કરી, કેટલાક મુદ્દાઓનો અમલ કરવાનું નક્કી કર્યું, પણ. અમલ જ ન થયો ! કેવી વિડંબણા ! આ માનસિકતાને બદલવી એ મોટો પડકાર છે.

ખેર, એક તરફ વ્યાપક ક્ષેત્ર સાથે કાર્ય કરવાનું છે; તો બીજી તરફ દરેકે દરેક બાળકની કાળજી લેવાય, તેઓ સુસજ્જ બને તે માટે પ્રયત્ન કરવાના છે. બાલસેનામાં બાળકોની સલામતીના મુદ્દાને લઈને કેટલીક તાલીમો, જાગૃતિ કાર્યક્રમો નિયમિત ચાલતા રહે છે. આ ઉપરાંત કિશોરાવસ્થામાં થતા શારીરિક માનસિક અને ભાવાત્મક ફેરફારો અંગે બાળકો જાગૃત થાય, પ્રશ્નો સમજે અને પોતાને સક્ષમ બનાવે, પૂર્વગ્રહો-માન્યતાઓને છોડી વૈજ્ઞાનિક અભિગમ અપનાવે, સલામતી અને સુરક્ષા તથા આધુનિકતાના નામે ચાલતા કેટલાક ખોટા પ્રયત્નોને જાણે અને તેનાથી કેવી રીતે બચવું, મોબાઈલ અને ઈન્ટરનેટના વ્યાપક ઉપયોગ દ્વારા ઊભા થયેલા સલામતી અને સુરક્ષાના પડકારો-પ્રશ્નો અંગે સમજ કેળવી, તે માટે ઓનલાઈન સેઈફટી અંગેની તાલીમો કે પછી બાળ-જાતીય સતામણી-શોષણને સમજવું, પડકારને ઓળખવા અને સલામતી કેવી રીતે થઈ શકે તે અંગેની તાલીમો- આ બધું જ જુદાં-જુદાં માધ્યમો દ્વારા શીખવવા માટે કિશોર-કિશોરી મંડળની રચના દ્વારા નિયમિત તાલીમ-મીટિંગો કરવામાં આવી રહી છે. આ ઉપરાંત કિશોર-કિશોરી સંમેલનો અનેક મુદ્દાઓને લઈને નિયમિત રીતે યોજવામાં આવે છે, જેના માધ્યમથી સામૂહિક સંગઠિત પ્રયાસો પણ કરવામાં આવી રહ્યા છે. પરીણામે સશક્તિકરણની અસરકારકતા વધે છે.**વેનલીડો... સ્ત્રી શક્તિપથ....**

બહેનોના સ્વરક્ષણ અને સલામતી માટેનો આંતરરાષ્ટ્રીય 'વેનલીડો' તાલીમ - કાર્યક્રમ હવે શૈશવની નિયમિત પ્રવૃત્તિઓમાંનો એક મહત્ત્વનો કાર્યક્રમ બની ગયો છે. આ અંગેની જયારે પહેલીવાર તાલીમ મેળવી ત્યારે જ નક્કી કરી લીધું કે આ મહત્ત્વપૂર્ણ તાલીમ છે. એ માત્ર સ્વરક્ષણની ટેકનિક જ શીખવતી નથી; પરંતુ બહેનો અંગેની સામાજિક માન્યતાઓને પડકારી, સ્ટીરિયો ટાઈપ વર્તનવ્યવહારને તપાસી બહેનોને માનસિક સ્તરે વૈચારિક મજબૂતાઈ આપે છે. આ અંગે આગળ જતાં શૈશવે પહેલ કરી, કિશોરીઓને જ ધ્યાનમાં રાખી, વેનલીડોનો વિશેષ અભ્યાસક્રમ ત્રણ વય જૂથ- ૮ થી ૧૨ વર્ષ, ૧૩ થી ૧૫ વર્ષ અને ૧૬ થી ૧૯ વર્ષની કિશોરીઓ માટે તૈયાર કર્યો, જે આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રથમવાર બન્યો ! બાલસેનાની કિશોરીઓ તથા અન્ય સંસ્થાઓની કિશોરીઓને શૈશવમાંથી તૈયાર થનાર ટ્રેનર બહેનો દ્વારા આ તાલીમ આપવામાં આવી રહી છે. કચ્છની એક સંસ્થામાં કિશોરીઓની તાલીમ ગોઠવાઈ હતી. આ તાલીમ આપવા ગયેલ શૈશવના કાર્યકર બહેને કરેલી વાત, '' તાલીમમાં સહભાગી થયેલી ૨૩ કિશોરીઓ અંતરિયાળ ગામડાંની હતી. તેઓના કહેવા પ્રમાણે છોકરીઓને પરણાવે ત્યાં જ પરણવાનું. ગમે-ના ગમે, હા-ના કરાય જ નહીં, કપડાં રૂઢિગત જ પહેરવાનાં, છોકરીઓને ભણાવાય જ નહીં. એવી જડ માન્યતાભરી સ્થિતિ. તેમાં ગૌરી નામની કિશોરી

આવેલી. પાંચ બહેનો અને બે ભાઇમાં એ ત્રીજા નંબરની ! ગૌરીને આ તાલીમ માટે બે દિવસ - એક રાત બહાર જવું પડે તે કેવી રીતે ચાલે ! એનાં મમ્મીની ઇચ્છા ખરી, પણ સમાજ વચ્ચે રહેવાનું ! પણ પછી ગૌરીની સાથે એના મમ્મી પણ તાલીમમાં આવ્યાં. બે સારી શિખામણ મળશે એમ માનીને તાલીમના પ્રથમ સત્રમાં ગૌરી એક પણ શબ્દ બોલી નહીં, તેના મમ્મીએ જ ગૌરીનો પરિચય આપ્યો. રિવાજ પ્રમાણે સગાઈ થઈ ગઈ હોવાથી રૂઢિગત કપડાં જ પહેરવાનાં. આના કારણે તાલીમની પ્રવૃતિમાં મુશ્કેલી પડતી હતી. પણ ખબર નહીં, ગૌરીના મનમાં ઘમાસાણ ચાલતું જ હશે; એ બધું બરાબર સાંભળતી. એનાં મમ્મી પણ ધ્યાન આપીને સાંભળે તે દિવસે તાલીમ પૂરી થતાં તેઓ ઘરે પાછા ગયાં. બીજા દિવસે આશ્ચર્ય ! ગૌરી પંજાબી ડ્રેસ પહેરીને આવી. એના મમ્મી દૃઢતાથી કહેવા લાગ્યા, ‘‘તમે અમને આટલી સારી શિખામણ આપી, ઘણું શીખવાડ્યું તો અમારે પણ કંઇક બદલાવું જોઇએ ને ?’’ તાલીમના અંતે સૌના પ્રતિભાવ લેવાના હતા, પહેલા દિવસે મૌન રહેલી ગૌરીએ સૌ પ્રથમ પ્રતિભાવ આપ્યો, માત્ર શાબ્દિક પ્રતિભાવ નહીં, પોતાના આચરણમાં આવેલા બદલાવની આભાર સાથે ભાવપૂર્ણ રજૂઆત કરીને!



શૈશવના કાર્યમાં ‘વેનલીડો’ એ મહત્ત્વનો કાર્યક્રમ બની રહ્યો છે. અમને સૌને આ કાર્યની અગત્યતા અને તેની અસરકારકતા બરાબર સમજાઈ ગઈ હતી. એટલે ગુજરાતમાં આ અંગે અગ્રેસર ભૂમિકા ભજવવાનું શરૂ કર્યુ. આ કાર્ય માટે જેટલા તાલીમકાર વધુ એટલું વધારે ઝડપથી બધાં સુધી પહોંચી શકાય; સાથે સાથે સમગ્ર કાર્ય વિકેન્દ્રિત પણ થાય. અમે ગુજરાતની અનેક સંસ્થાઓનો સંપર્ક કરી, તાલીમકારો માટેની તાલીમનું આયોજન કર્યુ હતું. વધારે બહેનો સુધી પહોંચાય તે માટે ભૌગોલિક વિસ્તારોને ધ્યાનમાં લઈ આઠેક

સ્થળોએ તાલીમ ગોઠવી, લગભગ ૧૭૮ બહેનો જોડાઈ અને તેનાથી કેટલીક બહેનો એડવાન્સ તાલીમ લીધી. જો કે તેમાંથી બારેક બહેનો ખરા અર્થમાં તાલીમકાર તરીકે પસંદ થયા હતાં. આ માટે આ બહેનોએ જુદા જુદા તબક્કા મળીને કુલ એક મહિનાની તાલીમ લીધી હતી. જો કે, દુઃખ એ વાતનું પણ છે કે પસંદ થયા પછી કેટલાંક બહેનો કાર્ય માટે આગળ ન વધ્યાં ! એવું પણ થાય કે જે સંસ્થાઓમાંથી બહેનોએ જોડાવાનું હોય તે સંસ્થાઓ એકદા મહિનાની કુલ તાલીમ માટે બહેનોને મોકલવા તૈયાર ન થાય ! દુઃખ થાય કે આવું કેમ ? જ્યારે કિશોરીઓની, બહેનોની સલામતીના પ્રશ્નો અને પડકારો વ્યાપક છે ત્યારે આ મુદ્દાને લઈ, સ્વરક્ષણની તાલીમ માટે પ્રાથમિકતા કેમ ન ઊભી થાય ?



શૈશવમાંથી પારૂલબહેન અને નીલમબહેન પ્રમાણિત ટ્રેનર તરીકે નિષ્ઠાથી કાર્ય કરી રહ્યાં છે. જ્યારે પણ નાની-મોટી કિશોરીઓ માટે તાલીમ યોજાય, કે ગ્રુપમાં પ્રેક્ટિસ થાય ત્યારે કિશોરીઓ મન મૂકીને પોતાના હૃદયમાં ગોપિત રાખેલાં પોતાના સંઘર્ષની તેમજ શોષણની વાત કરે ! ભૂલ પોતાની નથી, કોઈકની છે તે વાત બરાબર મનમાં ઉતારવી એ બહુ મોટી વાત છે ! જ્યારે કિશોરીઓ પોતાને થયેલી પજવણીની નાનીમોટી વાત ઘરમાં કરે, માતાપિતાને કરે ત્યારે જ જો તેને સંભાળી લેવામાં આવે તો કેટકેટલી પીડામાંથી મુક્ત થઈ શકાય ! કંઈક વિશેષ હોય તો શૈશવના તાલીમકાર તેઓના કાઉન્સલિંગ ઉપરાંત કાયદાકીય રાહે આગળ વધવા સતત ટેકો પણ આપે ! એક દીકરી પર અત્યંત ગંભીર હુમલો થયો હતો. જો કે, એનો બચાવ થયો છતા પણ માનસિક તણાવ એવો ભયંકર કે કેટલા લાંબા સમય સુધી એ ઘરની બહાર નીકળે જ નહીં ! લાંબી સમજાવટના અંતે પ્રથમવાર ડરતાં ડરતાં વેનલીડો સ્વરક્ષણની તાલીમમાં આવી. હૈયાનો ભાર હળવો થયો, બીજીવાર પણ આવી હવે તો એ પોતે જ વેનલીડોમાં તાલીમકારોની મદદનીશ તરીકે કાર્ય કરવા લાગી ! આમ આ વેનલીડો તાલીમ માત્ર, સ્વરક્ષણ જ નહીં સશક્તિકરણનો પણ પથ છે !

ફરી વર્ષ ૨૦૧૭માં વેનલીડોનાં તાલીમકારોની તાલીમ માટેની તાલીમ ગોઠવી, તેમાંથી બાલસેનાના બાળકોમાંથી હવે કાર્યકર તરીકે આગળ વધી નેતૃત્વની જવાબદારી લેતાં ઈશાબહેન અને દક્ષાબહેન પ્રમાણિત ટ્રેનર તરીકે કાર્ય કરી રહ્યાં છે, આમ, એક પરંપરા આગળ વધી છે.

કચ્છના અભૂતપૂર્વ ધરતીકંપે અમને હચમચાવી મૂકયાં હતાં. બીજે જ દિવસે અમારી ટીમ ત્યાં પહોંચી ગઈ. થોડુંક કામ કર્યું તે દરમ્યાન જ ખ્યાલ આવી ગયો કે બાળકોની સ્થિતિ અત્યંત ચિંતાજનક છે. સ્થિતિ જ એવી હતી કે બાળકોને કોણ સાંભળે ? રામવાવ ગામમાં અમારી સાથી સંસ્થાઓ અંજલિ અને સેવારૂરલે મેડિકલ કેમ્પ શરૂ કરી દીધો હતો. અમે ત્યાં રહીને આસપાસનાં ગામનાં બાળકો સાથે પ્રવૃત્તિઓ ગોઠવવાનું શરૂ કર્યું, આશય હતો કે બાળકોને સાંભળીએ, એમને પ્રવૃત્ત કરીએ, એમનો ડર હળવો થાય ! બાળકો માટે કાર્યરત ચાઇલ્ડલાઇન ઈન્ડિયા ફાઉન્ડેશનને પણ થયું કે કંઈક કરવું છે એટલે તેઓએ અમારો સંપર્ક કર્યો. અમે ભચાઉ તાલુકાની જવાબદારી સંભાળી, ચાઇલ્ડલાઇનની કામગીરી શરૂ કરી. અન્ય સાથી સંસ્થાઓએ અન્ય તાલુકામાં કામ સંભાળી લીધું., અમારી વચ્ચે નેટવર્ક વિકસતું ગયું. ગામેગામથી બાળકોના ડેટા એકત્ર કરવાનો, કોનું મૃત્યુ થયું, કોણ કયાં છે - ક્યાં સારવાર ચાલી રહી છે, અનાથ અથવા સિંગલ પેરેન્ટનાં બાળકોને ઓળખવાનઇં, લાંબા સમય માટે શિક્ષણથી વંચિત રહેવાની સ્થિતિમાં બાળકો માટે વૈકલ્પિક માળખું ઊભું થાય તેના પ્રયત્નો કરવાના, સરકારના વિવિધ વિભાગો કે પછી અન્ય સંસ્થાઓ સાથે સંકલન કરવાનું, આમ આ રીતે કામ શરૂ થયું.




ભચાઉના હાઈવે રોડ આવેલા સર્કલ પર તંબુ ઊભો કર્યું, કામ શરૂ કર્યું. ગામડાંઓ સાથે સંપર્ક કરવાના ફોન ચાલે નહીં. અમે ગામેગામથી ભચાઉ આવતા ટેમ્પા તથા અન્ય કાર્યરત સંસ્થાનાં વાહનો સાથે ગોઠવણ કરી. દરેક ગામની રોજેરોજની માહિતી મેળવવા લાગ્યાં. તે પ્રમાણે ટીમના સભ્યો જે-તે ગામ જઈ બાળકોની સ્થિતિ અને જરૂરિયાતો અંગે સંકલન કરવા લાગ્યા. બીજી તરફ લોકભારતી સંસ્થા, સણોસરાના બી.આર.એસ અને એમ.આર.એસ. ના વિદ્યાર્થીઓની મદદથી બાળકો સાથેની પ્રવૃત્તિઓ શરૂ કરી. ભાવનગરમાં પણ કેટલીક સંસ્થાઓ- ખાસ કરીને વિકાસ વર્તુળ ટ્રસ્ટ, વિશુદ્ધાનંદ હાઇસ્કૂલ અને શૈશવે ભેગાં થઈ, સ્વયંસેવકોને મોકલવાનું આયોજન કર્યું. દર અઠવાડિયે ૧૦-૧૫ સ્વયંસેવકો અહીંયા તાલીમ

મેળવી કચ્છ પહોંચે અને ત્યાંની ટીમ પરત ફરે. આ આયોજન લાંબા સમયગાળા સુધી ચાલ્યું હતું. અમને આ ટીમમાંથી બે યુવાનો કાયમી કાર્યકર તરીકે મળી આવ્યા. એમણે પણ બાળકો માટે જીવન સમર્પિત કરવાનું નક્કી કર્યુ હતું. બાળકો કંઈક ઠરીઠામ થાય તો વાલીઓ પોતાના મકાનનાં નુકસાન કે સરકારી સહાય કે અન્ય કામો માટે ચિંતા મુક્ત થઈ કામ કરી શકે. બાળકો સાથે ખુલ્લામાં અમે પ્રવૃત્તિઓ શરૂ કરી. ક્રાફ્ટ, ડ્રોઈંગ, વિજ્ઞાન, ભૂગોળ જેવા વિષયો શીખવવાનું પ્રવૃત્તિ અને રમતના માધ્યમથી શરૂ કર્યું. બાળકો જોડાતાં ગયાં, તેમની સાથેની આ પ્લે-થેરાપી સહજપણે ચાલવા લાગી. બાળકો પાસેથી કેટકેટલી વાતો અમને મળી ! કોઈ બાળક ન મળી આવતું હોય તેની માહિતી પણ એમની પાસેથી મળી. કોઈને કાંઈ જ ખબર પડે એ પહેલાં બે



બાળકો છેક બેંગલોર પહોંચી ગયાં હતાં. ટીમના સભ્ય ત્યાં જઈને એમને લઈ આવ્યાં. બાળકો હળવાં થઈ રહ્યાં હતાં. ઘાયલ બાળકોની સારવાર યોગ્ય રીતે થાય, ફોલોઅપ થાય,ફિઝિયોથેરાપી મળે તે માટે સતત પ્રયાસો કર્યા. સરકારી યોજનાઓ સાથે અસરગ્રસ્ત બાળકો અને તેઓના વાલીઓ જોડાય તે માટે પણ સતત સંકલન કરતાં રહ્યાં.

આપત્તિઓ બાળકો માટે ખરેખર આપત્તિ બની જતી હોય છે. માતા-પિતા છિનવાય, કુટુંબ છિનવાય, ઘર છિનવાય. બાળક પોતે ભોગ બની જાય. પણ આ જ સમયે સક્રિય થતાં કેટલાંક તત્ત્વો બાળકોને ઉપાડી જાય. પછી એ કદી પાછાં ન આવે. કયારેક કેટલાક શુભ હેતુથી બાળકની આડ લઈ મૂળ જગ્યાએથી દૂર લઈ જાય; પણ ત્યારે ખબર નથી હોતી કે આપણે તેને પોતાની સંસ્કૃતિથી દૂર કરીએ છીએ! નિઃસંતાન દંપતીઓ માટે બાળક દત્તક મેળવવા માટે કેટકેટલા લોકો સક્રિય થઈ જાય.‘‘કચ્છનું બાળક કચ્છમાં રહે’’ એ માટે સરકાર સાથે સંસ્થાઓએ ભેગાં મળી એડવોકસી કરતાં હકારાત્મક પ્રતિસાદ મળ્યો અને બાળકોને લઈ જવા પર ત્યારે પ્રતિબંધ મુકાયો !

આપત્તિની કાળમાંથી જનજીવન ધીમે ધીમે થાળે પડી રહ્યું હતું, અમે બાળકો સાથે રાષ્ટ્રસંઘે ઘોષિત કરેલ બાળકોના અધિકારની વાત પહોંચાડવા નવતર રમતો વિકસાવી, ભચાઉ તાલુકાનાં ગામેગામ બાળ અધિકારના બાળમેળા કર્યા. બાળકો સમજયાં-શીખ્યાં અને બાળ અધિકારોના પરિપ્રેક્ષ્યમાં બાળકોની

સ્થિતિ કેવી હતી તેનું સંશોધન પણ થયું. બાળકોના મનમાં કેવા ડર રહેતા હોય છે તેનું સંશોધન પણ બાળમેળા દરમ્યાન થયું ! સૌના સંકલિત પ્રયાસોથી બાળકો માટે કંઈક કરી શકવાનો સંતોષ મળ્યો ! ઘણાં બાળકોની કથાઓ છે, પણ અમે આપત્તિમાં બાળકની કાળજી અને સુરક્ષા અંગે કેવી રીતે કામ કરવું તે શીખ્યાં. દક્ષિણ ભારતમાં સુનામીનો પ્રકોપ થયો ત્યારે ચાઈલ્ડલાઈન ઈન્ડિયા ફાઉન્ડેશનના આમંત્રણથી અસરગ્રસ્ત બાળકો પાસે કેવી રીતે પહોંચવું - કેવી કામગીરી કરવી તે અંગે ત્યાંની સંસ્થાઓ સાથે તાલીમ યોજી અમારા અનુભવો વહેંચ્યા હતા ! નેપાળમાં થયેલ ભૂકંપ સમયે પણ ત્યાંની સ્થાનિક સંસ્થા ચાઈલ્ડ રીચ નેપાળના કાર્યકરોને લઈને તાલીમ આપી, તેઓનાં કામમાં સહયોગ કર્યો હતો.

વર્ષ ૨૦૦૨માં ભાવનગરના કુંભારવાડા–મોતીતળાવ વિસ્તારમાં પૂર આવ્યાં ! આમ પણ ખૂબ વરસાદ આવે એટલે ખારા પટના નીચાણના વિસ્તારમાં ટીમના સભ્યો લોકોની ખબર કાઢે એ સિલસિલો ઘણાં સમયથી ! એ દિવસે સાંજના સમયે ફીલ્ડ મુલાકાતમાં જ ગંભીરતાનો ખ્યાલ આવતાં લાગ્યું કે, લોકોને શિફ્ટ કરવા જ



હિતાવહ છે, લોકો તૈયાર ન થાય, અગાઉ પૂરનાં પાણી આવશે એવો અનુભવ નહીં, પણ છેવટે લોકો ખસ્યા. સરકારી નિશાળમાં અમને ઉતારો આપ્યો, સ્થાનિક કોર્પોરેટર વગેરે સાથે રહ્યાં. તત્કાળ ભોજનવ્યવસ્થા ભાવનગરની અન્ય સંસ્થાઓના સહયોગથી ગોઠવી, આરોગ્યસેવાઓ ગોઠવી. ત્રણ-ચાર દિવસ પછી જનજીવન થાળે પડ્યું; પણ ઘણું શીખવા મળ્યું, લોકોની ઢીલાશ તથા છેલ્લી ઘડી સુધી ખસે નહીં - ત્યાંથી લઈ તંત્રોની ઊણપો પણ દેખાઈ. કોઈ વિશેષ તૈયારીઓ નહીં, કટોકટી પૂરી થતાં કેટલાંક આવી પહોચ્યાં. કામના બદલે માગણીઓની ઝડી વરસાવા લાગે ! આવી પરીસ્થિતિમાં પણ જ્ઞાતિ/ધર્મના ભેદ જોવા મળ્યા. અમારા એક કાર્યકર બહારથી આવેલ ભોજનના ટેમ્પા સાથે વિતરણમાં જોડાયેલ. એક વિસ્તારમાં પહોંચ્યાને તેમણે કહ્યું અને અહીંયા ભોજન નહીં આપીએ ! આપત્તિનો સામનો તો ''માણસ'' કરતો હતો.... છતાં ! જોકે કચ્છના ભૂકંપનાં અનુભવ પછી સેવારૂરલ, અંજલિ તથા ઓળખ જેવી સંસ્થાઓ સાથે સ્વૈચ્છિક નેટવર્ક

વિકસાવી આપત્તિ પ્રબંધનની સહિયારી તાલીમ પણ કરી. સાથોસાથ કેવું, કેટલું તથા કેટલો સમય કાર્ય કરવું તે અંગેનાં ધારાધોરણો પણ નક્કી ક્ર્યાં અને ગુજરાતમાં આવેલ પૂરની આપત્તિથી માંડીને રોગચાળા જેવી ઘટનાઓમાં ટીમના સભ્યો સાથે દોડીને કાર્ય કરે. આમ, તત્કાળ સહાય પહોંચાડવામાં અમે સૌ નિમિત્ત બની રહ્યાં છીએ.

**ચાઈલ્ડ હેલ્પલાઈન - ૧૦૯૮**

કચ્છમાં કાર્ય શરૂ કરતાં અગાઉ અમે નક્કી કર્યુ હતું કે અહીં લાંબાગાળા માટે કામ નહીં કરીએ. દોઢેક વર્ષ અસરકારક કામગીરી પછી સૌને સાથે રાખી કાર્ય આટોપી લીધું હતું. ચાઇલ્ડલાઇનનું કામ કચ્છમાં આટોપ્યા પછી અવારનવાર વાત થાય કે તમે ભાવનગરમાં આ કામ સંભાળો અને અમે ભાવનગરમાં વર્ષ ૨૦૧૧થી ચાઈલ્ડ હેલ્પલાઈન-૧૦૯૮ નું કાર્ય સંભાળ્યું ! ચાઇલ્ડલાઇનના રાષ્ટ્રીય નેટવર્ક સાથે જોડાયાં ! બાળકો માટે તત્કાળ સહાય પૂરી પાડતી આ ચાઇલ્ડ હેલ્પલાઇન ૨૪ કલાક અને ૭ દિવસ કાર્યરત રહે છે. ચાઇલ્ડલાઇનના રુટીન માળખાને સમજ્યા પછી કેટલીક નવતર પહેલ અમે શરૂ કરી ! કલેક્ટરશ્રી ના અધ્યક્ષપદે ચાઇલ્ડલાઇન સલાહકાર- સમિતિ બનતી હોય છે, શિક્ષણ, આરોગ્ય, પોલીસ, સમાજસુરક્ષા, ટ્રાન્સપોર્ટ તથા અનેકવિધ વિભાગોના વડાઓ આ સમિતિના સભ્ય હોય છે. આ સમિતિની સક્રિય ભાગીદારી દ્વારા ભાવનગરમાં જ્યારે જ્યારે પણ મુશ્કેલીમાં મુકાયેલા બાળકનો કેસ આવે ત્યારે મોટાભાગના વિભાગો-પોલીસ પણ તત્કાળ મદદરૂપ થાય તેવી પરંપરા વિકસી ગઈ છે.



શૈશવ દ્વારા ભાવનગરમાં ચાઇલ્ડ હેલ્પ લાઇનનું કાર્ય શરૂ થયું ત્યારે જ સરકાર દ્વારા ઈન્ટિગ્રેટેડ ચાઇલ્ડ પ્રોટેક્શન સ્કીમ પણ અમલમાં આવી. રાજ્ય કક્ષાએ ગુજરાત રાજ્ય બાળ સુરક્ષા સોસાયટી કાર્યરત થઈ અને સાથે સાથે દરેક જિલ્લામાં પણ જિલ્લા બાળસુરક્ષા એકમોની રચના થઈ, શૈશવ ત્યારથી જ જે- તે વિભાગો સાથે સંકળાઈને કાર્ય કરી રહી છે. સરકારી વિભાગો ઉપરાંત બાળકલ્યાણ સમિતિ, ચિલ્ડ્રન હોમ જેવી અનેકવિધ સંસ્થાઓનો સુંદર સહયોગ મળી રહ્યો છે.

કાળજી અને રક્ષણ–સુરક્ષાના અનેક પ્રકારના મુદ્દાઓ સાથે બાળકોના જીવન જોડાયેલાં છે. કાર્યમાં ઊંડે

ઉતરતાં એનો વ્યાપ અને અર્થો સમજાય; બાકી અત્યારનાં બાળકો અતિ ચંચળથી લઈ કહેલું  માનતાં નથી, ભણતાં નથી એવું જ ઉપરછલ્લું દેખાય ! બાળકોની વ્યથાકથા સાંભળીએ ત્યારે ખ્યાલ આવે કે કેવા તણાવજન્ય—પ્રશ્નો વચ્ચે બાળકો ઊછરી રહ્યાં છે. ટેકનોલોજી અને આધુનિકતાના પ્રભાવ હેઠળ જીવતો સમાજ—વિકાસ તરફ દોડી રહેલાં મા - બાપ હોય કે અભાવોની વચ્ચે જીવતો સમગ્ર વંચિત સમુદાય.... દરેકના બાળકોની અલગ—અલગ કથાઓ !

સૌરાષ્ટ્રના એક જિલ્લામાં જાગૃતિયાત્રા દરમ્યાન એક બહેન મળવા આવ્યા, અને એમનું વીતક કહ્યું. એમની વાત મુજબ એમના પતિ નથી, બાળક કોઈ બુલેટગર પાસે છે એ ખૂબ જ ધાકધમકી આપે. એ રહે છે ત્યાંથી ખૂબ જ દુર અન્ય એક જિલ્લામાં છે. સારા એવાં પ્રયાસો અને પોલીસ અધિકારીઓના સહયોગને કારણે એ બાળકને બચાવી લાવ્યાં ! તેની માતાને બોલાવી કાયદાની પ્રક્રિયા હેઠળ સોંપવામાં આવ્યો, સાથોસાથ એ જ્યાં રહે છે ત્યાંના એક મનોચિકિત્સક તબીબ અને આગેવાનની મદદથી એના પુનઃવસવાટ ને ભણવાનું કાર્ય ગોઠવ્યું !

માતાપિતાના ઝઘડા તેમજ છૂટાછેડા કે અલગ રહેવાનો ભોગ પણ બાળકો બને. તેમનું ભણવાનું છિનવાય, કોની સાથે રહેવું, શું કરવું; બાળક ભીંસાય. આ વેળાએ બન્ને પક્ષોને સમજાવીને કાર્ય હાથ પર લેવું પડે અને ત્યારે જો સહયોગ થાય તો વાંધો ન આવે, પણ ઘણીવાર કોઈ એક પક્ષ તૈયાર જ ન થાય ત્યારે કાયદાકીય પ્રક્રિયા હાથ ધરવી પડે !  ભણવાની બીકનો કારણે બાળક ભાગી જાય કે પછી મજૂરીના કારણે પરપ્રાંતથી કે પછી નજીકનાં નાનાં ગામોમાંથી બાળકો કામ પર આવે. કંઈ કેટલાયની ટીમ ૨૪ કલાક તૈયાર હોય, મદદ પહોંચાડે. આ દરમ્યાન માન-અપમાન પણ સહન કરવા પડે. પરંતુ અંતે તો બાળકનું હિત જ મહત્ત્વપૂર્ણ હોય છે.



અહીંયાં સમજવાનું એ છે કે આજે પણ બાળકોની સુરક્ષાને વ્યાપક અર્થમાં પ્રાથમિકતા નથી. સતર્કતા કે પછી બાળકના પ્રશ્નો—સુરક્ષાને તાર્કિક અંત સુધી લઈ જવામાં પાછાં પડીએ છીએ, કે પછી ત્યાં સુધી પહોંચવાની તૈયારી નથી ? કાયદા છે, નીતિ અને યોજનાઓ છે; તંત્રો છે અને તેની સાથે મર્યાદાઓ પણ છે ! સંકલન કે સહિયારા પ્રયત્નોની પ્રાથમિકતા હજુ જોઈએ તેટલી બનતી નથી. ટેકનોલોજી જે ઝડપથી આગળ વધી રહી છે,

બદલાઈ રહી છે તેની સાથે બાળકોનું એક્સપોઝર પણ વધ્યું છે. પરિણામે બાળકો બાળસહજ બાળપણ ભૂલી પુખ્ત બની જાય છે. એકવીસમી સદીમાં મારું બાળક પાછળ ન રહી જાય અથવા અન્ય કરતાં ચઢિયાતું છે તે સાબિત કરવા માતાપિતા કુટુંબની આકાંક્ષાઓ પણ વ્યાપક બની છે ત્યારે બાળકો સાથે કેવી રીતે કામ કરવું તે પણ એક વિશેષ સમજ માગી લેતો મુદ્દો છે.

### ચાઈલ્ડ સેઈફટી નેટ

શૈશવ ચાઈલ્ડ લાઈન દ્વારા ચાઈલ્ડ સેફટી નેટની નવીન પહેલ કરવામાં આવી છે. સમગ્ર દેશમાં પ્રથમવાર આ પ્રયોગ કરવામાં આવી રહ્યો છે. બાળક મુશ્કેલીમાં મુકાય તે પહેલાં જ તેની મદદે કોઈ પહોંચી જાય અથવા બાળકને પોતાની સૌથી નજીક આ સેવા ક્યાં મળી શકે છે તેની જાણકારી હોય તો મુશ્કેલી આવે તે પહેલાં જ તેનો બચાવ થઈ શકે છે. શહેરના તમામ મુખ્ય રસ્તાઓ, જાહેર સ્થળો, શાળાઓ તેમજ નાના રસ્તાઓ–ગલીઓ વગેરેની નજીકમાં રહેતા નાગરિકો, દુકાનદારો, શાકભાજી વેચનારા, રીક્ષા ડ્રાઈવર્સ, શિક્ષકો તથા અનેકવિધ વ્યવસાયમાં કાર્યરત એવા લોકોનું સ્વયંસેવક જૂથ બનાવવું કે જેઓ રસ્તા પર જતા–આવતાં બાળકો પર પોતાના રોજબરોજના કાર્ય દરમ્યાન નજર રાખી શકે. આ સ્વયંસેવકોની તકેદારીપૂર્ણ દૃષ્ટિ બાળક કંઈ અઘટિત કરે એ પહેલાં, મૂંઝાયેલા તણાવગ્રસ્ત બાળકને ઓળખી લે અને તેની મદદે પહોંચી ચાઈલ્ડ લાઈનને જાણ કરે અને બાળકને ત્વરિત સહાય મળે , બાળકનું કાઉન્સેલિંગ થાય, બાળક રહેતું હોય તેની આસપાસના પ્રભાવી લોકોના સહયોગ વડે તેનું યોગ્ય રીતે કુટુંબમાં પુનઃસ્થાપન સારી રીતે થઈ શકે. આ રીતે આ વિચાર સાથે બાળકોને બાળમૈત્રીપૂર્ણ એવું સલામત વાતાવરણ ઊભું થાય તે તરફ નૂતન કદમ બની રહ્યું છે.




શૈશવ ચાઈલ્ડ સેઈફટીનેટના એક સભ્ય રાત્રે રિક્ષા ચલાવે. એમનું ધ્યાન રેલ્વે સ્ટેશનની બહાર ઊભેલા નાનાં ચાર બાળકો પર ગયું, મોડી રાતનો સમય. તુરંત તેઓએ ચાઈલ્ડલાઈન ટીમને ફોન કર્યો. તે દરમ્યાન

બાળકો પાસે તેઓ અને બીજા બે-ત્રણ મિત્રો પહોંચી ગયા ટીમ પહોંચી. બાળકોનો કબજો લઇ ચિલ્ડ્રન હોમમાં લઈ ગયાં. એક સતર્ક નજરે બાળકોને સુરક્ષિત કર્યાં! ભાવનગરની નજીકના એક ગામમાંથી સેઇફ્ટીનેટ સાથે જોડાયેલી વ્યક્તિએ ફોન કર્યો, ટીમ પહોંચી ગઈ. ખાનગી ટ્યુશન કરતા એ ભાઈ છોકરીઓ સાથે અડપલાં કરતા હતા. પોલીસ કેસ કર્યો ! પણ '' મારે શું '' અથવા ''હું શું કામ આમાં પડું - મુશ્કેલી થશે.'' એવો ભાવ રાખે તો બાળકીઓની સલામતી જોખમાય ! એકવાર બજારમાંથી ફોન આવ્યો :''મારી દુકાને પહોંચો.'' મા-બાપથી છૂટા પડી ગયેલ બાળકને એ દુકાનદારે સાચવી લીધું. ટીમ પહોંચી અને બજારમાં જ કામમાં વ્યસ્ત મા-બાપને શોધી કાઢ્યા !આમ સેઈફ્ટીનેટ બાળકોની સુરક્ષા માટે સુંદર સહયોગ ઊભો કરી, બાળકોની સુરક્ષા સમાજનું કામ એ વાત બીજાઓ માટે ઉદાહરણ રૂપ ઊભી કરી છે. બાલસેનાનાં બાળકો જ સેઇફ્ટી નેટના મહત્ત્વના સાથીદાર છે. તેઓ જ સવિશેષ ફોન કરી બાળકને મુશ્કેલીમાંથી ઉગારી લે છે.

### ફૂટપાથની જિંદગી

શહેરીકરણ અને રોજગારીના પ્રશ્નો લોકો ને સ્થળાંતર માટે જ ફરજ નથી પાડતા, પરંતુ જોખમભરી-અનિયમિત જિંદગી તરફ પણ ધકેલે છે.

શહેરની ફૂટપાથ પર જીવતી જીંદગીને નજીકથી સમજવા માટે બાલસેના-તરુણસેનાના સભ્યો તથા કાર્યકરો અલગ અલગ ફૂટપાથ પર સૌની સાથે સાંજના વાળુથી જોડાઈને રાતભર સાથે રહ્યાં ! યાતના અને દર્દને સમજવા, ત્રણેય ઋતુઓના માર સહન કરતાં, અસલામત વાતાવરણમાં પોલીસની બીક કે પછી આવારા તત્ત્વોનો ડર, ભોજન મળે કે ના મળે, ભોજન બને કે ના બને, મહામૂલી ઘરવખરી કે બાળકોને ભગવાનના ભરોસે મૂકીને કામ પર જવાનું! આ જીવન કેવું? આમ, છેવાડાના માણસને મળવું, પ્રશ્નોને મૂળથી સમજવા અને તેઓની સાથે રહી બાળકો માટે કંઈક કરી શકાય તેના માટે પ્રયત્નો કરવામાં આવી રહ્યાં છે.

સુપ્રીમ કોર્ટની ગાઇડલાઇનના કારણે ઠેર-ઠેર રેનબસેરા બન્યાં છે પણ તેના નિયમો, મર્યાદિત સમયનો નિવાસ વગેરેને લઈને તેનો ઉપયોગ ફૂટપાથવાસીઓને કરવો મુશ્કેલ છે! ફૂટપાથવાસીઓનો પ્રશ્ન કાયમી ધોરણે ઉકેલવો એ પડકારજનક છે! ખરેખર તો આપણી નીતિઓ,વ્યવસ્થાઓ એવી એમ કેમ નથી કે કોઈને ફૂટપાથ રહેવું જ ના પડે!

ભાવનગર શહેરમાં સાંજના સમયે અચૂક સમાજનાં બાળકો ભીખ માગવાનું કાર્ય કરે. સમજાવટથી તેઓ માને નહીં; માબાપ કંઈ જ વિચારવા તૈયાર ન થાય. પોલીસ કે કાયદાની વાત કરો તો પણ ભિક્ષાવૃત્તિ છોડે નહીં. અમે તેઓ જ્યાં રહે છે તે વિસ્તારમાં જઈને કાર્ય શરૂ કર્યુ. ધીમે ધીમે વિશ્વાસ હાંસલ કર્યો, બાળકો જોડાતાં થયાં. લાંબાગાળાનાં પરિણામો હજી તો દૂર છે, પણ અમને મળવા માટે આવેલા સમયે રાહ જોતાં થયાં, આંગણવાડીમાં અને નિશાળે જવામાં તેઓ થોડાંક નિયમિત થયાં છે ! ફર્ક આવશે, પણ સાતત્યપૂર્ણ પ્રયત્નો કરવા રહ્યા. પરંપરા અને જડ થયેલી માનસિકતાને બદલવાની છે એટલે ધીરજ પણ મહત્ત્વની બની રહી છે ! ચાઈલ્ડ લાઇનના કાર્યકરો આ કાર્ય સંભાળી રહ્યા છે.

### શાળા બાળસંરક્ષણ નીતિ-બાળ સુરક્ષા સમિતિ

શાળાઓ, માતા-પિતા કે અન્ય સંસ્થાઓ દ્વારા બાળકો પર થતી હિંસા પર નિયંત્રણ થાય અને સ્વસ્થ બાળમૈત્રીપૂર્ણ સમાજની રચના થાય તે હેતુથી શૈશવ સંસ્થા દ્વારા બાળસંરક્ષણ નીતિ- માર્ગદર્શિકા ઘડવામાં

આવી છે.આ નીતિનિર્ધારણ બાળકો સાથે ચર્ચા-વિચારણા કરી, તેમના અભિપ્રાયોના આધારે કરવામાં આવ્યું હતું.આ માર્ગદર્શિકાનો ઉદ્દેશ તમામ શાળાઓમાં બાળકોને ઉત્તમ શિક્ષણની સાથે સાથે સુરક્ષા અને કાળજી દ્વારા બાળમૈત્રીપૂર્ણ વાતાવરણ પૂરું પાડવાનો છે. આ સંદર્ભમાં તારીખ ૨ ઓગસ્ટ, ૨૦૧૪ના રોજ શૈશવ દ્વારા બાળવિકાસ અને બાળસુરક્ષાના ક્ષેત્રમાં નૂતન પહેલ કરતાં ભાવનગર જિલ્લાની સમગ્ર શાળાઓ માટે ‘બાળસંરક્ષણ નીતિ માર્ગદર્શિકા અર્પણ’ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ભાવનગર જિલ્લા કલેક્ટર શ્રી પી.કે. સોલંકીના અધ્યક્ષસ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે જાણીતા કેળવણીકાર અને લેખક ડો. શ્રી ભદ્રાયુભાઈ વછરાજાની તથા યુનિસેફ ગુજરાતના મુખ્ય પ્રતિનિધિ સુ શ્રી જેરુબેન માસ્ટર ઉપસ્થિત રહ્યાં હતાં. આ ઉપરાંત બાળસંરક્ષણ માર્ગદર્શિકા શાળા સુધી પહોંચાડવા સહયોગ પૂરો પાડનાર શહેર આચાર્યસંઘ, જિલ્લા પ્રાથમિક શિક્ષણ સંઘ, માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શિક્ષણસંઘ, શાળા - સંચાલકમંડળ, મહાનગરપાલિકા શિક્ષક સંઘ, જિલ્લા શાળા વહીવટી કર્મચારીસંઘ તથા જિલ્લા બાળસુરક્ષા એકમ જેવી સંસ્થાઓ તથા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, શાસનાધિકારીશ્રી તથા સમાજસુરક્ષા અધિકારીશ્રી જેવા સરકારી અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત ગુજરાત રાજ્ય બાળ સુરક્ષા સોસાયટીમાંથી ઈન્દ્રજિતભાઈ અને તેમની ટીમ તેમજ યુનિસેફના સીનિયર અધિકારીઓ ચેતનાબહેન અને પુષ્પાબહેને પણ ઉપસ્થિત રહી પ્રોત્સાહિત કર્યા હતાં. આમ, સૌના ઉમદા સહયોગથી જિલ્લામાં બાળકોની કાળજી અને સુરક્ષા માટે સમગ્ર ગુજરાત અને દેશમાં કદાચ આ પ્રથમ સ્વૈચ્છિક પહેલ કરવામાં આવી છે. બાળકોની સુરક્ષા અને તેમના વિકાસ માટે દેશમાં ઘડાયેલી વિવિધ નીતિઓ અને કાયદાઓ દરેક શાળા માટે માર્ગદર્શક સાબિત થઈ રહેશે. બાળસંરક્ષણ નીતિનો સ્વીકાર કર્યા બાદ તમામ શાળાઓએ પોતાની શાળાઓમાં બાળસુરક્ષા સમિતિની રચના કરવાની હોય છે; જેમાં સીનિયર શિક્ષક, વાલીઓ, શાળાબહારનાં પરંતુ બાળકો સાથે જોડાયેલી કોઈ વ્યક્તિ તથા બાળકોની વાત તેમના સુધી પહોંચાડવા માટે શાળાના વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થિનીઓનો સમાવેશ કરવો જરૂરી છે. આ કાર્યક્રમ બાદ જિલ્લાની તમામ શાળાઓમાં બાળસંરક્ષણ નીતિ માર્ગદર્શિકા પહોંચાડવામાં આવી હતી. આ અનુસંધાને કેટલાક તાલુકાઓમાં શાળાઓમાં રચાયેલ બાળ સુરક્ષા સમિતિના સભ્યોની તાલીમ યોજવામાં આવી હતી. આ પ્રયાસ સુંદર હોવા છતાં સ્વૈચ્છિક હતો એટલે થોડા સમય પછી આગળ વધી ન શક્યો !






નામ એનું કરણ. માતા-પિતા અને ભાઈની સાથે રહે, કુટુંબ સાધારણ, પણ ખાધેપીધે સંપન્ન. કરણ બાલસેનામાં અને શૈશવની પ્રવૃત્તિઓ સાથે નાનો હતો ત્યારથી જોડાયેલો. અવારનવાર આવે, ધીમે ધીમે કરતાં એ ધો. ૧૦માં પહોંચી ગયો. ખબર નહીં પણ ક્યાંક કોઈક રીતે ઘરમાં કરણ અને મા-બાપ વચ્ચે ચકમક ઝરવા લાગી. રોજનો કંકાસ શરૂ થયો. કરણ ઘરની બહાર ફરવા માંડ્યો. ક્યારેક ઘરમાં કહ્યા વિના બબ્બે દિવસ બહાર જતો રહે. આખરે મા-બાપ બાળકને શોધે. આવું અવારનવાર બનવા લાગ્યું. બાપ અને દીકરા વચ્ચેની અંટસ વધી, અંતર વધ્યું ! એ ઘરમાંથી ભાગે એટલે શૈશવના કાર્યકરોને ખબર પડે અને બધાં એની શોધમાં લાગી જાય. સંસ્થાના એક કાર્યકરે એની સાથે ઘરોબો કેળવી, વિશ્વાસ સંપાદિત કર્યો. કુટુંબ કલહ ની વાત જાણવા મળી, પછી તો એવું બનવા લાગ્યું કે ઘર છોડીને ભાગે એટલે કાર્યકરને વિશ્વાસ કે મને મળવા આવશે અથવા ફોન કરશે. ક્યારેક બહાર ખુલ્લામાં સૂઈ રહે. ''કાં મરું કે મારું'' એ હદે વાત વણસી. મા-બાપ સાથે સતત ફોલોઅપ કરી, સમજાવતાં રહ્યાં પણ, થોડા દિવસ શાંતિ રહે અને પાછો તણખો ઝરે ! આપઘાત કરવાની વાતો શરૂ થઈ. અમને પણ ફડક પેઠી. ન કરે નારાયણ ને... ! કાઉન્સેલિંગ માટે માતા-પિતા અને બાળક સાથે અલગ-અલગ અને પછી સાથે બેઠકો કરી, સતત ફોલોઅપ કર્યું. અને પ્રશ્નનું નિરાકરણ થયું !ફરી એ બાળક સામાન્ય વર્તન કરતો થયો છે અને આનંદથી કુટુંબની સાથે રહે છે. આવું કેમ થયેલું ? મા-બાપની, ખાસ કરીને પિતાની બાળક પાસેથી અપેક્ષા ઘણી ઊંચી, બાળકની ક્ષમતાઓના સંદર્ભમાં ઘર્ષણ થવા લાગેલું... ભણે-સારા માર્ક લાવે, જવાબદારી ઉપાડે-કામ કરે.... ટ્યુશનની ફી - ટ્યુશનનું દબાણ, શાળામાં પણ બધાંની સાથે રહેવા સતત ઝઝૂમવું પડે ! બાળક તરીકે કેટલે પહોંચે ?

બાળકો માટે કાઉન્સલિંગ સેન્ટર કાર્યરત છે, પરંતુ માતા-પિતા તેમજ બીજા લોકો પણ બાળકના પ્રશ્નો પ્રત્યે જોઈએ તેવી કાળજી ન રાખતાં હોવાથી અથવા તો એમની ઉદાસી ગણો તો તેમ સેન્ટરનો ઉપયોગ પ્રમાણમાં ઓછો થાય છે. હજુ માનસિક અસ્વસ્થતા કે બીમારીનો સ્વીકાર કરવામાં સંકોચ અનુભવતો સમાજ પાછો પડે છે.

બાળકોની સુરક્ષાના પ્રશ્ને તેના તાર્કિક અંત સુધી જવું ખૂબ જરૂરી છે. આ માટે વિશેષ સંવેદનશીલતા અને સતર્કતા પણ જરૂરી છે. બંગાળનો એક બાળક રોડ પર મળી આવતાં ફોન આવ્યો, ટીમ પહોંચી ગઈ. બાળકને કાયદેસરની પ્રક્રિયા દ્વારા ચિલ્ડ્રન હોમમાં મૂક્યો. સાથોસાથ બાળકની વાતના આધારે વિશેષ ઊંડી તપાસ કરવા માટે તંત્રોને જાણ કરી, પરંતુ બંગાળમાંથી બાળકનાં માતા-પિતા આવતાં તેનો કબજો સોંપવામાં આવ્યો અને કેસ પૂરો થઈ ગયો ! આવું કેમ ? બાળકને અહીંયાં મજૂરીમાં કોણે મોકલ્યું ? એના જેવાં બીજાં કેટલાં બાળકો છે ?બાળકને લાવનાર કોણ છે ? પૈસાના કેવા વ્યવહાર થયા છે ? અનેક સવાલો છે.... પણ થોડીક વધારે સર્તકતા સાથે વિભાગો વચ્ચે સંકલન થાય તો બાળકને તેનું બાળપણ પાછું મળી શકે. આવા બાળકોના માતા-પિતાના પુનઃવસવાટ અંગે પણ કાર્યયોજના બનવી જોઈએ તેવું લાગે છે.

શહેરીકરણનું મોડલ - વિકાસનું મોડલ જેમાં કુટુંબો વિભક્ત થવાથી તેમજ ફ્લેટોમાં રહેતાં હોવાથી. બાળકોનું સોશ્યલાઈઝેશન થતું નથી આમ તેઓ વિમુખ બને છે. પોળ અને ફળિયાની સંસ્કૃતિમાં બાળક મોકળાશ અને સ્વતંત્રતા સાથે ઘડાઈને સચવાઈ જતું હતું, પરંતુ આજે શહેરીકરણમાં બાળક પાસે કોઈ મોકળાશ નથી એ તો ફ્લેટ અને ટેનામેન્ટની અંદર કેદ છે. આર્થિક સદ્ધરતા વધતી ગઈ તેમ તેમ બાળકો વધુને વધુ વિખૂટાં પડતાં ગયાં. શાળા એક જગ્યા છે જ્યાં હળી-મળી વિકસી શકાય, પણ એ જ તો બાળકને સ્પર્ધામાં દોડાવે છે એટલે

ત્યાં પણ અવકાશ રહ્યો નથી. આમ, સમાજ હોવા છતાં સમાજ નથી ! બધાં જ પોતપોતાનામાં મસ્ત છે ! એટલે વિકાસના હાલના મોડેલને બાળકોની સલામતી અને બાળપણની વિભાવના દ્વારા પણ પડકારવું પડશે!

બાળકોની કાળજી, સુરક્ષા અને સલામતી માટે ઘણું કરવાનું છે. બધાએ વિશેષ ધ્યાન કેન્દ્રીત કરવાની જરૂર છે. બાળકનું અપહરણ થાય, સમાચાર પત્રોમાં છપાય... પણ પછી માત્ર પોલીસ કે સરકાર જ નહીં, સમાજના તમામ લોકો પોતાનું બાળક ગુમ થયું છે તેમ માની સક્રિય થાય તો....! કોઈ બાળકનું પછીથી અપહરણ થાય ખરું?! આપણે સૌએ બાળકોની સુરક્ષા અને કાળજી માટે પ્રતિબધ્ધ થવું પડશે. સૌની નિસ્બતનો મુદ્દો બને તો આ ગંભીર સમસ્યાને ઉકેલી શકાય.





તમે જ્યારે પ્રકાશ બનવા પ્રયત્ન કરો છો ત્યારે તે બીજાને પણ પ્રકાશ આપે છે.

-જે. કૃષ્ણમૂર્તિ

## પ્રકરણ : ૬

# બાળપણને ચાહવા, સમજવા, અને પામવાનો સ્વાધ્યાય

ભાવનગરના ઘોઘાસર્કલમાં બાળકોના શિક્ષણ અંગેનો ખુલ્લો વર્ગ બગીચામાં શરૂ કર્યો ત્યારે એ ખબર ન હતી કે ચારે દિશાઓમાંથી શીખવતી - શીખતી એવી ખુલ્લી સંસ્થા - વિચાર તરફ આપણે અજાણતા આગળ વધી રહ્યાં છીએ. જાહેર ખબરના હોર્ડિંગ શૈક્ષણિક સામગ્રી બને, બગીચાનાં વૃક્ષો શિક્ષણને ''જીવંત'' બનાવે કે પછી ૧૧ ડિસેમ્બર' ૧૯૯૪ નો એ બાળમેળો કોઈ પરંપરાગત - બીબાંઢાળ કે મર્યાદિત અર્થમાં બાળકોનું કામ કરતા રહેવું એવા ખ્યાલને શરૂઆતથી જ નકારી રહ્યો હતો !

બાળકો સાથે કાર્ય કરવું એટલે આપણી કેળવણીની યાત્રા છે ! બાળકો સાથે જોડાવું એટલે સ્લેટ પેન વડે કેટલાક લીટા કરાવી દીધા કે પુસ્તકમાંથી કોઈ કાવ્ય મોઢે કરાવ્યું કે પછી એકાદ વાર્તા કહેવી એવું નથી. નોબેલ પારિતોષિક સન્માનિત ગાબ્રીએલા મિસ્ત્રાલના કહેવા મુજબ ''પાર વિનાની ભૂલો આપણે કર્યા જ કરતાં હોઇએ છીએ, પરંતુ બાળકની ઉપેક્ષા દ્વારા જીવનના સ્ત્રોતની અવગણના કરવાની ભૂલ અક્ષમ્ય છે. આપણી જરૂરીયાતો થંભી શકે પણ બાળકોની આવશ્યકતાઓમાં ઘડીભરનો પણ વિલંબ ચાલી ન શકે. અત્યારે જ તેનાં હાડમાંસ ઘડાઈ રહ્યાં છે, તેનું રુધિર બની રહ્યું છે. એને આપણે 'કાલ' પર ઠેલી ન શકીએ. બાળકનું બીજું નામ 'આજ' છે.''

બાળકનું નામ 'આજ' છે. આ અનુસંધાનમાં બાળકો સાથે કાર્ય કરનારે હંમેશા 'આજ' પર કેન્દ્રિત થઈ નિત્ય નૂતન પ્રવાહોમાં વહેતાં રહેવું પડે ! આમ, અમે બાળકોની સાથે વહેતાં રહ્યાં ! એટલે અમને રોજ નવી પ્રવૃત્તિ જોઈએ - સાધન જોઈએ - શીખવું પડે - શીખવતાં રહેવું પડે. બાળકો સમજે અને એમને મઝા પડે તેવું જોઈએ ! ક્યાંકથી મેળવીને આપી દઈએ એટલાથી ન ચાલે, જરૂરિયાત મુજબ ફેરફાર કરવા પડે, વિવિધતા લાવવી પડે, માત્ર અનુકરણ ન ચાલે.

આમ, અમે તકવંચિત બાળકો સાથે, તેઓનાં શિક્ષણ અને વિકાસની પ્રવૃત્તિઓ માત્ર ચાર દીવાલોની વચ્ચે કરતા રહેવાને બદલે, બાળકોની સાથે ચાલતાં હોવાથી સહજપણે નવા નવા આયામો - અર્થ ઉમેરી શક્યાં ! આ બધું જ કાર્ય અનેક મણકાવાળી એક માળા જેવું છે . શૈશવની પ્રવૃત્તિઓ બાળકોની જરૂરિયાતોને અમે જેમ જેમ સમજતાં ગયાં તેમ તેમ વિકસાવવાના પ્રયત્ન કરતાં રહ્યાં. બાળકોની જિંદગીમાં અર્થપૂર્ણતા, જીવન હર્યું ભર્યું બને તે માટે જરૂરી બાબતોને આવરી લઈ ઈન્ટિગ્રેટેડ એપ્રોચ દ્વારા કાર્ય કરતાં રહ્યાં અને પરિણામે એક છતાં અનેક કાર્યક્રમો વિકસતા ગયા ! અમારી મર્યાદાઓ પણ રહી હશે જ, છતાં 'બાળક' અખંડ બાળક - કેન્દ્રમાં હોવાથી અમે કાર્ય કરતા રહ્યાં એનો આનંદ છે.

શીખતાં રહીએ તો વહેંચતાં રહેવાય અને 'કુતૂહલ'ને પોષતાં રહેવાય ! આ અમારી ભૂમિકા બની રહી. પરિણામે, અનુભવો અંકે થતા ગયા. દરેક બાળક એની વિશેષતા, ગતિ સાથે શીખે - શીખવા પ્રેરાય, અનુબંધ કેળવે, શીખવાનું અર્થપૂર્ણ અને આનંદદાયી હોય એ વાતને ધ્યાનમાં લઈ મિત્રદાવે - પ્રેમદાવે બાળકો સાથે જે કંઈ કાર્ય કર્યું તેમાંથી જે સમજ્યા - પામ્યા તે અહીંયા વહેંચ્યું છે. એમાંથી જ નવીન પ્રવૃત્તિ બાળઅધિકાર તાલીમ અને સંસાધન કેન્દ્ર શરૂ થયું. જ્યારે બહારના તજજ્ઞ દ્વારા ૨૦૦૮ માં શૈશવનાં કાર્યોનું મૂલ્યાંકન થયું ત્યારે તેમાંથી પણ આ વાત બહાર આવી : શૈશવના અનુભવોને અન્ય સુધી પહોંચાડવા જોઈએ !




અમને એવું લાગે છે કે બાળકો સાથેના કાર્યમાં સંસ્થાના કાર્યકરની સજ્જતા માટે સંસ્થામાં તાલીમ, સંશોધન, સંસાધન વિકાસ, નૂતન વિચાર - પ્રવાહોનું ચિંતન, નવા અર્થપૂર્ણ કાર્યો, નેટવર્કીંગ કે પછી એડવોક સી, દસ્તાવેજીકરણ જેવા અનેકવિધ કાર્યો સાતત્યપૂર્ણ રીતે થાય તે જરૂરી છે - અનિવાર્ય છે. કોઈપણ શૈક્ષણિક પ્રક્રિયામાં રીસોર્સફૂલ હોવું મહત્વનું છે. બાળકના કૂતુહલને સંકોરે, પ્રશ્નો પૂછતો થાય અને અનુબંધ અનુભવી શકે તે થવું અગત્યનું છે. તાલીમ કે સંસાધન વિકાસ એ એક પ્રક્રિયા છે જે પરિવર્તન તરફ દોરી જાય છે એટલે તેને કેવળ તાલીમ કે સંસાધન તરીકે ન જોતાં બાળકના વિકાસમાં મહત્વપૂર્ણ જીવંત મિત્ર છે તેમ માની કાર્ય કરવું જરૂરી છે. 'શૈશવ' - બાળકોના અધિકાર અને વિકાસ માટેના કાર્યોની પ્રયોગશાળા બની પણ આ કેવળ પ્રયોગ નથી, બાળપણની શોધમાં બાળકોના સાથીદાર બનવાની તક પૂરી પાડતા સાતત્યપૂર્ણ કાર્યો છે !



શૈક્ષણિક પ્રક્રિયા એકાંગી નથી - વન વે નથી. જ્યાં બાળક એની ગતિ અને મતિ મુજબ ડર રાખ્યા વગર મૈત્રીપૂર્ણ વાતાવરણમાં સહભાગી થાય, અનુભવો અંકે કરે, પ્રશ્નો કરે, કૂતુહલને પોષે, અનુબંધ મેળવે, અરસપરસનો સાથ મેળવે એ રીતે કુદરતની જેમ જ્યાં કોઈ કોઈને શીખવતું નથી, જેને જે જોઈએ છે તે તંત્રોના ગોપનીય વ્યવહારો સિવાય સહજ મેળવી લે છે અને દરેકને ઉગવાની મોકળાશ આપે છે - આદર આપે છે તેવી શૈક્ષણિક પ્રક્રિયા કરવી અત્યંત જરૂરી છે. અહીંયા માત્ર શિક્ષક અને વિદ્યાર્થીનથી, અહિંયાં શિક્ષક અને વિદ્યાર્થી છે, વિદ્યાર્થી અને વિદ્યાર્થી છે, વિદ્યાર્થીઓ અને શિક્ષક છે, જ્યાં બધા શિક્ષક છે - બધા વિદ્યાર્થી છે, વાતાવરણ છે, સાધન છે, પ્રવૃત્તિ છે, અનુભવ છે, ચર્ચાઓ છે, અવકાશ છે, આદાન પ્રદાન છે, તારણો છે, શીખવાની - શીખવવાની દરેકની અલગ ગતિ છે, ખૂલ્લા માર્ગ છે, સમાન તકનું નિર્માણ છે, નેતૃત્વ છે, જવાબદારી છે, સાથે ચાલવાની મૈત્રી છે, આ બધું જ છે - આ અમે કામ કરતાં કરતાં શીખ્યા ! અમને સમજાયું કે ગોખણપટ્ટી, માર્ક અને મેરીટ, અભ્યાસ દ્વારા તું તારું કર - સ્વાર્થ, દોડ - સ્પર્ધા, સહિતો અને રહિતોની દુનિયા સર્જવી એ જીવન નથી ! એ બાળપણને પોષનારા મૂલ્યો નથી !

આવી વિકસતી જતી સમજણને સાથે લઈ અમે કરેલા પ્રયત્નોની વાત અહીંયા કરી છે.

**શૈક્ષણિક સાધનસામગ્રી**


ગુજરાત તથા ગુજરાત બહાર જયાં બાળકોના કાર્ય માટે સાધનસામગ્રી વિકસાવવામાં આવી છે - તૈયાર થઈ છે તે મેળવવાનું કાર્ય કર્યુ, આ સામગ્રીને રૂપાંતરિત કરી સ્થાનિક જરૂરિયાત મુજબ ફેરફાર કરી તેઓના સૌજન્યથી ઉપયોગ કરવાનું શરૂ કર્યુ. જો કે કેટલાક સારા-નરસા અનુભવો પણ થયા. કેટલાકે પ્રેમથી અમારી સાથે એમની શૈક્ષણિક સાધન સામગ્રી વહેંચી તો કેટલાક જવાબ પણ મળ્યા કે ''તમને નહીં મળે !'' ભાષા, ગણિત, વિજ્ઞાન, સમાજવિદ્યા જેવા વિષયો ને બાળકો સાથે અનુભવ અને પ્રવૃતિ આધારિત શીખવી શકાય તે માટે સારી એવી પરંપરાગત અને વિશેષ તો બિનપરંપરાગત સામગ્રી સંસ્થાએ વિકસાવી છે.

સાધનો સરળતાથી, આસપાસના પરિસરમાંથી મળી રહે તેવી સામગ્રીમાંથી અને શક્ય હોય ત્યાં સુધી બિનખર્ચાળ અથવા નજીવા ખર્ચમાંથી બનાવીએ તો તે વ્યાપકપણે બની શકે, જાતે બનાવી શકાય, તેમાં નવીનતા લાવી શકાય અને પરિણામે તેની ઉપયોગિતા અને અપનાવવાનું વલણ વધી શકે, અમે આ મુદ્દાઓને લઇ સાધનો વિકસાવતાં ગયાં છીએ અને નોંધનીય એ પણ છે કે એમને વિકસાવવામાં બાળકો મહત્ત્વનો ભાગ ભજવે છે. આમ એમની સહભાગિતા તથા નેતૃત્વ ઉત્સાહ પણ પૂરો પાડે છે.



એ પણ અનુભવ્યું કે શૈક્ષણિક સાધનોનું માર્કેટ મોટું છે, ક્યાંક મોનોપોલી પણ છે. જે બાળકો માટે આપણે કામ કરીએ છીએ તેવાં બાળકોની શાળાઓને મોંઘા સાધનો પરવડી શકે તેમ નથી હોતા ! !બાળકના શિક્ષણમાં આ પ્રકારની વ્યવસ્થાઓ પણ બાળકો વચ્ચે અસમાનતા ઊભી કરે છે. સ્થાનિક વૈવિધ્ય પણ તેના કારણે નજરઅંદાજ થાય છે. અમે પણ સાધનો વિકસાવી, તે સ્થાનિક કક્ષાએ કેવી રીતે બની શકે તેની તાલીમ કરીએ, પરિણામે અન્ય લોકો પણ કરી શકે તેવું કરી રહ્યાં છીએ. અમે માનીએ છીએ કે બધું જ વહેંચાવું જોઈએ !

શૈક્ષણિક સાધનસામગ્રીના વિકાસમાં અમે કેટલાક ન ખેડાયેલા વિષયોનાં ક્ષેત્રોમાં પણ કામ કર્યું ! કચ્છના અભૂતપૂર્વ ધરતીકંપ સમયે બાળકો સાથે કામ કરતાં કરતાં અમે બાળઅધિકારો શીખવવા રમતો વિકસાવી ! અન્યથા બાળઅધિકારની વાતો મુખ્યત્વે વાતચીતથી જ થતી હતી. આ રમતો વિકસાવ્યા પછી કચ્છના આઠેક હજાર બાળકો ઉપરાંત ભાવનગર અને ગુજરાતના મળીને એકાદ લાખ ઉપરાંત બાળકો રમતાં-રમતાં બાળઅધિકારો શીખ્યાં ! યાદ આવે છે કે કચ્છના ભચાઉમાં બાળ અધિકારોના વિષય પર પ્રવૃત્તિ - આધારિત બાળમેળો ચાલુ હતો. બાળકો રમતાં જાય, ચર્ચા કરતાં જાય, શીખતાં જાય ! એક બાળકી પર વિશેષ ધ્યાન ગયું, શરૂઆતમાં ગુમસૂમ પણ એકાદ કલાક પછી એના આંસુ બહાર આવ્યાં ! કેમ ? ધીરજ રાખ, સાંત્વન આંખોથી આપ્યું, ખભે હાથ મૂકયો, મૌન દ્વારા શબ્દો વહ્યાં રમતે એને બધું જ યાદ કરાવ્યું, જીવનને સ્પર્શ થયો. એણે બધું જ કહ્યું, ભૂકંપથી થયેલી અસર..... પણ રમતમાંથી મેળવેલો સધિયારો : ''સારું થયું, રમત વડે મને તમે સાંભળી, મારું કોઈક તો છે, આ બધાં જ મારા મિત્રો છે, હવે મને ચિંતા નથી !



આમ, આ કેવળ પ્રવૃત્તિ, રમત કે સાધન નથી, પણ જીવનને સ્પર્શતી સંવેદના છે, એ તરીકે આ બધું જોવું રહ્યું ! સંવાદ છે. નાની પુસ્તિકાઓ કરવી, પ્રદર્શન તૈયાર કરવા કે પછી કિશોરાવસ્થા કાર્યક્રમના પોસ્ટર કે પ્રવૃત્તિઓ તૈયાર કરવી કે કૌશલ્યવિકાસની સામગ્રી બનાવવી જેવી અનેક સાધન સામગ્રી વિકસાવવામાં આવી છે. આ સાધનસામગ્રી મૂલ્ય આધારિત હોય, કોઇ પૂર્વગ્રહો માન્યતાઓ આધારિત ન બને તેની પણ કાળજી લેવી જરૂરી છે.

આ ક્ષેત્રે કામ કરનારા લોકો ખૂબ ટાંચાં સાધનો અને સહાય સાથે કામ કરતા હોય ત્યારે સાધન સામગ્રીમાં ખર્ચ કરવો પોષાય નહીં. પરિણામે, બાળકને અસર થાય. આ વાત પણ અમે વિચારી અને સાધનસામગ્રીના વિકલ્પો શોધી કાઢ્યા! હજુ યાદ છે; આજથી પંદરેક વર્ષ પૂર્વે એક મ્યુનિ. શાળામાં વિજ્ઞાન પર બાળમેળો

યોજાયો હતો, આજુબાજુની શાળાઓનાં મળીને ૨૦૦૦ જેટલાં બાળકોએ ભાગ લીધો હતો, દરેક બાળક પ્રયોગ જાતે કરે તેવું આયોજન હતું. એક બાળક પાછળ ૫૦ પૈસાનો જ ખર્ચ આવ્યો હતો. જો કે અંતે તો એ સાધન છે, સાધ્ય નથી એ પણ ન ભુલાવું જોઈએ ! પ્રેમપૂર્ણ વ્યવહાર મહત્ત્વનો છે !

અમે કામ કરતાં કરતાં શીખ્યાં, બીજાઓ પાસેથી શીખ્યાં. આ શીખ અને અનુભવો અન્ય સુધી પહોંચે તથા આદાન પ્રદાન દ્વારા વિશેષ કંઈક આપણને પણ મળે તે માટે છેલ્લાં કેટલાક વર્ષોથી તાલીમના મુદ્દા પર પણ વિશેષ કાર્ય કરી રહ્યાં છીએ.

તાલીમ અને સાતત્યપૂર્ણ તાલીમ દ્વારા સજ્જ રહેવું અનિવાર્ય છે. બાળકો સાથે કામ કરતાં હોઈએ ત્યારે કાર્યકર 'રિસોર્સફુલ' હોય એ બહુ જરૂરી છે. દુનિયાભરના જ્ઞાનના ખજાનાને - ઐશ્વર્યને બાળકો સમક્ષ ખોલી શકે તેની આગળ-પાછળ બાળકો વીંટળાયેલાં જ રહે ! શૈશવની શરૂઆતથી અમે આ વાતને સ્વીકારી, વધુને વધુ ઘૂંટતાં ગયા. પરિણામે, બાળકો માટે નવું-નવું ઉમેરી શક્યાં. બાળકો સાથે રોજ નવું કરવું પડે. આનંદ છે કે શૈશવનાં કાર્યો ઉપરાંત ગુજરાત તથા ગુજરાત બહારની સંસ્થાઓમાં આ વિકસિત સાધનસામગ્રીનો સુંદર ઉપયોગ થઈ રહયો છે. યુનિસેફ, સેવ ધ ચિલ્ડ્રન જેવી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ માટે પણ બાળઅધિકારની રમતોથી લઈને જીવનકૌશલ્યોની તાલીમના મોડ્યુલ તૈયાર કરવામાં કે પછી બાળઅધિકાર, બાલમેળા કે વિવિધ કાયદાઓ જેવા અનેક મુદ્દાઓ માટે પુસ્તિકાઓ, પ્રવૃત્તિઓ, પ્રદર્શનો જેવું ઘણું વિકસાવવામાં આવ્યું છે.

**બાળમેળા એટલે...**

શૈશવની એક ઓળખ બાળમેળાને લીધે પણ છે. પ્રવૃત્તિ–અનુભવ આધારિત તથા બાળસહભાગિતા નેતૃત્વ, બાળકથી બાળકનો એપ્રોચ, મૈત્રીપૂર્ણ વાતાવરણમાં, બાળકો ખરેખર મેળામાં મહાલતાં હોય તે રીતે આનંદથી શીખે–શીખવે તે માટેની પદ્ધતિ એટલે 'બાળમેળા' !

બાળમેળા એટલે ચાર દીવાલો બહારનું જગત - નિશાળ ! હાલમાં મોટા ભાગે એવું થાય છે કે પ્રવૃત્તિઓ કરવી છે, આર્થિક સહયોગ આપો, બાકી અમે કરી લઈશું ! આ પ્રકારની માનસિકતા સાથે વ્યવસ્થા ગોઠવાય છે. ખરેખર તો સમાજ પોતે જ સંસાધન, કૌશલ્ય, જ્ઞાન, આવડત અને અનુભવોથી ભર્યો ભર્યો છે ત્યારે તેને સાથે જોડવાની તક આ બાળમેળા આપે છે ! લોકભાગીદારીથી લોકનેતૃત્વ તરફની ગતિ અહીંયાં સંભવી શકે છે !



અનેક પ્રકારની થીમ/વિષય પર બાળકોથી માંડીને લોકો સુધી આ પદ્ધતિના ઉપયોગ દ્વારા સહભાગિતા સુનિશ્ચિત કરી શકાય છે. (આ મુદ્દા અંગે અલગથી નાની પુસ્તિકા બનાવી છે તે જોવા વિનંતી છે.)

**શીખવું અને વહેંચતાં રહેવું - તાલીમનો વહેતો રહેતો પ્રવાહ**

શૈશવના કાર્યકરો સજ્જ રહે-ક્ષમતા વિકસે એ માટે જ્યારે સંસ્થામાં કોઈ નવા કાર્યકર જોડાય ત્યારે ઓરિએન્ટેશન તાલીમથી લઈને અનેકવિધ પ્રકારની તાલીમો સતત યોજતાં રહેવામાં આવે છે, તાલીમોને પરિણામે બાળકો સાથેનાં કાર્યોમાં અસરકારકતા વધે છે. તરુણસેનાના તથા બાલસેનાના સભ્યો પણ તાલીમકાર તરીકે વિકસતાં ગયાં છે.

છેલ્લાં કેટલાંક વર્ષોથી શૈશવ તાલીમકાર સંસ્થા તરીકે આગળ વધી રહી છે. ગુજરાત તથા ગુજરાત બહારની સંસ્થાઓનાં કાર્યકરો, શિક્ષકો તેમજ બાળકો સાથે; પછી રાજ્ય કે રાષ્ટ્રીય સ્તરે કાર્યરત સંસ્થાઓનાં નેટવર્કના આયોજનોમાં શૈશવ દ્વારા તાલીમ આપવાનું કાર્ય સવિશેષ થઈ રહયું છે. શૈશવ દ્વારા પ્રવૃત્તિ અને અનુભવ-આધારિત કેળવણીની પ્રવૃત્તિઓ કે જેમાં બાળકો સ્વયં નેતૃત્વ અને જવાબદારી લઈ શકે તેવી રીતે સહભાગિતાની પ્રક્રિયા થાય તેવો એપ્રોચ શરૂઆતથી રાખવામાં આવ્યો છે.

આમ, એક તરફ અલગ–અલગ શૈક્ષણિક વિષયોને લગતી પ્રવૃત્તિઓ માટે તેમજ અનુભવ - આધારિત પ્રવૃત્તિઓ દ્વારા તાલીમ આપવામાં આવે છે; તો બીજી તરફ સર્જનાત્મક પ્રવૃત્તિ, પ્રોજેક્ટ આધારિત પદ્ધતિના વિવિધ ઉપયોગો અંગેની પણ અલગ અલગ તાલીમો બાળકો સાથે, કાર્યકરો કે શિક્ષકો માટે થતી રહે છે.

વિશ્વ આરોગ્ય સંસ્થાએ જાહેર કરેલાં ૧૦ જીવનકૌશલ્યો જેવાં કે; નિર્ણય કેવી રીતે કરવો, સમસ્યા ઉકેલ અંગે, વિચાર કેવી રીતે કરવો, સંવાદ કે પછી સહાનુભૂતિ જેવા મુદ્દાઓ અંગે અનેકવિધ પ્રકારની અનુભવ આધારિત પ્રવૃત્તિઓ, રમતો, કિશોરવસ્થાના શારીરિક, માનસિક અને ભાવનાત્મક ફેરફારો અંગે, કિશોરીઓના સ્વરક્ષણ–સલામતી અંગે, કે પછી બાળકોના અધિકારો અંગે, બાળકો અંગેની નીતિઓ કે કાયદાઓ, આપત્તિ સમયે બાળકોની સુરક્ષા, બાળસંગઠનો અંગે, બાળકોની સહભાગિતાનો અધિકાર અને પ્રવૃત્તિઓ કે પછી વિશેષ કરીને બાળકોની સહભાગિતા દ્વારા સંશોધન કેવી રીતે કરી શકાય જેવા ઘણાં મુદ્દાઓ અંગે બાળકો સાથે, કાર્યકરો સાથે, શિક્ષકો કે સંસ્થા સાથે તાલીમો યોજવામાં આવે છે.



અમને આ તાલીમો અને નૂતન પ્રવાહોના સંદર્ભમાં લાગ્યું છે કે નવી બાબતોનો સમાવેશ કરવામાં અમે હંમેશાં ખુલ્લાં રહ્યાં છીએ. બહેનોની સુરક્ષા માટે વેનલીડોની આંતરરાષ્ટ્રીય તાલીમ યોજાઈ, તેમાં સંસ્થામાંથી બહેનોએ ભાગ લીધો. અમને લાગ્યું કે આ તાલીમ તો તમામ બહેનો ઉપરાંત કિશોરીઓ-બાળકીઓ સુધી પહોંચવી જોઈએ. અમે તેના માટે ખૂબ મહેનત કરી. સંસ્થામાંથી તાલીમકાર બહેનો તૈયાર કરી, કિશોરીઓને ધ્યાનમાં રાખી, વિશિષ્ટ અભ્યાસક્રમ તૈયાર કર્યો. કિશોરીઓ માટેનો આ અભ્યાસક્રમ આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રથમવાર શૈશવમાં તૈયાર થયો.

શૈશવના બાલદોસ્ત દિલીપભાઈ અને તેમના પત્ની બેથે નોન વાયલન્ટ કમ્યુનિકેશનના વિષે વાત કરી, નાની તાલીમ કરી. અમે જોયું કે બાળકના ઉછેર અને વિકાસમાં આ બાબત મહત્ત્વની છે. આ જીવનશૈલી તરીકે જો સ્વીકારવામાં આવે તો કેટલા બધા પ્રશ્નો હલ કરી શકે એ રીતે માનવવ્યવહારમાં પરિવર્તન આવે. અમે તે શીખવાનો પ્રયત્ન શરૂ કર્યો અને રોજબરોજની પ્રવૃત્તિઓમાં લઈ આવ્યા. મૈત્રીની રમતો કે સહકારની રમતો કે જેમાં કોઈની હાર નથી થતી, સૌની સહભાગિતા છે અને તેના દ્વારા જીવનકૌશલ્યો શીખવાનાં, શાંતિ અને સમૃદ્ધિ તરફ આગળ વધવાનું. અમારી રોજબરોજની પ્રવૃતિઓમાં આ કોન્સેપ્ટને વણી લીધો. આમ, નૂતન પ્રવાહો-મૂલ્યવાન વાતો સ્વીકારવી અને તેને પ્રેક્ટિસમાં લાવીએ તો સમગ્ર કાર્ય વિશેષ અર્થપૂર્ણ બને છે એમ અનુભવાયું.

અત્યાર સુધીમાં અમે ગુજરાતની ઘણી સંસ્થાઓમાં, શાળાઓમાં તાલીમો કરી. ગુજરાત બહાર પણ તાલીમો કરી. આ તાલીમો દરમ્યાન અમે પણ નવું-નવું શીખતાં રહ્યાં છીએ.

### સંશોધન : સમજણ અને કાર્યનો વિસ્તાર

સંશોધનોમાંથી આપણને વિષય ઊંડાણથી સમજવા મળે, વૈજ્ઞાનિક અભિગમ દ્વારા કાર્યને સમજવાનું - જાણવાનું બને તથા માન્યતાઓ-ધારણાઓ વગેરે ચકાસવાં મળે તેમજ કાર્ય ઘરેડના ગાડરિયા પ્રવાહમાં જ ચાલ્યા ન કરતાં, બદલાતા સમય સાથે તાલ મેળવી આગળ વધી શકે તે માટે સંશોધનકાર્ય પણ ખૂબ જ મૂલ્યવાન છે.

અગાઉ આપણે જોઈ ગયાં કે શૈશવની શરૂઆતમાં જ ભાવનગરમાં મજૂરી કરતાં બાળકોની સમસ્યાઓને સમજવા તથા તેના અનુસંધાનમાં વ્યાવસાયિક આરોગ્યનાં જોખમો કેવાં છે તે સમજવા સર્વે કર્યો હતો. ત્યારબાદ ભાવનગર જિલ્લામાં કન્યાકેળવણીના પ્રશ્નોને લઈ, સરકારના ડિસ્ટ્રિક્ટ પ્રાયમરી એજ્યુકેશન પ્રોજેક્ટ માટે જિલ્લાનો સોશ્યલ એસસમેન્ટ સ્ટડી કરી, તેનો અહેવાલ સરકારને સુપરત કર્યો હતો. આમ શૈશવમાં સંશોધનપ્રવૃતિને શરૂઆતથી મહત્ત્વપૂર્ણ ગણવામાં આવી છે.

હા! વળી સંશોધનકાર્ય કરવા માટેનાં પરંપરાગત માળખાંઓને બાજુ પર રાખીને પણ કેટલાક સંશોધનાત્મક પ્રયોગો કર્યા ! કચ્છના અભૂતપૂર્વ ધરતીકંપ સમયે બાળકોના મનમાં ડરની લાગણી અને તેના પ્રકાર કેવા કેવા છે તે જાણવા માટે બાળમેળાનો ઉપયોગ કર્યો હતો. અમે પચાસેક પ્રકારના ભયની યાદી બનાવી, ‘‘શાંત થઈ જા બાવો આવશે...’’ જેવી ઘણી બીક બતાવવામાં આવે છે. બાળકોનાં નાનાં જૂથ બનાવ્યાં. કાર્યકરો આ જૂથમાં બાળકો સાથે ચર્ચા કરે અને પછી કહે : આપણે બધા જ હવે બીકને મારીને ભગાવવાનાં છીએ. આ કાગળમાં તમને જે - જે બીક લાગે છે તેનાં નામ લખો, પછી કાગળનો ડૂચો વાળી દો! તેના પર કરવો હોય

તેટલો ગુસ્સો કરી લો. અને હવે આ પોટલામાં નાંખી દો. બાળકો લખે, કાગળને બરાબર મસળી નાખે. બધાં બાળકો પોટલામાં ચિઠ્ઠીઓ નાખી દે પછી કાર્યકર 'આ બીકનું પોટલુંતો ભારે વજનવાળું છે, તેમ કહી માથે ઊંચકે અને કહેઃ તમે રમો ત્યાં સુધીમાં આ હું દૂર નાંખી આવું છું ! પછી તમને બીક નહીં લાગે ! થોડીવારે પાછા આવી ગીતો ગાય-રમતો રમે. આ પોટલામાંથી મળેલી ચિઠીઓ પરથી અમે ૧૭૮ જેટલી બીકની યાદી બનાવી! અને કેટલાં બાળકોને કોની બીક વધુ લાગે છે તે પ્રમાણે બીકની યાદી તૈયાર કરી !



બાળઅધિકાર એટલે શું તે તો બાળકો રમતના માધ્યમથી શીખે. પણ એ દરમ્યાન બાળકો પોતે પોતાની સ્થિતિ તથા વ્યવસ્થાઓ સામાજિક મુદ્દાઓ સમજે; પણ સાથોસાથ તેમની સામે દશ્યો ખડાં થાય જેને લીધે તેઓની પાસેથી જ કેટલાય જીવંત અનુભવો- 'કેસ સ્ટડી' રૂપે હાથમાં આવે ! એક જાતનું પાર્ટિસિપેટરી રિસર્ચ થઈ જાય !

સંશોધન કેવળ સંશોધન તરીકે રહી જાય તેમાં અમને રસ ન હતો. સંશોધન સમાજને ઉપયોગી બને, તેમાંથી એક્શન પ્લાન તૈયાર થાય, કામ થાય તે મહત્ત્વનુ છે. એમાં પણ બાળકો સહભાગી થાય ત્યારે તે અમૂલ્ય બની જાય છે.

બાલસેનાનાં બાળકો જે વિસ્તારમાં રહે છે તે વિસ્તાર વિષેની સમજ તેમને કેવી છે, તેઓના મૂંઝવતા પ્રશ્નો ખ્યાલ આવે તે માટે પાર્ટિસિપેટરી રેપિડ એપ્રાઇઝલ- 'પીઆરએ' પદ્ધતિનો ઉપયોગ બાળકો સાથે રહીને કર્યો. બાળકોએ આ પદ્ધતિને સમજીને પોતાના વિસ્તારનો નકશો, માહિતી, વિશ્લેષણ વગેરે કરી બતાવ્યું! બાળકો સાથે 'પી આર એ' કરવાનો પ્રયાસ પ્રથમ વાર થયો હશે. અમારો ઉત્સાહ પણ વધ્યો. બાળકોની સમજણ અને અનુભવ અંકે કરવાની તાલાવેલીએ અમને સમજાવ્યું કે બાળકોની ક્ષમતાને ઓછું આંકવાની ભૂલ ન કરીએ.



વર્ષ ૨૦૦૯માં બાલસેનાનાં બાળકો સાથે અગાઉ તાલીમ યોજાઈ અને પછી બાળકો, કાર્યકરોની સાથે રહી ભાવનગર જિલ્લાનાં ગામોની મુલાકાત લઈ જાત તપાસ દ્વારા વિવિધ બાળકો તથા મોટાંઓના જૂથ સાથે જૂથચર્ચા દ્વારા, ઈન્ટરવ્યુ દ્વારા ગામડાઓમાં બાળઅધિકારોની સ્થિતિ કેવી છે તેનું સંશોધન કરી, પરત આવી, વિશ્લેષણ કર્યું અને જુદાં-જુદાં માધ્યમોની મદદથી પ્રેઝન્ટેશન તૈયાર કરી, જિલ્લાના અગ્રણીઓ - અધિકારીગણની સમક્ષા રજૂ કર્યું! જેની વાત અગાઉ આપણે જોઈ ગયા છીએ. આમ, શૈશવ સંસ્થામાં સંશોધન એક અગત્યનો ભાગ બનતો રહ્યો; તો સાથો-સાથ બાળકોની સહભાગિતા સાથેનું સંશોધન પણ મહત્ત્વનો હિસ્સો બનતું રહ્યું. આમ, બાળકોની દૃષ્ટિ બદલાય છે, સમજણ બને છે, પ્રશ્નો પરત્વે સભાન બની તેઓ સજ્જ બને છે. સાથે સાથે તેમનામાં સંશોધનાત્મક અભિગમ કેળવાય છે.

બાળકો જાતે સંશોધનનો હેતુ નક્કી કરે ત્યાંથી લઈને પદ્ધતિ, કે સંશોધનના ટુલ્સ વિકસાવે, વિશ્લેષણ કરે અને અહેવાલ તૈયાર કરે એ વાત મૂલ્ય તરીકે વધુ સ્પષ્ટ થઈને બહાર આવી! ૨૦૦૯ના વર્ષમાં ભાવનગર શહેરમાં બાળઅધિકારની સ્થિતિ સમજાવા સંશોધન કરવાનું બાળકોએ નક્કી કર્યુ. 'કન્સર્ન ફોર વર્કિંગ ચિલ્ડ્રન', બેંગ્લોરનો સહયોગ મળ્યો. વેકેશનના દિવસો, બાલસેનાના લગભગ ૧૫૦ ઉપરાંત બાળકો અને કાર્યકરો સાથે મળી, પાંચેક દિવસની શિબિર કરી, સંશોધનને સમગ્ર રીતે સમજવાની સાથેસાથે સંશોધનનાં વિવિધ ટૂલ્સ વિકસાવ્યા. પ્રશ્નબેંગ અને કુટુંબના સર્વેનું ફોર્મ, વિસ્તારનો નકશો, જૂથ ચર્ચા , ઈન્ટરવ્યુ વગેરે. બાળકોએ ફીલ્ડમાં જઈને પ્રિ–ટેસ્ટ કર્યો! જરૂર પડી તે મુજબ તેમાં સુધારા-વધારા કર્યા અને પછી ચાઈલ્ડ રાઈટ ઓડિટ શરૂ કર્યું! લગભગ સાતેક હજાર બાળકો પાસેથી ડેટા મેળવ્યા! વિસ્તારના નકશા તૈયાર કરી, બાળકો તથા લોકોને કઈ સરકારી સુવિધાઓ મળે છે અને નથી મળતી કે મુશ્કેલીઓ છે તે બાબતો નકશા પર મૂકી ! આમ, વેકેશનના દિવસોમાં તૈયાર થયેલો કાર્યક્રમ બીજા છ એક મહિના ચાલ્યો અને બાળકોએ આ બધી જ બાબતોનું વિશ્લેષણ કરવાની સાથે અહેવાલ તૈયાર કર્યો ! અમને બધાંને લાગ્યું કે આ ખૂબ જ ઉપયોગી સંશોધન થયું છે. જો અન્ય સંસ્થાઓ તૈયાર થાય તો તેઓને ત્યાં તાલીમ ગોઠવી ગુજરાતમાંથી સંશોધનના આધારે પરિસ્થિતિ જાણી શકાય, મેળવી શકાય! આ તક પછી વર્ષ ૨૦૧૬માં, બાળઅધિકાર સમૂહ ગુજરાતના નેતૃત્વ હેઠળ શિબિરમાં પ્રાપ્ત થઈ. ગુજરાતની ૧૬ સંસ્થાના બાળકોએ કાર્યકરો સાથે ત્રણ તબકકામાં તાલીમ કરી. જો કે, ત્રણેય તબક્કામાં મળીને સાતત્યપૂર્ણ રીતે ૯

સંસ્થાઓ જોડાયેલી રહી હતી અને છેલ્લે રાષ્ટ્રીય બાળઅધિકાર કમિશનનાં સભ્યશ્રી કાનુગો તથા ગુજરાત રાજ્ય બાળઅધિકાર કમિશનના ચેરપર્સન જાગૃતિબેન પંડ્યા અને યુનીસેફના પ્રતિનિધિઓની હાજરીમાં બાળકોએ પોતાના સંશોધનના તારણો રજૂ કર્યાં હતાં. ભાવનગર જિલ્લા તથા શહેરમાં બાળઅધિકારોની સ્થિતિ અંગે ચાઇલ્ડ રાઇટ ઓડિટ, કે પછી આંતરરાષ્ટ્રીય ધોરણે થતાં સંશોધનમાં સિટી યુનિ. ઓફ ન્યૂયોર્કની સાથે રહી, બાલસેનાના બાળકોએ બાળમૈત્રીપૂર્ણ વિસ્તારો અંગેના સંશોધન જેવાં અનેકવિધ સંશોધન અને સર્વે કર્યાં છે આમ આંતરરાષ્ટ્રીય સંશોધનમાં સહભાગી થનાર બાલસેના દેશનું કદાચ પ્રથમ સંગઠન છે. આમ, એક તરફ બાળકો વૈજ્ઞાનિક અભિગમ શીખે, પરિસ્થિતિ ઓળખે, સાથે સાથે સશક્તિકરણ થાય. બાળમૈત્રીપૂર્ણ શાખાવિસ્તારો અંગેની સંશોધનપ્રવૃત્તિ બાળઅધિકાર ગ્રૂપ ગુજરાતના ઉપક્રમે બાળઅધિકાર ૨૫ વર્ષની યાત્રા દરમ્યાન ગુજરાતના ૧૮ જિલ્લામાં કરવામાં આવ્યું હતું. આ યાત્રા અને સંશોધનની તાલીમ શૈશવ દ્વારા યોજવામાં આવી હતી. આમ, શૈશવે સ્થાનિક સ્તરે કરેલા પ્રયોગો રાજ્ય સ્તર સુધી પહોંચ્યા છે.

### સંવાદ : બાળપણ પ્રતિની પ્રતિબદ્ધતા માટે

આમ તો એડવોકસી એટલે ગ્રાસરૂટના અનુભવોને નીતિ અને કાયદાઓની અસરકારકતા સાથે જોડી મર્યાદાઓને દૂર કરી જનહિતને સર્વોચ્ચ ગણાય તે રીતે તંત્રો કામગીરી કરે તે માટેનો સંવાદ. આ સંવાદ માટે સૌનું એક પ્લેટફોર્મ પર આવવું, અનુભવોનું-અભ્યાસોનું આદાન-પ્રદાન કરવું. શૈશવની શરૂઆતથી આ મહત્ત્વના મુદ્દાને અમે ઓળખ્યો હતો અને કામ કરતાં ગયાં તેમ તેમ તેની વિશેષને વિશેષ જરૂરિયાત અમે સમજતાં થયાં.

શરૂઆતના એ દિવસો યાદ છે, જ્યારે શાળામાં જન્મતારીખનો દાખલો ન હોય તો એડમિશન ના મળે, એફિડેવિટ કરાવો વગેરે, જ્યારે વાસ્તવિકતા એ હતી કે મોટાભાગની પ્રસૂતિ ગામડામાં થાય તે નોંધાઈ ના હોય. સરકારે આ બાબતને ધ્યાનમાં લઇને પરિપત્ર પણ ર્ક્યો હતો ! આ માટે બે-એક વર્ષ બધાંએ સાથે મળીને મથામણ કરી. જન્મતારીખનો દાખલો ન હોય પરંતુ વાલી ડેક્લેરેશન ફોર્મ ભરે તેના આધારે એડમિશન થવાં લાગ્યાં !આ અંગે પ્રચાર શરૂ કરતાં ફેરફાર આવવા લાગ્યા, પણ સાથોસાથ વાલીઓ જન્મનોંધણી કરાવે તે માટે પણ ઝુંબેશ શરૂ કરી! આ મુદ્દો પછી તો શિક્ષણના અધિકારના કાયદામાં પણ આવ્યો .

બાળકોના શિક્ષણમાં ઊંડા ઊતર્યા ત્યારે કડવી વાસ્તવિકતાઓ સામે આવી. વ્યવસ્થાઓ અને શિક્ષકોની ઘટ, અસમાન શિક્ષણવ્યવસ્થાઓ, અસંખ્ય બાળકો શાળાની બહાર...! શિક્ષણના પ્રયોગો ઘણા થયા પણ, દરેક બાળકને શિક્ષણ દ્વારા વિકાસની તક મળે તે માટેના પ્રયત્નો નહિવત્. બંધારણમાં અંદર જોગવાઈ હોવા છતાં બાળ શિક્ષણ પરત્વે દુર્લક્ષ. ૧૯૮૩માં સુપ્રીમ કોર્ટના ચુકાદામાં પણ આ અંગે ટકોર થઈ ! જોકે ૧૯૯૨માં બાળઅધિકારો માટેની ચળવળ દેશમાં શરૂ થતાં, ઘણી સંસ્થાઓ-વ્યક્તિઓ વગેરેના પ્રયત્નોને કારણે છેક ૨૦૦૯માં બાળકોના શિક્ષણના અધિકારનો કાયદો અમલમાં આવ્યો ! આ પ્રકારની ઝુંબેશ અનિવાર્ય પણ છે. શૈશવ શરૂઆતથી રાજ્ય તથા રાષ્ટ્રીય સ્તરે સક્રિયપણે જોડાઈને યોગદાન આપી રહ્યું છે.




૧૯૯૨માં આપણા દેશે રાષ્ટ્રસંઘે જાહેર કરેલ બાળઅધિકારોના મુદ્દાનો સ્વીકાર કર્યો અને બાળ કલ્યાણમાંથી બાળ અધિકાર તરફ વિચારધારાનું કેન્દ્રબિંદુ બદલાતાં ઘણા ફેરફારોની આવશ્યકતાઓ ઊભી થતી ગઈ. બાળકો એ ખંડ-ખંડ ટુકડાઓમાં નથી. એ હાફ ટિકિટ નથી ! બાળક સ્વયં અખંડ નાગરિક છે એ સમજણ વ્યાપક બને તે માટેના પ્રયત્નો - ઝુંબેશ રાષ્ટ્રીય સ્તરે શરૂ થઈ. ગુજરાતમાં પણ તેનાં મંડાણ થયાં, જેમાં સાથીસંસ્થા 'ગણતર' અને સુખદેવભાઈ તથા 'શિશુમિલાપ' ના ચીનુભાઈ તથા અન્ય સંસ્થાઓની વ્યક્તિઓની અત્યંત મહત્ત્વપૂર્ણ ભૂમિકા રહી છે. શૈશવ પણ એમાં સહભાગી બન્યું. બાળ મજૂરી વિરોધી ઝુંબેશ, પ્રારંભિક શિક્ષણ ચળવળ, બાળ હેરાફેરી વિરોધી ચળવળથી લઈને રાઈટ ટુ એજ્યુકેશન ફોરમ જેવા રાષ્ટ્રીય નેટવર્ક કે સાર્ક દેશોનાં સંગઠન દ્વારા બાળકોની સુરક્ષા માટે અસ્તિત્વમાં આવેલ 'સાઉથ એશિયા ઈનિશિએટિવ ટુ એન્ડ વાયોલન્સ અગેન્સ્ટ ચિલ્ડ્રન' ના નેટવર્કથી લઈને ગુજરાતમાં બાળઅધિકારોની ચળવળને વ્યાપક તથા મજબૂત બનાવવામાં શૈશવનું સક્રિય યોગદાન રહ્યું છે.


રાષ્ટ્રીય સ્તરે બાળઅધિકારના વિવિધ પ્રવાહોને લીધે બાળઅધિકાર પર કાર્ય કરતી સંસ્થાઓનાં વિવિધ જૂથ બન્યાં છે ત્યારે રાજ્ય સ્તરે આપણે વિશેષ માવજત કરીને લોકો સમક્ષ રજુઆત કરીને એક જૂથ તરીકે ઓળખ પ્રસ્થાપિત કરીએ તે અત્યંત મહત્ત્વપૂર્ણ છે. એ વાત પણ આપણે સમજ્યાં છીએ અને પરિણામે અલગ અલગ નેટવર્ક નામોની ઓળખ દ્વારા લોકો પાસે જવાના બદલે રાષ્ટ્રીય નેટવર્ક સાથે મૂલ્ય આધારિત સંબંધો વિકસાવી તેઓના ગુજરાત ચેપ્ટરના સંદર્ભમાં **બાળ અધિકાર સમૂહ – ગુજરાત**ના વ્યાપક બેનર સાથે તેઓની ઓળખને જોડી, એક નામથી આપણે લોકો પાસે જઈએ છીએ. આ સમગ્ર પ્રક્રિયામાં શૈશવ શરૂઆતથી જ સક્રિય રીતે જોડાઈને અગ્રેસર રહ્યું છે.

બાળકોના અધિકારની રાષ્ટ્રીય ચળવળમાં ગુજરાતનું અમૂલ્ય યોગદાન રહ્યું છે. રાષ્ટ્રીય સ્તરે તથા ગુજરાતમાં અનેકવિધ કાર્યક્રમો સામૂહિક રીતે યોજાતા રહ્યા; જેવા કે, અમદાવાદમાં બાળ મજૂર બાળકોની પ્રથમ જનસુનાવણી યોજાઈ, યુનિસેફના અહેવાલને લઈને અમદાવાદથી પંચમહાલની સાયકલયાત્રા, ખારાઘોડાના અગરિયાઓની સમસ્યા - સંદર્ભની યાત્રા, શિક્ષણના ઈતિહાસમાં સોનેરી પૃષ્ઠો પર આલેખાયેલ ગોંડલના મહારાજાની ફરજિયાત કન્યાકેળવણી અને વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડના ફરજીયાત શિક્ષણનાં મૂલ્યોને ઉજાગર કરી, સમાજ અને સરકારની જાગૃતિ અર્થે ગોંડલથી વડોદરાને જોડતી કન્યાકેળવણી સાયકલયાત્રા, બાળઅધિકારોની ઘોષણાના ૨૫ વર્ષ થયાં તે નિમિત્તે આયોજિત સમગ્ર ગુજરાતને આવરી લેતી બાળઅધિકાર યાત્રા હોય, Invisible Girl Child Labour ની સ્થિતિ અને તેના માટે શિક્ષણની જાગૃતિ અર્થે સમગ્ર ગુજરાતને આવરી લેતા ક્ષેત્રીય શિબિરો અને રાજય સ્તરના શિબિરો, બાળકોના શાળા પ્રવેશની ઝુંબેશ, બાળકોના અધિકારનો વૈકલ્પિક અહેવાલ કે પછી હાઈકોર્ટમાં બાળમજૂરી અંગેની જાહેરહિતની અરજી હોય; આ અંગેની જવાબદારીઓ નિભાવવામાં, સમગ્ર વિભાગો સાથે શ્રેણીબદ્ધ શિબિરો જેવા અનેકવિધ કાર્યક્રમો, મીડિયાના સહયોગથી બાળકોના અધિકારના પ્રશ્નોને સમાજ સુધી લઈ જવામાં સાથી સંસ્થાઓની સાથે શૈશવે પણ મહત્ત્વપૂર્ણ ભૂમિકા - જવાબદારીઓ નિભાવી છે.

અગાઉ વાત કરી એમ, શૈશવમાં અમે બે નૂતન પ્રયોગો કર્યા હતા. એક બાળકો સ્વયં સંશોધક બને અને બાળકોની સ્થિતિ અંગે ''ચાઈલ્ડ રાઈટ ઓડિટ'' હાથ ધરે. બીજો પ્રયોગ હતો - બાળકોની દષ્ટિએ બાળમૈત્રીપૂર્ણ શાળાઓ અને વિસ્તારો અંગે માપદંડના આધારે સંશોધન થાય. આ બન્ને પ્રયોગો રાજ્ય સ્તરે પણ બાળ અધિકાર સમૂહ-ગુજરાતના માધ્યમથી હાથ ધર્યા હતા.

ગુજરાતના ૧૬ જિલ્લાનાં ૨૩૩૧ બાળકો તથા ૪૨૭ વાલીઓ સાથે બાળ મૈત્રીપૂર્ણ શાળા-વિસ્તારોનું સંશોધન હાથ ધરાયું હતું. અને તે યુનિસેફ દ્વારા 'Voice of Children' અહેવાલરૂપે પણ પ્રસિદ્ધ થયો. તે જ રીતે, ગુજરાતના ૭ જિલ્લામાં ૯ સંસ્થાનાં બાળકોએ ભેગાં મળી લગભગ ૧૩,૦૦૦ ઉપરાંત બાળકોનો - વાલીઓનો સંપર્ક કરી શિક્ષણ અને સલામતીના મુદ્દે 'ચાઈલ્ડ રાઈટ ઓડિટ' સંશોધન હાથ ધર્યું હતું. આમ રાજ્ય સ્તરે પણ આ મુદ્દાઓ પર કાર્ય થયું તેમજ વ્યાપક સ્તરે બાળકો નેતૃત્વ લેતાં થાય તેમાં શૈશવે અગ્રણી ભૂમિકા ભજવી છે.




અગાઉ આપણે જોઈ ગયાં છે કે રાષ્ટ્રીય સ્તરે બાળ સંગઠનોના ફોરમના વિકાસમાં શૈશવે અગ્રેસર ભૂમિકા ભજવી છે તે રીતે બાળઅધિકાર સમૂહ–ગુજરાતના ઉપક્રમે બાળકોનું પોતાનું રાજ્ય સ્તરે સંગઠન બને તે માટે પણ શૈશવે વિશેષ જવાબદારી લઈ કાર્ય ર્ક્યું છે, જેના પરિણામે બાળકોના 'ગુજરાત બાળમંચ'નો વિકાસ થયો છે. આજે રાજ્યની વીસેક જેટલી સંસ્થાનાં ૧૭ બાળ સંગઠનો આ કાર્યમાં જોડાઈ, બાળ સહભાગિતાના અધિકારની વાત વ્યાપક બનાવી રહ્યાં છે.

સ્થાનિકથી લઈ રાજ્ય-રાષ્ટ્રીય સ્તરે બાળકોનાં હિતો અંગે જૂદી-જૂદી શિબિરો, વર્કશોપ, સેમિનાર દ્વારા, વિવિધ સ્તરે રજૂઆતો અને સંવાદ દ્વારા, તાલીમો અને ચર્ચાઓ દ્વારા સૌના સહિયારા પ્રયત્નોથી કેટલાક બદલાવ નીતિઓમાં અને કાયદાઓમાં આવ્યા છે. બાળમજૂરી પ્રતિબંધક ધારામાં ફેરફાર હોય, શિક્ષણના અધિકારનો કાયદો હોય, બાળકો માટે જુવેનાઈલ પોલીસની રચના હોય. એવી ઘણી બાબતોમાં બદલાવ આવ્યા છે, પરંતુ હજુ પણ બાળકોને અસર કરતા મુદ્દાઓ-પ્રશ્નો અંગે સમાજ અને સરકારની કટિબદ્ધતામાં ઓછપ વર્તાય છે. હજુ ઘણું કરવાનું છે. ક્યારેક લાગે છે કે આપણે બાળકોને સમયસર તેઓની જરૂરિયાતો પૂરી નહીં પાડીને કેટલીક પેઢીઓનો ભોગ લઈને ગુનાહિત કૃત્ય કરી રહ્યાં છીએ !





બાળકોના નિમિત્તે જીવનના નવા-નવા અર્થો અને પ્રેરણા મળતી રહે છે.

-રવીન્દ્રનાથ ટાગોર

## પ્રકરણ : ૭

# સંસ્થા : વિચારને આચારમાં મૂકવાનું નિમિત્ત

તકવંચિત બાળકોના મુદ્દે બાળકો સાથે કાર્ય કરીશું એવા વિચારને લઇ યાત્રાનો પ્રારંભ કર્યો ત્યારે સેવારૂરલ સંસ્થાના અનુભવોમાંથી અમે ઘણું શીખ્યાં હતાં તેનો લાભ અહીંયા શૈશવની શરૂઆત કરવામાં મળ્યો.

**સંસ્થા અંગેની અમારી નિસ્બત**

આ ૨૫ વર્ષ દરમ્યાન વિચારને સાકાર કરવા સંસ્થાનું નિર્માણ કરવામાં અમે ઘણું શીખ્યાં. અમને સમજાયું કે સંસ્થા એટલે એક એવું માળખું કે જે વિચારને સાકાર કરવામાં નિમિત્ત બનતું ગતિબળ છે. **સંસ્થા એટલે માનવ, મૂલ્યો અને માળખું**. આ ત્રણેય મહત્ત્વપૂર્ણ છે અને ત્રણેયને એકમેકની જરૂર છે.

શરૂ કર્યું ત્યારે મનમાં એવું હતું કે બાળક આપણા કેન્દ્રમાં રહેશે, તેમાં ફેરફાર નહીં કરીએ. આ અઢી દાયકા દરમ્યાન ચઢાવ-ઉતાર આવ્યા, ફેરફાર થયા, નવા કાર્યક્રમો સમજણના સથવારે વિકસતા ગયા; પણ બાળક કેન્દ્રમાં છે ! કોઇક ફંડ આવે છે ત્યારે, 'આ બહુ થયું હવે કંઇક બીજું કરીએ, આ યોજના મળે તેમ છે' - એવું ન કરતાં અમે જે વિચારીને કાર્ય શરૂ કર્યું હતું તે વિચારને અમે પકડીને ચાલ્યાં છીએ.

સંસ્થાવિકાસ અને નિર્માણના સંદર્ભમાં અમે આ અઢી દાયકા દરમ્યાન ઘણી માર્ગદર્શક બાબતોને શીખતાં શીખતાં વિકસાવી શકયાં છીએ. કાર્યોની સાથોસાથ સંસ્થાનું ચરિત્ર વિકસાવવું અનિવાર્ય એવી જરૂરિયાત છે. સંસ્થા કોઇ નિર્જીવ પદાર્થ નથી, જીવત વ્યક્તિત્વ છે; જે વિઝન-મિશન સાથે યાત્રા શરૂ કરે છે, પણ આ યાત્રા સંસ્થાની નથી બલકે વિચારની છે ! લોકો એને ઝીલે છે, જોડાય છે, સર્મપિત થાય છે. યાત્રા અવિરત ચાલતી હોય છે. એ અવિરત ચાલે એને માટે યાત્રામાં જોડાનારે પણ સમયાંતરે જવાબદારી લેવા સાથે નેતૃત્વ નવા નવાને સોંપતા રહેવું જોઇએ કે જેથી યાત્રા અવિરત ચાલુ રહે ! આ વાત અમે સમજ્યાં છીએ.

સંસ્થા એટલે પારદર્શિતા, ઉતરદાયિત્વ અને વિશ્વસનીયતા તથા મૂલ્યોની ઉજ્જ્વળ પરંપરા ! આનું મહદ્ અંશે પાલન કરવામાં અનેક પડકારો અને કસોટીઓ આવે ત્યારે એમાં પાર ઊતરવા સ્વવિકાસ પણ ખૂબ જ મહત્ત્વનો છે. આમ, નિસ્બત છેઃ સમાજ અને બાળકો પ્રત્યેની, સંસ્થા પ્રત્યેની, કાર્યકરો પ્રત્યેની, સ્વવિકાસની... સંસ્થા શરૂ કરીએ એટલે અનેક પ્રકારના વૈધાનિક-કાયદાકીય સ્વરૂપો, તંત્રો અને તેના નિયમોનું પાલન કરવું અનિવાર્ય બને છે. અમે આ તમામ બાબતોનું પાલન થાય તે માટે કાળજીપૂર્વકના પ્રયત્નો કરીએ છીએ એની ચોકસાઇ રાખવાનું શીખ્યાં છીએ.

ભાવનગરને કાર્યક્ષેત્ર બનાવીને કાર્ય કરવાની શરૂઆત કરી ત્યારથી અનેક સંઘર્ષ અને પડકાર સામે આવ્યા છે, મુશ્કેલીઓ આવી છે એ કસોટીઓમાંથી જ મૂલ્યો પ્રત્યેની જાગરૂકતા અને બળ મળતાં હોય છે.

**કસોટીઓ પ્રેરક બળ બને છે.....**

એકવાર એવું બન્યું કે અમે કચ્છના ધરતીકંપ સમયે ત્યાંના પુનઃવસવાટ અને રાહતકાર્યમાં જોડાયેલાં, ત્યાં એક ડોનરે અમને કમિટમેન્ટ આપ્યું, કામ શરૂ કર્યું, રકમનો પ્રથમ હપ્તો આવ્યો. થોડા સમય પછી ડોનરે કહ્યું કે હવે તેમની પાસે બીજા હપ્તાની રકમ નથી, જે અગાઉ આપ્યા છે તેમાં થાય તેટલું કરો. અમે કરકસર અને

કાળજીથી કાર્ય કરીએ. અમે કહ્યું ''વાંધો નહીં, અમે શકય હોય તેટલું વધું કામ કરવાનો પ્રયત્ન કરીશું.'' આ દરમ્યાન અમે ભાવનગરના સ્થાનિક કાર્ય માટે ફંડની મુશ્કેલી હોવાની કરી હતી, અહીંયા એકાદ મહિના પછી પગાર આપી શકાય તેવી સ્થિતિ ન હતી. સંસ્થાના કેટલાક કાર્યકરોએ આગળ આવીને કહ્યું કે, અમને હમણાં નહીં આપો તો ચાલશે, જેને જરૂરિયાત છે તેને આપજો... આવા શબ્દો હિંમત આપે! બીજી તરફ, જે ડોનરે અમને રાહતકાર્ય માટે પ્રથમ હપ્તો આપેલો તેમને ત્યાંથી ચેક આવ્યો. 'બીજો હપ્તો અનુકૂળતા થવાથી મોકલ્યો છે; અમે તો માનેલું કે હવે નહીં આવે... અમે એમને જાણ કરી કે હવે રાહતકાર્યના અનુસંધાનમાં રકમની જરૂર નથી; જો તમે સંમતિ આપો તો આ રકમ ભાવનગરના અમારા કાયમી કાર્યમાં લોન તરીકે ઉપયોગમાં લઇએ, અમારી સગવડ થતાં આપને પરત કરીશું! પણ તે સંમતિ ન આપી. અમે તેમનો જ ચેક જે જમા પણ ન હતો કરાવ્યો તે પરત કર્યો! કદાચ તેમના ઇતિહાસમાં પહેલીવાર આ રીતે ચેક પાછો ગયો, તેથી નારાજ પણ થયા! આ બાજુ અમે ભાવનગરની ટીમ સાથે મીટિંગ કરીને હવે પછી આપણું કાર્ય કદાચ અટકાવવું પડે તેની વાત કરતાં હતા. કેટલાકે સામે ચાલીને જણાવ્યું કે અમને વેતન ન મળે તો વાંધો નહીં પણ આમને આપજો! કેટલી મોટી અમૂલ્ય વાત! આને જ પરિવાર કહેવાયને! ત્યારે ટપાલી રજિસ્ટર કવર આપી ગયો... અમારા જ એક શુભેચ્છક - દાતા અમદાવાદનાં ડો. હંસાબહેન, જેમની સાથે અમારી મુશ્કેલીની કોઇ વાત કરી ન હતી, તેમણે ૫૧,૦૦૦/- રૂપિયાનો ચેક મોકલ્યો! જાણે નરસૈંયાની હૂંડી સ્વીકારાઇ ગઇ! અમારી આંખોમાં આંસુ છલકાઈ ગયાં! નિયતિ આપણને કેવી રીતે સાચવતી હોય છે ! અમે પછી તો આ વાત તેઓની સાથે કરી, તેઓએ સમય સાચવી લીધો ! વિશેષ તો અમારી ટીમ પર ગર્વ થયું કે મુશ્કેલીમાં બધાં સાથે રહ્યાં ! સંસ્થાનું દર્શન તો આ જ હોઈ શકે ને !

સંસ્થામાં ૨૦૧૬-૧૭ના વર્ષમાં ફરીવાર પડકાર ઊભો થયો, હમણાં ટીમ સાથે પણ વાત થઈ, મીટિંગમાં પ્રસ્તાવ મુકાયો-આપણે આપણા વેતનમાં ઘટાડો કરીએ, સર્વાનુમતે આખી ટીમે આ વાત સ્વીકારી અને બધા સચવાઈ ગયાં ! અમને સૌને આ મૂલ્યવાન ટીમનું હંમેશાં ગૌરવ થયું છે, કેવી સુંદર ટીમનાં આપણે હિસ્સેદાર છીએ!

**આર્થિક સહયોગ**

કોઈપણ સંસ્થાનાં સામાજિક કાર્યોમાં મળતી આર્થિક સહાય મોટોભાગ ભજવતી હોય છે. આ ૨૫ વર્ષ દરમ્યાન અનેક ઉતાર-ચઢાવની વચ્ચે આર્થિક સહયોગ મળતો રહ્યો છે. શૈશવના કાર્યવિકાસમાં અનેક શુભેચ્છકો, મિત્રો, સંસ્થાઓએ અમૂલ્ય આર્થિક સહાય કરી છે. એક કાર્યક્રમ માટે ઉત્તરાયણની રજા હોવા છતાં બાલસેનાનાં બાળકોએ 'આ તો અમારો કાર્યક્રમ છે' એમ જણાવી પ્રતીક આર્થિક સહયોગ કરી 'અમારું શૈશવ'ની વાતને પાકી કરી બતાવી ત્યાંથી લઈને કેટકેટલા દાતાઓનો ઉદાર સહયોગકાર્ય માટેનું ચાલકબળ બની રહ્યા છે. પૂ. શ્રી ઓધવજીકાકા હોય, શશીબહેન હોય કે શ્રી રોહિણીબહેન હોય, શ્રી કલ્પનાબહેન–ગિરિશભાઈ હોય, ડૉ. ભદ્રાબહેન હોય કે પછી પારૂલબહેન વોરા કે મુદ્રાબહેન હોય કે મયંકભાઈ હોય.. વિવાહ કે લગ્નમાં આવેલ ચાંલ્લો એ શરતે સ્વીકાર્યો હોય કે આ રકમ અમે દાન કરીશું ! આવા કેટકેટલાંય શુભેચ્છકો દાતાઓ અમારા માટે પ્રેરણાસ્ત્રોત બની રહ્યાં છે. આગળ વાત કરી તેમ મુશ્કેલીઓ પણ આવી છે પરંતુ અમે નક્કી કરેલું 'બાળક'ને કેન્દ્રમાં રાખીને જે સહાય મળે તેને આવકારી છે ! પણ કાર્યક્રમો બદલ્યા નથી.

આ વર્ષોની યાત્રા દરમ્યાન દેશ-વિદેશના વ્યક્તિગત દાતાઓ, સંસ્થાઓ દ્વારા દાન અને ગ્રાંટ સ્વરૂપે લગભગ કુલ ૧૨ કરોડ, ૧૫ લાખ જેવી મૂલ્યવાન સહાય મળી છે તો ૧૧ કરોડ, ૧૨ લાખ રૂપિયાનો ખર્ચ મકાન માટે, સ્થાયી તથા અસ્થાયી ખર્ચ માટે કર્યો છે. આર્થિક સહયોગ મેળવવામાં ઉતાર-ચઢાવ આવ્યાં છે પણ મહદ્ અંશે અમારા વીઝન-મીશનને અનુરુપ કાર્યો કરતાં રહ્યાં છીએ.

સંસ્થાના સ્ટેચ્યુટરી ઓડીટર દ્વારા દર વર્ષે હિસાબોનું નિયમિત ઓડીટ થાય અને સરકારના અલગ-અલગ વિભાગોમાં તેને રજૂ કરવામાં આવે છે પરંતુ સંસ્થામાં બે વાર બહારની સંસ્થાઓ દ્વારા નાણાંકીય વ્યવસ્થાપનનું ઓડીટ કરવામાં આવ્યું હતું જેનું મોટાભાગનું પરિણામ સંતોષકારક હતું, અને સૂચવવામાં આવેલ કેટલાક નાના સુધારા અમલમાં મૂકી નાણાંકીય-સંચાલનને મજબૂત કર્યુ છે. આ આપણું ઉત્તરદાયિત્વ પણ છે.

આમ એક તરફ વર્ષોવર્ષ આર્થિક મદદ મળતી રહી છે, કયારેક સહાયમાં ઘટાડો થતાં કે અનિયમિતતાને લઈને મુશ્કેલીઓ આવી છે પરંતુ હજુ પણ કાયમી વ્યવસ્થા ગોઠવી શકાઈ નથી.

સંસ્થાએ સ્વનિર્ભર થવું જોઈએ એવું પણ ઘણાં કહેતાં હોય છે પણ જે બાળકો-સમાજ માટે કાર્ય કરીએ છીએ તેઓ પાસેથી કોઈ અપેક્ષા કેવી રીતે રાખી શકાય ? જો જુદા કાર્યક્રમો શરૂ કરીએ તો જે વંચિત બાળકો આપણું લક્ષ્ય છે તેમના સુધી પહોંચવામાં વહેંચાયેલી શક્તિ પોતે જ આપણી મર્યાદા બની જાય. બાળકોમાં આવી રહેલ પરિવર્તન એ સાતત્યતાપૂર્ણ છે - સ્વનિર્ભરતા છે એ સમજવું પણ જરૂરી છે. આમ સ્વનિર્ભરતા ચર્ચા માંગી લેતો મુદ્દો છે. આ અંગે ખુલ્લા રહીને નવા વિચારો, નવા એપ્રોચને પણ સમજવા જોઈએ.

## વિચાર-સંસ્થા સૌની....

બાળકો સાથેના કાર્યમાં જેમ સહભાગિતાનું મૂલ્ય છે તેમ સંસ્થાના વિકાસમાં સહભાગિતાને અમે અનિવાર્ય માની છે. સંસ્થાના દરેક કાર્યકરો સંસ્થાના માર્ગદર્શક સિધ્ધાંતો-મૂલ્યો, રોજબરોજનું સંચાલન અને કાર્યક્રમોમાં સહભાગી હોય અને નેતૃત્વ લેતા હોય તે જરૂરી છે. આ બાબતો અંગે વૈધાનિક રીતે ટ્રસ્ટીબોર્ડ છે તે માર્ગદર્શક ભૂમિકામાં કામ કરે છે. આમ, નીચેથી ઉપર જતું આયોજન છે. દર વર્ષે વાર્ષિક આયોજન અને અહેવાલ તૈયાર થાય. ટ્રસ્ટી મંડળીમાં જે-તે વિભાગના કાર્યકરો તેને રજૂ કરે, ચર્ચા થાય અને અનુમોદન મળે ! કાર્યનું નેતૃત્વ જે-તે ટીમ લે !

સંસ્થાની ટ્રસ્ટીમંડળની મીટિંગમાં ભાવનગરના લોકોના પ્રતિનિધિ તરીકે બે પ્રતિનિધિઓ, બાલસેનાના બે બાળ પ્રતિનિધિ તથા તરુણસેનાના બે પ્રતિનિધિ તેમજ કાર્યકરોના બે પ્રતિનિધિ કાયમી આમંત્રિત તરીકે મીટિંગ ઉપસ્થિત રહી યોગદાન આપતા હોય છે. આમ, સંસ્થામાં પારદર્શિતા અને વિશ્વસનીયતા તેમજ સહભાગીતા નેતૃત્વ વિકાસ-ઘડતર તથા ટીમવિકાસને માટે કાળજી લેવામાં આવી રહી છે.

કોઈપણ સંસ્થા માટે એનું વિઝન-મિશન મહત્ત્વનું હોય છે. જે દિશા તરફ દોરી જાય છે, સમયાંતરે એને તપાસતાં રહેવું જરૂરી છે અને લગભગ દર વર્ષે કાર્યક્રમ, આયોજન સમયે કાર્યકરો સાથે અમે વિઝન-મિશનની એકર્સસાઈઝ દ્વારા દરેક તે સમજે તેના માટે પ્રયત્ન કરીએ અને સંસ્થાના કાર્યકરોમાં અને કાર્યમાં તેનું દર્શન થતું રહે તે માટે પ્રયત્નશીલ રહીએ છીએ.

## કાર્યકર-વિકાસ

કાર્યકરો સમગ્ર કાર્યને સારી રીતે સમજી શકે, રોજબરોજના પડકારો સામેની સજ્જતા કેળવી શકે, તેઓનાં કૌશલ્યો વધુ અસરકારક બને તે માટે સંસ્થાની શરૂઆતથી જ તાલીમો પર વિશેષ ભાર મૂકાયો છે. આ આંતરિક તાલીમો સંસ્થાના સીનિયરો દ્વારા અથવા બહારના તજ્જ્ઞો દ્વારા નિયમિત રીતે થતી હોય છે. આમ, કાર્યકરોનો ક્ષમતાવર્ધન કાર્યક્રમ કાર્યની અસરકારકતાને ઉપકારક નીવડે છે.

સંસ્થાના સંચાલન માટે કાર્યકરોએ સાથે મળી,ચર્ચા કરી, કાર્યકર-માર્ગદર્શિકા, જેન્ડર પોલિસી, મહિલા તથા બાળસુરક્ષા નીતિ તથા સમિતિ, સ્ટાફવેલ્ફર સમિતિ તેમજ એકાઉન્ટ /ફાયનાન્સ પોલિસી જેવી નીતિઓ-નિયમો વગેરેની યાદી બનાવવામાં આવી છે; અને સંસાધનોનો અસરકારક અમલ થાય તે માટે અમે પ્રયત્નશીલ રહ્યાં છીએ. આ ઉપરાંત કાર્યના સંચાલન તથા અમલીકરણ, સંકલન માટે સ્ટાફ મીટિંગો, વિભાગીય મીટિંગો કે પછી દર અઠવાડિયે કો-ઓર્ડિનેશન ટીમની મીટિંગો થતી હોય છે, જેમાં તમામ મહત્ત્વના નિર્ણયો લેવામાં આવતા હોય છે.




સંસ્થા એટલે થોડીક વ્યક્તિઓ નહીં, ઘણાં બધાંનું સહિયારું પ્રદાન. શૈશવ થકી બાળકો સાથે ચાલવામાં સંસ્થામાં જોડાયેલ કાર્યકરોએ અમૂલ્ય પ્રદાન આપ્યું છે. અનેક પડકારો વચ્ચે પણ બાળકોને પ્રેમ આપવામાં તેઓ ક્યારેય ઊણાં ઊતર્યા નથી. સૌથી મોટું જમા પાસું જ આ પ્રેમ છે !

જો કે, અમને કાર્યકરોની પણ ખેંચ અનુભવાઈ છે. સમર્પિત કાર્યકરો મળવા મુશ્કેલ છે. કેટલાક નોકરી-અનુભવ માટે આવ્યા હોય, ટૂંકાગાળામાં જતા રહે. કેટલાક ભાવના અને રસથી જોડાય, સમયાંતરે વિશેષ તક મળતા સંસ્થા છોડે. તેઓ બીજે જાય તેમ છતાં સમર્પિત કાર્યકરો- સાથીદારો અમારી સાથે છે એટલે કાર્ય સાતત્યપૂર્ણ રીતે ચાલી રહયું છે. આશિષ સંસ્થાની શરૂઆતમાં પાર્ટ ટાઈમ એકાઉન્ટના કાર્ય માટે જોડાયેલો, ખુબ ઓછુ બોલે પણ અત્યંત ભાવુક-સંવેદનશીલ, ઘસાઈને ઊજળો થાય... વચ્ચે અન્ય કામના દબાણમાં થોડાક મહિના શૈશવ છોડયું પણ દિલ અહીંયા ! પાછો આવી ગયો ...ધીરે ધીરે કરતાં જવાબદારી ઉપાડતો

ગયો...સંસ્થાના ટ્રસ્ટીમંડળમાં કાયમી આમંત્રિત...બીજી હરોળના નેતૃત્વને મજબુત કર્યુ.. ! કચ્છના અભૂતપૂર્વ ધરતીકંપ સમયે અલ્પેશ અમારી સાથે જોડાયો, ભણતર ઓછું પણ ગણતર ભારે, થોડાક જ સમયમાં સંસ્થાનો મહત્ત્વનો સભ્ય બની ગયો, વચ્ચે એક વડીલના પ્રભાવમાં આવી, સંસ્થા છોડી દીધી. અમને પણ આંચકો લાગ્યો, દુઃખ થયું પણ એક દિવસ સવારમાં સીધો જ ઘરે આવ્યો, ભેટી પડ્યો-કોઈ વાત નહીં,–ચર્ચા નહીં. ફરી એ જ ઉત્સાહ જવાબદારી સાથે જોડાઈ ગયો. આજે તાલીમ કાર્યક્રમોની જવાબદારી લઈ આગળ વધી રહ્યો છે. આમ જ પરિવાર બનતો હોય છે !

**અમારા બાલદોસ્તો**

શૈશવના વિકાસમાં કાર્યકરોનુ જેટલું પ્રદાન છે એટલું જ પ્રદાન સ્વયંસેવકોનું પણ છે. દીપકદાદા અને શામજીદાદા જેવા કેટલાય શુભેચ્છકોએ પોતાના વિશેષ કૌશલ્યો તેમ જ અનુભવોને સમયદાન દ્વારા સંસ્થામાં આપી ઊમદા ઉદાહરણો ઉભા કર્યા છે. તો વળી કેટલાક બાળકો બાલસેનામાં જોડાય-વિકસે અને મોટાં થતાં શૈશવમાં પોતાના અનુભવને જોડી પ્રદાન આપે.. મનોજ હોય, તબસ્સુમ કે ઈશરત હોય, દક્ષા નાની-મોટી હોય, કે જયેશ હોય..; કોને કોને યાદ કરવાં..! આ બાળકોનું અમૂલ્ય પ્રદાન; તો વળી સ્થાનિક કોલેજો થી લઈ ગુજરાત અને ગુજરાત બહારની કોલેજોના સ્નાતક-અનુસ્નાતક વિદ્યાર્થીઓ અહીંયાં અભ્યાસના ભાગરૂપે જોડાય, પંદર દિવસ કે મહિનાનો એ સમયગાળો કાર્યકરો સાથે ખભેખભા મિલાવી કાર્ય કરે!... વિદેશના વોલન્ટિયર્સ.. નૉર્વેથી અનિકા અને શિવ એમના અભ્યાસના ભાગ રૂપે શૈશવમાં આવ્યાં...અભ્યાસ તો પૂરો ર્ક્યો પણ સંસ્થાનાં કાયમી મિત્ર બની ગયાં ! બલ્કે બન્નેના કુટુંબીજનો શૈશવ પરિવારનો હિસ્સો બની ગયાં ! સંસ્થાના સ્થાપકને બે વાર નોર્વેનું આમંત્રણ આપી યજમાન બન્યાં અને નિયમિત આર્થિક સહયોગ પણ કરતાં રહ્યાં છે ! કેન્ટન અને એલી યુ.કે. થી આવેલ, અહીંયાં કાર્યનુભવ મેળવવાની સાથે શૈશવ માટે મોનિટરિંગ સિસ્ટમ વિકસાવી આપી, પણ પરત ગયા પછી દર મહિને પોતાની કમાણીમાંથી પ્રતીકાત્મક દાન શૈશવને આપી રહ્યાં છે ! આમ, આ 'બાલદોસ્તો'નો મૂલ્યવાન મૂક સહયોગ શૈશવની યાત્રામાં અવિસ્મરણીય છે. અવાર-નવાર ફોનથી તો કયારેક વિઝિટ કરીને મળી જાય, સંસ્થાને આર્થિક સહાય પણ નિયમિત કરે .. ચાઈલ્ડ રીચ ઈન્ટરનેશનલ, ટુ વે ડેવલપમેન્ટ,અમેરિકન ઈન્ડિયા ફાઉન્ડેશન જેવી સંસ્થાઓમાંથી આ રીતે ૬ મહિનાથી ૧૦ મહિના માટે ફેલો નિરંતર આવતાં રહ્યાં છે, તેઓ શીખે તો ખરાં પણ સંસ્થાના કાર્યમાં અમૂલ્ય પ્રદાન આપતાં રહે!







## કાર્ય -મૂલ્યાંકન....

સંસ્થાની શરૂઆતથી અમે સભાનપણે કેટલાક પ્રયત્નો કરતાં આવ્યાં છીએ. ખાસ કરીને જે કોઇ કામો થાય છે તેનું મૂલ્યાંકન થાય, તેના આધારે ફેરફાર થાય, સુધારા થાય અને જવાબદેહિતા તથા પારદર્શિતાનું મૂલ્ય વધારે દઢ થાય તે માટે અમે કાર્યકરો સાથે છ-માસિક તથા વાર્ષિક મૂલ્યાંકન કરીએ છીએ. સંસ્થાના શુભેચ્છકો અને એકેડેમિશ્યન વગેરે ની સાથે બિનઔપચારિક ગોષ્ઠિ વગેરે ગોઠવીને ચર્ચા કરીએ છીએ. આ ઉપરાંત બહારના તજ્જ્ઞો દ્વારા લગભગ દર ત્રણ-ચાર વર્ષે મૂલ્યાંકન થતું રહ્યું છે. આ પરંપરા અમને મૂલ્યવાન લાગે છે. આના પરિણામે ઘણું શીખવા મળે છે ! આ ૨૦ વર્ષની યાત્રા દરમ્યાન આ પ્રકારે બહારના તજ્જ્ઞો દ્વારા સાતેક મૂલ્યાંકન થયાં છે. આ મૂલ્યાંકનો અમને માર્ગદર્શક બને છે.

લગભગ બે દાયકા અમે ભાડાનાં મકાનોમાં કાર્યાલય બનાવી કાર્ય કરતાં રહ્યાં. હા, તેનાથી કેટલીક મર્યાદાઓ નડી, મુશ્કેલીઓ ઘણી આવી. બાળકો સાથેના કાર્યો માટેની જગ્યાઓ અંગે અમારે અહીંથી ત્યાં અથડાવું પણ પડતું હતું. આમ છતાં આ ભાવનગરે અમને સાચવ્યા. કેટલીક સંસ્થાઓ અને શાળાઓ તો વળી કયારેક જ્ઞાતિઓની વાડીઓનાં મકાનો અને મેદાનોમાં અમે તેઓના ઉમદા અમૂલ્ય સહયોગને કારણે બાળકોની નિયમિત પ્રવૃત્તિઓ વિકસાવી શક્યા છીએ. ૨૦૧૩માં અમને જગ્યા મળી, આશા-વિજય ફાઉન્ડેશન અને શેર એન્ડ કેર ફાઉન્ડેશન તથા અન્ય દાતાઓના સહયોગથી કાર્યાલય અને ટ્રેનિંગ સેન્ટર માટે ભાવનગર મ્યુનિસીપાલીટીનાં સરદારનગરમાં આવેલ શોપીંગ સેન્ટરમાં જગ્યા મળી. જો કે, કદાચ અમે જમીન મેળવવામાં ટૂંકાં પડયાં, કારણ કે કેટલીક બાબતો અમને અનુકૂળ આવે તેમ ન હતી અને મૂલ્યોમાં અમારે બાંધછોડ કરવી ન હતી.

## સંસ્થા એટલે....

સ્વૈચ્છિક સંસ્થાઓ સમાજવિકાસનું અગત્યનું કાર્ય કરી રહી છે ત્યારે તેઓની સમાજમાં શાખ ઊભી થાય, પ્રતિભા સર્જાય અને તે માટે દરેક સંસ્થા માટે પારદર્શિતા, વિશ્વસનીયતા ઉતરદાયિત્વ ખૂબજ મહત્ત્વનાં છે. આ માટેનાં ધારાધોરણો વિકસાવવાં જરૂરી છે. આપણા પર કોઈ માપદંડો લાદે એના કરતા આપણે જ આપણા માપદંડ વિકસાવી ને પહેલ કરીએ તે ઇચ્છનીય છે. આ અનુસંધાનમાં ક્રેડિબિલિટી એલાયન્સ કે જે સ્વૈચ્છિક સંસ્થાઓનું નેટવર્ક છે, તેઓના તરફથી આ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે અને સંસ્થાનું સંચાલન, વહીવટ નિયત ધારાધોરણો પ્રમાણે છે કે કેમ તેને પ્રમાણિત કરવાનું કામ કરે છે. આ ઝુંબેશમાં શૈશવ પણ જોડાયું છે. શૈશવે પણ તેઓના તજ્જ્ઞ દ્વારા સંસ્થાનું મૂલ્યાંકન કરાવી, સંસ્થાને પ્રમાણિત કરવા માટે સ્વૈચ્છિક પહેલ કરી હતી. આ ઉપરાંત ગાઈડ સ્ટાર ઈન્ડિયા અને ગ્લોબલ ગિવિંગમાં સંસ્થા સભ્ય છે.



કાર્યને અનુમોદન મળે, સમર્થન મળે, નોંધ લેવાય, પ્રતિષ્ઠા મળે ત્યારે આનંદ અને ગૌરવ જરૂર થતું હોય છે, સારાં કામની નોંધ લઈ પોંખવામાં સમાજ પણ એક વિશેષ ભૂમિકા ભજવતો જ હોય છે, સાથે સંસ્થાની જવાબદારી પણ વધતી હોય છે. શૈશવના કાર્યોને સમાજે પોંખીને સન્માનિત ર્ક્યા છે. શિશુવિહાર દ્વારા શ્રેષ્ઠ મહિલા કાર્યક્રમ ને નાગરિક તરીકેનો એવોર્ડ રાજકોટ યંગમેન્સ ગાંધીયન એસોસીએશન તરફથી ગોંધિયા એવોર્ડ, દર્શક ફાઉન્ડેશ તરફથી શિક્ષણના ક્ષેત્ર માટે દર્શક એવોર્ડ જેવા વિવિધ એવોર્ડથી સન્માન કરવામાં આવ્યું છે. આ પ્રેમ, પ્રોત્સાહન અને પ્રેરણા યાત્રાને વધુ બળ પૂરૂ પાડે છે.

બાળકો સાથે કામ કરવું એ વિચાર છે અને વિચારને અમલમાં મૂકવા સંસ્થા છે એટલે સંસ્થા વિચાર પર હાવી ન થઈ જાય તે માટે પણ ચિંતનશીલ રહેવું જરૂરી છે. આમ, સતત શીખતાં રહેવું એ અમે સમજ્યાં છીએ. એ રીતે શૈશવ સતત શીખતી સંસ્થા છે. સંસ્થાની ઓળખ વ્યક્તિથી નહીં પરંતુ સામૂહિક નેતૃત્વ, સૌની સહભાગિતા સાથે બને તે માટેના પ્રયત્નો કરતાં રહ્યાં છીએ. કારણ કે આ બધું જ કાર્ય ટીમ દ્વારા અને લોકોના ઉમદા સહયોગથી થતું હોય છે. આ સહયોગ કેટકેટલા પ્રકારનો ! વિચારને અનુમોદન આપીને આર્થિક સહયોગ આપનાર દાતાઓ કે સંસ્થાઓ, શૈશવના કાર્યમાં-વિચારમાં 'અમે પણ' સાથીદાર એવી સમજણથી અનુભવ-જ્ઞાન-કૌશલ્યોનું પ્રદાન કરનાર કેટકેટલા શુભચિંતકો, શૈશવના કાર્ય માટે પોતાની જગ્યા, મકાન કે શાળા-કોલેજના બિલ્ડિંગનો કે પોતાની શાળાની બસોનો ઉપયોગ કરવા અમૂલ્ય સહયોગ આપનાર અનેક શાળાઓ કે સંસ્થાઓ-વાડીઓના ઉમદા સંચાલકગણ, શૈશવનું કાર્ય એ આપણું-અમારું કાર્ય ગણી યાત્રામાં સહભાગી થનાર વ્યક્તિઓ, વાલીઓ અને બાળકો... આ બધાં જ શૈશવના અમૂલ્ય વાહકો છે, સાથીદારો છે અને એટલે જ આ યાત્રા - આ વિચાર સહજતાથી આગળ વધી રહ્યો છે. આમ શૈશવ તો સૌનું છે ! અમે સૌ શુભેચ્છકોનાં ઋણી છીએ.



